
ચમકતા રત્નો

આર્યા ઉજજવળકુમારીજી



ચમકતા રત્નો...

લેખિકા

શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના હિતચિંતક તપોધની સ્વ. પૂ. ગુરુદેવ **શ્રી શામજી સ્વામીના** સુશિષ્યા એકાધિક શતાયુષી વત્સલહૃદયી સ્વ. પૂ. **શ્રી વેલબાઈ મહાસતીજી**, સિદ્ધાંત મહોદધિ તેજોમૂર્તિ સ્વ.પૂ.**શ્રી માણેકબાઈ મહાસતીજી**ના શિષ્યા **શ્રી ઉજ્જ્વળકુમારીજી.**

પ્રકાશક

શ્રી શાંતિલાલ ટી. અજમેરા

અમદાવાદ

શ્રી જયંતીલાલ ચંદુલાલ સંઘવી

અમદાવાદ

વિદ્યાર્થી કલ્પેશકુમાર જસવંતરાય અજમેરા

સ્થા. જૈન બોર્ડીંગ, નવરંગપુરા, અમદાવાદ

પ્રાપ્તિ સ્થાન

શ્રી જયંતીભાઈ સંઘવી
શ્રી નારણપુરા સ્થા. જૈનસંઘ
સ્થાનકવાસી સોસાયટી
૨૮/૨૯ રેલ્વે ક્રોસીંગપાસે
મુ. અમદાવાદ ૩૮૦ ૦૧૩

શ્રી નાનાલાલ ચુનીલાલ મોરબીઆ
શ્રી રાપર સ્થા. જૈન સંઘ
મુ. રાપર - પૂર્વ કચ્છ
પીન - ૩૭૦ ૧૬૫

શ્રીપોપટલાલ દેવરાજ બોરીચા
શ્રીથાણા સ્થા. જૈન સંઘ
તળાવપાલી લાલબાગ
નૌકા વિહાર સામે
મુ. મહારાષ્ટ્ર થાણા વેસ્ટ C.R.
પીન - ૪૦૦ ૬૦૧

પ્રકાશન
વીર સંવત ૨૫૨૧
વિક્રમ સંવત ૨૦૫૧
તા. ૧૪/૧૦/૯૪
વિજયાદશમી

નકલ
૨૫૦૦

કિંમત
રૂ. ૨૦/-

સુવાસિત બાગ

માર્ગપરથી પસાર થતાં મુસાફરે
બગીચામાં રહેલા સુંદર બંગલાને જોઈ માળીને પૂછ્યું,
આ બંગલો કોનો છે ?
બંગલો મારા માલિકનો છે.
તેઓ આ બંગલામાં જ રહેતા હશે ?
ના ના માલિક તો ઘણા સમયથી પરદેશ વસે છે.
વારુ ! તેઓ આજ કાલ આવવાના છે શું ?
એમ આપ શા પરથી કહો છો ?
બગીચાને બહુ વ્યવસ્થિત સુશોભિત જોઈ કહી રહ્યો છું.
એવું કંઈ નથી માલિક તો વર્ષોથી પરદેશ જ રહે છે.
માલિક હતા ત્યારે શોભા એવી જ હતી આજે પણ એવી જ છે,
ભવિષ્યમાં પણ શોભા એવીને એવી જ રહેશે.
અરે ! પણ માલિક નથી તો શા માટે આટલી બધી મહેનત ઉઠાવી રહ્યા છો ?
ભાઈ ! કોઈ પણ કાર્ય વ્યવસ્થિત કરવું એ આપણી ફરજ છે.
માલિકે પૂર્ણ વિશ્વાસે બાગ સોંપ્યો છે, જેથી સુંદર રીતે રાખવો જોઈએ.
આ બધા વૃક્ષો છોડવાઓ વેલડીઓ કેવા મુક્તતાથી પાંગરી રહ્યા છે !!!
સુવ્યવસ્થિત ન હોત તો ત્યાં બોરડી ભોથા જાળા ઝાંખરા જ જામી ગયા હોત !
ઓચિંતાના જ માલિક આવી ચડવાના સમજી બાગને સુવ્યવસ્થિત રાખું છું.
માત્ર એટલે જ ને કે કંઈ મોટું ઈનામ મળે ?
નહિ નહિ મિત્ર ! એકાએક માલિક આવી ચડે તો તેઓશ્રીનું હૈયું હિલોળે ચડે,
એને જ હું મારા વર્ષોના શ્રમનું પારિતોષક માનું છું ...
વાહ ! અભણ માળીના દિલની કેવી અનોખી વાત !!!
આપણે પણ આપણા અંતર બાગના માળી છીએ,
જીવનમાં વેર ઝેર ઈર્ષા અદેખાઈ વિષય કષાયાદિ
દુર્ગુણોના કાંટા ઝાંખરા જામી ના જાય.
ખરેખર ! સોળ સતીજીઓના સુવાસિત જીવનમાંથી વિવિધ સુમનો વીણી વીણી
આપણા જીવન બાગને સુવ્યવસ્થિત અને સુવાસિત બનાવીએ
એજ અંતરેચ્છા !!!

આર્યા ઉજ્જવળકુમારીજી

નંબર	સતીનામ	શાસન	ગતિ	પાનાનંબર
૧.	બ્રાહ્મી	ઋષભ	મોક્ષ	૫
૨.	સુંદરી	ઋષભ	મોક્ષ	૧૪
૩.	ચંદનબાળા	મહાવીર	મોક્ષ	૨૪
૪.	રાજેમતી	નેમિનાથ	મોક્ષ	૩૬
૫.	દ્રૌપદી	નેમિનાથ	પાંચમે દેવલોકે	૪૯
૬.	કૌશલ્યા	મુનિસુવ્રત	દેવલોકે	૭૭
૭.	મૃગાવતી	મહાવીર	મોક્ષ	૯૨
૮.	સુલસા	મહાવીર	પાંચમે દેવલોકે	૧૦૮
૯.	સીતા	મુનિસુવ્રત	બારમે દેવલોકે	૧૨૫
૧૦.	સુભદ્રા	મહાવીર	મોક્ષ	૧૭૬
૧૧.	શિવા	મહાવીર	મોક્ષ	૨૦૦
૧૨.	કુંતી	નેમિનાથ	મોક્ષ	૨૨૦
૧૩.	દમયંતી	ધર્મનાથના શાસને	દેવલોકે હાલેમોક્ષ	૨૪૩
૧૪.	પુષ્પચૂલા	મહાવીર	મોક્ષ	૨૭૩
૧૫.	પ્રભાવતી	મહાવીર	દેવલોકે	૨૮૩
૧૬.	પદ્માવતી	મહાવીર	દેવલોકે	૨૯૭

Printing BY :
Imprint Packaging & Printing Ltd. (079) 460207 - 408250

આમુખ

આ સૃષ્ટિ પર અસ્ખલિત ગતિએ ચાલતું કાળનું ચક્ર, જેને યુગોના યુગો વીતી ગયા હર સમયે કંઈ સર્જન વિસર્જનની વણથંભી વણઝાર ચાલુ જ રહી છે.
એવા પરિવર્તનશીલ સંસારમાં જન્મ મરણથી છૂટકારો લેવા
ચૌદરાજલોકમાં શ્રેષ્ઠતમ સ્થાન હોય તો તે છે ફક્ત ત્રિચ્છોલોક.
આ ત્રિચ્છાલોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રો છે.
તેમાં માત્ર અઢીદ્વીપમાં આવેલ પાંચ ભરત પાંચ ઐરવત પાંચ મહાવિદેહ ક્ષેત્રોની જ વિશેષતા છે !
કારણ ત્યાં ધર્મ આરાધનાએ અનાદિ કર્મબંધનોનો નાશ કરી મુક્ત દશામાં મહાલી શકાય છે.
આપણે જ્યાં વસી રહ્યા છીએ એ ક્ષેત્ર છે ભરત.
જેમાં દશ કોડાકોડિ સાગરોપમનો ઉત્સર્પિણી કાળ,
દશ કોડાકોડિ સાગરોપમનો અવસર્પિણી કાળ,
વીશ કોડાકોડિ સાગરોપમે એક કાળચક્ર થાય.
આ અવસર્પિણી કાળના છ વિભાગ - છ આરા તરીકે ઓળખાય છે.
પહેલાં ત્રણ આરામાં યુગલિયા મનુષ્યો હોય છે.
જેઓ કલ્પવૃક્ષોથી મનોવાંછિત તમામ સામગ્રીઓ મેળવી જીવન વ્યવહાર ચલાવે.
ચોથા પાંચમા આરામાં કર્મભૂમિ મનુષ્યો હોય છે.
તેઓ અસિ - તલવારાદિ, મસિ-લેખનકળા, કૃષિ-ખેતી દ્વારા જીવન વ્યવહાર ચલાવે.
પાંચમો આરો એકવીશ હજારનો પસાર થતાં છેડે સંવર્તક વાયુ વાશે !
તેથી પહાડ પર્વત વૃક્ષ ઘર વાવ કૂવા સર્વ નાશ પામશે.
વૈતાઢય પર્વત ગંગા-સિંધુ નદી ઋષભકૂટ લવણસમુદ્રની ખાડી એ પાંચ જ વસ્તુ રહેશે...
પાંચમા આરાને અંતે ચાર પ્રકારો વિચ્છેદ જશે.

પ્રથમ પ્રહરે જૈનધર્મ વિચ્છેદ જશે.
બીજે પ્રહરે ત્રણસેં ત્રેસઠ પાખંડધર્મ વિચ્છેદ જશે.
ત્રીજે પ્રહરે રાજનીતિ વિચ્છેદ જશે.
ચોથે પ્રહરે બાદર અગ્નિ વિચ્છેદ જશે.
એકવીશ હજાર વર્ષનો છઠ્ઠો આરો ત્યાં મનુષ્યો તિર્યંચો અત્યંત દુઃખી હાલતમાં જીવન વિતાવશે.
ગંગા સિંધુ નદીમાં રથના ચીલા પ્રમાણ પહોળું ને ગાડાની ધુરા બૂડે એટલું ઊંડું પાણી રહેશે.
તેમાં મચ્છ કચ્છ ઘણા થશે.
છઠ્ઠા આરાના મનુષ્યો સવારે ને સાંજે મચ્છ કચ્છ કાઢી વેળુ-રેતીમાં દાટશે.
સૂર્ય ઘણો તપશે તેથી મચ્છ કચ્છ સીઝવાઈ રહેશે તેનો આહાર કરશે !!
માનવીની માથાની ખોપરીમાં પાણી લાવી પીશે !!!
એ જીવોને એક હાથનું શરીર અને વીશ કે સોળ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત થશે.
પાંચમા આરાના પ્રાણીઓ જે દેવ ગુરુ ધર્મની આરાધના કરશે તેને છઠ્ઠા આરામાં જન્મ લેવો નહીં પડે.
આ અવસર્પિણીકાળમાં ચોવીશ તીર્થંકર ભગવાન - બાર ચક્રવર્તી મહારાજા, નવ બળદેવ, નવ વાસુદેવ મહારાજા, નવ પ્રતિવાસુદેવ મહારાજા એમ ત્રેસઠ શ્લાઘનીય પુરુષો થયેલા.
જ્યારે સોળ મોટા મહાસતીજીઓ પણ થઈ ગયેલા.
પ્રશંસનીય પૂજનીય એવા સોળે સતીજીઓના જીવન ચરિત્ર આલેખવા, પરમકૃપાળુ પૂ. શ્રી દેવગુરુના અનુગ્રહે પ્રયત્ન કરાયેલ છે.
જે ભવ્યાત્માઓને વ્યવહારિક અને આધ્યાત્મિક પદ્ધતિએ અનુકરણીય બની, નવચેતના પ્રગટાવે એજ મહેચ્છા...

શાસનસ્તંભ - શ્રી વેલ માણિક્ય શિષ્યા
જૈન સાધ્વી ઉજ્જ્વળકુમારી

નારી મહત્ત્વ

ત્યાગ બલિદાન શ્રદ્ધા વાત્સલ્ય સેવા અને સહિષ્ણુ સ્વભાવ એ નારીના સહજ ગુણો હોય છે.

નારી એ પ્રેરણાની જીવંત પ્રતિમા છે !

ગૂમરાહ માનવને નારીએ હંમેશાં કર્તવ્યાભિમુખ કર્યો છે !

ત્યાગ અને બલિદાનના એમણે પાઠો ભણાવ્યા છે. માર્ગ ભૂલેલા બંધુઓને સ્નેહસભર દૃષ્ટિએ માર્ગદર્શન આપ્યું છે !

બાહુબળીના માનસમાં ચિંતનની ચિનગારી ચાંપી, સમ્યક્‌જ્યોતિ જલાવનાર પેલા બ્રાહ્મી અને સુંદરીને જુઓ !

રહનેમિના ડગમગતા દિલમાં જ્ઞાનદીવડા પ્રગટાવી સાધનામાં સ્થિર કરનાર રાજુલનો પડકાર નિહાળો !

તર્કશુદ્ધપ્રજ્ઞાએ સમ્રાટ શ્રેણિકના ધાર્મિક વ્યામોહને દૂર કરી ધર્મદર્શન કરાવનાર ચારુભાષિણી સતી ચિલ્લણાને યાદ કરો !

અરણિકની મોહનિંદ્રા ઉડાડી સંયમના સ્થાન પર લાવનાર કરુણશીલ માતાના પોકારને પારખો !

ગાર્ગીનું ભૌતિક સુખથી જડ બનેલું માનસ ઢંઢોળી સન્માર્ગ પર દોરનાર મૈત્રીયીની આધ્યાત્મિક શક્તિને ઓળખો !

પારણામાં પોઢેલા બાળકોને શુદ્ધોડસિ બુદ્ધોડસિના હાલરડાં ગાઈ સાત્ત્વિક ભાવ ભરનાર માતા મદાલસાનો વિરક્તભાવ કેવો ?

વચનભંગ કરનાર શાંતનુ રાજાને સન્માર્ગે લાવવા ભીષ્મ પિતાના માતુશ્રી ગંગાદેવીની વીરતાને વાંચો !

સૂરદાસ અને તુલસીને સાહિત્યગગનના સૂર્ય ચંદ્ર જેમ ચમકાવનાર ચિંતામણી અને રત્નાવલીની પ્રેરણાને પારખો !

આમ અનેક રીતે નારી જીવનપ્રકાશ રેલાવી પંથ ભૂલેલાને પથદર્શન કરાવતી પ્રકાશિત દીવડી રહેલ છે.

એટલે સમાજમાં શિક્ષિત સંસ્કારી સન્નારીનું સ્થાન ગૌરવવંતુ હોવું જોઈએ.

મહાપુરુષોનું ઉદ્‌ભવ સ્થાન નારી છે.

સંતાનોને ઉચ્ચ સંસ્કારો આપવા મમતાળુ માતાઓએ સદ્‌ગુણો કેળવવા અત્યંત જરૂરી છે.

સર્વપ્રથમ પાયાભૂત સંસ્કારો આપવાનો અધિકાર માતાને મળેલ છે.

ભગવાન મહાવીરે પણ નારીજાતને પુરુષ સમાન જ સ્થાન આપેલ છે.

જેના પ્રતીક રૂપે સાધુ અને શ્રાવક માત્ર જ નહિ પરંતુ સાધ્વી અને શ્રાવિકાને ચતુર્વિધ સંઘની ગણનામાં ગણાવેલ છે.

એક યુગમાં પતિના મૃત્યુ પછી સ્ત્રી બળી મરી સતી થતી એવો રિવાજ હતો, દરમ્યાન ભગવાન મહાવીરે જગત સમક્ષ નારીના સતીત્વનો સાચો આદર્શ સમજાવ્યો કે

ચિત્તામાં બળી મરવાથી સતીત્વનું માનવું એ અંધશ્રદ્ધા છે.

નારી જીવનમાં અહિંસાથી શ્રેષ્ઠ કર્તવ્યનું પાલન કરવું એજ સતીત્વનો સાચો આદર્શ હોઈ શકે.

અને તેવા જ પવિત્રાત્માને સતી યા મહાસતીજી કહી શકાય....

સતીત્વના આદર્શને સમજાવવા સોળે સતીઓના જીવનપ્રસંગો અધિક ઉપયોગી બની શકશે.

તો આ પુસ્તકનું ફરી ફરી વાંચન મનન કરવું જરૂરી છે.

આ સોળે સતીઓનું જીવન મંથન સૌના જીવનમાં ફળદાયક નીવડે એજ અપેક્ષા...

જૈનદર્શન વિરુદ્ધ ઓછું અધિક વિપરીત લખાયું હોય તો ત્રિયોગે મિચ્છામિ દુક્કડમ્.

સાધ્વી ઉજ્જ્વળકુમારી

સુરેન્દ્રનગર, સરદાર સોસાયટી,

તા. ૨૭-૫-૯૩

ચમકતા રત્નો

પહેલે બ્રાહ્મી

પ્રવેશ

ઊર્ધ્વલોકે વૈમાનિક દેવો રહે છે.
અધોલોકે નારકી અને ભવનપતિ દેવો રહે છે.
મધ્યલોકે મનુષ્ય-તિર્યંચો-વાણવ્યંતર-જ્યોતિષી દેવો રહે છે.
મધ્યલોકે અસંખ્યાત દ્વીપ સમુદ્રો રહેલા છે,
તેમાં સૌથી વચ્ચે જંબુદ્વીપ જેમાં ભરત ઐરવત ને મહાવિદેહ એ ત્રણ ક્ષેત્ર કર્મભૂમિના,
એમાં મહાવિદેહ ક્ષેત્ર એટલે હંમેશા ચોથા આરા બરાબર વર્તારો ચાલુ હોય.

પ્રથમ ભવ

એ મહાવિદેહ ક્ષેત્રે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે રાજપુત્ર-મહીધર, મંત્રીપુત્ર-સુબુદ્ધિ, નગરશ્રેષ્ઠી પુત્ર-પૂર્ણભદ્ર વ્યાપારીપુત્ર-શીલપુંજ, વૈદપુત્ર-જીવાનંદ શેઠપુત્ર-કેશવકુમાર રહેતા હતા.
છએ કુમાર એક શાળામાં વિદ્યાભ્યાસ કરવાથી
પરસ્પર મિત્રોરૂપે સ્નેહભાવે રહેવા લાગ્યા.
એકદા છએ મિત્રો બગીચામાં રમવા ગયા.
બગીચાના દૃશ્યો જોતાં જોતાં એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ રહેલા જૈન મુનિવરને નજરે નિહાળ્યા !
આત્મભાવમાં નિમગ્ન એવા મુનિશ્રીની તપાગ્નિએ કાયા કૃશ દેખાતી હતી
વળી આશ્ચર્યજનક ઘટના એ જોઈ કે મુનિના રોમેરોમથી પરુ વહી રહેલું !
ચામડી ગળી ગયેલી !!!
તેમાં કીડા ઉત્પન્ન થવાને કારણે શરીરમાં છિદ્રો પડી ગયેલા !!!
ભયંકર કોઢ રોગમાં ઝડપાયેલ છતાં મુનિના ચહેરા પર વેદનાના કોઈ ચિન્હો દેખાતા નો'તા !!!

મુનિશ્રીના શરીરે ભયાનક વ્યથા જોઈ છએના દિલમાં કરુણાસભર ભક્તિભાવ જાગૃત થયો.

જીવાનંદ વૈદને ત્યાંથી લક્ષપાક તેલ અને ગોશીર્ષ ચંદન તેમજ નાભિરાજાના પત્ની મરુદેવી માતાનો જીવ-નંદાશેઠાણીને ત્યાંથી રત્નકંબળ લાવી ઉપાયો પ્રારંભ્યા.

પ્રથમ લક્ષપાક તેલનો લેપ કર્યો, ઉપર રત્નકંબળ ઓઢાડી દીધું.

તેલની ઉષ્ણતાથી ગભરાઈ જંતુઓ કોમળ રત્નકંબળમાં ભરાઈ ગયા.

યત્નાથી જંતુઓ બાજુમાં રહેલ ગાયના મૃત ક્લેવરમાં નાખી રત્નકંબળ સાફ કર્યું.

એક બે ત્રણવાર એ પ્રક્રિયા કરતાં મુનિનું શરીર નિરોગી બની ગયું.

ઉપર ચંદનનું વિલેપન કરવાથી સારાયે શરીરે શીતળતા વ્યાપી ગઈ.

મોક્ષાર્થી મુનિરાજની અગ્લાનભાવે સેવા કરવાથી છએ જીવોએ શ્રેષ્ઠતમ પુણ્યલાભ પ્રાપ્ત કર્યો.

સાથે સંસાર સીમિત કરી જન્મ મરણો સ્વલ્પ કરી નાખ્યા...

પૂ. ગુરુવરજીના ઉપદેશે સંસારની અસ્થિરતા સમજી છએ કુમારો વૈરાગ્ય વાસિત બન્યા.

માતા પિતાની અનુમતિ મેળવી ભવજળ તારણ સંયમ સ્વીકાર્યો.

સંયમ તપની સેવનાએ ધર્મોદ્યોત કરતા કરતા પૃથ્વી પર વિચરવા લાગ્યા.

આયુષ્યના અંતે સૌ જીવોની સાથે ક્ષમાપના સહિત અનશન વ્રત આદરી.

નવકારમંત્રનું સ્મરણ કરતાં આત્મિક ભાવે રમતાં છએ મુનિઓએ નશ્વર કાયાનો ત્યાગ કર્યો.

નગરશ્રેષ્ઠીપુત્ર પૂર્ણભદ્ર એ સતી બ્રાહ્મીજીનો પ્રથમ ભવ...

બીજો ભવ

છએ મુનિઓની આરાધના સમાન હોવાથી બધા બારમા અચ્યુત દેવલોકે દેવરૂપે ઉત્પન્ન થયા.

દેવોનું વૈક્રિય શરીર હોય છે. ત્યાં બારમા દેવલોકે બાવીશ સાગરોપમનું આયુષ્ય.

બાવીશ પખવાડિયે ઉચ્છવાસ લે. બાવીશ પખવાડિયે નિશ્વાસ મૂકે. બાવીશ હજાર વર્ષે આહાર લેવાની અભિલાષા થાય.
લોકમાંના શુભ પુદ્ગલો વૈક્રિય શક્તિએ ખેંચી આહાર કરે.
તે પુદ્ગલો એટલા બધા સરસ અને પૌષ્ટિક હોય છે કે
એકવાર કરાયેલ આહાર હજારો વર્ષો સુધી પર્યાપ્ત સંતૃપ્ત રહે છે.
સંભવનાથ ભગવાન ત્રીજા તીર્થંકર દેવે આગલા ત્રીજે ભવે,
દુષ્કાળમાં ભોજનાદિ દ્વારા ચતુર્વિધ સંઘની અપૂર્વ સેવાભક્તિએ તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું !!!
માસખમણ તપસ્વી બળભદ્રમુનિ વનમાં વહોરવા જતાં લાવેલ ભાતમાંથી સુથાર સદ્ભાવથી વહોરાવી રહેલ,
જ્યારે પેલો મૃગલો સુથારની સેવાભાવનાને અનુમોદન આપી રહ્યો'તો.
ત્યાં પ્રચંડ વાયુવેગે વૃક્ષની અર્ધકાટેલી શાખા તૂટતાં મૃત્યુ પામી ત્રણે પાંચમે દેવલોકે પહોંચ્યા !!!
ઓલા સેવાભાવી નંદિષેણ મુનિએ રોગી ગ્લાન સાધુની
દુગુંચ્છા રહિત સેવા કરવાથી મુક્તિમાર્ગ સાધી લીધો !!!
તેમ સતી બ્રાહ્મીએ પણ કરુણાભાવની તીવ્રતાએ, સેવાધર્મની ઉચ્ચતાએ પુણ્ય પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ પાડયો.
અને પોતાના પાંચ સાથીદારો સાથે સ્વર્ગના વિપુલ સુખો અનુભવ્યા !!!
વાહ રે વાહ ! કેવો ઉચ્ચ મહિમા છે સેવાધર્મનો ?

ત્રીજો ભવ

આ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રે પુંડરિકગીણી નગરીએ વજ્રસેન રાજા રાજ્ય કરતા હતા.
રાજા વજ્રસેન ભાવિ તીર્થંકર હતા. તેમના વિનમ્ર વિવેકી ધારિણી પત્ની હતા.
તેમને ત્યાં અનુક્રમે બારમા દેવલોકથી આવી પાંચેએ પુત્રોરૂપે જન્મ લીધો.
વડાપુત્ર વજ્રનાભ ચક્રવર્તી - વૈદ્યપુત્ર જીવાનંદનો જીવ,
બીજા પુત્રો - બાહુ સુબાહુ પીઠ અને મહાપીઠ,
છઠ્ઠા કેશવ અન્ય રાજાને ત્યાં સુયશ રૂપે ઉત્પન્ન થયા.

પૂર્વ સ્નેહને કારણે છએ પરસ્પર અત્યંત પ્રીતથી રહેતા !
પૂર્વ પૂણ્યોદયે મનોજ્ઞ સુખોમાં શાંતિપૂર્વક સમય વિતાવી રહ્યા હતા.
પૂર્વ સુસંસ્કારી અવધિજ્ઞાની મહારાજા વજ્રસેને સમય જતાં સંયમી બનવા નિર્ણય કર્યો.
જ્યેષ્ઠ પુત્રને રાજ્ય કારભાર સોંપી વરસીદાન દઈ સંયમી બન્યા,
ત્યારે ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.
ઘોર તપસ્વી, વજ્રસેન મુનિએ એક જ મહિને કેવળી બની ધર્મતીર્થની સ્થાપના કરી.
નૃપ વજ્રનાભ પોતાના ચારે ભાઈઓને માંડલિક રાજાને પદે સ્થાપી,
સુયશને પોતાના સારથિ બનાવી સુખની લહેરોમાં રહેવા લાગ્યા.
એકદા પુણ્યોદયે રાજા વજ્રનાભની આયુધશાળામાં ચક્રરત્ન પ્રગટ થયું.
છ ખંડો પર પોતાનું અનુશાસન સ્થાપી ચક્રવર્તી પદ પર પ્રતિષ્ઠિત થયા.
ચૌદ રત્ન નવનિધાનના સ્વામી વજ્રનાભની સેવામાં સોળ હજાર દેવો રહેતા હતા.
કેટલેક કાળે વજ્રસેન તીર્થંકર ભગવાન પધાર્યા, દેશના સુણી છએ મિત્રોએ સંયમ અપનાવ્યો.
આગમના અભ્યાસ સાથે સંયમ પર્યવોનો ઉત્તરોત્તર ઉત્કર્ષ કરતાં,
લોકેષણા રહિત સમભાવ આત્મ શુદ્ધિ - વિશુદ્ધિની વૃદ્ધિ વધતી જ ગઈ.
મુનિશ્રી વજ્રનાભે સર્વ સાધુમુનિના ગુણાનુવાદ સહ અનન્ય ભક્તિયોગે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.
શ્રી બાહુમુનિએ વૃદ્ધ રોગી તપસ્વી, મુનિઓની આહારાદિ લાવી,
ઉલ્લાસપૂર્વક સેવા કરતાં ચક્રવર્તીની પદવી યોગ્ય કર્મ બાંધ્યું.
મુનિ શ્રી સુબાહુએ વૃદ્ધ રોગી મુનિઓની અત્યંત અગ્લાનભાવે કઠિન વૈયાવચ્ચ કરતાં,
ચક્રવર્તીથી પણ અધિક બળવંત બનવા યોગ્ય પુણ્યપ્રકૃતિ બંધ પ્રાપ્ત કર્યો.
પીઠ મહાપીઠ મુનિ પણ નિરંતર જ્ઞાન ધ્યાનમાં તલ્લીન રહેતા,

પરંતુ બાહુ સુબાહુ મુનિની ગુરુમુખે પ્રશંસા સાંભળી ઈર્ષાભાવ ઉત્પન્ન થયો.
ઉપકારી પૂ. ગુરુજી પર પ્રગટ પણે આદરભાવ જ્યારે અંતરંગમાં અનાદર ભાવ
રહ્યા કરતો.
એ કપટને કારણે પીઠ મહાપીઠે સ્ત્રીવેદ બંધ બાંધી લીધો.
એથી પીઠ મુનિનો આત્મા બ્રાહ્મીરૂપે,
મહાપીઠ મુનિનો આત્મા સુંદરીરૂપે જન્મ ધારણ કરશે.
છએ મુનિઓએ ચૌદ લાખ પૂર્વ સર્વોત્તમ સંયમ પાળી,
અંતે નિર્મમત્વ ભાવે અનશન આદરી પંડિત મરણે દેહ પરિત્યાગ કર્યો.

ચોથો ભવ

ઉર્ધ્વલોકે - બાર દેવલોક નવ ગ્રૈવેયક પાંચ અનુત્તર વિમાન રહેલા છે.
ચારે દિશે ચાર અનુત્તર વિમાન ને વચ્ચે સર્વાર્થસિદ્ધ વિમાન હોય છે.
ભગવતીજી સૂત્રના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશે ગૌતમ સ્વામીએ પૂછ્યું:
ભગવાન ! જ્ઞાન દર્શન ચારિત્ર તપ આ ભવ સંબંધી હોય કે પરભવ
સંબંધી હોય ?
ગૌતમ ! જ્ઞાન અને દર્શન આ ભવ સંબંધી હોય અને તે પરભવમાં પણ સાથે
જનારા હોય છે,
જ્યારે ચારિત્ર અને તપ આ ભવ પૂરતા જ હોય છે.
એટલે સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો સદા જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહે છે !
સમ્યગ્ દૃષ્ટિ શુદ્ધ સંયમ પાળનાર સાધુઓ જ ત્યાં જન્મ લઈ શકે છે.
સર્વાર્થસિદ્ધના તમામ દેવો, મુનષ્યનો એક જ ભવ કરી મોક્ષે જાય છે.
છએ મુનિરાજો શ્રેષ્ઠતમ સાધનાએ ત્યાં ઉત્પન્ન થયા...

પાંચમો ભવ

પ્રથમ ભવમાં છએ મિત્રો, બીજે ભવે બારમે દેવલોકે દેવો, ત્રીજે ભવે રાજપુત્રો,
ચોથે ભવે સર્વાર્થસિદ્ધ વિમાને દેવો, પાંચમે ભવે મુનિઓની
ભિન્ન ભિન્ન ભાવનાને કારણે ફળમાં તારતમ્યતા આવી ગઈ !

જીવાનંદ વૈદના જીવે રાગદ્વેષ રહિત નિષ્કામ ભાવે ધર્મઆરાધના કરી,
તેના ફળ સ્વરૂપે વિશ્વવંદ્ય તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું અને
નાભિરાજા પિતા મરુદેવી માતાને ત્યાં પુત્રરૂપે જન્મ લીધો !
શરીરે ઋષભ - બળદનું લાંછન હોવાને કારણે ઋષભદેવ નામ સ્થાપન કર્યું.
અનુક્રમે આ ભરતક્ષેત્રે યુગલ ધર્મ નિવારી અસિ મસિ કૃષિના વ્યાપારે કર્મભૂમિની સ્થાપના કરી.
વળી આ ભારત ભૂમિપર ધર્મનો આદિ - પ્રારંભ કરવાને કારણે,
તેઓ અપર નામે આદિનાથ ભગવાનરૂપે પ્રખ્યાત થયા,
કેશવનો જીવ શ્રેયાંસકુમાર રૂપે ઉત્પન્ન થયેલ,
નાભિપુત્ર - ઋષભદેવ અને સુમંગલા જોડલે જન્મેલા !
તે સુમંગલા અને સુનંદાના લગ્ન શ્રી ઋષભદેવ સાથે થયેલા.
બાહુનો જીવ પુત્ર ભરત અને પીઠનો જીવ પુત્રી બ્રાહ્મી એમ યુગલરૂપે દેવી સુમંગલાને ત્યાં જન્મ પામ્યા,
સુબાહુનો જીવ બાહુબલિ અને મહાપીઠનો જીવ સુંદરીરૂપે દેવી સુનંદાને ત્યાં જન્મ પામ્યા,
વળી સુમંગલાને ત્યાં ક્રમશ : અઠ્ઠાણુપુત્રો જોડલેજન્મેલા એટલે કુલ ઓગણપચાશ યુગલ સમજવા.
પીઠ મહાપીઠના ભવમાં બાહુ સુબાહુ મુનિઓ પ્રત્યે ઈર્ષાભાવ અને કપટ કરવાથી બ્રાહ્મી અને સુંદરીરૂપે સ્ત્રીવેદે જન્મ લેવો પડ્યો !!!
સુજ્ઞાત્માએ હાનિકારક ઈર્ષાગ્નિથી સદા દૂર રહેવું જોઈએ...
ગુણીઓના ગુણગ્રામ પ્રમોદભાવે સાંભળવાથી કોઈ જાતનું દુઃખ તો નહીં જ,
બલ્કે પ્રસન્ન રહેવાથી ભવિષ્ય મંગળમય બની જાય છે.
પીઠ મહાપીઠના જીવન પરથી આપણે વિચારશીલ રહી વિવેકપૂર્વક જીવન જીવવું જોઈએ.
મહાપુરુષોની જીવન કહાણી આપણા માટે જાજરમાન જ્યોતિરૂપ હોય છે...

યુગલ ધર્મ નિવારણ બોત્તેર કળા

કલ્પવૃક્ષો ખૂટતા સંસારમાં રહેલા ભગવાન ઋષભદેવે અનુકંપાભાવે

અસિ મસિ કૃષિ - અધ્યયનરૂપે પુરુષોને બોત્તેર કળા, સ્ત્રીઓને ચોસઠ કળા શીખવી.

સૌ પ્રથમ શ્રી ઋષભદેવે પોતાની પુત્રી બ્રાહ્મીને લિપિનું જ્ઞાન આપ્યું.

એજ રીતે સૌ પ્રથમ સુંદરીને અંકગણિતનું જ્ઞાન આપ્યું.

પછી પોતાના પરિવાર તેમજ સૌ લોકોને જ્ઞાન આપ્યું.

પુત્રો પહેલા પુત્રીઓને અક્ષરજ્ઞાન આપવાનો હેતુ શો ?

ભગવાન ઋષભદેવે આ કાર્ય પરથી એમ બતાવ્યું કે

નરની અપેક્ષાએ નારીનું સ્થાન અધિક મહત્ત્વપૂર્ણ હોય છે,

જે દેશ જાતિ અને સમાજ સ્ત્રીપુરુષોને સમાન માને છે,

તે દેશ જાતિ સમાજની ઉન્નતિ દેખાય છે.

જે દેશ જાતિ સમાજ આ સિદ્ધાન્તનું વિસ્મરણ કરી સ્ત્રી જાતિને હીન માને છે.

તે દેશ જાતિ સમાજ દીન હીન અને અપંગ બની જાય છે.

ભારતમાં નારીનું કર્તવ્યક્ષેત્ર ગૃહની અંદર,

જ્યારે નરનું કર્તવ્યક્ષેત્ર ઘરની બહાર હોય છે.

બહારનું કર્તવ્ય જેટલું મહત્ત્વપૂર્ણ હોય છે એથી અંદરનું કર્તવ્ય ઓછું મહત્ત્વનું નથી.

સતી બ્રાહ્મી વિદુષી સુસંસ્કારી બની પોતાનું જીવન આબાદ રીતે વિતાવવા લાગી.

આદિનાથનું અભિનિષ્ક્રમણ

કેટલેકકાળે પુત્રોને રાજ્ય સોંપી શ્રી ઋષભદેવ ભગવાને સર્વવિરતિ સંયમ સ્વીકાર્યો કર્મભૂમિની આદિ અને ધર્મની આદિ કરનાર ભગવાન ઋષભદેવ,

વિવિધ સંયમ સાધના ઘોરાતિઘોર તપારાધના કરવા લાગ્યા.

વિચરતા ભગવાન વિનીતા નગરીએ પધાર્યા.

અક્રમ તપમાં ધ્યાનસ્થ અવસ્થાએ ક્ષપકશ્રેણી પર આરૂઢ થયેલા ભગવાને કેવળજ્ઞાન કેવળદર્શનરૂપ સંપૂર્ણ આત્મપ્રકાશ પ્રગટ કર્યો.

ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણક પ્રસંગે ઈંદ્રો અને દેવોએ મળી સમવસરણની રચના કરી !!!

વનપાલકે ભરત મહારાજાને પ્રભુ પધરામણી અને કેવળજ્ઞાન પામ્યાની વધામણી આપી.

બીજી બાજુ આયુધશાળામાં ચક્રરત્ન, અંતઃપુરમાં પુત્રજન્મની વધામણી મળી. રાજા ભરતની સામે સમસ્યા ઉપસ્થિત થઈ !

આ ત્રણ કાર્યમાંથી મારે પ્રથમ શું કરવું જોઈએ !!!

મુમુક્ષુ શ્રી ભરતે લૌકિક કર્તવ્ય ગૌણ માની લોકોત્તર કર્તવ્ય - પ્રભુદર્શને જવા નિર્ણય લીધો.

વિનીતા નગરીમાં ભગવાન ઋષભદેવ પધાર્યાની ઉદ્‌ઘોષણા કરાવી,

માતા મરુદેવી, બહેન બ્રાહ્મી સુંદરી આદિ સમસ્ત પરિવારની સાથે ભૂપતિ ભરત ભગવાનના દર્શનાર્થે ચાલ્યા.

હાથી હોદ્દે બેઠેલા માતા મરુદેવી, નિજ સ્વરૂપમાં સંલગ્ન બનેલા નિર્મોહી પ્રભુ ઋષભને દૂરથી નિહાળી

હાથીહોદ્દે બેઠેલા માતા મરુદેવી મમત્વભાવથી મુક્ત થઈ સર્વજ્ઞ બની સિદ્ધક્ષેત્રે પહોંચી ગયા !!!

સમવસરણમાં ઋષભ પ્રભુની દેશના સાંભળી અનેક જીવોએ બોધિબીજ - સમ્યક્‌રત્નની પ્રાપ્તિ કરી.

એમાં બ્રાહ્મીજીનો પણ નંબર હતો...

બ્રાહ્મીજીનો સંયમ સ્વીકાર

મરુદેવી માતાના વિરહે બ્રાહ્મીજીનું દિલ વૈરાગ્ય વાસિત બનેલું,

જ્યારે પ્રભુ દેશનાએ તો સવિશેષ પ્રતિબોધિત થઈ તેણીએ અક્ષયસુખ આરાધવા દૃઢ સંકલ્પ કરી લીધો.

ભાઈ ભરતજીની અનુમતિ મેળવી પ્રભુ સમક્ષ અહિંસાદિ પાંચ મહાવ્રતો અપનાવ્યા.

અનુક્રમે ત્રણ લાખ સાધ્વીજીના ગુરુણીશ્રી બન્યા.

પ્રભુજીની પ્રથમ દેશના સુણી ભરત મહારાજાના પાંચસો પુત્ર અને સાતસો પૌત્રોએ ચારિત્ર ધર્મ સ્વીકાર્યો હતો !!!

બ્રાહ્મીજી ઉત્કટ આરાધનાએ આઠે કર્મબંધથી મુક્ત થઈ અનંત આત્મિકસુખ


ઉપાર્જન કર્યું.


ચક્રવર્તી બાંધવ ભરતની છત્રછાયા હેઠળ અત્યંત સુખી પરિવારે ઘેરાયેલ બ્રાહ્મીજી વિષયોને વિષવત્ વિચારી ધર્મશરણે જઈ વિશ્વની વિરલ વિભૂતિ બની ગઈ.


માખણ જેવા કોમળ શરીરે ઉત્કૃષ્ટ સાધના સાધનાર બ્રાહ્મીજીને ત્રિકાળ ધન્યવાદ !!!

સતી બ્રાહ્મીજીનું આદર્શ જીવન યુગ યુગ લગી માનવ જાતને
જાગૃત રાખવા અનુકરણીય બની રહેશે એ નિર્વિવાદ હકીકત છે...

મંગલમ્ મંગલમ્ મંગલમ્







બીજે સુંદરી

ભરત અને ભારત

આપણા દેશનું ભારત નામ શા માટે ?

ભગવાન ઋષભદેવથી પહેલાના લોકોના જીવન જુદા હતા.

નહોતું કુટુંબ નહોતો સમાજ નહોતું અનુશાસન,

ન હતી ખેતી ન હતો ઉદ્યોગ નહોતો વાણિજ્ય વ્યાપાર...

એ યુગલિયા લોકો બધા જ કલ્પવૃક્ષથી જીવન નિર્વાહ ચલાવતા હતા.

ધીમે ધીમે કલ્પવૃક્ષો ઓછા થઈ જતાં મોટી મુશ્કેલી ઊભી થઈ.

પરિસ્થિતિ બહુ વિષમ બનતી ગઈ !!

ત્યારે નાભિ કુલકરના પુત્ર ઋષભદેવે કર્મભૂમિની સ્થાપનાએ વિપત્તિ દૂર કરી.

કૌટુંબિક સામાજિક રાજકીય વ્યવસ્થાનો પ્રારંભ કર્યો.

ત્રેસઠ લાખ પૂર્વ રાજ્યની દેખભાળ પછી

જ્યેષ્ઠ પુત્ર ભરતને રાજ્ય સોંપી સંયમ સ્વીકાર્યો.

એક હજાર વર્ષે કેવળજ્ઞાન - દર્શન પ્રગટાવી ધર્મદેશના આપી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી મોક્ષમાર્ગ પ્રવર્તાવ્યો !

છખંડની સાધના કરી રાજા ભરત ચક્રવર્તી બન્યા,

તેમના નામ પરથી આ દેશનું નામ ભારત અપાયું.

વળી ભરતક્ષેત્ર શાશ્વત છે ! તેના નામ પર ભરત નામે દેવ અધિપત્યપણું કરે છે,

તેથી તેને ભારત દેશ કહેવાય છે.

પૂર્વરાગનું દિગ્દર્શન

સુંદરીજીના દાદા નાભિ, જગત્માતા મરુદેવી, પિતા ભગવાન ઋષભદેવ રાજા

માતા દેવી સુનંદા, અત્યંત બળવાન બંધુ બાહુબલિ હતા.

બ્રાહ્મી અને સુંદરી બંને બહેનો વચ્ચે પ્રગાઢ પ્રીતિ રહેલી.

ભગવાન ઋષભદેવના દર્શન કરવા જતાં હાથી હોદે બેઠેલા દાદી મરુદેવીના

એકાએક નિર્વાણને કારણે સંસારની ક્ષણભંગુરતા જાણી,

અને ભગવાન ઋષભદેવની દિવ્ય દેશના સાંભળી વૈરાગ્ય ભાવ પ્રગટ્યો.
બ્રાહ્મીજી દીક્ષા સ્વીકારે અને સુંદરી સંસારી સુખોમાં ફસાઈ રહે એ અઘટિત હતું.
બ્રાહ્મીજી દીક્ષિત બનતાં તમામ જાતની સુખ સામગ્રી છતાં અંતરના પૂર્વ જન્મના સંસ્કારે સતી સુંદરી પણ સંયમ સ્વીકારવા આતુર બન્યા.
મહારાજા ભરત પાસે સંયમ લેવા અનુજ્ઞા માંગી,
પરંતુ રાજા ભરત ધર્માનુરાગી હોવા છતાં પૂર્વરાગને કારણે સુંદરીને અનુજ્ઞા આપી નહીં...
સ્ત્રી પુરુષ - યુગલિયા અસંખ્ય વર્ષો લગી સાથે રહેવા છતાં પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતાં હોય છે !
જિંદગીને છેડે કંઈક દિવસો કમ - તેર મહિને યુગલણી ઋતુધર્મને પ્રાપ્ત કરે.
તે પુત્ર પુત્રીરૂપ એક યુગલને જન્મ આપે,
વધુમાં વધુ ઓગણાએંસી દિવસ સંતાનોનું પાલન પોષણ કરે,
પતિ પત્ની બંનેમાંથી એકને છીંક એકને બગાસું આવે,
મૃત્યુ પામી નિશ્ચય દેવગતિમાં જાય...
તેમના પ્રકૃતિ સ્વભાવમાં વૈર વિરોધ ઈર્ષા ઝેર ના હોય.
એવા યુગની નીકટમાં જન્મ લેનાર શ્લાઘનીય મહારાજા ભરતજીએ સુંદરીને કહ્યું.
હું માનું છું કે સંયમની આરાધનાએ જ મનુષ્ય જીવન સાર્થક થાય છે.
કિંતુ તમારો વિયોગ હું સહી શકતો નથી,
સુંદરીજી ! સંયમની શી ઉતાવળ છે ?
મારી સાથે તમે પણ સંયમ ગ્રહણ કરજો, હાલ થોડો સમય રહી જાઓ...
સતી સુંદરીએ કહ્યું ભાઈ ભરત ! મોહને કારણે આપ બોલી રહ્યા છો,
આ જગતમાં જન્મ મરણ કરતાં સૌ જીવાત્માઓએ
એક એક જીવ સાથે અનંતીવાર સંબંધો જોડ્યા છે,
તો કોને પોતાના કોને પરાયા સમજવા ?

અનાદિ અતીતને ભૂલી વર્તમાનને જ બધું મારું પરાયું માની
રાગદ્વેષની રમખાણે જીવો કઠિન કર્મો બાંધી ચાર ગતિમાં ભયંકર વિપાકો ભોગવતા હોય છે.
જીવ કર્મો બાંધે પણ એકલો અને ભોગવે પણ એકલો,
પરલોકથી આવે પણ એકલો, જાય પણ એકલો. કોઈનું કોઈ નથી...
માટે પૂ. બંધુ ! મને સંયમ લેવાની અનુમતિ આપો.

સંયમમાં અંતરાય !!

ભરત કહે સુંદરી ! હું સંસારના સ્વરૂપને સારી રીતે સમજું છું,
જાણું પણ છું કે આ જીવન અસ્થિર અને ક્ષણભંગુર છે,
છતાં હું તમોને સંયમ લેવા અનુમતિ આપી શકતો નથી.
હું તમને સુખી બનાવવા માટે હરહંમેશ પ્રયત્નો કરતો જ રહીશ.
મારો આ નિર્ણય અંતિમ છે, એમાં કંઈપણ પરિવર્તન કરી શકાશે નહીં...
રાજા ભરતનો નિર્ણયાત્મક ઉત્તર સાંભળી સુંદરી મૌન રહી.
દિલમાં ખેદ છતાંય ભરતજીને દોષિત માન્યા નહિ.
સ્વકર્માનુસાર સમયો આવે જાય છે તેવો તેણીનો દૃઢ વિશ્વાસ હતો.
મારા ચારિત્ર મોહનીય કર્મનો ઉદય જ સંયમ માટે બાધિત છે,
તેનું ફળ મારે જ ભોગવવું રહ્યું, ભાઈ ભરતનો કોઈ દોષ નથી.
સુંદરીજીનું જીવન એક મહત્ત્વપૂર્ણ ઘટના છે.
એના ઉપરથી આપણને અત્યંત ઉપયોગી હિતશિક્ષા મળી આવે છે.
સુખ દુઃખ પોતાના વાવેલા કર્મના જ બી છે.
એ સિદ્ધાંત મજબૂત રીતે માની લે તો રાગદ્વેષના પ્રકારો ઉદ્‌ભવે નહિ.
આર્ત રૌદ્રધ્યાન પણ બંધ થઈ જતાં વ્યાકુળતા ઊભરાય નહિ ને અશુભ કર્મોનો બંધ પડે નહિ.
ઉદયમાં આવેલા કર્મોને સમભાવપૂર્વક સહેતાં અગણિત કર્મોની નિર્જરા કરી શકાય છે.
સાધારણ માણસ પરિસ્થિતિ સર્જાતાં ક્ષમતા ગુમાવી બેસે છે.

જ્યારે સુજ્ઞ સતી સુંદરીની ચિત્તશાંતિનો ભંગ થયો નહીં...
સમભાવી સુંદરીએ ઘોર ભયંકર અંધકારમાંય પ્રકાશ પ્રગટ કરી લીધો !!!

સુંદરીજીનો સમભાવ !

સુંદરીના દિલમાં હવે રાજમહેલ રાજવૈભવ રાજકુટુંબ તરફ ઉદાસીનતા છવાઈ ગઈ.
સંસારી પિતા ઋષભ ભગવાન અને સંસારી બહેન બ્રાહ્મીજીએ
જે સાધના માર્ગ અપનાવેલ તે તરફ તેણીનો ઝોક હતો.
તેમ ન થવાથી પિંજરામાં પુરાયેલ પક્ષીની જેમ સમભાવે સમય વ્યતીત કરવા લાગી.
ગમે તેવું દુઃસાધ્ય હોય તો પણ ઘરમાં રહી આદર્શ યોગિની જેવું જીવન જીવવા નિર્ણય લઈ લીધો.
ભગવાન ઋષભદેવ પ્રથમ સાધુ, બહેન બ્રાહ્મી પ્રથમ સાધ્વી,
તો હું પ્રથમ શ્રાવિકા બનીશ.
ભગવાનનો ધર્મ ફક્ત ત્યાગીઓ માટે જ નહિ,
ભગવાનના વિશાળ શાસનમાં ગૃહસ્થો માટે પણ સ્થાન સરખું જ બતાવેલું છે.
વિશાળ એવા જૈન શાસન રૂપ કલ્પવૃક્ષની શીળી છાયામાં સર્વ આત્માઓ સ્થાન પામી શકે છે...
સુંદરીનું ચિંતન - બહિર્દષ્ટિ લોકો શરીરની અંદર દૃષ્ટિપાત દીધા વિના,
માત્ર ગોરી ચામડી પર મોહિત થઈ જાય છે.
ઓ હો ! મોહરાજાએ સારાયે જગતને પાગલ બનાવેલ છે.
મારા રૂપ સૌંદર્યે અનર્થ સર્જાયેલ છે.
તો તપ અને ત્યાગ સાથે દેશવિરતિ સંયમધર્મની આરાધના કરી આત્મકલ્યાણ સાધું...

સુંદરીજીનો સંકલ્પ !

થોડા દિવસોમાં મહારાજા ભરતે દિગ્વિજય માટે પ્રસ્થાન કર્યું,
ત્યારથી સુંદરીએ નમક વિનાનું આયંબિલ તપ ચાલુ કર્યું.

સંયમી આત્મા તપથી પૂર્વસંચિત કરોડો કર્મોને ખપાવી શકે છે.
લૌકિક લોકોત્તર સિદ્ધિઓ તપથી સિદ્ધ થાય છે.
ચક્રવર્તી મહારાજા છ ખંડની સાધના કરતાં જુદા જુદા સ્થળો પર કુલ તેર અઠ્ઠમો કરતા હોય છે,
ત્રિખંડાધિપતિ શ્રી કૃષ્ણ મહારાજાએ પોતાના લઘુભાઈના જન્મ માટે અઠ્ઠમ તપ આદર્યું હતું.
દ્વિપાયન ઋષિનો જીવ અગ્નિકુમાર દેવ પણ દ્વારકા નગરીમાં તપ ચાલુ હતું ત્યાં લગી કંઈ પણ ઉપદ્રવ ન કરી શક્યો.
મહારાજા શ્રીપાળ આયંબિલ તપથી નિરોગી બન્યા હતા.
શ્રી મહાવીર શાસનમાં જ ઉત્કૃષ્ટ તપસ્વી ધન્ના અણગાર યાવજ્જીવન,
ઉચ્છિષ્ટ-નાખી દેવા જેવો આહાર વાપરતાં એકાવતારી થઈ ગયા.
ભગવાન મહાવીર સ્વામીએ સાડાબાર વર્ષની ઉગ્ર સાધનામાં
ફક્ત ત્રણસેં ઓગણપચાશ દિવસ પારણાનાં, બાકી બધા જ દિવસો તપમાં વ્યતીત કરી,
ઘોરાતિઘોર તપના સેવનથી અનંત કર્મો નષ્ટ કર્યા હતા.
વાસ્તવમાં તપનો પ્રભાવ સદાયે અમોઘ અને અચિંત્ય રહેલ છે !!!
તપ એ આત્મશુદ્ધિ માટેનું અનિવાર્ય અંગ છે.
તત્ત્વજ્ઞ આત્મા. આ લોકના ભોગસુખાર્થે તપ ન કરે, પરલોકના ભોગસુખાર્થે તપ નકરે,
કીર્તિ શ્લાઘા માટે તપ ન કરે,
એકાંત કર્મનિર્જરા હેતુએ તપાનુષ્ઠાન આચરે.

રાજમહેલે યોગિની !

આત્મલક્ષે વિશુદ્ધભાવે લગાતાર આયંબિલ તપ તપતા સુંદરીજીના સાઠ હજાર વર્ષ વીતી ગયા !
કોમળ શય્યા પર શયન કરનાર કોમલાંગી રાજકુમારી - ક્ષમતા દૃઢતા જિતેંદ્રિયતા ત્યાગશીલતા ધ્યાનસુરતા વીરતા આદિ અનેક ગુણોને કારણે

ધન્યવાદને પાત્ર બનીગઈ !!!
સતી સુંદરી નારી જાતિમાં નીપજેલ એક અલૌકિક મણિરૂપે હતી.
જૈનશાસનની શોભા અને પ્રતિષ્ઠા સાથે
પોતાના અદ્‌ભુત ત્યાગવડે જૈનશાસનના ગૌરવને વિરાટ બનાવેલ છે.
જે વૈભવ સુખ મેળવવા દુનિયા ઝંખી રહી છે તેને સહજભાવે ઠોકર મારી દીધી.
તેણીનું પવિત્ર પ્રશંસનીય અને ઉચ્ચતમ જીવન આજ તો શું
અરે ! સદાને માટે પ્રાતઃસ્મરણીય બની રહેશે એમાં કંઈ આશ્ચર્યને સ્થાન નથી...

સમ્રાટ ભરત

સમ્રાટ ભરત ષટ્‌ખંડના રાજ્યો પર વિજયવાવટો ફરકાવી સાઠ હજાર વર્ષે વિનીતાનગરીએ પાછા ફર્યા.
ત્યાંના જનસમૂહે પોતાના પ્રાણપ્રિય ચક્રવર્તીનું કેટલાયે ઉત્સાહભેર સ્વાગત કર્યું હશે એ કલ્પના કરવી કઠિન છે !!
પૂર્ણ સંતોષ અને આનંદ સહ નગરીમાં પ્રવેશ કર્યા પછી
સર્વપ્રથમ સુંદરીના મહેલે જવા રવાના થયા.
કંઈ કંઈ અરમાનો લઈ સુંદરીને ત્યાં જઈ રહ્યા હશે !
મારી શૂરવીરતાની વાતો સાંભળી પ્રશંસાના પુષ્પો વેરશે !
ચૌદ રત્ન નવ નિધાનાદિ પુષ્કળ વૈભવ અને મારા તેજ પ્રતાપને જોઈ વૈરાગ્ય ભાવલુપ્ત થઈ જશે !
એમ અનેક કલ્પનાઓના તરંગે ભરતજી સુંદરીજીના મહેલે જઈ રહ્યા હતા.
ભરતજીને ક્યાં ખબર હતી કે સુંદરીજીની હાલત શું હશે ?
સુંદરીજીના અંતરમાં વૈરાગ્ય રંગ ચઢેલો તે ઊંડો અને કીરમજના રંગ જેમ પાકો હતો.
એ વૈરાગ્યરંગ ઊતરે તેવો નો'તો અને બીજો રંગ ચઢે તેમ નો'તો.
ગર્વ ઓગળી ગયો.
ભરતજી સુંદરી પાસે પહોંચ્યા !

તેમનું અત્યંત કૃશ શરીર જોઈ જાણી ભરતજી દુઃખ અનુભવવા લાગ્યા,
ભરત મહારાજા સેવકોને ઠપકો આપે છે. શું રાજ્યમાં ધાન્ય-ફળ-ફૂલનો દુષ્કાળ પડ્યોછે ?
કોમલાંગી સુંદરીની કોઈએ સંભાળ ના લીધી ?
વૈદ હકીમ પાસે સારવાર કરાવી નથી ? આટલી કાયા કૃશ કેમ ?
સેવકોએ વિનમ્રભાવે કહ્યું, સ્વામી ! એવી કોઈ જ વાત નથી,
પણ આપના ગયા પછી સુંદરીજી કંઈપણ વાપરતા નથી,
માત્ર એક વખત લૂણ વિનાનું ભોજન જ વાપરે છે જેથી શરીર કૃશ બની ગયું છે.
એ સાંભળતાં જ ભરતજીનો દિગ્વિજયનો ગર્વ ઓગળી ગયો.
સુંદરીજીએ વિરક્તભાવે ભાઈ ભરતનું સ્વાગત કર્યું,
પરંતુ ભરતજીના મુખારવિંદ પર વિષાદની રેખાઓ છવાઈ ગયેલી !
તેઓ વિચારવા લાગ્યા કે ધન્ય છે બહેન સુંદરીને !!!
આત્માના પરમ કલ્યાણ ખાતર તમામ સ્પૃહાનો ત્યાગ કરી તપનો માર્ગ ગ્રહણ કર્યો છે !
ભગવાન આદિનાથના પુત્રી માટે કહેવું જ શું ?
ખરેખર ! એવી દેવીઓ જ પોતાના જીવન વ્યવહારથી નારી જાતિની પ્રતિષ્ઠા અને મહિમા ફેલાવતી રહેશે ...
વળી વિચારવા લાગ્યા-મારી બહેને જે માર્ગનું અનુકરણ કર્યું છે,
તે તો મનુષ્ય માત્ર માટે મહા મંગળનો માર્ગ છે.
ભોગસુખમાં સાચું સુખ નથી, તૃપ્તિ નથી, આનંદ નથી, શાંતિ નથી ...
ભોગતૃષ્ણા સદા નવયુવતી બની રહે છે.
ભોગતૃષ્ણાને વશ થઈ પોતાના જીવનને બરબાદ કરવું વ્યર્થ છે,
કામભોગ ક્ષણિક સુખ અને બહુકાલ ભયંકર દુઃખ આપનાર છે,
કામભોગ મુક્તિમાર્ગમાં બાધક છે. અનેક અનર્થોની ખાણ છે.
હું સુંદરીના રૂપ સૌંદર્યપર મુગ્ધ બન્યો હતો તે મારી મોટી ભૂલ હતી !!

ભોગાવલી કર્મના ઉદયે આ સમયે સંયમ નથી લઈ શકતો.
તો પણ મારે બીજાના સંયમી જીવનમાં વિઘ્નરૂપ ના બનવું જોઈએ.
સુંદરીએ પોતાના દીર્ઘકાલીન તપ દ્વારા મોહનિદ્રામાં મસ્ત બનેલ મને સાવધાન કરી દીધો.
મહારાજા ભરતે સુંદરી સાથે વાર્તાલાપ કરતાં આશ્વાસન પૂર્વક કહ્યું:
સુંદરી ! હું સમજી શક્યો નહિ કે તમારો વૈરાગ્ય એટલો બધો પાકો હશે !
બહેન ! તમે મારી આંખો ઉઘાડી દીધી.
મેં કરેલા વ્યવહારથી તમોને અશાતા ઊપજાવી છે તે બદલ વારંવાર ક્ષમા માંગું છું.
સુંદરીજીએ કહ્યું બંધુ ! આપે અનુમતિ ન આપી એમાં મુખ્ય મારું જ અંતરાય કર્મ માનું છું.
તો આપને પશ્ચાત્તાપ કરવાનું કોઈ કારણ નથી.
સંયમ લઈ જે સાધના કરવી જોઈએ તે હું ગૃહસ્થાવાસમાં કરી રહી છું.
જેથી મારી સંયમ સાધના સુગમ થઈ પડશે.
એથી જ મને કોઈ ખેદ નથી, અફસોસ નથી...
હવે તમે અનુમતિ આપી દો એ મારા માટે પરમ આનંદની વાત છે.

પ્રભુ પધાર્યા

બરાબર તે જ દિવસે નગરી બહાર ઉદ્યાનમાં પ્રભુ ઋષભદેવ પધાર્યા !
વનપાલકે સમ્રાટ ભરતને ભગવાન પધાર્યાનો સંદેશો સુણાવ્યો.
ભરતજીના આનંદની અવધિ ના રહી, સુંદરીને અવર્ણનીય ઉલ્લાસ ઉદ્‌ભવ્યો.
શીતળતા વ્યાપી ગઈ.
ભરતજી સ્વજનો પરિજનો પૌરજનોની સાથે પ્રભુ ઉપાસના કરવા ઉદ્યાને પહોંચ્યા.
વિધિ વંદન કરી ભગવાનની અમૃતથી અધિક સુધારસથી શ્રેષ્ઠતમ દેશના સુણી ;
આત્માના અસલી સ્વરૂપને ઓળખી પ્રગટ કરવા પ્રયત્નશીલ બનો.

મનુષ્યજન્મમાં જ આ ઉત્તમ અવસર પ્રાપ્ત થાય છે.
કાલની આરાધના કાલ પર નહિ છોડતાં આજે જ અબઘડી આરાધવા ઉદ્યમશીલ રહો.
વિવિધ બોધપ્રદ ધર્મોપદેશ શ્રવણ કરી, શ્રોતાઓને અનહદ આહ્લાદભાવ પ્રગટ થયો !
કેટલાક ભવ્યાત્માઓને પ્રતિબોધ પ્રાપ્ત થયો.

આર્હતી દીક્ષા


સુંદરીજીએ પ્રભુજીને અનન્ય ભક્તિપૂર્વક નમ્ર નિવેદન કર્યું,
પ્રભો ! મારા તીવ્ર અંતરાયના ઉદયે અત્યાર સુધી હું પરમપાવની આર્હતી દીક્ષા સ્વીકારી શકી નથી,
ઓ અભયદાતા પ્રભુ ! આજ આપ અનુગ્રહ કરી ચૌદરાજ નગરીના ફેરા મટાડનાર દીક્ષા દાન આપો !!!
ભાઈ ભરતની અનુમતિ મળી ચૂકી છે.
સમ્રાટ ભરતે વંદન કરી કહ્યું કે ઓ સર્વજ્ઞ પ્રભુ ! આપથી છૂપું કંઈ જ નથી તો પણ મારું પાપ પ્રગટ કરું છું,
મારી બહેન સુંદરી સાઠ હજાર વર્ષ પહેલાં દીક્ષા લેવા ચાહતી હતી,
કિન્તુ મોહવશે મેં આજ્ઞા આપી નહિ છેવટે સુંદરીથી હું પરાજિત બન્યો,
તેમનો દૃઢ વૈરાગ્ય અને કાયા કૃશ જોઈ મને મારી ભૂલ સમજાઈ.
બહેન સુંદરી આજ દિવસ લગી ભાવ સાધ્વી જેમ સંસારથી અલિપ્ત રહી છે.
ઓ તારણહાર પ્રભુ ! આપ કૃપા કરી સંયમદાન આપી શિષ્યારૂપે સ્વીકાર કરો.


શાશ્વત ધામે પહોંચ્યા !


સતી સુંદરીની માંગણી અને રાજા ભરતની અનુમતિથી ભગવાન ઋષભદેવે સુંદરીને દીક્ષાપાઠ ભણાવી કૃતાર્થ કર્યા.
દીક્ષિત બનતાં સુંદરીજીના રોમેરોમ પુલકિત થઈ ગયા.
અરે ! ચિર પિપાસુને અનુપાન કરવા સુઅવસર પ્રાપ્ત થઈ ગયો.
પૂ. ગુરુણીજી બ્રાહ્મીજીના સાનિધ્યમાં મહાસતી સુંદરીજી સંયમ આરાધના કરતાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીય અને અંતરાય,

એ ચાર ઘાતિકર્મોનો નાશ કરી કેવળી બની ગયા...
અંતે વેદનીય આયુષ્ય નામ અને ગોત્ર એ ચાર અઘાતિ કર્મોથી મુક્ત થઈ,
શાશ્વત સિદ્ધિના ધામે પહોંચી ગયા !!!
ભરચક ભોગસુખો વચ્ચે નિર્લેપ રહી સુંદરીજીએ કઠિન તપ આદરી ભાઈ
ભરતને પણ નિર્મોહી બનાવી દીધા !
જાજરમાન તપસ્વિની એ દિવ્ય આત્માને અવિરત વંદન હો !!!

વંદન હો એ દિવ્ય આત્માને, અવિરત વંદન હો !







ત્રીજે ચંદનબાળા

પ્રવેશ

આપણા આર્ય દેશની પવિત્ર ભારત ભૂમિ પર ખુમારી ધરાવતી કુમારિકાઓ,
અને અનેક આદર્શ મહિલાઓ થઈ ગઈ.
જેમના ગુણસભર જીવનો સૌ માટે પથદર્શક બની જાય છે.
એ પવિત્રાત્માઓના ત્યાગ બલિદાન સેવા ભક્તિ સહિષ્ણુતા સમર્પણતા,
ધર્મપરાયણતા રૂપ વિવિધ સદ્‌ગુણ રત્નોનો આપણી પાસે અમૂલ્ય ખજાનો છે.
જેમના તરફ આપણને ભારોભાર માન સન્માન અને ગૌરવ રહેલ છે
એવા પુણ્યાત્માઓના ચારિત્રનું ફરીફરી સ્મરણ કરતાં આપણેય પવિત્ર
ચારિત્રના અધિકારી બની શકીએ.
એમાંના એક પુણ્યાત્મા લોકોત્તર ચારિત્ર સંપન્ન પ્રાતઃસ્મરણીય મહાસતી
શ્રીચંદનબાળાનું પ્રેરણાદાયક જીવન કવન આલેખવા પ્રયત્ન રચાયેલ છે.

કાળજડાની કોર

ભગવાન મહાવીર સ્વામીના યુગમાં બિહાર પ્રાંતના અંગદેશમાં રમણીય
ચંપાપુરી નગરી હતી.
કાળક્રમે પરિવર્તન પામતાં તે આજે ચંપારન નામે ઓળખાય છે.
તે વખતે અંગદેશની રાજધાની ચંપાનગરી હતી.
ન્યાય નીતિમાં નિપુણ પ્રજા વત્સલ રાજા દધિવાહન રાજ્ય કરતા'તા,
દરેક જાતિના લોકો સુખપૂર્વક જીવન વ્યતીત કરી રહ્યા હતા,
રાજા અને પ્રજા પરસ્પર પોતાના કર્તવ્યો સારી રીતે જાણતા હોવાથી
સૌ સુખ સુવિધા અને શાંતિમય જીવન જીવી રહ્યા'તા.
વિચક્ષણ વીરતા અને પ્રેમની પ્રતિમા સમા, શીલાદિ ગુણસંપન્ન ધારિણી નામે
રાજપત્ની હતા,
માતા પિતાને કાળજાની કોર સમી લાડલી પુત્રી વસુમતી હતી.
સાત્ત્વિક વિચારશીલ સંસ્કારી માતા ધારિણી પુત્રી વસુમતીનો,
શારીરિક માનસિક અને આત્મિક વિકાસ વૃદ્ધિ પામે તેવી કેળવણી

આપવા લાગ્યા,

પરિણામે વસુમતીના જીવનમાં નમ્રતા અનુકંપા સરળતા સેવા પ્રભુભક્તિ ધર્માનુરાગ વગેરે,માનવતાના લક્ષણો દૃઢ રીતે જમા થતા ગયા,

કુશાગ્રબુદ્ધિ અને વિલક્ષણ શક્તિને કારણે સ્વલ્પ સમયમાં ચોસઠે કળામાં પ્રવિણ બની ગઈ.

સૌને પ્રિય કુમારી વસુમતી યૌવનને આંગણે ભૌતિક સુખ સાગરના હિલોળે ઝૂલવા લાગી.

સાદુભાઈ પર આક્રમણ

એ સમયે અંગદેશની સીમા પર કૌશામ્બી નગરીએ શતાનીક રાજા રાજ્ય કરતા હતા,

રાજા શતાનીકના લગ્ન રાણી પદ્માવતીની મોટી બહેન મૃગાવતી સાથે થયેલાં.

એથી રાજા શતાનીક, દધિવાહન રાજાના સાદુભાઈ અને વસુમતીના માસાના સંબંધે હતા.

રાજા શતાનીક સુખી છતાં તૃષ્ણાથી ઘેરાઈ જતાં ચંપાનગરી પર અચાનક આક્રમણ કર્યું.

રાજા દધિવાહન હારી નાસી જતાં રાજા શતાનીકે ચંપાનગરી પર વિજય પતાકા લહેરાવી દીધી.

રાજા શતાનિકની સેના નગરીમાં ઈચ્છાનુસાર લૂંટફાટ કરવા લાગી.

એક સુભટ રાજમહેલમાંથી રાણી ધારિણી અને કુમારી વસુમતીને રથમાં નાખી ચાલતો થયો.

શીલખાતર બલિદાન

જ્ઞાની ભગવંતે સત્ય કહ્યું છે:

કુટુંબ પરિવાર ધન સંપત્તિ વગેરે બાહ્ય સામગ્રી ક્ષણિક અને અશરણ રહેલી છે.

દુઃખમાં ધૈર્ય ધારણ કરવું એ શૂરવીરનું કાર્ય છે,

એમ માતા ધારિણી અને પુત્રી વસુમતી વિચારવા લાગ્યા !

સીતા દ્રૌપદી દમયંતી આદિ અનેક મહાસતીઓએ વિકટ સંકટો વચ્ચે પોતાનું

શીલ અખંડ રાખ્યું,
તેમ અમારે પણ એવી દૃઢતા સાહસિકતા કેળવવી જરૂરી છે.
શીલની રક્ષા ખાતર પ્રાણોની કુરબાની કબૂલ છે.
શરીર તો ફરી મળશે જ્યારે ધર્મ ફરી મળવો મુશ્કેલ છે.
માર્ગમાં સુભટે રાણી ધારિણીને પોતાના પત્ની બનાવવા જણાવ્યું.
રાણીએ હિંમતપૂર્વક કહ્યું કે ભાઈ ! તમે શું બોલી રહ્યા છો ?
અમારી અશરણ અવસ્થા જોઈ તમને દયા નથી આવતી ?
શું તમને ભગવાનનો ય ભય નથી ?
સંકટગ્રસ્ત પ્રાણીઓની રક્ષા કરવી એ વીર પુરુષોનું કાર્ય છે,
ધારિણીની પવિત્ર વાણીનો મલિન હૃદયી, સુભટ પર કોઈ પ્રભાવ નહિ પડતાં,
રાણી ધારિણીએ શીલની રક્ષા ખાતર પોતાની જીભ કચડી પ્રાણોનો પરિત્યાગ કર્યો !!!
મુખમાંથી લોહીની ધારા વહી રહી, નિર્જીવ શરીર ત્યાં ઢળી પડ્યું !
આ દૃશ્ય જોઈ સુભટ પોતાના પાપ કાર્ય બદલ પશ્ચાત્તાપ કરવા લાગ્યો.
કુમારી વસુમતી પર માતાના વિયોગનું દુઃખ ઘેરાઈ જતાં આકાશ તૂટ્યું હોય તેવી પરિસ્થિતિ દેખાવા લાગી.
ઓ જનની ! તારા વિના મારે જીવીને શું કરવું ???

નવકાર મંત્રે ચમત્કાર

માતા પિતાની વિયોગી વહાલસોઈ પુત્રી વસુમતી શોકસાગરમાં ડૂબી ગઈ,
લંપટ સુભટવડે સર્જાયેલ ધારિણી રાણીની હાલત વિચારતાં વસુમતીના દુઃખની કોઈ સીમા રહી નહીં.
દરમ્યાન સુભટના હૃદયનો એકાએક પલટો થતાં શ્રી વસુમતીને કહેવા લાગ્યો;
બેટી ! હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તું બિલકુલ ચિંતા કરીશ નહિ.
આજથી તને મારી ધર્મપુત્રી તરીકે સ્વીકારી હું પાલક પિતા બની રહીશ...
સુભટના વચનો સુણી વસુમતીના દિલમાં થોડી શી નિર્ભયતા પ્રાપ્ત થઈ.
નિર્વિકારી બનેલ સુભટ પુત્રી વસુમતીને લઈ કૌશામ્બી નગરીએ પોતાને ઘેર પહોંચ્યો.

અત્યંત રૂપવાન વસુમતીને જોઈ સુભટની સ્ત્રીને શંકા થઈ, કદાચ પોતાની પત્ની બનાવે તો ?

જો તેમ બને તો મારું માન શું રહેવાનું ?

સુભટની સ્ત્રીએ રોષમાં કહ્યું કે પરાઈ સ્ત્રીને આપણા ઘરમાં રાખવાની શી જરૂર છે ?

એને ઘરથી બહાર કાઢી મૂકો નહિતર પરિણામ સારું નહિ આવે.

સ્ત્રીના વચન સુણી સુભટ મધ્ય બજારે વસુમતીને વેચવા ચાલ્યો.

ત્યાંથી પસાર થતાં વેશભૂષામાં સુશોભિત વેશ્યાની દૃષ્ટિ કુમારી વસુમતી પર પડી.

સૌમ્ય આકૃતિ ગૌરવર્ણ ચંદ્ર જેવી શીતળ મુખમુદ્રા શરીરની સુઘડતા જોઈ આકર્ષણ જાગ્યું,

સુલક્ષણોથી યુક્ત આ યુવતીને ખરીદવાથી મારો ધંધો ઠીક ચાલશે,

એમ વિચારી મોં માંગી સોનામહોરો આપી વસુમતીને ખરીદી કહ્યું, ચાલો મારે ઘેર.

વસુમતીએ વેશ્યાને પૂછ્યું કે તમારા ઘરનો આચાર વિચાર કઈ જાતનો છે ?

વેશ્યાએ જણાવ્યું - વસ્ત્રાલંકારથી શૃંગારિત વિવિધ પોશાકો પ્રતિદિન ધારણ કરવા,

નિત્ય નવા ભોજન અને પ્રતિપળે નવા નવા પુરુષોને આકર્ષવા એ અમારો આચાર છે.

એ શબ્દો સાંભળતાં વસુમતીને વજ્રપ્રહાર જેવો અનુભવ થયો.

ઘવાયેલ હૈયે વસુમતી બોલી, બહેન ! હું તમારા ઘરને યોગ્ય નથી તેથી તમારી સાથે આવીશ નહીં.

વેશ્યા કહેવા લાગી, અરે ! મેં તને કિંમતથી ખરીદી છે એટલે તારે આવવું જ જોઈશે.

વસુમતીએ ઉત્તર આપ્યો. રે ! નીચ કર્મ આચરનાર, મને બળપૂર્વક લઈ જવા તારો કોઈ અધિકાર નથી.

વસુમતીને પકડવા જ્યાં આગળ આવે ત્યાં અચાનક વેશ્યા પર વાંદરાઓ તૂટી પડ્યા.

વાંદરાઓ એકત્ર થઈ વેશ્યાના હાથ પગ કાન નાક માથાના વાળ વગેરે ચારે બાજુથી વીંખવા લાગ્યા.

વસુમતીના શીલના પ્રભાવે અને નવકારમંત્રના જાપે આ ઘટના બની.

વેશ્યા ગભરાઈ જતાં છોડાવો છોડાવોની બૂમો પાડવા લાગી !!!

"તમાશાને તેડું નહિ" બજારના લોકો ટોળે વળી આ દૃશ્ય જોવા લાગ્યા !!

વેશ્યા વસુમતીને વિનવવા લાગી - સાક્ષાત્ શીલધર્મની મૂર્તિ ઓ વીરાંગના !

મારા અપરાધની ક્ષમા કરો. ક્ષમા કરો. ક્ષમા કરો...

માફી માંગતાં તમામ વાંદરાઓ અદૃશ્ય થઈ ગયા.

સારી જનતા એકીઅવાજે બોલી ઊઠી - ધન્ય સતી શીલવતી વસુમતીનો જય !!!

વેશ્યા પોતાના પ્રાણ લઈ નાસી છૂટી.

શીલધર્મનો જય જયકાર જોઈ વસુમતી પ્રસન્ન થઈ,

પરમપિતા પરમાત્માનો પાડ માની મનોમનથી નમન કર્યું.

ગુણસભર નામ ચંદના

આ આશ્ચર્યજનક ઘટના જોઈ ત્યાં રહેલા ધનાવહ શેઠે વિચાર્યું,

મારી પાસે ધન તો પુષ્કળ છે પણ કોઈ સંતાન નથી !

વસુમતીને પુત્રીરૂપે ગ્રહણ કરીશ તો મારા જીવનમાં આનંદ અનુભવીશ.

શેઠે વસુમતીને લઈ જવા અભિપ્રાય જણાવ્યો.

વસુમતીએ પૂછ્યું પિતાજી ! કહો આપને ત્યાં મારે શું શું કાર્યો કરવાના રહેશે ?

શેઠે કહ્યું, બેટી ! મનપસંદ ભોજન, ઈચ્છા મુજબ વસ્ત્રાલંકાર અને

નિયમિત શ્રદ્ધાપૂર્વક ભગવાનની ભક્તિ દ્વારા જીવન પવિત્ર બનાવવું,

આ મારે ઘેર કાર્યો કરવાના રહેશે.

સાંભળી વસુમતીના દિલમાં જાણે આનંદનો સાગર ઊમટી પડ્યો !

ધન આપી શેઠ વસુમતીને નિજ ઘેર લઈ ચાલ્યા.
પવિત્રાત્મા વસુ પિતાની આંગળી પકડી ચાલી જાય છે,
ત્યાં અચાનક ચમત્કાર સર્જાયો,
શેઠના શરીરે દાહજ્વરનું દર્દ હતું તે વસુમતીના કરસ્પર્શથી દૂર થઈ જતાં
અંગેઅંગે ચંદન જેવી શીતળતા પ્રસરી ગઈ,
જેથી વસુમતીનું નામ ચંદનબાળા સ્થાપન કર્યું.

મૂળાનો જુલમ

ધનાવહ શેઠ પુત્રી ચંદનબાળાને લઈ ઘેર આવ્યા અને શાંતિથી સમય પસાર કરવા લાગ્યા.
ઉલ્લાસપૂર્વક ધર્મ ક્રિયાઓની આરાધના કરતાં દિવસો વ્યતીત થઈ રહ્યા'તા.
શેઠ ધનાવહ, અનેક ગુણસભર પુત્રી ચંદનબાળાને જોઈ જોઈ
પરમ આહ્લાદ ભાવનો અનુભવ કર્યા કરતા'તા
પ્રતિદિન ચિંતવતા કે મારા અનંત પુણ્યોદયે ધર્મપુત્રી રૂપ એક અમૂલ્ય ચિંતામણિ રત્ન મળી ગયું છે.
હું કેવો ભાગ્યશાળી !!!
આટલું બધું વીતવા છતાંય હજુ પણ કર્મસંયોગે ચંદનબાળાના ગુણો અને શ્રદ્ધાની આકરી અગ્નિ પરીક્ષા થવી બાકી છે !
એનું નિમિત્તકારણ ધનાવહ શેઠના પત્ની મૂલા શેઠાણી બની ગયા.
મૂલા શેઠાણી હંમેશાં શંકાશીલ રહેલા લાગી !
શેઠના મનમાં પાપ લાગે છે, બહારથી ચંદનાને પુત્રી કહે છે,
પણ હૃદયમાં વાસના છુપાયેલી છે.
એ શંકાને કારણે મૂલાને ચંદનબાળા પ્રત્યે દ્વેષભાવ જાગૃત થયો.
એક દિવસે ચંદના બહારથી આવેલા શેઠના પગ ધોઈ રહી'તી,
ત્યારે તેણીની વેણી કાદવમાં પડતી હોવાથી નિર્મળભાવે શેઠે લઈ પીઠ પર મૂકી, આ દૃશ્ય જોઈ મૂલા શેઠાણી મનમાં બળવા લાગી.
એકદા શેઠ કાર્યવશાત્ બહારગામ ગયા, મૂલાએ નોકરોને કામ બતાવી

બહાર મોકલ્યા,
અવસર લઈ ચંદનબાળા પાસે જઈ કર્કશ શબ્દો કહી સંભળાવ્યા,
અરે દુષ્ટા ! જ્યારથી આવી છો ત્યારથી મારા પતિના હૈયાને વિહ્વલ બનાવી દીધેલ છે.
ઉપરથી સતી સાધ્વી જેવો દેખાવ કરે છે અને અંદર મલિનતાનો પાર નથી,
હવે તો તને પૂરી શિક્ષા આપીશ એમ કહી તેણીના મસ્તકના વાળ કાપી,
પગમાં બેડી, હાથમાં હાથકડી નાખી અંધારી ઓરડીમાં પૂરી દીધી.
કોણ ખબર લેશે ? ભૂખી તરસી થોડા દિવસમાં મરી જશે.
ઓરડી પર તાળું લગાવી ઘરનું રાચરચીલું બધું જ સમેટી હર્ષિત હૈયે,
મૂલા શેઠાણી પિયર ચાલી ગઈ.

તપનો પ્રભાવ

ઈર્ષાના તાંડવ કેટલા ભયંકર હોય છે !
મહાશતક ગાથાપતિના પત્ની રેવતીએ ભોગસુખમાં ભાગ પડાવનાર માની ઈર્ષાને આધીન થઈ છ શોકોને ખડગથી અને છ શોકોને વિષ આપી મારી નખાવેલ,
સિંહરથ રાજાની રાણીએ ઈર્ષાથી પોતાની શોકો તેમજ માતાઓને બાળી નખાવેલ.
જગતમાં ઈર્ષાવશે - અગણ્ય અનર્થો સર્જાયા અને સર્જાતા હોય છે.
એવા ભયંકર પાપ કરનારને પરિણામો ભયંકર ભોગવવા પડે છે.
ગજસુકુમારના જીવે પૂર્વભવમાં શોકપુત્ર નવજાત શિશુના મસ્તક પર ગરમાગરમ રોટલો રખાવી પ્રાણ લીધા તે ઈર્ષાના જ પ્રતાપને !
કોણિકના પત્ની પદ્માવતીએ હાર હાથીના નિમિત્તે ઈર્ષા કરી તો,
યુદ્ધમાં એક કરોડ એંશી લાખ જીવોનો સંહાર થઈ ગયો !!!
શ્રી મહાવીર સ્વામીના સોળમા વિશ્વભૂતિના ભવે કાકીની ઈર્ષાના વલણે લડાઈને બહાને નગર બહાર બગીચાની અંદર રહેલા મહેલમાંથી બહાર કાઢ્યા !

ઈર્ષા અને અજ્ઞાન બંને ભેગાં મળે પછી પૂછવું જ શું !!!
ચંદનબાળા આવી પડેલા દુઃખમાં આંસુ સારતી પૂર્વકર્મને નીંદતી,
અક્રમ તપ સહિત વિશુદ્ધ દિલે નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી.
કાર્ય પતાવી શેઠ ઘેર આવ્યા, ઘર પર તાળું જોઈ, પડોશણ પાસેથી હકીકત જાણી પત્નીને બોલાવવા નોકરને મોકલ્યો.
નોકરને ચાવી આપી શેઠાણીએ પછીથી આવવા જણાવ્યું.
શેઠે નવકાર મંત્રના અવાજે ઓરડી તરફ જઈ તાળું ખોલ્યું !
ત્રણ ત્રણ દિવસની ઉપવાસી પુત્રી ચંદનબાળાની આ અવસ્થા જોઈ
શેઠના દિલમાં દુઃખનો પાર ના રહ્યો !!!
દિલાસો આપતાં શેઠે કહ્યું, પુત્રી ! ચિંતા કરીશ મા !
શેઠ પારણું કરાવવા તપાસ કરે પણ વાસણ કે વસ્તુ કંઈ જ દેખાય નહીં.
ચૂલા પર રહી ગયેલ બાફેલ અડદના બાકળા જે આગળ લોકો પશુઓને ખોરાકમાં આપતા'તા.
સૂપડામાં અડદના બાકળા લઈ શેઠે પુત્રી ચંદનબાળાને પારણું કરી લેવા કહ્યું,
પુત્રી !તું પારણું કર, હું બેડી અને હાથકડી કપાવા લુહારને હમણાં જ બોલાવી લાવું છું,
અક્રમ તપસ્વી ચંદનબાળા સૂપડામાં બાકળા લઈ મકાનના બારણે બેસી ભાવના ભાવવા લાગી.
આ સમયે કોઈ સંત પધારે તો સુપાત્રે દાન આપી પછી પારણું કરું !!!

ઉગ્ર અભિગ્રહી મહાવીર

ત્યાં તો જ્ઞાતપુત્ર ચરમ તીર્થંકર ખુદ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા.
જેઓ કર્મ ખપાવવા કાળજું કંપી જાય તેવા ઘોર ઉપસર્ગ અને પરિષહ સાથે,
આકરી લાંબી લાંબી તપશ્ચર્યાઓ કરી રહ્યા'તા.
તે સમયે તેર બોલનો અભિગ્રહ ધારણ કરેલ પ્રભુ મહાવીર મર્યાદિત સમય મુજબ રોજ, ગૌચરીએ જતાં

તેર બોલ

૧. રાજકુમારી, ૨. ચૌટે વેંચાયેલ, ૩. પગમાં બેડી, ૪. હાથમાં હાથકડી, ૫.

માથું મુંડાયેલ, ૬. ચૂનો ચોપડેલ, ૭. અઠ્ઠમ તપ સહિત, ૮. દિવસના ત્રીજા પ્રહરે, ૯. સૂપડાને ખૂણે, ૧૦. અડદના બાકળા, ૧૧. ઉંબરા પર બેઠેલી, ૧૨. એક પગ ઉંબરામાં એક ઉંબરા બહાર, ૧૩ આંખમાં આંસુ.

પાંચ મહિના ઉપર પચ્ચીસ દિવસ ગયા છતાં હજીયે અભિગ્રહ પૂર્ણ થયો નથી !

મેરુસમ ધીર ભગવાન મહાવીર ઘેર ઘેર ફરતાં ચંદનબાળાને ત્યાં પધાર્યા, પ્રભુ મહાવીરને પધારતા જોઈ હૃદયમાં પ્રસન્નતાના પૂર ઊભરાયા !

તેર બોલમાં એક બોલ અપૂર્ણ હોવાથી, ભગવાન મહાવીર પાછા વળ્યા, કલ્પવૃક્ષથી અધિક ભગવાનને આંગણે આવી પાછા વળતા જોઈ ચંદનાની આંખમાં આંસુ ઊભરાયા,

"મોટાને મોટા ગણે એ જગનો વ્યવહાર,
મોટા છોટા સમ ગણે એ વીતરાગ આચાર."

ઓ દયાળુદેવ ! આ રંક સેવક પર કૃપા કરી,
મારી કંઈ પણ અપૂર્ણતા સામે દૃષ્ટિ દીધા વિના પાછા વળો.
ઓ વીતરાગ દેવ ! મારા જેવા પામર આત્મા પર અનુકંપા લાવી,
માત્ર બાકળા વહોરી આ ચંદનાને તારો ! ઉદ્ધાર કરો !!!

ચંદનાની આંખમાં આંસુ જોઈ તેર બોલ પૂર્ણ થતાં પ્રભુ પાછા પધાર્યા.

ચંદનાએ ભક્તિ ભાવે ઉલ્લાસભર્યા હૈયે નિર્દોષ અને સૂઝતા બાકળા વહોરાવ્યા.

પ્રભુએ કરપાત્રમાં બાકળા લઈ પારણું કર્યું,
ત્યાં તાત્કાલિક પંચ દિવ્ય પ્રગટ થયાં !!!!

૧. અચેત જળની વર્ષા, ૨. અચેત પંચવર્ણા ફૂલની વર્ષા,
૩. દુંદુભિનો મધુર નાદ, ૪. સાડા બાર કરોડ સોનામહોરની વૃષ્ટિ અને
૫. અહોદાન - મહાદાન દાતાનો જય જયકાર !!!

ચંદનબાળાના જય નારાઓથી સારુંયે આકાશ ગૂંજી ઊઠ્યું !

શાસનદેવે ચમત્કાર સર્જ્યો !!!

બેડી તૂટી ઝાંઝર થયા ! હાથકડી તૂટી કંગન બની ગયા !

મસ્તક પર સુંદર કેશકલાપ થઈ ગયો !
સુંદર વસ્ત્રાલંકારોથી સુશોભિત દેખાવા લાગ્યા !!!

આકાશવાણી

ધનાવહ શેઠના ઘર તરફ કુતૂહલ જોવા માનવ મહેરામણ ઊમટી પડ્યો !
આ સમાચાર શેઠાણી મૂલાએ સાંભળ્યા તો તે પણ દોડી આવી.
આંગણામાં વરસેલ સોનામહોરના ઢગને મૂલા ઉપાડવા જાય ત્યાં આકાશવાણી થઈ,
ચંદનબાળા સંયમ ગ્રહણ કરશે ત્યારે આ ધનનો ત્યાં વપરાશ થશે.
ચંદનબાળાના ચરણોમાં મૂલાએ નતમસ્તક થઈ પશ્ચાત્તાપ સાથે થયેલ અપરાધની માફી માંગી.
ચંદનબાળાએ નમ્રતાપૂર્વક કહ્યું, માતુશ્રી ! આપ પશ્ચાત્તાપ ના કરો,
મારા પૂર્વકર્મના કારણે તકલીફ ભોગવવી પડી એમાં તમારો કોઈ દોષ નથી.
સજ્જનો કદીએ બીજાના દોષ તરફ દૃષ્ટિ દેતા નથી.
કષ્ટ આપનારને પણ વિનમ્રભાવે ક્ષમા આપી વાત્સલ્યનો ધોધ વહાવે,
તે જ આ જગતમાં મહત્ત્વભર્યું વિશિષ્ટ પાત્ર બને છે...
આ સમાચાર રાજા શતાનીક અને રાણી મૃગાવતીને મળતાં
ત્યાં પહોંચી ચંદનાને રાજમહેલે લાવે છે !
પ્રભુ મહાવીર ત્યાંથી વિહાર કરી ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા...

પ્રભુના પ્રથમ શિષ્યા

ભગવાન મહાવીર સર્વજ્ઞ બન્યાના સમાચાર સારાયે જનપદમાં ફેલાઈ ગયા,
ત્યારે એક દેવ ચંદનબાળાને મહાવીર પ્રભુના સમવસરણમાં અપાપાનગરી બહાર લાવે છે.
ચંદનબાળા પૂર્વ સંકલ્પ અનુસાર મોટા મહોત્સવે દીક્ષા ગ્રહણ કરી શાસનમાં પ્રથમ સાધ્વીજી બન્યા.
ભગવાનના શાસનમાં પ્રથમ શિષ્ય શિષ્યાનું સ્થાન મેળવનાર નિયમા તે જ ભવે મોક્ષે જાય !
એવું સ્થાન મેળવનાર સતી ચંદના ખરેખર બહુ બડભાગી ગણી શકાય !!!

રાજા શતાનીકના પત્ની રાણી મૃગાવતીએ દીક્ષા લીધેલી,
જેઓ ચંદનબાળાના માસીબાના સંબંધે હતા.
એકદા ભગવાન મહાવીરના દર્શનાર્થે ચંદ્ર સૂર્ય મૂળ સ્વરૂપે આવ્યા.
સર્વત્ર પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો !!!
સાયંકાળે ઉપાશ્રયે જવાનો સમય થઈ જતાં શ્રી ચંદનબાળા વગેરે સાધ્વીજીઓ સ્વસ્થાને ગયા.
પ્રભુદેશનામાં લીન બની ગયેલા મૃગાવતીજીને ખ્યાલ રહ્યો નહિ કે રાત્રિનો સમય થઈ ગયો છે,
પ્રતિક્રમણ પછી સ્વાધ્યાય કર્યા બાદ ઉપાશ્રયનું બારણું બંધ થઈ ગયું.
ચંદ્ર સૂર્ય પોતાને સ્થાને ગયા ત્યાં અંધારું થઈ જતાં સાધ્વી મૃગાવતીજી ચમક્યા !!!
સાધ્વી મૃગાવતીજી સ્વસ્થાને જતાં દ્વાર બંધ જોયા !
નમ્રવાણીએ ગુરુણીજીને દ્વાર ખોલવા વિનવણી કરી,
પૂ. ગુરુણીજીએ નિયમનું ઉલ્લંઘન થતાં ઠપકો આપ્યો.
મૃગાવતીજી સ્વદોષ દર્શન કરતાં ક્ષપકશ્રેણીએ ચઢતાં સર્વજ્ઞ બની ગયા.
પૂ. શ્રી ચંદનબાળા પાસેથી કાળો નાગ પસાર થઈ રહ્યો જોઈ સાધ્વી મૃગાવતીએ કહ્યું,
પૂ. ગુરુણીજી ! બાજુમાંથી નાગ જઈ રહ્યો છે માટે આપનો હાથ જેમ છે તેમ જ રાખશો.
સાધ્વી ચંદનાજી વિચારોમાં પડ્યા કે મૃગાવતી બહારથી કેમ જાણી શક્યા હશે !!!
ગુરુણી ચંદનાએ પૂછ્યું શું આપને જ્ઞાન પ્રાપ્ત થયું છે ?
જી હા, આપના પ્રતાપે...
પ્રતિપાતિ કે અપ્રતિપાતિ ?
પૂ. ગુરુણીજી ! આપના પ્રતાપે અપ્રતિપાતિ...
ત્યાં દ્વાર ખોલવા સૂચના આપી પૂ. ચંદનાજી પશ્ચાત્તાપ કરવા લાગ્યા !
અહાહા ! મેં કેવળી ભગવાનની આશાતના કરી !!!

અંતઃકરણથી પશ્ચાત્તાપ કરતાં શ્રી ચંદનબાળા પણ સર્વજ્ઞ બની ગયાં...
ધન્યવાદ ! સ્વદોષદર્શી સાધ્વી મૃગાવતીજીને કે પૂ. ગુરુણીજીને સર્વજ્ઞ બનવામાં નિમિત્તરૂપ થઈ ગયા.
૩૬૦૦૦ સાધ્વીજીઓમાં વડા સાધ્વી શ્રી ચંદનબાળા શાસનની શાન બઢાવી રહ્યા...
અંતમાં આઠે કર્મોનો ક્ષય કરી શુદ્ધ આત્મ સ્વરૂપે પંચમી ગતિએ પધાર્યા !!!

ઉપસંહાર

રાજપુત્રી ચંદના કર્મયોગે ચૌટે વેચાયા ! એવા ક્રૂર કર્મો સામે અહિંસાદિ શસ્ત્રે લડી સ્વરાજ્ય સંપાદન કરી લો !
ચંદનાને વેશ્યા ઘેર લઈ જતાં નવકારમંત્રના સ્મરણે કેવો ચમત્કાર સર્જાયો !
એવા સર્વશ્રેષ્ઠ નવકારમંત્ર પર અતૂટ શ્રદ્ધા જગાડી લો...
મૂળા શેઠાણીએ દ્વેષભાવે ચંદનાની વિષમ પરિસ્થિતિ ઊભી કરી ત્યારે આર્તધ્યાન નહિ ધરતાં હિંમત રાખી અઠ્ઠમ તપ અને નવકાર જપ જપતાં ભયંકર દુઃખનો અંત આણ્યો.
તેર બોલના અભિગ્રહી પ્રભુ મહાવીરને બાકળા વહોરાવતા પંચ દિવ્ય પ્રગટ થયા !
અને ચંદનબાળા સોળ શણગારે સુસજ્જ બની ગયા !!!
આપત્તિ વખતે આ દાખલો સૌને પ્રેરણાદાયક બની જાય છે.
સંસારી માયામાં નહિ સપડાતા ચંદનાએ પ્રભુચરણે જીવન સમર્પણ કરી,
સંયમની સુમધુર સાધનાએ શાશ્વત સુખી બની ગયા અને સૌને પ્રકાશ આપી ગયા !!!
આભ તૂટી પડ્યા જેવા દુઃખમાં ધૈર્ય ધારણ કરનાર સતી ચંદનબાળાને લાખ લાખ ધન્યવાદ !!!

સંકટને કટ કરનાર શ્રી ચંદનબાળાનો ઉત્કટ
યશ ચોમેર પ્રસરી રહો !!!

ચોથે રાજેમતી

વંશ પરંપરા

ચંદ્ર અને સૂર્ય વિશ્વના શૃંગારરૂપે છે તેમ રઘુવંશ અને યદુવંશ બંને ભારતીય ઈતિહાસના ઝળહળતા સ્તંભરૂપે છે.

રઘુવંશ રામચંદ્રજી જેવા મહાપુરુષ અને સીતા જેવી મહાસતીને કારણે અમર છે.

તો યદુવંશ અરિષ્ટનેમિ-બાવીશમા ભગવાન, મહાધ્યાની ગજસુકુમાર, કર્મવીર શ્રી કૃષ્ણ આદિ પુરુષરત્નો અને રાજેમતી જેવી અસાધારણ નારીઓના કારણે અમર છે.

આ બે વંશોથી ભારતીય જનતાને ખૂબ જ પ્રેરણાઓ મળી રહી છે.

આ યદુવંશમાં બે રાજા પ્રસિદ્ધ થઈ ગયેલા એક ભોજકવિષ્ણુ, બીજા અંધકવિષ્ણુ.

સૌરિપુરે રાજા અંધકવિષ્ણુ અને મથુરાએ રાજા ભોજકવિષ્ણુ રાજ્ય કરતાં'તા.

અંધક વિષ્ણુના સમુદ્રવિજય, વસુદેવ આદિ દશ પુત્રો દશાર્હ કહેવાતા.

રાજા વસુદેવના પત્ની મહારાણી દેવકીજીના આઠ પુત્રો,

જેમાં શ્રી કૃષ્ણ અને ગજસુકુમાર સૌથી નાના હતા.

રાજા સમુદ્રવિજય અને પત્ની શિવાદેવીના અરિષ્ટનેમિ તેમજ રહનેમિ એમ બે પુત્ર હતા.

ભોજકવિષ્ણુના પુત્ર ઉગ્રસેન આદિ હતા.

મહારાજા ઉગ્રસેનનાં અપ્સરા જેવા રાજદુલારી રાજપુત્રી રાજેમતી હતા.

પુત્રી રાજેમતી માતાપિતાને કાળજાની કોર અને આંખની કીકી સમાન વહાલા હતા !

રાજેમતી યુવાનીમાં પ્રવેશતાં તેણીને યોગ્ય જમાઈ શોધવા

તેમના માતુશ્રી ધારિણી અશાંત રહેવા લાગ્યા.

શ્રી રાજેમતી રૂપ અને ગુણમાં જેટલી અધિક હતી તેટલી જ યોગ્યતા ધરાવતા વરની જરૂર હતી.

જો યોગ્યતા ના હોય તો પરસ્પર પ્રીતિ ટકી શકે નહીં...

શ્રી કૃષ્ણ ચિંતામાં

એકદા ફરતાં ફરતાં અરિષ્ટનેમિ - નેમિકુમાર શ્રી કૃષ્ણ મહારાજાની આયુધશાળાએ પહોંચ્યા,
અને સહજભાવે પંચાયન શંખ ઉપાડી ફૂંક્યો !
શંખનો ગગનભેદી ગર્જારવ સાંભળી કૃષ્ણ મહારાજાનું કલેજું કંપી ઊઠ્યું !!!
ત્રિખંડાધિપતિ વાસુદેવનો શંખ વાસુદેવ જ ફૂંકી શકે,
સામાન્ય વ્યક્તિની શક્તિ જ નહીં,
તો શંખ કોણે વગાડ્યો હશે ???
ભય અને વિસ્મયતાથી ઘેરાયેલ શ્રી કૃષ્ણ મહારાજા તત્કાળ આયુધશાળાએ પહોંચ્યા !!!
આયુધશાળામાં પોતાના ભાઈ નેમિકુમારને જોઈ શાંતિનો શ્વાસ લીધો.
પણ શ્રી કૃષ્ણ ચિંતાથી સર્વથા મુક્ત થઈ શક્યા નહિ.
બળ માપવા જતાં શ્રી કૃષ્ણ વાસુદેવ,
શંખ ફૂંકવામાં અને ગદા ફેરવવામાં શ્રી નેમીકુમાર પાસે પરાજય પામી ગયા !
શ્રી કૃષ્ણની ભુજા નેમિકુમારે એક જ ઝાટકે વાળી લીધી !!
જ્યારે શ્રી નેમિકુમારની ભુજા વાળવા જતાં શ્રી કૃષ્ણ,
વાંદરો શાખા પર લટકે તેમ લટકતાં રહી ગયાં !
મતલબ કે અતુલબળી શ્રી નેમિકુમારની ભુજા વાળી શકયા નહીં...
અરિષ્ટનેમિના મનમાં કોઈ સંસારી લાલસા હતી જ નહીં,
પણ શ્રી કૃષ્ણ વાસુદેવ પોતાના મનથી જ ચિંતાના શિકાર બની ગયા કે
કદાચ ભવિષ્યમાં રાજ્ય લઈ લે તો !!!
લઘુબંધુ નેમિકુમારના બળ પરાક્રમો જોઈ શ્રી કૃષ્ણજીએ પ્રસન્નતા અનુભવવી જોઈએ,
પરંતુ જગતમાં ઘણીવાર સંસાર સ્વાર્થે મોટાના હૃદય કેટલા છોટા બની જાય છે !
શ્રી કૃષ્ણ મહારાજાએ વિચાર્યું કે નેમિકુમાર અખંડ બ્રહ્મચારી છે,
હાલે નિશ્ચિંત રહે છે જેથી પ્રકૃષ્ટ બળવાન છે,
જો એનો વિવાહ થઈ જાય તો બળ ઓછું થાય.
શ્રી કૃષ્ણજીએ પોતાની પટરાણીઓને કહ્યું,

તમે કોઈપણ પ્રકારે નેમિકુમારનો વિવાહ માન્ય કરાવી આવો.

વિવિધ સંવાદો

આઠે પટરાણીઓ વસંત મહોત્સવના બહાને ગિરનાર પર્વત પર ગયેલા, ત્યાં નેમિકુમાર સમીપે લગ્ન કરવા સંવાદો ચાલુ કર્યા:

૧. રુક્મણી કહે દિયરજી ! તમે આજ દિન લગી લગ્ન કેમ કર્યા નથી ?

૨. સત્યભામા કહે પત્ની તો ઘરનો શણગાર અને જીવનયાત્રામાં સાથીદાર છે, માટે લગ્ન કરવા જ જોઈએ.

૩. પદ્માવતી કહે એ તો ઠીક ! પણ પત્ની લાવવામાં પરાક્રમ કરવું પડે ને ?

૪. ગોરી કહે દિયરજીના પરાક્રમ તો ક્યાં ઓછા છે ? પણ તોલડી માગે તેર વાના તે ભયે ચૂપ રહી ગયા છે.

૫. ગંધારી કહે અરે ! શું વાત કરો છો તમે ? જેના ભાઈ સોળ હજાર પત્નીઓનું પાલન કરે છે, તો નેમિકુમારની એક નારી શું ભારે પડશે ???

૬. લક્ષ્મણા કહે દિયરજી ! એક નારી નભાવવા શું ઢીલા થઈ બેઠા છો ? તમે વાંઢા ફરો છો એ અમને મહેણારૂપ લાગે છે.

૭. જાંબુવતી કહે બહેન ! તમે એમ માનો છો કે કુમાર સ્વંય કન્યાની ખોજ કરવા જાય ? ઉત્તમ પુરુષો મર્યાદાનું પાલન કરે છે, તમને એટલુંય જ્ઞાન નથી ?

૮. સુસીમા કહે તો શું દ્વારકાનાથ શ્રી કૃષ્ણ પોતાના ભાઈનું ઘર ન વસાવી શકે ?

રાણી રુક્મણી કહે, ઓ...હો ! દિયરજી ખુશ હોય તો દ્વારકાધીશની જવાબદારી મારા શિર પર છે.

માન્યા રે માન્યા નેમ માન્યા !

કુમાર ચૂપચાપ ભાભીઓનો સંવાદ સાંભળી રહ્યા'તા ...
ભાભીઓની ઉત્કંઠા, ભાઈની વ્યાકુળતા, માતપિતાની મમતા
આ બધું કુમારના માટે હાંસીનો વિષય થઈ પડ્યો !!!
કુમાર વિચારવા લાગ્યા કે અનંતકાળથી ભોગવતા જે ભોગોથી તૃપ્તિ ના થઈ, પણ પરિણામે આત્માનું અધઃપતન જ થયું છે એવા ભોગસુખ માટે ઉત્સુકતા શાની?
દેવદુર્લભ દેહથી અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ કરવી જોઈએ ...

ભોગોની ભઠ્ઠીમાં હોમાઈ જવું એ મોહની વિડંબના નહિ તો બીજું શું ?
એ વિચાર પર મૌન રહેલા નેમિકુમારને હસવું આવ્યું,
જ્યારે પટરાણીઓ એ મૌન અને હાંસીને વિવાહની સ્વીકૃતિરૂપે જાહેર કરી દીધી એ ... નેમિકુમાર માન્યા માન્યા માન્યા...
મહારાજા શ્રી કૃષ્ણ, પિતા સમુદ્રવિજય, માતા શિવાદેવી વગેરે,
નેમિકુમારના વિવાહના સમાચારે અત્યંત પ્રસન્ન થયા !!!
રૂકમણી સત્યભામા વગેરે રાજરાણીઓના દિલમાં પ્રીતિ અને ઉત્સાહના પૂર ઊભરાયા !!!
દ્વારકા નગરીમાં ચારે બાજુ હર્ષભર્યું વાતાવરણ પ્રસરી ગયું.
વિવાહની સંપૂર્ણ કાર્યવાહી શ્રી કૃષ્ણ મહારાજા પર લાદવામાં આવી.
સૌ પ્રથમ કુમાર માટે યોગ્ય કન્યાની તપાસમાં
રાજા ઉગ્રસેનની પુત્રી રાજેમતી પર સૌની પસંદગી ઊતરી...
સમ્રાટ મહારાજા શ્રી કૃષ્ણે ભેટણું લઈ ઉગ્રસેનને ત્યાં જઈ કન્યા રાજેમતીની માંગણીકરી.
રાજા ઉગ્રસેને કહ્યું જો વરરાજા અહીં પરણવા આવે તો એ વાત મારે મંજુર છે.
શ્રી કૃષ્ણ મહારાજાએ કબૂલાત આપી વેવિશાળ નક્કી કર્યું,
અને શ્રાવણ સુદિ પાંચમના લગ્ન દિવસ નિર્ધાર્યો.
કેટલાક દિવસ મિજબાની માણી શ્રી કૃષ્ણ વાસુદેવ દ્વારકા નગરીએ પાછા પધાર્યા.

તોરણેથી પાછા વળ્યા !

રાજા ઉગ્રસેનના રાજ્યમાં લગ્નની જોરદાર તૈયારીઓ થવા લાગી.
મથુરા નગરીમાં રાજેમતીના લગ્ન પ્રસંગે મંગળ ગીતોના મધુર ધ્વનિએ આનંદ મંગળ વર્તાઈ રહ્યો !
રાજા પ્રજા સૌ શ્રાવણ સુદિ પાંચમની આતુર નયને રાહ જોવા લાગ્યા !!
સમય આવતાં શુભ મુહૂર્તે યાદવોના પરિવારે અનેરા ઠાઠમાઠથી જાન મથુરા તરફ જવા લાગી.

મથુરાના સીમાડે પહોંચતાં નેમિકુમારે વાડા અને પાંજરામાં પુરાયેલ પશુ પક્ષીઓનો કરુણ કોલાહલ સાંભળ્યો.
નેમિકુમારે સારથિને પૂછ્યું, આ પશુ પક્ષીઓ કોલાહલ શા માટે કરી રહ્યા છે ?
સારથિએ કહ્યું ઓ દીનદયાળુ ! આ પશુ પક્ષીઓ,
જાનમાં આવેલા માંસભોજી અતિથિઓ માટેની ભોજન સામગ્રી છે,
પોતાના પ્રિય પ્રાણોનો નાશ થઈ જવાના ભયે ભયભીત બની કોલાહલ કરી રહ્યા છે.
કુમાર અરિષ્ટનેમિની સામે જબરદસ્ત કરુણાનો પ્રશ્ન ઉપસ્થિત થઈ ગયો !
કરુણા ઉભરાવવી એ સમ્યક્ત્વીનું મુખ્ય લક્ષણ છે.
રાજેમતીની ખાતર હજારો પ્રાણીઓનું બલિદાન અપાય તો હું રાજેમતીનો જ ત્યાગ કરી દઉં,
નિર્દોષ પશુ પક્ષીઓને જીવનદાન આપવા નેમિકુમારે સારથિને રથ પાછો વાળવા સૂચન કર્યું.
તોરણે આવી પાછા વળતા નેમિકુમારને જોઈ
બંને પક્ષના લોકોનો ઉત્સાહ વિષાદમાં ફેરવાઈ ગયો !
માનવીના અનેક મુખે અનેક વાતો થવા લાગી.
શ્રી કૃષ્ણ બળભદ્ર વગેરે યાદવોએ નેમિકુમારને રથ પાછો નહિ વાળવા કહ્યું,
યદુકુળની આબરૂ પર પાણી ફેરવવા જેવો પ્રયત્ન કરો છો.
નહિ નહિ ભાઈ ! મારા આ ત્યાગથી યદુકુળની કીર્તિમાં ચાર ચાંદ લાગશે,
યુગ યુગ લગી લોકો આ ઘટનાને યાદ કરશે.
નક્કી સમજજો કે સાચા ત્યાગથી કદી કીર્તિ કલંકિત બનતી નથી.
શ્રી કૃષ્ણ કહે નેમિકુમાર ! તમારા માતા-પિતાની હાલત શું થશે એ તો વિચારો ! કુમાર કહે તમો સહુને દુઃખ ન પહોંચે એ દૃષ્ટિએ અહીં આવેલ,
પણ વિવાહ કરવાથી અનેક પશુ પક્ષીઓની હિંસા થાય તેમ છે,
તમોને થતું દુઃખ અને પશુ પક્ષીઓની થતી હિંસા એ બંને બાબતમાં તુલના કરતાં પશુ પક્ષીઓની રક્ષા કરવી એજ યોગ્ય છે એમ દીર્ઘદૃષ્ટિએ વિચારું છું.

કુમારની દૃઢતા જોઈ શ્રી કૃષ્ણ મહારાજાએ પૂછ્યું, તો તમારો ઉદ્દેશ શું છે ?
બંધુ ! મારો ઉદ્દેશ વિનાશી સુખોનો ત્યાગ કરી અવિનાશી આત્મિક સુખો પ્રાપ્ત કરવા સંયમ અને તપની ઉગ્ર સાધના સાધવાનો છે.
ભૂતકાળમાં અનંત તીર્થંકર ભગવંતો જે મંગલ માર્ગના પથિક બન્યા છે હું પણ તે માર્ગનો પથિક બનીશ.
કુમાર અરિષ્ટનેમિના અદ્‌ભુત ત્યાગથી સૌના દિલપર વિજળી વેગે પ્રભાવ પથરાતાં, એ વેળાએ એક હજાર ભવ્ય પુરુષોનો હૃદય પલટો થઈ ગયો !!!
હજાર પુરુષોએ કહ્યું નાથ ! માનવ જીવનના ચરમ અને પરમ સાધ્યને ઉપલબ્ધ કરવા આપની સાધનાનો પંથ પ્રશસ્ત છે.
ઓ નાથ ! અમે પણ આપની સાથે પવિત્ર એવા શ્રેયમાર્ગનું અનુકરણ કરીશું...
જોત જોતામાં ત્યાગ ભર્યું વાતાવરણ અત્ર તત્ર સર્વત્ર પ્રસરી ગયું !!!
હિંસા અહિંસાના ચિર સંઘર્ષમાં ભગવાન નેમિનાથનું આત્મિક ઉત્થાન મહત્ત્વપૂર્ણ હતું.
સંસાર સમુદ્રથી તરવા જીવદયા નાવરૂપ છે,
જીવદયાનું જતન કરે તેનું દુર્ગતિમાં પતન થતું નથી.
મહારાજા મેઘરથે પારેવડાને બચાવતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જી લીધું.
મેઘકુમારે સસલાને બચાવતાં સંસાર સીમિત કરી લીધો.
ભારતમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત રાજવંશી મહાન પુરુષનો આ ત્યાગ એ સામાન્ય વાત નો'તી...
તોરણથી પાછા વળી નેમિકુમારે ઘેરઆવી વર્ષ દિન લગી વરસીદાન આપી, એક હજાર પુરુષોની સાથે જૈન ભાગવતી દીક્ષા સ્વીકારી સંયમ સાધનામાં મસ્ત બની ગયા.
ભગવાન નેમિકુમાર તોરણથી પાછા વળતાં માંસાહારીઓના જીવન પર એવો પ્રભાવ પડ્યો કે પોતાની ક્રૂર વૃત્તિનો પશ્ચાતાપ કરતાં જીવનભર માંસનો પરિત્યાગ કરી દીધો !
જગતમાં હંમેશાં સારા - નઠારા પ્રસંગોની અસર લગભગ પડતી હોય છે.

સતી રાજેમતીનો સંકલ્પ

પે'લી બાજુ રાજેમતી પોતાની સખીઓ સાથે ઉપર જઈ નવભવના નાતાવાળા શ્રીનેમિકુમારની
મનોહારિણી મૂર્તિના પરમ આલ્લાદ ભાવે દર્શન કરી વિવિધ સ્વપ્નો સેવી રહી હતી!
ત્યાં તોરણથી પાછા વળતા અરિષ્ટનેમિ ને જોઈ
રાજેમતીના દિલમાં કેવો આઘાત લાગ્યો હશે એ કલ્પના કરવીએ મુશ્કેલ છે !!!
રાજકુમારીના કોમળ કલેજા પર અસહ્ય વિયોગરૂપ વજ્રાઘાત થતાં મૂર્છિત બની ગઈ !!!
ઉગ્રસેન પિતા, ધારિણી માતા સખીઓ સ્વજનાદિ લોકો ઘેરી વળ્યા,
શીતળ જળ અને ઉપચારોથી મૂર્છા દૂર થઈ,
ત્યારે માતા પિતા કહેવા લાગ્યા રાજુલ બેટી ! તું ચિંતા ના કર, તારા માટે બીજા સુયોગ્ય વરની શોધ કરીશું,
સારું થયું કે નેમિકુમાર વિવાહ પહેલાં જ વૈરાગી બન્યા, નહિતર દુઃખનો પાર રહેત નહિ.
આ આશ્વાસનના શબ્દો રાજેમતીને વિશેષ અસહ્ય થઈ પડ્યા !!!
પિતાજી ! અપર પુરુષ સાથે વિવાહની વાત મને આઘાતજનક જણાય છે !
તો એ ચર્ચા કરવા કરતાં એના પર પડદો પાડી દો એ શ્રેષ્ઠતમ હકીકત છે.
ઉગ્રસેન કહે બેટી રાજુલ ! એમાં એવી કઈ વાત છે ? અવિવાહિત કન્યા વિવાહિત બની શકે છે.
પૂ. પિતાજી ! મારો વિવાહ ત્યારે જ થઈ ચૂક્યો,
જ્યારે ભગવાન અરિષ્ટનેમિના સંબંધમાં શ્રી કૃષ્ણ મહારાજાની માગણીનો સ્વીકાર કર્યો હતો ...
માતુશ્રી ! મેં નેમિકુમારને આત્મ સમર્પણ કરી દીધું છે.
"અવર કંત નહીં આદરું, ઈણ ભવ સ્વામી એક"
જેથી હું તેમના પગલે સંયમ જીવન જ સ્વીકારીશ એ મારો અફર નિર્ણય છે.

અનંતાનંત મુમુક્ષુ સાધક જે માર્ગ પર ચાલેલ તે મોક્ષના રાહપર ચાલવા સતી રાજેમતી કટીબદ્ધ થઈ ગઈ...

રહનેમિનો ઉન્માદ

રહનેમિના મનમાં પ્રથમથી જ રાજેમતી તરફ અનુરાગ હતો.
પણ મોટા ભાઈ સાથે વેવિશાળ થઈ જવાને કારણે તે વિચારો બંધ પડી ગયા.
જ્યારથી પરણવા જતાં નેમિકુમાર નિરપરાધી પશુ પક્ષીઓને જીવનદાન આપવા રાજુલનો ત્યાગ કરી તોરણથી પાછા વળ્યા,
ત્યારથી રાજેમતી સાથે લગ્ન કરવા રહનેમિની ભાવના જાગૃત થઈ,
રહનેમિએ એક દાસી સાથે બહુમૂલ્ય વસ્ત્રાલંકાર તેમજ શૃંગારની સામગ્રી રાજેમતીને મોકલાવી.
રાજકુમારીએ દાસીને પૂછ્યું તમે કોણ છો ? આ સામગ્રી કોણે મોકલી છે ?
રહનેમિ તરફથી મોકલાયેલ હું તેમની દાસી છું.
રાજકુમારી વિચારે કે દાસી પર કોપ કરવો વૃથા છે, મારું રૂપ એની બુદ્ધિનો ઉન્માદ છે,
પોતે કીચડમાં ફસાશે અને બીજાને ફસાવવા પ્રયત્ન કરશે,
તો ઉન્માદને શાંત કરવા માટે ઉપાય કેળવવો જોઈએ.
ત્યાં તો ઉન્મત્ત રહનેમિ બની ઠની વિલંબ રહિત રાજેમતીને ઘેર પહોંચ્યો.
રહનેમિને આવતા જોઈ રાજમેતીએ પૂછ્યું , તમે કેમ આવ્યા છો ?
રહનેમિએ કહ્યું તમારી યાચના કરવા.
રાજેમતિ કહે તમને ખ્યાલ નથી હું અરિષ્ટનેમિથી ત્યજાયેલ - વમાયેલ છું ???
રહનેમિ કહે વમાયેલ કેમ ? કઈ રીતે ?
રાજેમતી કહે માત્ર મુખથી વમાયેલ જ વમાયેલ નહિં, મનથી વમાયેલ પણ વમાયેલ જ માનો...
વમેલા આહારને કાગડા કૂતરા અને શૂકર-ભૂંડ જેવા પ્રાણીઓ જ ઈચ્છતા હોય છે,
તમે તો યાદવકુળના દીપક છો, ભોગોની ભીખ માંગવી તમારા માટે શોભાસ્પદ નથી.

દિયરજી ! આશા તૃષ્ણાની બેડી તોડી સંતોષ અને વૈરાગ્યથી અંતઃકરણને વાસિતકરો.

વાસનાથી સંપૂર્ણ છૂટકારો એ માનવ જીવનનું સર્વોત્કૃષ્ટ ધ્યેય છે, તે જ મુક્તિ છે.

રાજેમતીના અંતઃસ્થલથી નીકળેલા ઉપદેશની રહનેમિના હૃદય પર ગંભીર અસર થતાં પ્રતિબોધ પામ્યા !

ભાભી ! તમે મારા હૃદયને પારસ બનાવી દીધું છે !!

હું પણ ભાઈ અરિષ્ટનેમિના પથનું અનુકરણ કરીશ, મને આશીર્વાદ આપો !!!

સતી રાજેમતી કહે તમારો પથ પ્રશસ્ત બનો ! અનાદિની મોહનિદ્રામાં સૂતેલા અંતરાત્માને જગાડવા પ્રયત્નશીલ રહો એજ અંતરેચ્છા !!!

નેમિનાથ સર્વજ્ઞ બન્યા

ભગવાન નેમિનાથે ત્રણસો વર્ષની કુમાર અવસ્થાએ ગૃહસંસારનો ત્યાગ કરી અણગાર ધર્મ અપનાવ્યો !!!

ઉગ્ર સંયમ અને તપ દ્વારા વાસનાના વિજેતા બની વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરી.

ભગવાન ક્ષપક શ્રેણિ પર આરૂઢ થતાં નવમા ગુણસ્થાને ત્રણે વેદના વિકારોથી મુક્ત બન્યા !

દશમા ગુણસ્થાને સૂક્ષ્મ લોભનો પણ ત્યાગ કરી ક્ષીણકષાયી બન્યા !!!

ભગવાન દશમાથી બારમા ગુણસ્થાને જઈ સદંતર નિર્મોહી બન્યા.

ત્યાં અંતિમ ભાગમાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અંતરાય કર્મનો ક્ષય કરી તેરમા ગુણસ્થાને પહોંચી અનંત શક્તિને ખીલવી સર્વજ્ઞ સર્વદર્શી પરમાત્મા બનીગયા !!!

દીક્ષિત થયા પછી ચોપનમેં દિવસે પૂર્ણ પરમાત્મ સ્વરૂપ પ્રગટ કર્યું !!!

રાજુલાનો અપૂર્વ ઉલ્લાસ

ત્યાગીઓને યોગ્ય જીવન જીવી રહેલ રાજેમતીજી એ પ્રતીક્ષામાં હતાં કે ભગવાન ક્યારે તીર્થની સ્થાપના કરે અને હું ક્યારે સંયમી બનું ?

ભગવાન નેમિનાથ કેવળજ્ઞાની બન્યાના સમાચાર સાંભળતાં રાજુલાને અપૂર્વ

ઉલ્લાસભાવ જાગ્યો !!!

માતાપિતાની અનુમતિ લઈ સાતસો સ્ત્રીઓ સાથે ભગવાન નેમિનાથ સમીપે સંયમ સ્વીકાર્યો.

સંયમી જીવનમાં મહાસતી રાજેમતીના હૃદયમાં આત્મ ભાવના તરંગો ઊછળવા લાગ્યા.

આત્મકલ્યાણ સાથે જીવોનો ઉદ્ધાર કરવો એ એકમાત્ર લક્ષ રહેલું..

પચાશ પત્નીઓનો ત્યાગ કરી રહનેમિએ પણ સંયમ સ્વીકાર્યો.

રાજેમતી ભગવાનના દર્શને

એકદા રૈવતગિરિ - ગિરનાર પર્વત પર બિરાજમાન ભગવાન નેમિનાથના દર્શનાર્થે સાધ્વી રાજેમતીજી આદિ જઈ રહ્યા'તા.

ત્યાં એકાએક આંધી સાથે મુશળધાર વરસાદ વરસવા લાગ્યો !

વર્ષાને કારણે વ્યથિત થતાં સાધ્વીજીઓથી વિખૂટા પડેલા રાજેમતીએ બાજુની ગુફામાં પ્રવેશ કર્યો.

ભીંજાયેલ વસ્ત્રો એક બાજુ પહોળા કરતાં શરીરમાંથી નીકળતી કાંતિને કારણે પ્રકાશ પ્રકાશ ફેલાઈ ગયો.

ગુફામાં ધ્યાનસ્થ રહેલા મુનિ રહનેમિની દૃષ્ટિ સાધ્વી રાજેમતીજી પર પડી.

ધ્યાનથી વિચલિત થઈ રહનેમિ સાધ્વી રાજેમતીજી પાસે પહોંચ્યા.

એકાકિની તપસ્વિની રાજેમતીજી પર અત્યંત વિષમ સ્થિતિ આવી પડી !

શિયલ રત્નનું જતન કરવા ઘૂજતા સતી રાજેમતી અંગોપાંગ ગોપવી બેસી ગયા.

અને હિંમતપૂર્વક બોલ્યા - ક્ષમા કરજો મુનિરાજ ! તમારી ઉપસ્થિતિનો મને ખ્યાલ નો'તો.

રહનેમિ બોલ્યા - ક્ષમા માંગવાની કોઈ જરૂરત નથી !

હું સમુદ્રવિજય રાજાનો પુત્ર અને તમે મહારાજા ઉગ્રસેનના પુત્રી,

ભાગ્યયોગે સંયોગ મળ્યો છે તો યોગ છોડી ભોગનો સ્વીકાર કરી લો,

જીવનમાં એકજ વાર આવતું યૌવન સુખ અનુભવ્યા પછી સંયમી બની આત્મકલ્યાણ સાધીશું.

રાજેમતી કહે જે વસ્તુ જીવનમાં એકવાર મળે છે તે બહુમૂલ્ય હોય છે.
તો એવી બહુમૂલ્ય યુવાની દ્વારા પતન તરફ જવું કે ઉત્થાન તરફ જવું ?
રહનેમિ બોલ્યા હું તપ ત્યાગનો ઉપદેશ સાંભળવા નથી આવ્યો.
કામાંધ અને વિવેકહીન બનેલા રહનેમિના વિલાસી વચનો સાંભળી
રાજેમતીજી વિચારવા લાગ્યા,
પતિત છતાં મુનિ રહનેમિ જાતવંત આત્મા છે તો વાળવામાં હરકત
નહિ આવે.

રહનેમિને પ્રતિબોધ

શીલ યત્ના ખાતર રાજેમતીજી સિંહણ બની કડક ભાષામાં કહેવા લાગ્યા;
ખબરદાર રહનેમિ ! હઠી જાઓ અહીંથી. હું તમારી જેમ વમેલાને ચાટી
શકતી નથી.
અગંધન જાતિના સર્પ જાજ્વલ્યમાન અગ્નિમાં પ્રવેશ કરી પ્રાણ છોડવા
તૈયાર થાય,
પરંતુ વમેલા વિષને ચૂસવા કદી તૈયાર ના થાય ! તમે શું તેનાથી
પણ ગયા ???
પવિત્ર યાદવ કુળમાં કલંક લગાડતાં શરમ નથી આવતી ?
આવા અધમ આચરણ કરતાં મૃત્યુને ભેટવું એજ શ્રેય છે ...
અનાદિકાળથી ભોગસુખોમાં આજ લગી આત્મા અતૃપ્ત રહ્યો,
તો એક જન્મના ભોગ સુખોથી શું તૃપ્તિ થવાની ???
માટે ભોગવાસના જડમૂળથી નાબૂદ કરી આત્મભાવમાં સ્થિર બનો.
રાજેમતીથી કહેવાયેલ કેટલાય કોમળ અને કઠોર વચનોથી રહનેમિના
આત્માપર અદ્‌ભુત પ્રભાવ પડ્યો !!!
મદોન્મત હાથી અંકુશના પ્રહારોથી વશ થઈ જાય,
તેમ રાજેમતીના વચનરૂપ અંકુશથી કામોન્મત્ત રહનેમિ ઠેકાણે આવી ગયા.
મુનિ રહનેમિએ કહ્યું ઓ... ભગવતી શીલવતી મહાસતીજી ! તમે મારા
ચલિત મનને મેરુ જેમ સ્થિર કરી દીધું,
તમને ધન્યવાદ ! તમારા વિવેકને ધન્યવાદ ! તમારી યુક્તિને ધન્યવાદ !!!

તમારો આદર્શ ભારતીય સન્નારીઓ માટે ચિરકાળ દીવાદાંડીનું કામ આપતો રહેશે...

તમે ઉત્તમ કુળની કીર્તિના શિખર પર સુવર્ણ કળશ ચડાવી દીધો. !

મેં તમને ખૂબ જ અશાતા સંતાપ ઉપજાવેલ તેની વારંવાર ક્ષમા માંગું છું.

ફરી ફરી થાપ ખાતાં રહનેમિએ નિર્ણય લીધો;

મારું મન મને ફરી ફરી પથભ્રષ્ટ કરી રહ્યું છે !

તો ઈંદ્રિયોને વશ કર્યા પહેલાં વિશ્રામ નહિ લઉં.

જ્યાં લગી પૂર્ણ શુદ્ધિ ન થાય ત્યાં લગી અસાવધાન નહિ રહું.

ખરેખર ! રહનેમિએ ઉગ્ર તપ સંયમની સાધનાએ કર્મનો અંત લઈ મુક્તિનું રાજ્ય સર કર્યું !!!

મુનિ રહનેમિ પુરુષોમાં ઉત્તમ પુરુષ કહેવાયા ! ચલિત ચિત્તને સ્થિત કરવું અતિ દુષ્કર છે.

સતી રાજેમતી ઉત્સાહ સાથે સંયમ તપની સર્વાંગી સાધના કરતાં તેના ફળ સ્વરૂપે સમસ્ત પુણ્ય પાપનું ખાતું સાફ કરી નેમિ ભગવાન પહેલા અજન્મા એવા મુક્તિધામે સાદિઅનંત સુખ સંપાદન કર્યું ...

ઉપસંહાર

સતી રાજેમતીનું જીવન કેટલું બોધપ્રદ છે ?

નવ નવ જન્મની એક નિષ્ઠા પ્રીત અખંડ રાખવા,

અને વેવિશાળ થયેથી ત્રિયોગે સ્વીકારેલ સતી સ્ત્રીને પતિ એક જ હોય એ સતી ધર્મને પાળવા

નેમિનાથના પગલે ચાલવા રાજેમતીએ તૈયારી બતાવી લોકો સમક્ષ અજોડ ઉદાહરણ પૂરું પાડ્યું છે !

સાધ્વી રાજેમતીના રૂપે આકર્ષાયેલ ચલિતચિત્ત રહનેમિને


સિંહણ બની વૈરાગ્ય વાસિત ધર્મ બોધ સંભળાવતા આત્મભાવમાં સ્થિર બનાવી માર્ગે ચઢાવી દીધા !!!


અંતે પ્રીતમ રહનેમિ પહેલા રાજેમતીએ સ્વપુરુષાર્થે મોક્ષ પ્રાપ્ત કરી લીધો.


જુઓ જૈન શાસ્ત્ર એ નરની જેમ નારીને ય અગ્રસ્થાન આપેલ છે !

ઓ મુમુક્ષુ આત્માઓ ! કેવળ અશુચિમય નાશવંત શરીર પર રૂપના
રસિયા ન બનતાં
વિકારો પર વિજય મેળવી જન્મ મરણના હેરાફેરા બંધ કરો...
રહનેમિની જેમ પ્રાણી માત્રના સુખદુઃખ પોતાના સુખદુઃખ સમજી પ્રાણીઓની
રક્ષા કરો.
અને બીજાના સુખ ખાતર પોતાના સુખનું સહર્ષ બલિદાન કરો.
આ સદ્‌ભાવના ભારતના જનજનના મનમાં સ્થાન લે તો
અહીં જ સ્વર્ગ ખડું થઈ જાય એમાં કંઈ આશ્ચર્યની વાત નથી.
સૌ નર નારીઓ ઉપરના સદ્‌ગુણોનું અનુકરણ કરી આત્માનું શ્રેય સાધે
એજ મંગલ મનીષા !

એક નિશ્ચયી ભગવતી રાજેમતીનો નિર્વિકારીભાવ
સૌ જીવોને સ્પર્શી રહો !







પાંચમે દ્રૌપદી

કર્મ બાંધતાં સ્વતંત્ર ભોગવતાં પરતંત્ર

જ્ઞાની ભગવંતોએ મુખ્યકર્મ આઠ બતાવેલ છે.
દરેક સંસારી જીવો હરપળે સાત કે આઠ કર્મ બાંધતા હોય છે.
સૌના જીવનમાં આયુષ્ય કર્મનો બંધ એક જ વાર થાય છે.
આયુષ્ય કર્મ બંધાય ત્યારે આઠ કર્મ બંધ, નહિતર સાત કર્મ બંધાય છે.
કોઈ અશુભ કર્મબંધ કરે કોઈ શુભ કર્મબંધ કરે જેની જેવી પ્રવૃત્તિ.
કર્મ બંધ કરતી વખતે સૌ જીવો સ્વતંત્ર હોય છે,
પરંતુ ફળ ભોગવતી વેળાએ સૌ જીવો પરતંત્ર હોય છે, કોઈનું કંઈ ચાલતું નથી.
જીવાત્માએ જેવા ભાવે કર્મ બાંધ્યા હોય તેવા સ્વરૂપે ભોગવવા પડે છે.
જેમ માળી બગીચામાં બી વાવતી વેળાએ સ્વતંત્ર હોય છે.
પરંતુ ફળ લાવવામાં પરતંત્ર હોય છે.
જો વાવે આકડો ધતૂરો અને ફળ જોઈએ આંબા જાંબુના તે ક્યાંથી મળે ?
એમ કર્મ સિદ્ધાન્તો માટે પણ સમજી લેવું જોઈએ.
શિથિલ-ઢીલાં કર્મ બાંધ્યાં હોય તે તપ તેમજ ભાવનાના વેગે વિખેરી શકાય છે,
અથવા અશુભમાંથી શુભના રૂપમાં પલટાવી શકાય છે.
જ્યારે નિકાચિત-મજબૂત કર્મબંધ તો જીવને અવશ્ય ભોગવવાં પડે છે...
એ માટે સતી દ્રૌપદીની જીવન કથા ઉદાહરણ રૂપ છે.
એકવાર વાવેલા મહાપાપ રૂપ વિષવૃક્ષનાં કટુફળ દ્રૌપદીના જીવને અનેક ભવમાં ભોગવવાં પડ્યાં...
મહાસતી દ્રૌપદીનું જીવન આપણને વિચારશીલ બનાવે છે.
ઓ માનવ ! પાપાચરણ કરતાં પહેલાં સાવધાન રહેજે !!!

ભૂલ છુપાવતા ભયંકર નુકશાની !

ચંપા નગરીમાં સોમદેવ સોમદત્ત અને સોમભૂતિ એમ ત્રણ ભાઈઓનું એક

બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું.
એમની પાસે ધનસંપત્તિ પુષ્કળ હોવાથી બાહ્યસુખોમાં કોઈ કમીના નો'તી.
ધનનો સદુપયોગ કરતાં પરસ્પર પ્રીતિપૂર્વક રહેતા હતા.
ક્રમ મુજબ એકેકને ઘેર રસોઈ બનાવી બધા સાથે મળી જમતા.
એક દિવસે સોમદેવ બ્રાહ્મણના પત્ની નાગશ્રીને ભોજન બનાવવાનું હતું.
નાગશ્રીએ પોતાની કુશળતા બતાવવા વિવિધ પ્રકારની ભોજન સામગ્રી તૈયાર કરી.
એમાં મશાલેદાર તુંબીનું શાક બનાવેલ જેની સોડમથી મુખમાં પાણી આવે.
પણ ચાખ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે તુંબી કડવી ઝેર છે.
ભોજન સમય નજીક હોવાથી નાગશ્રી ગભરાઈ ગઈ !
પહેલા શાકને ઢાંકી એકબાજુ રાખી દઈ તુરતથી મીઠી તુંબીનું શાક બનાવી દીધું.
ત્યાં મહિના મહિનાની ઘોર તપશ્ચર્યા કરતા ધર્મરુચિ મુનિ પધાર્યા.
નાગશ્રીએ મુનિને ઉકરડા રૂપ માની પેલું ઝેરી શાક વહોરાવી દીધું !
તેણીને ઉત્કૃષ્ટ સુપાત્રની કિંમત ન સમજાતાં આહાર વહોરાવી નરકનું આયુષ્ય બાંધી લીધું.
પોતાની ભૂલ છુપાવવા જતાં લાભને બદલે નુકશાની ઉભી કરી.
કડવી તુંબીનું શાક રાખમાં ભેળવી ઉકરડે નાખ્યું હોત તો નાગશ્રીનું ભાવિ અંધકારમય બની જાત નહિ !!!

ઉત્કૃષ્ટ અનુકંપા ભાવ !

પર્યાપ્ત આહાર જાણી ધર્મરુચિ મુનિએ ધર્મઘોષ મુનિ સમીપે આવી આહાર બતાવ્યો.
પૂર્વધર ધર્મઘોષ મુનિ આહારને જોતાં ગંધ પરથી શંકાશીલ બની ગયા !
ગુરુજીએ ચાખીને નિર્ણય કર્યો તો હળાહળ ઝેર !!!
ધર્મરુચિ મુનિને પ્રાણઘાતક આહાર યત્નાપૂર્વક નિર્વદ્ય સ્થાને પરઠવા આદેશ આપી દીધો.
ગુરુ આદેશથી મુનિ ધર્મરુચિ નિર્વદ્યસ્થાન-નિભાડા પાસે જઈ એક બિંદુ

જમીન પર મૂકે.

અહા ! ત્યાં શાકની ગંધ પર સંખ્યાબંધ કીડીઓ આવી પહોંચી અને સ્પર્શ થતાં જ મરી જતી જોઈ !!

એક બિંદુથી આટલા જીવોની હિંસા તો બધું જ શાક પરઠવાથી કેટલા જીવોની હિંસા થશે ?

જીવો પરનો ઉત્કૃષ્ટ અનુકંપા ભાવ અને નિર્વદ્ય સ્થાને પરઠવાની પૂ. ગુરુજીની આજ્ઞાનું પાલન કરવા

શ્રી ધર્મરુચિ મુનિએ તુંબીના શાકને પાત્રમાં હલાવી એકરસ કરી દેહની દરકાર કર્યા વિના પેટમાં પધરાવી દીધું !

હૈયામાં કરુણાની કોમળતા અને મગજમાં પ્રસન્નતાની ઠંડક હોય તોજ મુક્તિનો અધિકારી બની શકે છે.

ઉદરમાં હળાહળ ઝેરી શાક ગયા પછી શરીરે પ્રબળ વેદના પ્રગટી ઊઠી !!!

જીવ શરીરના ભેદજ્ઞાનને સમજેલા મુનિએ અંતિમ સમય સમજી પાદોપગમન સંથારો કરી સમાધિ ભાવે કાળ કર્યો.

સમય વીતી ગયા છતાં ધર્મરુચિ મુનિ પાછા ન આવતાં ગુરુજીએ ખબર લેવા શિષ્યોને મોકલ્યા.

શિષ્યોએ આવી સમાચાર આપ્યા કે ધર્મરુચિ મુનિ દેહનો ત્યાગ કરી દિવંગત બન્યા છે.

ગુરુવર ધર્મઘોષ મુનિએ જ્ઞાનબળથી જાણી કહ્યું,

ભદ્ર સ્વભાવી ધર્મરુચિ મુનિને માસખમણને પારણે નાગશ્રી બ્રાહ્મણીએ કડવી તુંબીનું શાક વહોરાવેલ.

એક બિંદુ પરઠવા જતાં હિંસાનો પાર ના રહ્યો એથી પ્રશસ્ત ભાવે ઝેરી શાકને વાપરી જવાથી દારુણ વેદના ઉત્પન્ન થઈ;

સમાધિભાવે પંડિત મરણે મૃત્યુ પામી ભાવોની વિશુદ્ધિથી સર્વાર્થસિદ્ધ નામે અનુત્તર વિમાને પહોંચ્યા છે.

આ વાત વાયુવેગે ચંપા નગરીમાં ફેલાઈ ગઈ !!!

પાપના ફળ ભોગવવા મુશ્કેલ !

લોકાપવાદ ન સહી શકવાને કારણે નાગશ્રીને પતિએ ઘર બહાર કાઢી મૂકી. પ્રતિષ્ઠિત પરિવારની પત્ની અપમાન ભરી હાલતે નગરમાં ભટકવા લાગી ! ભિખારી જેમ અહીં તહીં ભટકતાં નાગશ્રીના શરીરે તાત્કાલિક સોળ રોગ ઉત્પન્ન થયા.

દારુણ વેદનાને અંતે આયુ પૂર્ણ કરી બાવીશ સાગરોપમની સ્થિતિએ છઠ્ઠી નરકે પહોંચી.

સ્ત્રી મરી છઠ્ઠી નરકથી આગળ જાય નહીં

કારણ પરિણામો સાતમી નરકે જાય એટલા બધા પાપમય હોઈ શકે નહીં.

પવિત્ર મુનિને દ્વેષ ભાવે ઝેરી શાક વહોરાવવાને કારણે નાગશ્રીને એકેક નરકે બબ્બે વાર જવું પડ્યું !!!

નરકથી નીકળી તિર્યંચ અને તિર્યંચ મરી નારક રૂપે જન્મો લઈ ઘોરાતિઘોર વેદનાઓ અનુભવવી પડી.

સંતોની બને તેટલી ભક્તિ કરવી પણ હાંસી મશ્કરી વડે કે દ્વેષ ભાવે અશાતા કોઈનેય ઉપજાવવી નહીં.

કુદરત હંમેશાં વ્યાજ સહિત વસુલાત લે છે.

મુનિ હત્યાના પાપે નાગશ્રીને કેટલી ભીષણ યાતનાઓ ભોગવવી પડી ! તો પણ કષ્ટોનો અંત આવ્યો નહીં...

અશુભતર પૃથ્વી પાણી અગ્નિ વાયુ વનસ્પતિ, વિકલેંદ્રિય જીવોની યોનિમાં અનેકાનેક જન્મો કરવા છતાંય એના પાપોનું સંપૂર્ણ પ્રક્ષાલન થઈ શક્યું નહિ, પાપ કરવું સહેલ છે, પાપના ફળ ભોગવવા બહુ મુશ્કેલ છે !!!

નારક અને તિર્યંચની યાતનાઓ ભોગવતો ભોગવતો નાગશ્રીનો આત્મા અકામ નિર્જરાએ આગળ આવ્યો.

કર્મનો અવશેષ

ચંપા નગરીએ સાગરદત્ત શેઠને ઘેર નાગશ્રીના જીવે પુત્રી રૂપે જન્મ લીધો, પુણ્યયોગે સુકુમાર શરીર મળવાથી સુકુમાલિકા નામ રાખવામાં આવ્યું. માતા પિતાની એકની એક પુત્રી હોવાથી વૈભવ વિલાસો દ્વારા બહુ

લાડકોડથી ઉછેર કરવામાં આવ્યો.
સુકુમાલિકાને વિવિધ વિષયોની કેળવણી અપાઈ,
વ્યવહારિક શિક્ષણ-ઘેર આવેલા મહેમાનોનું સ્વાગત કેમ કરવું,
પરિવારમાં કઈ રીતે પ્રેમપૂર્વક રહેવું, પડોશી સાથે કેવું મીઠાશ ભર્યું
વર્તન રાખવું,
ઈત્યાદિ સભ્યતા સંબંધી સર્વજાતના સંસ્કારો પણ આપવામાં આવ્યા..
માતા પિતાને પ્રાણ પ્યારી પુત્રીનો વિયોગ ના સહેવો પડે માટે,
નગરમાં જ રહેતા જિનદાસ શેઠના પુત્ર સાગર સાથે ધામધૂમથી લગ્ન કરી
ઘર જમાઈ તરીકે રાખવા નક્કી કર્યું ...
રાત્રે શય્યા પર સૂવા જતાં સુકુમાલિકાનો સ્પર્શ જલતા અંગારા જેવો લાગ્યો !
તેણીને સૂતી મૂકી ગભરાયેલ સાગર પોતાને ઘેર પલાયન થઈ ગયો.
જાગૃત થતાં શયનગૃહમાં પતિદેવ ન જોતાં મહેલમાં તપાસ કરી,
પત્તો ન મળતાં સુકુમાલિકા રુદન કરવા લાગી.
સર્વોત્કૃષ્ટ સાધક સંતોના કોઠાને બાળનાર જે હોય તેને વારંવાર
બળવું પડે છે...
નાગશ્રીએ મુનિરાજનો કોઠો બાળ્યો તે કર્મનો ભોગવટો કરતાં અવશેષ ફળનું
આ પરિણામ !!!

"કર્યા કર્મ ભોગવવા જ પડશે વૈરાનુબંધ ભવોભવ નડશે"
"બંધ સમયે ચેતીએ ઉદયે શો સંતાપ" !

રડતી પુત્રીને સાંત્વન આપતાં આપતાં માતા પિતાએ કહ્યું:
તારા સુખ શાંતિ માટે અમે બનતો પુરુષાર્થ કરીશું.
શેઠ સાગરદત્તે વેવાઈ જિનદત્ત શેઠને ઘેર જઈ વાત કરી,
તમારો પુત્ર સાગર સુકુમાલિકાનો ત્યાગ કરી જતો રહ્યો છે તેને સમજાવવા
યોગ્ય પ્રયત્ન કરો.
શેઠ જિનદત્ત પુત્ર સાગરને બોલાવી કહેવા લાગ્યા:
બેટા ! સુકુમાલિકાનો ત્યાગ કરવો એ આપણી ખાનદાની નથી.
જવાબમાં સાગરે કહ્યું કે અગ્નિમાં બળી ખતમ થવા તૈયાર છું,

પરંતુ તપેલા અંગારા જેવો તેણીનો સ્પર્શ સહી શકવા હું તૈયાર નથી.
સાંભળી શેઠ સાગરદત્તે ઘેર આવી સુકુમાલિકાને કહ્યું
બેટા ! સાગર તને મનથીયે ઇચ્છતો નથી તો તારા માટે બીજા પતિને લાવીશ,
તેમાં તું બિલકુલ દુઃખ ધરીશ નહિ.
કોઈ સમયે શેઠ સાગરદત્તે ભીખ માંગતાં ભિખારીને તૂટેલાં કપડાં સરાવલું વગેરે છોડાવી,
સુવાસિત જલથી સ્નાન કરાવી સુંદર વસ્ત્રાલંકાર પહેરાવી, પોતાની પુત્રીને સોંપ્યો.
તે ભિખારીને પણ તેવો જ અનુભવ થવાથી ભિખારીની અવસ્થા જ બરાબર છે,
એમ વિચારી ભિખારીનાં કપડાં પહેરી સરાવલું લઈ નાસી ગયો.
માતા પિતાને ખબર પડતાં આશ્વાસન આપતાં કહ્યું :
બેટી સુકુમાલિકા ! પુરુષાર્થ કરવા છતાંય સુખ ના મળ્યું તો
પૂર્વકૃત કર્મફળ સમજી શાંતિપૂર્વક જીવન વ્યતીત કરો, જેથી
નવાકર્મ ન બંધાય,
અને દાન શીલ તપ ભાવના એમ ચાર પ્રકારે ધર્મ આરાધના કરવાથી
સુખ પ્રાપ્ત થાય.
એજ ઉત્તમોત્તમ ઉપાય છે...
આ વાત સુકુમાલિકાને પસંદ પડી તે દિવસથી દાન દેવું શરુ કરી દીધું.

સંયમમાં સાર્થકતા

એકવાર ગોપાલિકા નામે સાધ્વીજી ગૌચરી અર્થે તેમને ઘેર પધાર્યા,
સુકુમાલિકાએ બહુ ભાવથી આહાર પાણી વહોરાવી સાધ્વીજીને કહ્યું ;
મારા પતિ મારો ત્યાગ કરી ચાલ્યા ગયા છે તો તમે કંઈ વશીકરણ
મંત્રમાં જાણો છો ?
સાધ્વીજીએ કહ્યું બહેન ! અમારો એ આચાર નથી.
જૈન સાધુ સાધ્વીજીઓને એવી વાત સાંભળવી પણ કલ્પે નહીં તો પ્રયોગ
કરવો ક્યાંથી કલ્પે ?

ગોપાલિકા સાધ્વીજીએ સંયમી જીવન જીવવામાં સાર્થકતા સમજાવી,
સંયમના બે પ્રકાર જ્ઞાની ભગવંતે બતાવ્યા છે. દેશવિરતિ અને સર્વવિરતિ.
દેશવિરતિ ધર્મ ગૃહ સંસારમાં રહી આરાધી શકાય છે,
અને સર્વવિરતિ ધર્મ સાધુજીવન સ્વીકારી આરાધી શકાય છે.
સુકુમાલિકાએ સાધ્વી જીવન સ્વીકારવા નિર્ણય કરી લીધો.
માતા - પિતાની અનુમતિ લઈ દીક્ષાગ્રહણ કરી ગોપાલિકા આર્યાજીની સાથે
વિચરવા લાગ્યા.

ઉત્થાન થતાં પતન !

ગ્રામાનુગ્રામ વિચરતા સુકુમાલિકા સાધ્વી ગુરુણીજી સાથે ચંપા
નગરીએ પધાર્યા.
એક દિવસ છઠ્ઠ છઠ્ઠની તપશ્ચર્યા સાથે સુભૂમિભાગ નામે ઉદ્યાનમાં
સૂર્યની આતાપના લેવા પોતાના ગુરુણીજીને કહ્યું;
પૂ. ગુરુણીજીએ ખૂલ્લા સ્થાને આતાપના લેવા નિષેધ કર્યો,
સાધ્વીજીને ઉપાશ્રયમાં મર્યાદિત સ્થાને આતાપના લેવા આદેશ છે,
તો તમારે ઉદ્યાનમાં આતાપના લેવા જવું યોગ્ય નથી...
સુકુમાલિકા પૂ. ગુરુણીજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ઉદ્યાનમાં આતાપના
લેવા ગયા.
ત્યાં દેવદત્તા વેશ્યાને પાંચ પુરુષોથી સેવા કરાતી જોઈ સુકુમાલિકાજીનું મન
કલુષિત થઈ ગયું.
સુષુપ્ત ભોગવાસના જાગી ઊઠી,
ધન્ય છે એ નારીના જીવનને જેને પાંચ પાંચ પુરુષો પ્યાર કરી રહ્યા છે !
હું કેટલી અભાગી કે પરિણીત પતિ પણ મને છોડી પલાયન થઈ ગયો !!
જો મારા તપ સંયમના ફળ હોય તો આગામી જન્મે મને પાંચ પતિ
પ્રાપ્ત થાય !!!
એક જ પળમાં તપસ્વી આત્માએ કામવાસનાને લીધે સંયમરત્ન વેચી નાંખ્યું !
આવું નિદાન–ઈચ્છા કરી પૂ. ગુરુણીજીની પાસે આવી પણ હવે સંયમ તપમાં
મન બેચેન બની ગયું.

શરીરની શુશ્રૂષામાં અધિક સમય પસાર કરવાથી સૌનો અનાદર થતાં એકાકિની બીજા ઉપાશ્રયે જઈ રહી.

અંતિમ અવસ્થામાં પંદર દિવસનો સંથારો ચાલ્યો,

સેવાયેલ દોષની આલોચના પ્રાયશ્ચિત્ત કર્યા વિના આયુષ્ય પૂર્ણ કરી બીજા દેવલોકે અપરિગ્રહિતા દેવીરૂપે ઉત્પન્ન થઈ.

સંયમમાં કોઈવાર ગાફેલ રહેવાથી કર્યા પર પાણી ફરી જાય !

ચંચળ ચિત્તની લગામ કાયમ હાથમાં રાખવી જોઈએ !

નહિતર મનરૂપી અશ્વ સ્વચ્છંદી બની કુમાર્ગે ચડી જાય તો ખેલ ખતમ...

પાંચ ભર્તારી સતી પાંચાલી

ભારત ભૂમિના પાંચાલ દેશમાં કંપિલપુર નગરે રાજા દ્રુપદ રાજ્ય કરતા હતા,

તેમના ચૂલણી નામે પટરાણીના ઉદરે નાગશ્રીનો જીવ બીજા દેવલોકથી ચ્યવી ઉત્પન્ન થયેલ,

ચૂલણી રાણીએ નવ મહિના પર સાડા સાત દિવસ વ્યતીત થતાં પુત્રી રત્નને જન્મ આપ્યો.

જેનું શુભ નામ દ્રૌપદી રાખવામાં આવ્યું,

પાંચાલ દેશમાં જન્મ લેવાથી બીજું નામ પાંચાલી પણ કહેવાય છે.

રાજા દ્રુપદને રાજકુમારી પર અત્યંત અનુરાગ હોવાથી શૈશવકાળ ખૂબ લાડકોડમાં પસાર થયેલ,

વહાલસોયી પુત્રી દ્રૌપદીને યુવાનીમાં પ્રવેશતી જોઈ પિતા દ્રુપદે ભવ્ય સ્વયંવર મંડપ બનાવ્યો !

સમય થતાં રાજા વસુદેવ, મહારાજા શ્રીકૃષ્ણ પાંડવ કૌરવ આદિ પ્રસિદ્ધ રાજવંશી પુરુષો કંપિલપુરે આવી પહોંચ્યા.

રાજા દ્રુપદે બધાના સ્વાગતમાં રહેવા જમવા હરવા ફરવા વગેરે તમામ જાતની સુવ્યવસ્થા ગોઠવેલી,

મંડપમાં સમયસર સૌ રાજા મહારાજાઓ દાખલ થઈ ગયા ! દ્રૌપદીએ સોળે શણગાર સજી હાથમાં પંચવર્ણી માળા લઈ પરિચારિકાઓ સાથે સભા મંડપમાં પ્રવેશ કર્યો !

દાસીના હાથમાં રહેલ મોટા અરીસામાં મંચ પર બેઠેલા રાજા રાજકુમારોનું પ્રતિબિંબ દેખાય,
તે તે રાજા રાજકુમારોની ઓળખ આપતી દાસી દ્રૌપદીની સાથે સાથે ચાલી જાય,
મર્યાદા સહિત ચાલતાં ચાલતાં પાંચ પાંડવોની પાસે આવ્યા,
પાંડવોની વીરતા નીતિપરાયણતા ધાર્મિકતાની પ્રશંસા સાંભળી અર્જુનના ગળામાં માળા આરોપણ કરતાં પાંચે પાંડવોના ગળામાં માળા લપેટાઈ ગઈ !
એ જોઈ મંડપમાં બેઠેલા રાજા મહારાજાઓએ કોલાહલ મચાવી દીધો !
ત્યાં જ આકાશે દિવ્ય વાણી થઈ કે દ્રૌપદીએ જે કર્યું તે યોગ્ય થયું છે. "સતી દ્રૌપદીનો જય હો – વિજય હો."!!
આ ઘટનાથી બધા જ રાજાઓ ચૂપચાપ રહી ગયા...
સુકુમાલિકાના ભવમાં કરેલા નિયાણાથી આશ્ચર્યજનક ઘટના બની ગઈ !!!
અચાનક આકાશ માર્ગેથી ચારણમુનિ પધાર્યા અને પૂર્વભવની વાત કરી,
દ્રૌપદી શીલવતી સતીરત્ન છે એમાં કોઈ શંકા કરશો નહીં,
રાજા દ્રુપદે અટલ ભાવી જાણી પાંડવોની જોડે દ્રૌપદીના લગ્ન કર્યા !!!
રાજા દ્રુપદ પાસેથી વિદાય લઈ દ્રૌપદી સહિત પાંચે પાંડવો હસ્તિનાપુર આવી ગયા,
શ્રી કૃષ્ણ મહારાજા બલભદ્ર વગેરેને પાંડવોએ વિનંતિ કરી હસ્તિનાપુરે લાવ્યા.
માતા કુંતીજીના હર્ષની સીમા ના રહી !!!
કેટલાક દિવસ રહી મહારાજા શ્રી કૃષ્ણાદિ દ્વારિકાએ પાછા ફર્યા.
પાંચે પાંડવો ચરમ શરીરી હોવાથી ઉત્કટ ભોગ લોલુપતા ન હતી,
પાંચે પાંડવોના અગાઉ અનેક રાજ કન્યાઓ સાથે લગ્ન થયેલા.
પાંચે પાંડવોના સહવાસનો સમય ક્રમપૂર્વક એકેક દિવસ નિયત કરવામાં આવેલ,
શ્રી કૃષ્ણ મહારાજાએ કહેલું કે દ્રૌપદીના મહેલે ક્રમ વિના કોઈ જાય તો તેના દંડરૂપે બાર વર્ષ વનવાસ ભોગવવાનો !

અને દ્રૌપદીએ પણ કર્ણ સિવાયના ચારે પાંડવોને ભાઈની દૃષ્ટિએ જોવાનું.
આવી નાજુક સ્થિતિમાં અખંડ મર્યાદા જાળવવી એ સતી દ્રૌપદીની
વિશેષતા હતી !
મર્યાદાપૂર્વક જીવન જીવનાર વ્યક્તિ પોતાના આત્માને ઉજ્જવળ
બનાવી શકે છે.

વચને મહાભારત સર્જાયું !

ધૃતરાષ્ટ્ર પાંડુ અને વિદુર ત્રણે ભાઈઓ હતા.
ધૃતરાષ્ટ્ર જન્માંધ, વિદુર દાસીપુત્ર એથી પાંડુ જ રાજસિંહાસનના
અધિકારી હતા.
રાજા પાંડુના પાંચ પુત્રો ધર્મરાજા-યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ.
પાંચે ભાઈઓ પરાક્રમી શૂરવીર નીતિ પરાયણ સરળ સ્વભાવી અને
ધર્મનિષ્ઠ હતા,
પાંચે પાંડવોના નામે પ્રખ્યાત હતા.
ધૃતરાષ્ટ્રના દુર્યોધન દુઃશાસન આદિ સો પુત્ર, એ સોએ પુત્ર કૌરવ કહેવાયા.
પણ તે ઈર્ષા દ્વેષ છળકપટ ક્ષુદ્રતા આદિ દુર્ગુણોથી વિપરીત પ્રકૃતિવાળા હતા.
પિતામહ ભીષ્મ અને આચાર્ય દ્રોણ જેવા બળવાન નીતિજ્ઞ પ્રભાવશાળી પુરુષો
પણ કૌરવોને આધીન હતા.
બચપણથી જ પાંડવો સાથે કૌરવોનું ઘર્ષણ ચાલું હતું.
સદ્‌ગુણી પાંડવોનો યશ દૂર દૂરના રાજ્ય વિસ્તારોમાં ફેલાયેલ હતો.
એકદા પાંડવોએ વિવિધ ચિત્રોથી આબેહૂબ ચિત્રશાળા બનાવી તેના
આગળના ભાગમાં નીલમણિ પાથરેલ હતા.
દેશદેશના રાજા મહારાજાઓને બોલાવેલ. સૌ હોંશભેર હાજર રહ્યા હતા.
એમાં દુર્યોધને પ્રવેશ કરતાં પાથરેલ નીલમણિને હોજરૂપે માનીને કપડાં
સંકોચી છલાંગ મારી.
આ દૃશ્ય જોનારાને હસવું આવ્યું !
સામે બેઠેલા દ્રૌપદીથી સરળ ભાવે બોલી જવાયું "અંધે જાયા અંધ."
દ્રૌપદીના આ વાક્યે મહાભારત સર્જાયું !!!

દુર્યોધન માટે બળતા પર નમક છાંટવા જેવું કામ બની ગયું.

જુગારથી વનવાસ

બેચેન બનેલ દુર્યોધન જૂગટું રમવામાં કુશળ રહેલા શકુનિ મામાનો સાથ લઈ સરળ સ્વભાવી પાંડવો સાથે જુગાર રમ્યો.

યુધિષ્ઠિર જેમ જેમ હારતા ગયા તેમ તેમ દાવ પર દાવ ચાલુ રાખ્યા ! બધું જ હાર્યા. અંતે દ્રૌપદીને પણ હારી ગયા !!!

જુગાર રમતાં થતાં નુકશાનો - સંસ્કારનો નાશ. દ્રવ્યનો નાશ. જાન માલનો નાશ. આબરુનો નાશ.

સત્યનો નાશ. ધર્મ વગેરેનો નાશ થાય છે.

કપટ કળા કેળવી વિજય મેળવી દુર્યોધન હર્ષિત બન્યો.

દુર્યોધને દ્રૌપદીનો ચોટલો પકડી ઘસડી લાવવા નોકરને આદેશ આપ્યો. ખબરદાર ! પરપુરુષ મને બિલકુલ સ્પર્શી શકશે નહિ, જેથી નોકર પાછો આવ્યો !

ત્યારે દુર્યોધન પોતાના ભાઈ દુઃશાસનને મોકલે છે.

દુઃશાસને આવી દ્રૌપદીને ધક્કો આપી કહ્યું દ્રૌપદી ! યુધિષ્ઠિર તને હારી જતાં, તું અમારી દાસી બની ગઈ છો ! એકાએક આવું સાંભળતાં દ્રૌપદી સ્તબ્ધ બની જાય છે !!!

દુઃશાસન કહે અમે તને જીતમાં મેળવેલ છે તો રાણીનો પોશાક ઊતારી દાસી યોગ્ય કપડાં પહેરી લે !!!

પરંતુ આખરે દ્રૌપદીનો તેજસ્વી સ્વભાવ કૌરવોની દુષ્ટતા સહન કરી શક્યો નહિ.

સભામાં ઉપસ્થિત થઈ ભીષ્મ અને દ્રોણાચાર્ય આદિ નીતિજ્ઞ પુરુષોને પડકારી કહ્યું,

અરે ! ગુરુજનો, મૂર્તિની જેમ ટગરમગર શું જોઈ રહ્યાં છો ?

માતા સમાન પોતાની ભોજાઈને ઘસેડી સભામાં લાવવી એ કયા કુળની રીત છે ?

કુલીન નારીની પ્રતિષ્ઠા જાળવવા વીર પુરુષો શું બધા જ મરી પરવાર્યા ???
આ દ્રૌપદીજી બાજી ન પલટાવી નાખે એ શંકાએ તુરત જ દુર્યોધન ગર્જના કરી વચમાં બોલ્યો,
દ્રૌપદીજી ! બકવાસ ના કરો. યુધિષ્ઠિર તને દાવ પર હારી ગયા છે.
"હવે પટરાણી પણું છોડી દે પછી લાજ રાખજે.
"**અંધે જાયા અંધ**"
મારી મશ્કરી કરી હતી તેનું પરિણામ આજ ભોગવી લે...
દુઃશાસન તરફ દૃષ્ટિ ફેંકતાં દુર્યોધને કહ્યું દુઃશાસન ! દ્રૌપદીજીનાં કપડાં ખેંચી લો,
ભાઈના કહેવાથી દુઃશાસન ચીર ખેંચવા લાગ્યો પરંતુ ચીરનો અંત જ ન આવ્યો !! પુરાણોમાં ઉલ્લેખ છે કે એકસો આઠ ચીર ખેંચવા છતાંય દ્રૌપદીજી સચેલ - સવસ્ત્ર જ રહ્યા !!!

શીલ સંકટ ચૂરક-પ્રભાવ પૂરક

દ્રૌપદીએ બધાની આશા ત્યજી દઈ એક પરમાત્મામાં મન જોડી દીધું હતું !
માનવનું મન એક નિષ્ઠાએ પરમાત્મામાં સમર્પિત થાય તો અપૂર્વ પ્રભાવ પ્રગટ થાય છે !!
સિવાય શીલ એક મહાન પ્રભાવક ધર્મ હોવાથી વિસ્મય જનક ઘટનાઓ પણ બની જાય છે !!!
અદૃશ્ય રીતે શીલધર્મના રક્ષક સહાયક સંકટચૂરક પ્રભાવપૂરક દેવ દેવી પરચા પૂરે છે !!!
સતીના સતીત્વનો કેવો ચમત્કાર દ્રૌપદીના પ્રસંગ પરથી પ્રત્યક્ષ પરખાયો છે !!!
આખર વિરાટ દૈવી શક્તિ સામે માનવીય શક્તિ વામન બની જાય છે !
આકાશે દિવ્ય વાણી થઈ ! જય હો જય હો સતી શિરોમણી દ્રૌપદીનો જય હો...
દુર્યોધન આ ઘટના જોઈ ભયભીત થતાં સક્રૂડ બની ગયો.
દ્રૌપદી તો જાદુગર લાગે છે !

ત્યાં પિતા ધૃતરાષ્ટ્ર સભામાં આવી પહોંચ્યાં અને દુર્યોધનને ફટકારતાં કહ્યું,
અરે દુર્યોધન ! "જેવી કરણી તેવી પાર ઉતરણી."
ભાઈ ભાઈ સાથેનું વૈર સારું પરિણામ નથી લાવતું. અંતે દુઃખી થઈ જઈશ.
દ્રૌપદી આપના કૂળની વધૂ છે. કુળવધૂને સંતાપવી એ ઘોર ભયંકર પાપ છે.
દ્રૌપદી તરફ કરાયેલા અત્યાચાર માટે સહુ વતી પશ્ચાત્તાપ કરતાં વરદાન આપું છું,
દ્રૌપદી ચાહે તે માંગી લે એમની માંગ પૂરી કરવામાં આવશે.
દ્રૌપદી કહે માંગવું એ ભિખારીનું કામ છે,
જો કોઈને પાપનો ભય હોય તો પાંડવોની સ્વતંત્રતા છીનવી લેવી જોઈએ નહીં.
ધૃતરાષ્ટ્રે પાંડવોને સ્વતંત્ર બનાવવા કહ્યું પણ દુર્યોધનને તે ગમ્યું નહીં ને કહી દીધું કે
પાંડવો રાજપાટ બધું હારી ગયા છે માટે બાર વર્ષ વનવાસ રહે અને એક વર્ષ ગુપ્ત રહે,
જો તેરમા વર્ષે પ્રગટ થઈ જાય તો ફરી બાર વર્ષ વનવાસ રહે.

પાંડવોનો ગુપ્તવાસ

માતા પિતાને નમન કરી પાંચે પાંડવોની સાથે વનમાં જવા પતિભક્તિ પરાયણા દ્રૌપદી પણ તૈયાર થઈ ગયા.
પાંડવોને રાજપાટ છોડી બાર વર્ષ વનવાસ સ્વીકારવો પડ્યો.
જુગાર પાયમાલી પેદા કરાવનાર મોટું ખતરનાક વ્યસન છે,
જુગાર રમવાથી સમય સંપત્તિ સ્વમાન નષ્ટ થાય અને કુટુંબમાં કલેશ જાગે છે,
જુગારનું ચુંબકીયત્વ સકંજામાં સપડાયેલ આત્માઓને જલ્દી મુક્ત થવા દેતું નથી.
કહેવત છે કે "હાર્યો જુગારી બમણું રમે"
વળી જુગાર ખેલનારને હિંસા અસત્ય ચોરી આદિ પાપો સેવવા પડે છે.
સુજ્ઞ આત્માએ જુગારને નવગજના નમસ્કાર કરી સોગંદ લઈ સદાય

દૂર રહેવું...

વિવિધ કષ્ટો સહેતાં સહેતાં બાર વર્ષ પૂરા થવા આવ્યા પણ સૂર્યસમાન તેજસ્વી પાંડવોને તેરમું વર્ષ ગુપ્ત રહેવું ઘણું જ કઠિન હતું.

પાંડવોએ વિચાર્યું કે વેશ સાથે નામ બદલી રહેવું યોગ્ય જણાય છે.

યુધિષ્ઠિરે પુરોહિતનો વેશ લીધો. ભીમે રસોયાનો વેશ, અર્જુને બૃહન્નટનો વેશ, નકુલે અશ્વપાલકનો,

સહદેવે ગોવાળિયાનો વેશ અને રાજપત્ની દ્રૌપદીએ દાસીનો વેશ ધારણ કર્યો, છએ વ્યક્તિ વિરાટ રાજાને ત્યાં પહોંચી ઉપરની રીતે ઈચ્છિત કાર્ય પર નિયુક્ત થયા.

પ્રબળ પ્રતાપી પાંચ પાંડવોના પત્ની દ્રૌપદી પૂર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યા હતા !

વનવાસ પાંડવોને હતો. દ્રૌપદીને નહિ પરંતુ દુઃખના સમયે પતિદેવને સાથ આપવો એ સતીનો ધર્મ છે.

પોતાના સુખ સુવિધાની પરવા કર્યા વિના પતિસેવા કરવી એ આદર્શ સ્ત્રીનું કર્તવ્ય છે.

એથી પતિઓની સાથે જંગલને મંગલ માની સેવામાં તત્પર રહ્યા.

દ્રૌપદીએ પતિ સુખ માટે દાસીરૂપે રહેવા સ્વીકાર કરી લીધો !!!

કીચક વધ

નાગશ્રીના ભવમાં સંચિત પાપોના સંસ્કાર હજી સુધી નિર્મૂળ થયા નથી. કોઈસમયે હેરાન પરેશાન કરી રહ્યા છે.

સતી દ્રૌપદી દાસીરૂપે પણ શાંતિથી રહી શક્યા નહિ.

વિરાટ રાજાના સાળાનું નામ કીચક જે બહેન રાજરાણીને અતિ પ્રિય હતો.

ધન યૌવન પ્રભુત્વ અને અવિવેક આ ચાંડાલ ચોકડીને આધીન રહેવાથી કીચક ઉચ્છૃંખલ બની ગયેલો.

દ્રૌપદીના રૂપમાં કામાંધ બનેલ કીચક પોતાના આવાસે કામકાજના બહાને તેણીને બોલાવવા લાગ્યો.

દ્રૌપદી જવામાં આનાકાની કરે તો રાજા વિરાટના પત્ની તરફથી તિરસ્કાર

સહન કરવો પડતો !
કીચકને બહેનનો સાથ મળી જવાથી નિર્ભય બની છેડતી કરવા લાગ્યો.
દ્રૌપદીનો દાસ બની પ્રેમની ભિક્ષા માગવા લાગ્યો.
જેથી દ્રૌપદીને જીવવું અકારું બની ગયું.
સતી સ્ત્રીને ભોગ લલચાવી શકે નહિ. દુઃખ કે સંકટ પથભ્રષ્ટ કરી
શકે જ નહીં,
પોતાનું સતીત્વ જાળવવા પ્રાણોનો પરિત્યાગ કરવા તત્પર હોય છે !!!
એક દિવસે એકાંત મેળવી દ્રૌપદીએ ભીમને કહ્યું :
સાધારણ પુરુષ પણ પોતાની પત્નીના સતીત્વનું રક્ષણ કરે છે,
તમે મારા શૂરવીર પાંચ પાંચ પતિદેવો હોવા છતાં શા કામના ???
ભીમ કહે, હું કંઈ સમજતો નથી. સ્પષ્ટ કહો શું સંકટ આવેલ છે ?
દ્રૌપદીએ કીચકની કુસિત વૃત્તિ જણાવી ત્યાં ક્રોધાગ્નિ પ્રજ્વળી ઊઠ્યો !!!
સારીયે વિરાટ નગરીનો વિનાશ કરવાની શક્તિ ભીમ પાસે હતી,
પણ પરિસ્થિતિ લાચારી ભરી હોવાથી વિવશ બની ગયા.
ભીમે કહ્યું, દ્રૌપદી હું હિંસા કરવા ચાહતો નથી. ધર્મરાજાનો આદેશ મારા
માટે લોઢાની શૃંખલા જેવો છે,
છતાં કીચક અને તમે બેમાંથી કોઈ એકનું મૃત્યુ અવશ્યંભાવિ છે !
તો નિરપરાધીની રક્ષા માટે અપરાધીનું મૃત્યુ શ્રેયરૂપ છે.
દ્રૌપદી કહે પણ એનો સંભવ શી રીતે ?
ભીમે કહ્યું અરે પણ ભીમ માટે અસંભવ છે જ શું ???
ભીમે દ્રૌપદીને કહ્યું કે કીચકને રાત્રિએ નૃત્યશાળામાં પહોંચવા નિમંત્રણ
આપી દેજો,
અને તમારી જગ્યાએ હું રહી એની કરણીના ફળ ચખાવી દઈશ...
દ્રૌપદીના નિમંત્રણથી કામાંધ કીચક પુલકિત હૈયે રાતે નૃત્યશાળામાં
જઈ પહોંચ્યો.
અંધારી રાત્રિના સમયે ભીમ દ્રૌપદીનો વેશ પહેરી ત્યાં ગયા.
કીચક દ્રૌપદી સમજી આલિંગન કરવા જાય ત્યાં ભીમે રબ્બરના ફુગ્ગાની જેમ

કાંખમાં દબાવી ખતમ કરી દીધો !!!
ભીમે મોભ પર લોહીના અક્ષરે લખી નાખ્યું.
"રાજાનો સાળો રાણીનો ભાઈ કોણે માર્યો, કોણે માર્યો ?" "મેં માર્યો મેં માર્યો..."
પ્રભાતે શાળામાં કીચકનું ક્લેવર જોઈ કોલાહલ મચી ગયો !!!
લોકો એકઠા થઈ અક્ષરો વાંચવા લાગ્યા.
યુક્તિપૂર્વકનું લખાણ જો ઉચ્ચારથી વાંચે તો "મેં માર્યો," એટલે પોતે જ બંધાઈ જાય !
કોઈ ના જાણી શક્યા કે કીચકને મારનાર કોણ ?
એવા પ્રચંડ પરાક્રમી ભીમ છતાં ભાઈના આદેશે વેચાઈ જવું એ ભીમની અર્પણતાનો ગુણ છે !
પાંડવોએ ભાતૃભાવનો ઉત્તમ આદર્શ ઉપસ્થિત કર્યો !!!
ધન્ય હો ભારતની વિરલ વિભૂતિઓને !! ધન્ય હો એવા નિસ્પૃહી બાંધવોને !!!

મહાભારત

પરાક્રમો પરથી રાજા વૈરાડાને ખ્યાલ આવી ગયો કે આ પાંડવો જ હોવા જોઈએ !
પરંતુ ધીર ગંભીર રાજા વૈરાડાએ એ વાત હૃદયમાં જ રાખી દીધી.
અજ્ઞાત રહેલા પાંડવોને પ્રગટ કરવા રાજા દુર્યોધને દૂત મોકલ્યો પણ કંઈ પત્તો મળ્યો નહીં...
વાત વાતમાં વર્ષ વીતી ગયું. હવે પાંડવો નિશ્ચિંત બન્યા !!!
કંઈ જન્મારા પસાર થઈ ગયા. તો વર્ષ દિન વીતતા વાર શી ???
પાંડવોએ દુર્યોધનની સભામાં દૂત મોકલી પોતાનું રાજ્ય પાછું આપવા માંગણી કરી,
દુર્યોધને કહ્યું રાજ્ય લેવું હોય તો તલવારથી લઈ શકાશે પાંડવો આવી જાય સામે.
મહાબળી ભીમ અને અર્જુન ખળભળી ઊઠ્યા પરંતુ અહિંસા અને શાંતિના

પુજારી યુધિષ્ઠિરે કહ્યું;

ભાઈઓ ! ઉતાવળ ના કરો. વાસુદેવ દ્વારા આ મામલાનો ઠીક રીતે ફેંસલો કરાવી લેવાશે.

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને પોતાનો રાજ્યાધિકાર પ્રાપ્ત કરવા કૌરવોને સમજાવવા વિનંતી કરી,

જેથી શ્રી કૃષ્ણ મહારાજાએ દુર્યોધન પાસે જઈ પાંડવોને હસ્તિનાપુર આદિ પાંચ ગામ આપવા કહ્યું,

તો દુર્યોધને સાફ કહી દીધું કે યુદ્ધ કર્યા વિના સોયની અણી જેટલી જમીન પણ હું આપીશ નહિ.

દુર્યોધનના દુરાગ્રહને વાસુદેવ પણ દૂર ના કરી શક્યા !!!

યુધિષ્ઠિર યુદ્ધ કરવા બિલકુલ ઈચ્છતા ન હતા.

યુદ્ધથી કેટલી માતા પુત્ર વિહોણી બની જશે. કેટલાય સોહાગણ બહેનોના સૌભાગ્ય છીનવાઈ જશે !!!

યુદ્ધથી જનસંહાર દ્રવ્ય દુર્વ્યય થાય.રચનાત્મક નવું કાર્ય કરવા અવકાશ રહેતો નથી.

ભીમ અને અર્જુને કહ્યું, આપના વિચારો શ્રેયસ્કર છે પરંતુ ઝેરનું ઔષધ ઝેર જ હોય છે,

એમ હિંસા અને ક્રુરતાને હિંસા જ દબાવી શકે છે. આપણી સુખ સુવિધાની વાત જતી કરીએ,

કિન્તુ અનીતિનો પ્રતિકાર કરવો એ આપણું કર્તવ્ય છે.

દુર્યોધને ઘોર અનીતિ આચરી માઝા મૂકી છે એના ઉદાહરણથી સમગ્ર ભારતમાં અનીતિ ફેલાઈ જશે !

સત્તાના મદમાં માત્ર પાંચ ગામ પણ આપવા તૈયાર નથી, તો તેને ઉચિત શિક્ષા અવશ્ય આપવી જોઈએ.

આ સમયે દ્રૌપદીએ આવેશમાં આવી કહ્યું. ભરી સભામાં દુર્યોધન અને દુઃશાસને કરેલું ઘોરાતિઘોર અપમાન !

તમારી સામે તમારી જ પત્નીનો ચોટલો ખેંચ્યો. ધક્કો માર્યો. ગુરુજનોની સામે

નગ્ન કરવા પ્રયત્ન કર્યો !!!
અધમ કાર્ય કરવામાં બાકી શું રાખ્યું'તું ???
કરેલા અપમાનનો બદલો લીધા વિના મને ચેન પડશે નહિ,
અન્યાય અને અત્યાચાર સદા ફાલ્યા ફૂલ્યા નહિ રહી શકે, એવું દુનિયાને બતાવી દો.
દ્રૌપદીજીની જોશીલી અને ન્યાયપૂર્ણ હકીકતો સાંભળી ચારે પાંડવો બોલ્યા,
દ્રૌપદીજી ! તમારું કથન યથાર્થ અને નીતિસભર છે,
જ્યારે એટલી મોટી હિંસા અન્યાય થઈ રહ્યો છે તો આપણે પ્રતિકારથી વિમુખ ના રહેવું જોઈએ.
યુધિષ્ઠિર ગંભીર બની ગયા. આજ લગી ભાઈઓએ મર્યાદા જાળવી પણ હવે તે અશક્ય છે.
યુધિષ્ઠિરે ચારે ભાઈઓને કહ્યું, આજ લગી તમે મને સમર્પણ થઈ રહ્યા છો,
કિન્તુ હવે હું તમને સમર્પણ થઈ રહીશ ... મહાભારતના મંડાણ થઈ ચૂક્યા.!!!
દુર્યોધનના અનીતિ અત્યાચાર દુરાગ્રહને કારણે મહાભારત નામે ઘોર સંગ્રામ ખેલાયો !
ભાઈ ભાઈના સંગ્રામમાં અનેક અનર્થો સર્જાયા !!!
પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને સો સો કૌરવો યુદ્ધમાં પરલોક ગામી બન્યા !!!
સંખ્યાબંધ રાજા રાજકુમાર હાથી ઘોડા સૈન્યવગેરે સદાને માટે ચાલી નીકળ્યા !!!
દયાળુ પાંડવોએ રાજ્ય લોભ ખાતર નહિ પરંતુ ન્યાય ખાતર લડત કરી વિજય મેળવ્યો,
પણ પ્રિયજનો ગુરુજનો અને કુટુંબીજનોના સંહારથી પાંડવો પશ્ચાત્તાપની આગમાં જલી રહ્યા'તા
"દુઃખનું ઔષધ દહાડા." કેટલાક દિવસ બાદ શોકમુક્ત થયેલ પાંડવો ન્યાય

ને નીતિથી પ્રજાનું પાલન કરવા લાગ્યા.

દ્રૌપદી હરણ

એક દિવસ દ્રૌપદીજી પુરુષ પ્રમાણ અરીસા સામે વાળ વ્યવસ્થિત કરી રહ્યા હતા,

ત્યાં અચાનક નારદજી આવી ચડ્યા !

દ્રૌપદી નારદથી તદ્દન અપરિચિત હતા,

અકસ્માત અવધૂત યોગીને આવતા જોઈ અવિરતિ જાણી નારદજીને આદર આપ્યો નહિ,

નારદજી આવ્યા તેવા પાછા ગયા પણ સત્કાર ન મળતાં મનમાં ગાંઠ વાળી,

દ્રૌપદીજીને પોતાના રૂપ સૌંદર્યનું કેટલું ઘમંડ છે ?

મોટા રાજા મહારાજાઓ મને નમન કરતા હોય છે.

જ્યારે દ્રૌપદીએ મારા તરફ જોયું જ નહિ. આદર સત્કારનો એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ !

બતાવી દઉં એમને તો જીવનભર યાદ રહેશે.

નારદજી આકાશ માર્ગે ધાતકીખંડ દ્વીપમાં અમરકંકા નગરીએ રાજા પદ્મોત્તર પાસે પહોંચ્યા.

રાજા પદ્મોત્તરે નારદજીને નમન કરી સ્વાગત પૂર્વક ઊંચે આસને બેસાડ્યા.

મહારાજાએ પૂછ્યું, આપ ક્યાંથી આવો છો ? નવીન શું સમાચાર જણાવો છો ?

હા, હું હસ્તિનાપુરે પાંડવોના અંતઃપુરમાં ગયેલ ત્યાં દ્રૌપદીને નિહાળી.

ઓ ... હો ! શું તેણીનું સ્વરૂપ !!!

તેના જેવી સ્ત્રી તારા અંતઃપુરમાં ક્યાંય દેખાતી નથી. રાજા પદ્મોત્તરના હૃદયમાં વાસનાની આગ લગાડી નારદજી ચાલ્યા ગયા.

વાસનાની આગ વિવેકને ભસ્મ કરી નાંખે છે.

કામી પુરુષ ભવિષ્યમાં થનાર અનર્થોનો વિચાર કરી શકતો જ નથી.

ધાતકીખંડમાંથી જંબૂદ્વીપમાં આવવા રાજા પદ્મોત્તરનું સામર્થ્ય નો'તું.

વચ્ચેઆવતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર તેની ગતિને રોકતો હતો.
મિત્રદેવની સહાય લઈ રાતે સૂતેલા દ્રૌપદીનું હરણ કરાવ્યું !!!

સતીત્વની કસોટી

દ્રૌપદી જ્યાં જાગી જુએ ત્યાં અપરિચિત સ્થાન નિહાળતાં નિર્ણય ન કરી શક્યા આ સ્વપ્ન કે સત્ય ?
ગભરાતી હાલતમાં આંખો ચોળી રહેલ દ્રૌપદી પાસે રાજા પદ્મોત્તર આવી ઊભો !
અજાણ્યા સ્થાનમાં પર પુરુષને જોઈ દ્રૌપદીના ગભરાટનો પાર ના રહ્યો !!!
વિચક્ષણ દ્રૌપદી પદ્મોત્તરની ચાલ ચલગત પરથી પામી ગઈ કંઈ સંકટમાં આવી પડી છું !
અહીં મારું કોણ ? રોવાથી રાજ મળે નહિ, સતીત્વની ખુમારી જ પ્રગટ કરવી જોઈશે.
સતીત્વની અમોઘ તેજ શક્તિ કામી પુરુષો સહી શકતા નથી...
રાજા રાવણથી મોટા મોટા પ્રતાપી રાજાઓ થરથરતા હતા,
તે જ રાજા રાવણની તમામ શક્તિઓ સીતાના સતીત્વ રૂપ દિવ્ય શક્તિ પાસે ધૂળ ચાટતી થઈ ગઈ !
દ્રૌપદીને સતી સીતાનું સ્મરણ થતાં વિજયનો ઉપાય મળી ગયો હોય તેમ સતીની પ્રસન્નતા શૂરવીરતા ઝળકી ઊઠી.
દ્રૌપદીએ ભમ્મર ચઢાવી પૂછ્યું તમે કોણ છો ?
હું અમરકંકા નગરીનો અધિપતિ, તમારા રૂપ સૌંદર્યનો પ્યાસી રાજા પદ્મોત્તર.
દ્રૌપદી કહે જે ચોર કે ડાકુ હોય તે જ પરસ્ત્રીનું અપહરણ કરે. શું આજ દિન લગી તમે વિવાહિત નથી ?
રાજા પદ્મોત્તર કહે મારો રાણીવાસ રાણીઓથી ભરચક છે.
દ્રૌપદી કહે, પોતાની રાણીઓની સાથે વિશ્વાસઘાત કરનાર બીજાની સાથે વિશ્વાસઘાત ન કરે એનો ભરોસો શો ?
મારા શરીરનું સૌંદર્ય એ આંખનો વિકાર છે.
મોહના ચશ્મા ઉતારી શરીરના અસલી રૂપને જુઓ.

મારા શરીરમાં શું વિશેષતા છે ? કાયા મળમૂત્ર માંસ રુધિરાદિ ઘૃણાસ્પદ પદાર્થોથી સંપૂર્ણ ભરેલી છે !
ચામડીની ચાદરથી લપેટાયેલ આ શરીર સોહામણું દેખાય છે !
ચાદર હટી જાય તો એના તરફ નજરે નાખી શકાય નહિ,
માટે રૂપ પાછળ આકર્ષાઈ પતંગિયા બની ભસ્મ થઈ જવા તૈયાર થાઓ નહિ.
દ્રૌપદીની દૃઢતા તેજસ્વિતા જોઈ રાજા પદ્મોત્તર આશ્ચર્ય ચકિત બની ગયો !
પણ દ્રૌપદીની અભિલાષાનો ત્યાગ કરી શક્યો નહિ.
પદ્મોત્તર રાજાએ કહ્યું. દ્રૌપદી ! જંબૂદ્વીપ ધાતકીખંડ દ્વીપની વચ્ચે બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે,
પાંડવો અહીં સુધી આવી શકે એ વાત અસંભવ છે, માટે મારી શરણાગતિ સ્વીકારી લો.
આ વૈભવ વિલાસ રાજ્યઋદ્ધિ બધું જ તમારું અને સર્વ રાણીઓમાં પટરાણીના પદે પણ તમને જ સ્થાપું ...
જિંદગી બનાવવી કે બગાડવી એ તમારા હાથમાં છે ! જે ચાહો તે પસંદ કરી લો.
દ્રૌપદી બચપણથી જ નિર્ભયતા અને સતીત્વના સુંદર સંસ્કારો વડે વિકસિત હોવાથી
અજાણ્યા સ્થાને પણ મજબૂર બન્યા વિના સિંહણ જેમ શૂરાતન ભર્યા શબ્દે કહેવા લાગ્યા,
મહારાજા ! મારો લોભ છોડી સ્વપત્ની સંતોષવ્રત સ્વીકારી મને હસ્તિનાપુર પાછી મૂકી આવો.
પાંડવોથી વૈર ના વધારો. તેઓ મહા બળવાન તેમજ શ્રી કૃષ્ણ વાસુદેવ જેવાનો જેમને સહારો છે,
તમે તમારા પગ પર કુહાડો ન મારો.
નિશ્ચય માની લેજો કે દેવ દાનવ જેવા પણ મારા આ શરીરને પામી શકે તેમ નથી,
શીલ રક્ષા ખાતર પ્રાણોનો ત્યાગ કરનાર નારી અમર બની જાય છે !

અને પ્રાણ લેનાર નરપિશાચ યુગ યુગમાં ઘૃણાપાત્ર બની જાય છે.
તમે રાવણના રસ્તે ચાલવા ચાહતા હો તો ચાલો, હું સીતાના રસ્તાને નહીં છોડું...
દ્રૌપદીના છણછણતા શબ્દો સાંભળી રાજા પદ્મોત્તરનું કાળજું કંપવા લાગ્યું.
નારદજીના કથનાનુસાર ખરેખર આ નારીનું તેજ અસાધારણ છે !
એને આધીન બનાવવી એ વાત આસાન નથી તો પણ કોઈ દિવસે મારા મનોરથ સફળ બની જાય !
એ આશાએ દ્રૌપદીને કંઈ જ તકલીફ ન થાય તેવી વ્યવસ્થાએ અલાયદા મહેલમાં રાખી દીધી.
કોઈ પણ પ્રકારે દ્રૌપદીને અનુકૂળ બનાવવાની ચેષ્ટાઓ ચાલુ રાખી.
દ્રૌપદી તો મન વચન અને કાયાથી પોતાના શીલ પર અચલ હતી.
તેણીએ નવકાર મંત્રના જાપ સાથે નિરંતર છઠ્ઠ છઠ્ઠ આયંબિલ તપનો પ્રારંભ કરી દીધો.
તપ જપના સેવનથી દ્રૌપદીના ચિત્તમાં સ્વસ્થતા રહેવા લાગી.
તપ સંકટ નિવારે ! જીવન ઉત્થાન માટે તપ સર્વોત્કૃષ્ટ સાધન છે.
તપથી સર્વોચ્ચ સ્થાન તીર્થંકર નામકર્મ પ્રાપ્ત કરી શકાય છે.

દ્રૌપદીને લઈ પાછા વળ્યા

પરાક્રમી પાંડવોના પત્નીનો કોઈ વાળ વાંકો કરી શકવા સામર્થ્ય ધરાવી શકે નહીં.
જ્યારે રાજમહેલમાંથી અચાનક દ્રૌપદી અલોપ થઈ જાય એ વિસ્મય પમાડે તેવી વાત હતી !!!
પાંડવોએ દ્રૌપદીને શોધવા ખૂબ જ જહેમત ઉઠાવી. ચારે દિશાએ ગુપ્તચરો મોકલ્યા પણ પત્તો લાગ્યો નહિ, ત્યારે શ્રી કૃષ્ણ મહારાજા પાસે જઈ સર્વ ઘટના જણાવી.
એવામાં ત્યાં આવેલા નારદ ઋષિને શ્રી કૃષ્ણ મહારાજાએ પૂછયું કે તમે કયાંય દ્રૌપદીને જોઈ છે ?
ઋષિ કહે ધાતકીખંડ દ્વીપની અમરકંકા નગરીમાં રાજા પદ્મોત્તરના અંતઃપુરમાં

દ્રૌપદીજેવી સ્ત્રી જોઈ ખરી ! તો એ કામ તમારું જ હશે બીજા કોઈનું ય નહિ.
નારદ ઋષિએ સ્મિત કર્યું.
ખબર મળવાથી શ્રીકૃષ્ણ મહારાજાએ અઠ્ઠમ તપ કરી લવણ સુસ્થિત
દેવને આરાધ્યો.
દેવે પ્રગટ થઈ કહ્યું શા માટે મારું સ્મરણ કર્યું છે ?
રાજા પદ્મોત્તરે દ્રૌપદીનું હરણ કરી અન્યાય કર્યો છે તો ધાતકી ખંડે જવા
સમુદ્રમાં રસ્તો આપો એ મારી માંગણી છે, દેવે કહ્યું તથાસ્તુ !
પાંચ પાંડવો છટ્ટા શ્રી કૃષ્ણ મહારાજા રથમાં બેસી ધાતકીખંડમાં અમરકંકાએ
જઈ પહોંચ્યા !
પદ્મોત્તર રાજા સાથે યુદ્ધ કરતાં પાંચ પાંડવો હાર્યા ત્યારે શ્રી કૃષ્ણ
સંગ્રામે ચડ્યા,
રાજા પદ્મોત્તર પરાજય પામી કિલ્લાના દરવાજા બંધ કરાવી નગરમાં
પેસી ગયો,
ત્યારે શ્રી કૃષ્ણ મહારાજાએ નરસિંહ રૂપ ધારણ કરી સિંહનાદ કર્યો,
એટલે કાંગરા સહિત કિલ્લો પાકા પાંદડાની જેમ કડડડભૂસ કરતાં
પડી ગયો !
રાજા પદ્મોત્તરના ધબકારા વધી ગયા. ભયથી વિહ્વલ બની સતી દ્રૌપદીનું
શરણું લીધું,
ભગવતી ! મને ક્ષમા કરો. મારા પ્રાણોની રક્ષા કરો બહેન ! મોતથી બચવા
ઉપાય બતાવો.
શત્રુ પર પણ કરુણા કરનાર પ્રબળા દ્રૌપદીએ ઉપાય બતાવ્યો,
અંતઃપુરના સ્ત્રીઓ સાથે સ્ત્રી વેશે ભેટણું લઈ દ્રૌપદીને મોખરે રાખી,
શ્રી કૃષ્ણ મહારાજાની માફી માગી મને પાછી સોંપી દો તો બચી શકશો.
એ સિવાય બીજો કોઈ રસ્તો જ ન હોવાથી રાજા પદ્મોત્તરે તેમ કરી પોતાના
પ્રાણ બચાવ્યા.
ઉત્તમ પુરુષોનો ક્રોધ સામેની વ્યક્તિ ન નમે ત્યાં સુધી જ રહે !
દ્રૌપદીને લઈ પાંચ પાંડવો અને શ્રી કૃષ્ણ મહારાજા પાછા વળ્યા,

તે સમયે ધાતકીખંડ દ્વીપના મુનિસુવ્રત તીર્થંકર પાસે ત્યાંના કપિલ વાસુદેવે વ્યાખ્યાન સાંભળતાં સિંહનાદ સાંભળ્યો !

મારા જેવો સિંહનાદ કરનાર વળી બીજો વાસુદેવ કોણ ?

અહીંના રાજા પદ્મોત્તર દ્રૌપદીનું હરણ કરી લાવેલ તે દ્રૌપદીને લેવા જંબુદ્વીપથી પાંડવો અને શ્રીકૃષ્ણ વાસુદેવ આવેલા. સંગ્રામ કરતાં શંખ વગાડેલ તેનો એ અવાજ હતો.

ભગવાન ! તો હું જઉં શ્રી કૃષ્ણ મહારાજાને મળી આવું,

ભગવાને કહ્યું, વાસુદેવ વાસુદેવ ભેગા થઈ શકે નહિ એ અનાદિનો નિયમ છે, કપિલ ! તું માત્ર બહુ તો રથની ધ્વજા દેખીશ.

કપિલ વાસુદેવ સમુદ્ર કિનારે જઈ જુએ તો ભર સમુદ્રમાં ચાલ્યા જતાં રથની ધ્વજા જોઈ,

શંખનાદ કરી જણાવ્યું કે ઓ કૃષ્ણ મહારાજા ! એકવાર પધારી જરૂરથી મળો !

શ્રી કૃષ્ણે શંખથી પ્રત્યુત્તર આપ્યો કે અમે ઘણા દૂર નીકળી ગયા છીએ. પાછા વળી શકીએ તેમ નથી.

હાંસીથી ફાંસી

સમુદ્રમાં આગળ જતાં શ્રીકૃષ્ણે પાંડવોને કહ્યું. હું સુસ્થિત દેવને મળી આવું છું,

ત્યાં સુધી તમે ગંગા નદીએ પહોંચી કાંઠે વિસામો લેજો અને નાવ પાછી મોકલજો.

પાંડવો અને શ્રીકૃષ્ણનો પરસ્પર અપાર પ્રેમ હતો પણ ક્યારે ઋણાનું બંધ પૂર્ણ થાય છે???

ભાવિ પ્રબળ હોવાથી પાંચે પાંડવોને એક જ વિચાર આવ્યો,

નાવ છુપાવી દઈને જોઈએ મોરારીનું કેટલું બળ છે ? "મશ્કરી કરતાં હાંસીમાંથી ફાંસી"

સુસ્થિત દેવને સંતોષી શ્રી કૃષ્ણ મહારાજા ગંગા કિનારે આવ્યા ત્યાં નાવ દેખાય નહીં !

એક હાથમાં રથ બીજા હાથે નદી તરતાં અધવચ્ચે આવ્યા ત્યાં મહારાજા ખૂબ જ થાકી ગયા !

શ્રી કૃષ્ણ સંકટમાં હોવાથી ગંગાદેવીનું આસન ચલિત થયું.

થાકેલા શ્રી કૃષ્ણ મહારાજાને સહાય કરી ગંગાને સામે પાર પહોંચાડી દીધા.

"પુણ્ય ખરેખર પાધરા"

શ્રી કૃષ્ણ કહે પાંડવો ! તમે કેટલા બળવાન ! રથ અને દ્રૌપદી સહિત નદી ભૂજાએ તરી કિનારે પહોંચ્યા !

હું તો અધવચ્ચે એવો થાક્યો !!! ગંગાદેવીએ સહાય કરી ત્યારે પહોંચ્યો છું. તો મારા કરતાં બળવાન છતાં તમે પદ્મોત્તર રાજા સામે હારી કેમ ગયા એ અચંબો થાય છે !!!

સરળ હૃદયના પાંડવોએ જણાવ્યું કે અમે તમારું બળ જોવા નૌકા છૂપાવી દીધેલી.

સુણી કૃષ્ણ મહારાજા ક્રોધાતુર બની બોલ્યા શું આટલા વખતમાં કયાંય બળ ના જોયું ???

તમને પત્ની મળી ગયા એટલે વાત થઈ પૂરી પણ મારી બત્રીશ હજાર પત્નીઓ ભલે રાહ જોતી જ રહે !!!

જો ગંગાનદીમાં તણાઈ ગયો હોત તો સમાચારે કોણ આપત ? આ તો ગંગાદેવીની સહાયે અહીં પહોંચ્યો છું...

અરે પાંડવો ! તમે નિઃસ્નેહી અને નિષ્ઠુર બની વગર વિચાર્યું કામ કર્યું છે !

એમ કહી આવેશમાં આવતાં શ્રી કૃષ્ણજી લોહદંડ ઉપાડી પાંડવોને મારવા જાય છે,

ત્યાં દ્રૌપદી વચ્ચે પડી અશ્રુભરી આંખે વિનવણી કરવા લાગી,

પ્રભુ ! પ્રત્યક્ષ મારા પતિદેવોનો દોષ છે, તમ જેવા મોટા પુરુષ સાથે હાંસી કરવાની હોય જ નહિ, પરંતુ ભાવિ મિથ્યા થતું નથી. આપ તો કરુણાના સાગર છો. શરણે આવેલાને ઉગારવા આપનો ધર્મ છે.

દ્રૌપદીના હૃદયવેધક શબ્દો સાંભળી પાંડવો પર દંડનો પ્રહાર નહિ કરતાં પાંચે રથના ચૂરેચૂરા કરી નાખ્યા !

મોટા પુરુષનો કોપ નિષ્ફળ થાય નહીં...

શ્રી કૃષ્ણે આવેશ ભરી વાણીએ પરિવાર સહિત પાંડવોને દેશનિકાલની શિક્ષાઆપી દીધી,

વસ્તુ વસ્ત્ર કે ઠામ તૂટ્યા સંધાય પણ મન તૂટ્યું સંધાતું નથી !!!

પાંડવોએ ઘેર આવી માતા પિતાને વીતક વાત જણાવી. પિતાએ પાંડવોને ઉપાલંભ આપ્યો.

કિન્તુ વાત વણસી ગઈ. હવે શું થાય ? પાંડવોના પુણ્ય પરવારી ગયા !!!

પુણ્ય પરવારે ત્યારે

પુણ્ય પરવાર્યું ત્યારે ચક્રવર્તી સનતકુમારના શરીરે એકી સાથે સોળ મહારોગોએ સાતસો વર્ષના ધામા નાખ્યા !

પુણ્ય પરવાર્યું ત્યારે બ્રાહ્મણના નિમિત્તે ચક્રવર્તી બ્રહ્મદત્તની બંને આંખો ફૂટી ગઈ !

પુણ્ય પરવાર્યું ત્યારે મગધાધિપતિ રાજા શ્રેણિકને પુત્ર તરફથી રોજ હંટરના પાંચસો ફટકા ખાવા પડતા !

અને અંતે આંગળીમાં રહેલ વીંટીમાંનો હીરો ચૂસી મોતને ભેટ્યા !!!

પુણ્ય પરવાર્યું ત્યારે ભૂખ્યા મહારાણા પ્રતાપને ભિખારી પાસેથી રોટલાની યાચના કરવી પડી,

અને દયા દૃષ્ટિએ રોટલો મળ્યો ત્યાં બાજ પક્ષી ઝડપથી ઉઠાવી ગયો !

તેમ પાંડવોનું પુણ્ય પરવાર્યું. ત્યારે શ્રી કૃષ્ણ જેવા એક મહાન સજ્જનના વિયોગનો સમય આવી ગયો !

છતાં કર્મોદયે અળખામણુંય જીવન જીવવું પડે છે. બેસવા માટે જગ્યા યાચવા પત્ની કુંતીને પાંડુરાજા દ્વારકા તરફ મોકલે છે.

વીરા ! પિયરની ઓથે રહેતાં ફઈ કુંતીને કદી ચિંતા નો'તી ??

અરે બંધુ ! થોડા દિવસ માટે છેહ દીધો અમારે જવું કયાં ??

ફઈબાના હૃદયદ્રાવક વચનો સાંભળી શ્રી કૃષ્ણે આશ્વાસન આપતાં કહ્યું,

ફઈબા ! સમુદ્રના દક્ષિણ કિનારાની ભૂમિ સાધ્યા વગરની રહી થઈ છે ત્યાં નિવાસ કરજો.

નિરાશ વદને માતા કુંતીએ ઘેર જઈ વાત જણાવી.

મશ્કરીનાં ફળ

પૂર્વ અને દક્ષિણ દિશાની વચ્ચે સમુદ્રના અગ્નિ ખૂણા તરફ પાંડુ મથુરા નગરી વસાવી સૌ રહેવા લાગ્યા.

કેટલાક સમયે ત્યાં પધારેલા ધર્મઘોષ મુનિનો ઉપદેશ સાંભળી દ્રૌપદી સહિત પાંડવોએ આધિ વ્યાધિ ઉપાધિથી ભડકે બળતા સંસારનો ત્યાગ કરી શાશ્વત શાંતિ અપાવનાર સંયમ સ્વીકાર્યો.

શ્રી નેમિનાથ ભગવાનના દર્શન ન થાય ત્યાં લગી,

માસખમણના પારણે માસખમણ તપ ચાલુ રાખવું, પાંચે પાંડવોએ એવો અભિગ્રહ લીધો !

હસ્તિનાપુરે ગૌચરી વહોરતાં સાંભળ્યું કે ભગવાન નેમિનાથ નિર્વાણ મોક્ષ પધાર્યા.

અભિગ્રહ અપૂર્ણ રહેતાં તે જ સમયે આહાર પરઠવી પારણું કર્યા વિના પાંડવોએ સંથારો આદરી દીધો.

યાવજ્જીવન અનશન વ્રત આદરી પરમ પ્રસન્નતાએ કર્મરૂપ બી બાળી પાંચે પાંડવો મોક્ષે પધાર્યા.

સતી દ્રૌપદીએ પણ સંયમ આરાધના દ્વારા સ્ત્રીવેદનો છેદ કરી પાંચમા દેવલોકે દેવરૂપે જન્મ લીધો !

ત્યાંથી મહાવિદેહે જન્મ લઈ રત્નત્રયીની સંપૂર્ણ આરાધના કરી, અજર અમર અવ્યાબાધ પદને પ્રાપ્ત કરશે.

ઉપસંહાર :

સતી દ્રૌપદીના જીવન તરફ અવલોકન કરતાં અનેક પ્રકારો નજર સમક્ષ તરવરવા લાગે છે !


દ્રૌપદીના જીવે નાગશ્રીના ભવમાં પ્રમાદથી મુનિને કડવા તુંબડાનું શાક વહોરાવી દુર્ગતિઓનો પ્રારંભ કર્યો,

નરક તિર્યંચમાં પારાવાર દુઃખો ભોગવી ચૂકયા છતાંય કષ્ટોનો અંત ના'વ્યો,

મુનિનો કોઠો બાળ્યો જેથી વારંવાર સંતાપ ભોગવવો પડ્યો.

સુકુમાલિકાના ભવમાં પતિ વિરહ વ્યથા હૃદયને વ્યથિત કરતી જ રહી !
દ્રૌપદીના ભવમાં રાજકુળે જન્મ છતાં દુઃખોનો દાવાનળ સળગતો જ રહ્યો !
દુઃશાસન દ્વારા સભામાં ચીર ખેંચાયા ! વનવાસ અને ગુમવાસ રહ્યા !
પદ્મોત્તર રાજા દ્વારા અપહરણ !
આ બધામાંથી પસાર થતાં પુષ્કળ પરેશાનીઓ ભોગવવી પડી.
પાપ આચરતાં કોઈ તકલીફ નહિ પરંતુ ભોગવટામાં ભયંકર ત્રાસ સહેવા પડે છે,
એ સનાતન નિયમને ઓળખી પાપોનું સેવન નહિ કરે તે આત્માઓ દુઃખોથી બચી શકશે.
ધર્મમાં અલૌકિક શક્તિ છે. જે અદૃશ્ય રહી મહાન યોગદાન આપી રહેલ છે,
એટલે જ કહેવાય છે કે " ધર્મનો જય પાપનો ક્ષય"
તો સુજ્ઞ આત્માઓએ દ્રૌપદીની જેમ ધર્મમય જીવન જીવવું જોઈએ.
સતી દ્રૌપદીના જીવનમાં અનેક આદર્શો રહેલા છે. જેનું ચિંતન મનન કરવાથી સૌને ઉત્થાન માર્ગ મળી રહેશે.
ભારતની સન્નારી દ્રૌપદીના સતીત્વનું અનુકરણ કરી તેજોમૂર્તિ બને એ જ અંતિમ કામના !!!

મહાન સતી શ્રી પાંચાલીનો સદા. જય હો. સદા જય હો !!!



છટ્ઠે કૌશલ્યા

પ્રવેશ

જે માનવો આદર્શ જીવન જીવે તેનો પ્રભાવ યુગયુગ લગી ફેલાતો રહે છે.
જેઓ અનીતિ અન્યાયમાં ડગ ભરતા નથી તેમનું જીવન સૌને પ્રિય થઈ પડે છે.
જેઓ અસત્ય કદી બોલતા કે આચરતા નથી, તેમને દેવો પણ નમસ્કાર કરે છે.
જેઓ અહિંસા ધર્મને જીવનમાં સ્થાન આપે છે તેમને આલોક પરલોકમાં બહુમાન મળે છે.
જેઓ ગુણરૂપ દીપક પ્રગટાવે તેમના જીવનમાં સદાય અજવાળાં પ્રકાશ પાથર્યા કરે છે.
જતે દિવસે ફૂલો કરમાઈ જાય છે. પરંતુ જીવનમાં ગૂંથેલા ગુણરૂપ ફૂલો કદી કરમાતા નથી.
એટલે જ નિત્ય નવા સદ્‌ગુણો અને સદ્‌ધર્મો ખીલવી આ અવની પર અગણિત આત્માઓ અમર બની ગયા છે.
એમાંથી નારી જગતના નમૂના રૂપે મહાસતી કૌશલ્યાના જીવન પર આપણે દૃષ્ટિપાત દઈએ.

કૌશલ્યાનો જન્મ :

કુશસ્થળના મહારાજા સુકૌશલના પત્ની અમૃતપ્રભા હતા.
ઢળતી વયે કન્યારત્ન પુત્રી કૌશલ્યાને જન્મ આપ્યો જેનું મૂળનામ અપરાજિતા હતું.
લોક પ્રસિદ્ધ કૌશલ્યા માત્ર રૂપ સંપત્તિમાં જ નહિ પરંતુ સદ્‌ગુણોમાં મોખરે હતી.
એ વખતે અયોધ્યાના અધિપતિ રાજા દશરથ રાજ સિંહાસન પર આરૂઢ થયેલા.
મહારાજા દશરથ જુવાન હતા, જુસ્સો હતો. લોકપ્રિયતા હતી, શરીરમાં બળ

હતું, બુદ્ધિમાં તીક્ષ્ણતા હતી,
તેઓ પ્રથમ પંક્તિના નીતિજ્ઞ પણ હતા.
મહારાજા દશરથ દિગ્વિજયે પ્રયાણ કરતાં કરતાં કુશસ્થળે આવી પહોંચ્યા.
મહારાજા સુકૌશલ પાસે રાજા દશરથ સામે સામનો કરવા યોગ્ય
રણસામગ્રી નો'તી
સુકૌશલની સેના યુદ્ધમાં પરાજય પામવાથી મહારાજા દશરથે વિજય ધ્વજ
ફરકાવી દીધો.
રાજા સુકોશલે કૌશલ્યા યોગ્ય વર જાણી નવયુવક રાજા દશરથને જમાઈ
બનાવી લીધો,
રાજા દશરથની સાથે કૌશલ્યાના લગ્ન કરી રાજ્ય સોંપી રાજા સુકૌશલ સર્વ
ભારથી મુકત થઈ ગયા,
રાજા દશરથ રાજ્ય લક્ષ્મી સાથે ગૃહલક્ષ્મી કૌશલ્યાને લઈ નગરી
અયોધ્યાએ આવ્યા,
ત્યારબાદ રાજા દશરથે ત્રણ કન્યા સાથે લગ્ન કર્યા એટલે રાજા દશરથની
કુલ ચાર રાણીઓ. કૌશલ્યા સુમિત્રા કૈકેયી અને સુપ્રભા એ ચાર રાણીઓથી
અનુક્રમે ચાર પુત્રોની પ્રાપ્તિ થઈ,
રામ લક્ષ્મણ ભરત અને શત્રુઘ્ન આ ચારે પુત્રો રાજા દશરથના જીવન
સ્તંભ હતા.

દશરથનો સમાન ભાવ !

મહારાજા દશરથનો ચારે રાણીઓ પર એક સરખો ભાવ હતો,
પતિદેવ તરફથી સમાન સ્નેહ સન્માન મળવાને કારણે કોઈ રાણીઓના
દિલમાં અસંતોષ નો'તો.
કૌશલ્યાએ પોતાના પછી આવેલ ત્રણે રાણીઓને બહેનના રૂપમાં
અપનાવેલ હતી.
જેઓ પરસ્પર સગા બહેનોની જેમ પ્રેમપૂર્વક રહેતી હતી.
રાજા દશરથને જેમ ચારે રાણીઓ સમાન હતી તેમ ચારે પુત્રો પણ
એક સરખા જ હતા.

પિતા તરફથી લાડ - પ્યારની ન્યૂનાધિકતા ન હોવાથી ભાઈઓ ભાઈઓ વચ્ચે ભાતૃભાવ છલકાતો હતો.

સૌથી મોટા ભાઈ રામ અને સૌથી છોટાભાઈ શત્રુઘ્ન હતા.

લક્ષ્મણ ઉમ્મરમાં ભાઈ ભરતથી નાના હતા પરંતુ આચરણમાં કોઈ કોઈને નાના સમજતા નો'તા

ચારે ભાઈઓ વચ્ચે પ્રગાઢ પ્રીતિ - એક બીજા માટે પ્રાણ સમર્પણ કરવા તૈયાર,

સૌ પોતાના કર્તવ્યનું પાલન કરી રહ્યા હતા - કોઈના દિલમાં ઈર્ષા નહીં, કોઈના દિલમાં દ્વેષ નહીં.

મહારાજા દશરથના પરિવારમાં એક બીજા પ્રત્યે સ્નેહની સરિતા વહી રહી હતી.

આત્મીયતા આહ્લાદ ભાવ અને સહાનુભૂતિના સુંદર સુમન સદૈવ ખીલી રહ્યા'તા.

રાજા દશરથ સ્વર્ગીય સુખોનો ઉપભોગ કરતાં જીવનયાત્રા વ્યતીત કરી રહ્યા'તા

પરાક્રમી રામ

રામનું વ્યકિતત્વ અદ્‌ભુત અને અસાધારણ હતું !

વાણીમાં માધુર્ય , રૂપમાં આકર્ષણ , શરીરે વિસ્મયજનક બળ , અંતરાત્મા ઉદાર, હૃદયવિશાળ , વિકસિત ભેજું , રોમે રોમે વિશ્વ કલ્યાણની ભાવના એવા અનોપમ ગુણોથી યુકત હતા.

રામચંદ્રજીના સંબંધમાં વધુ લખવું જરૂરી નથી. ગુણોને કારણે રામ જગદ્‌ વલ્લભ બન્યા હતા !!!

વર્ષોના વર્ષો વીત્યા છતાં ભારતના લોકો આજે પણ રામ નામ પર અપાર શ્રદ્ધાભક્તિ રાખે છે.

પ્રત્યક્ષ પુરાવો એ કે રામની સિરિયલ જોવામાં કેટલી આતુરતા સર્જાયેલી ??? જેટલું સન્માન ભારતીય જનતા તરફથી રામે પ્રાપ્ત કર્યું છે તેટલું બીજા કોઈએ પ્રાપ્ત કર્યું નથી.

શ્રી રામ યુવાનીમાં પ્રવેશ કરે છે ત્યારે મિથિલાના રાજા જનકની પુત્રી સીતાનો સ્વયંવર રચાયેલ,
ત્યાં શ્રી રામે અસાધારણ પરાક્રમ પ્રદર્શિત કરી વિજય મેળવેલ !!!
મહારાજા જનકજીની પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.
જે ધનુષ્યને ઉઠાવવા પ્રચંડ પરાક્રમી રાવણ જેવા સમર્થ ન બન્યા,
તે ધનુષ્યને રાજા રામે કમળ નાળની જેમ વાળી દીધું !
શ્રી રામની સાથે બહુ ધામધૂમથી સીતાના લગ્ન થયા !
રામની ખ્યાતિમાં ચાર ચાંદ લાગી ગયા !!!

રાજા દશરથ વૈરાગી

એકદા મહારાજા દશરથ મનઃપર્યવજ્ઞાનિ મુનિ સત્યભૂતિ પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી વૈરાગી બન્યા.
વંદન કરી પાછા વળતાં રાજા દશરથે વિચારેલું કે રામચંદ્રજીને રાજગાદી સોંપી સંયમ સ્વીકારીશ.
મનુષ્યના લાખ પ્રયત્ન છતાં "ના બનવાનું બનતું નથી અને બનવાનું કોઈથી રોકાતું નથી"
કર્મ બંધ - ઉદય - ઉદીરણા - સત્તાના પરિપાક મુજબ બનવાનું બન્યા કરે છે.
લોકો એને ભવિતવ્ય કહે, હોનહાર કહે કે કર્મ કહે પણ એના આધારે સમગ્ર વિશ્વનું તંત્ર ચાલતું હોય છે.
એકાંત ભવિતવ્યતાના ભરોસે રહી શકાય નહિ. જ્ઞાની વિના ભાવિને કોણ પિછાણી શકે ?
ઉદ્યમ કરવા છતાં કાર્યમાં સફળતા ના મળે ત્યારે ભવિતવ્ય પર છોડી સંતોષ ધારણ કરવો પડે છે.

કૈકેયીએ વરદાન માંગ્યું

રાજા દશરથે રાજમહેલે જઈ કુટુંબીજનો અને મંત્રીગણને બોલાવી પોતાના સંયમના ભાવ રજુ કર્યા, ત્યારે પુત્ર ભરત બોલ્યા ! પિતાજી હું પણ અસ્થિર સંસારમાં રહેવા બિલકુલ તૈયાર નથી,
એક તો આપનો વિયોગ વેઠવો પડે વળી રાજ્યસુખો અને ભોગવિલાસોથી

જન્મ મરણો વધે,
જેથી હું પણ આપની સાથે સંયમ સ્વીકારવા ઈચ્છું છું.
આ સાંભળી રાણી કૈકેયી વિચારે છે જો પુત્ર પણ સંયમ સ્વીકારશે તો મારું કોણ !
સ્વયંવર વખતે થયેલ યુદ્ધમાં સારથિ બની વિજય અપાવ્યો. ત્યારે રાજા દશરથે વરદાન આપેલું,
કૈકેયીએ સ્વાર્થભાવે રાજા દશરથ પાસેથી તે વરદાન માગી લીધું.
નાથ ! મારા પુત્ર ભરતને રાજ્ય આપી ઋણ મુક્ત થાઓ.
જગતમાં સ્વાર્થી લોકો કેટલાયના જીવનને પ્રત્યાઘાત પહોંચાડે છે જે નિરીક્ષણ કરતાં જોઈ શકાય છે !!!
રાજ્યના લોભી કોણિકકુમારે ઉપકારી પિતા શ્રેણિકને પાંજરામાં પૂરી અતિ કષ્ટ આપ્યું !
કામવાસનાના પાશમાં પડેલા રાજા મણિરથે સહોદર ભાઈ યુગબાહુના ગળા પર તલવાર ઝીંકી દીધી !
પૈસા ખાતર પુત્રને વેચી જનેતાએ જંગલમાં જઈ ધ્યાનસ્થ રહેલા મુનિ અમરકુમારના પ્રાણ લીધા !
સ્વાર્થ પૂર્ણ થતાં રાણી સુરિકંતાએ ધર્મિષ્ઠ પતિદેવ પરદેશીને જમણમાં ઝેર આપી દીધું !
જ્યારે કેટલાક લોકો પરમાર્થે પ્રાણોનું બલિદાન આપવા ખુમારી ધરાવતા હોય છે.

નિર્મમત્વી રામ

રાજા દશરથે રામને ઉદ્દેશી કહ્યું કે કૈકેયીને આપેલા વચન મુજબ ભરતને રાજ્ય આપું છું.
વળતી પળે જ ખચકાયા વિના રામે પિતાશ્રીને જવાબ આપ્યો,
ઓહો ! મારા ભાઈ ભરતને રાજ્ય આપવાની ઈચ્છા – ! બહુ સારું !!!
ભરત તે હું અને હું તે ભરત. અમારાં બન્ને વચ્ચે કંઈ અંતર જ નથી. ખુશીથી અભિષેક કરો !

અહાહા... કેવા નિસ્પૃહી રામ ! હક્ક માટે લોકો ક્લેશ ઝઘડા દાવા કરતા હોય છે,
જ્યારે રામે ભરતને રાજ્ય આપવા પ્રેમથી સ્વીકૃતિ આપી દીધી !
ત્યાં ભરત કહે છે પિતાજી ! હું આપની સાથે સંયમ સ્વીકારીશ. આ મારી પ્રથમથી જ પ્રાર્થના છે. દશરથે કહ્યું આપેલું વચન પૂર્ણ કરવા તારે રાજ્ય સ્વીકારવું જ પડશે.
રામ કહે, ભાઈ ભરત ! અનિચ્છાએ પણ પિતાજીને ઋણ મુક્ત કરવા તારે રાજ્ય સ્વીકારવું જ પડશે.
ભાઈ રામ ! તમે જે કહો તે યથાર્થ છે પણ આપ છતાં હું રાજ્ય કરીશ નહિ. મારી સો વાતે એક વાત છે.
પિતાજી ! મારી ઉપસ્થિતિમાં રાજ્ય કરી શકે નહિ એ ભરતની તદ્દન સાચી વાત છે.
પિતાજી ! આપનું વચન પૂર્ણ કરવા હું વનવાસ જઉ છું.
પિતાજી ! આપ ચિંતા ના કરો. આપનો રામ જ્યાં રહેશે ત્યાં આપના નામને ઉજ્જવળ બનાવશે.
હે તાત ! મારા અંતિમ પ્રણામ સ્વીકારી આશીર્વાદ આપો કે વનમાં રહીને પણ વનવાસીઓની સેવા કરી શકું એમ કહી રામ ચાલતા થયા, રાજા દશરથ મૂર્છિત બની જાય છે. ભરત મોટા અવાજે રડી પડે છે !!!
રામનો વિનય ઉદારતા અને ત્યાગવૃત્તિ આદિ ગુણો પિતા દશરથને વિહ્વલ બનાવી રહ્યા'તા !
જે ગુણોથી રામ જગતમાં પ્રસિદ્ધિ પામી જનજનના હૃદયમાં આસન જમાવે તેવા રામનું વનમાં પ્રયાણ !!!
રામ જાણતા હતા કે અહીં રહેતાં પિતાશ્રીને વધુ સંતાપ થશે,
એમ વિચારી ક્ષણનો ય વિલંબ કર્યા વિના માતા કૌશલ્યાના મહેલે પહોંચી ગયા !

કૌશલ્યાની વિશાળતા

રામ, માતા કૌશલ્યાને વંદન કરી બે હાથ જોડી કહેવા લાગ્યા,

માતા ! રામ અને ભરત વચ્ચે આપ કોઈ ભેદ રાખશો મા !
પિતાજીએ વચન પૂર્ણ કરવા ભાઈ ભરતને રાજ્ય આપ્યું પણ મારી હાજરીમાં ભરત રાજ્ય સ્વીકારે નહિ,
જેથી પૂ. માતુશ્રી હું વનવાસ જઉ છું. આપ આશીર્વાદ આપો !
આ સાંભળતા માતા કૌશલ્યા મૂર્છિત બની જાય છે, શીતળ ઉપચારે સ્વસ્થ થતાં,
રામ માતા કૌશલ્યાને કહે છે કે મા પિતાને ઋણ મુક્તકરવા પુત્રની ફરજ હોય છે,
બેટા ! તું અપરિચિત વનમાં વાસ કરીશ. શિયાળે કાતિલ ઠંડી, ઉનાળે સૂર્યના તાપથી તપેલી પૃથ્વી, વર્ષાઋતુમાં વરસતો મુશળધાર વરસાદ આ કોમળ કાયા કેમ સહી શકશે એ વિચારે આંસુ આવે છે !
સિંહ એકાકી વનમાં નિર્ભયતાથી ફરતો હોય તેની ગુફામાં રહેલી સિંહણને કોઈ ચિંતા હોતી નથી.
માઁ ! ક્ષત્રિય પુત્ર ક્ષત્રિય ધર્મનું શિક્ષણ સ્કૂલમાં નહિ પણ માતાના ગર્ભમાં જ મેળવી લે છે.
માઁ ! આપના સંસ્કારો મારા રોમેરોમમાં વ્યાપી રહ્યા છે.
માઁ ! જેમ આપ રામ લક્ષ્મણ ભરત અને શત્રુઘ્નને સમાન માનો છો,
તેમ હું વન ઉપવન અને રાજભવનમાં સમાનતાનો અનુભવ કરું એવા આશીર્વાદ આપો !
બસ, રામ પ્રણામ કરી કઠોર હૃદયી બની અન્ય માતાઓને નમન કરી વનની વાટે ચાલતા થયા.

માતા જેવી મમતા

રામ વનવાસના કષ્ટ સહન કરે અને સતી સીતા રાજમહેલમાં સુખચેનથી રહે એ તદ્દન અસંભવિત હતું.
રામે સીતાની કોમળતા વિચારી સીતાને અયોધ્યામાં રહેવા આગ્રહ કર્યો.
પરંતુ રામનો વિરહ સહેવામાં અસમર્થ સીતાએ સ્પષ્ટ કહ્યું,
નાથ ! આપની આજ્ઞા હશે તો હું અયોધ્યામાં રહી જઈશ પણ આપના

વિયોગે જીવી શકીશ નહીં.
વિવશ બનેલા રામે સીતાને સાથે લઈ જવા સ્વીકૃતિ આપી.
સીતાજી પિતા દશરથને નમન કરી માતા કૌશલ્યાની અનુમતિ લેવા આવે છે,
માતા કૌશલ્યા સીતાને ખોળામાં બેસાડી આંસુ દ્વારા નવડાવતાં કહેવા લાગ્યા,
બેટા સીતા ! રામને જવા દો. તમારા કોમળ શરીરે વનના કષ્ટો સહેવા મુશ્કેલ થઈ પડશે,
વનમાં સ્ત્રીનું બંધન થઈ પડે માટે તમે અહીં જ રહી જાઓ.
માતા ! પતિદેવની ચરણરજનો સ્પર્શ થતાં વનનાં બધાં દુઃખો દૂર થઈ જશે.
સ્વયંવર મંડપ જેવો જ હર્ષ સીતાના મુખ પર દેખાતો હતો.
લોકો મનોમન શાબાશી આપી રહ્યા હતા. ધન્ય ધન્ય પતિભક્તિ પરાયણ રામ પત્ની સીતાને !

સાચી માએ કળશ ચટાવ્યો !

આ બાજુ ! પેલા લક્ષ્મણ પણ સાથ છોડવા તૈયાર ન હતા.
વનની વાતથી લક્ષ્મણ ઉગ્ર બની જાય છે પણ વિચારે છે કે
રામ રાજ્ય લેશે નહિ અને પિતાજીને દુઃખ ઊપજશે એટલે મૌન રહી જાય છે.
વંદન કરતાં લક્ષ્મણ કહે પિતાજી ! આપ શાંત રહો. ભરતને રાજ્ય આપી ઉરણ બનો,
ભાઈ રામ જાય અને હું બેસી રહું તે યોગ્ય નહિ માટે હું પણ જઉં છું.
મહારાજા દશરથનું હૃદય ભરાઈ આવ્યું. કંઈ બોલી શક્યા નહિ !!!
લક્ષ્મણે પોતાની માતા સુમિત્રાને નમન કરી રામ સાથે વનમાં જવા વિચાર દર્શાવ્યો,
ત્યારે માતા સુમિત્રાએ પણ હર્ષથી અનુમતિ આપી દીધી.
હે વત્સ ! તેં સ્વસ્થ બુદ્ધિએ બહુ શ્રેષ્ઠ વિચાર કર્યો છે !
ક્ષણનોય વિલંબ કર્યા વિના ભાઈ પાસે પહોંચી જા ! પિતાતુલ્ય ભાઈ રામને માની તેમની સેવા કરજે...
સ્વાર્થને જતો કરી પરમાર્થે કર્તવ્ય પથ પર ચાલવા સંતાનોને સત્ય દર્શનનું ભાન કરાવે તે જ સાચી "મા"!

ભૂતકાળમાં થઈ ગયેલ એવી માતાઓના ઉલ્લેખો આજે પણ જોવા સાંભળવા મળે છે.

રામના પૂર્વજ નવ પરણિત વજ્રબાહુ અને તેમના પત્ની મનોરમાએ સંયમ સ્વીકાર્યો સાંભળી,

માતાની છાતી, ગજગજ ફૂલવા લાગી કે હું આજે રત્નકુક્ષિ ધારિણી બની !

ભદ્રા માતાએ પુત્ર અરણિકને મોહનિદ્રામાંથી જાગૃત કરી ફરી સાધના પથ પર આરૂઢ કર્યા !

માતા મદાલસાએ પારણામાં પોઢેલ પુત્રને તું "શુદ્ધ બુદ્ધ અને નિરંજન છો " એવા હાલરડા સંભળાવી

લોહીના બૂંદેબૂંદમાં આર્ય સંસ્કૃતિ અને આત્મધર્મના પાઠો પઢાવ્યા !

તેમ માતા સુમિત્રાએ પણ પોતાના પુત્રને વડીલબંધુની સેવામાં ત્વરિત ગતિએ પહોંચવા પ્રેરણા આપી !!!

લક્ષ્મણજી માતા કૌશલ્યાને વંદન કરવા ગયા ત્યારે કૌશલ્યાજીએ કહ્યું,

બેટા ! રામ ગયો અને તું પણ જાય છે, તો અમારી પરિસ્થિતિ શું ???

માઁ ! રામ વનમાં જાય અને હું તેમની સેવાનો લાભ ના લઉં તો મારી જનેતાને લજાવું...

રામને વનમાં જવા જરૂરત ઊભી થયેલ પણ લક્ષ્મણ માટે કોઈ પ્રશ્ન જ નો'તો. છતાં માતા સુમિત્રાએ પ્રસન્નવદને આજ્ઞા આપી.

ખરેખર ! રાજા દશરથના પરિવારમાં પરસ્પર પ્રીતિ ક્યાં સુધી વિકસેલી ???

મોટા ભાઈ પ્રત્યે સહાનુભૂતિ અને સેવાના ઉદ્દેશે શ્રી લક્ષ્મણજીનું વનમાં જવું એ અનોખો આદર્શ હતો !!!

નિઃસંકોચ ભાવે પોતાના પ્રાણપ્રિય પુત્રને વનમાં મોકલતા દેવી સુમિત્રાએ એ આદર્શ પર નિર્મળ કળશ ચઢાવ્યો.

ધન્ય છે એવી ઉદાર માતાને અને ધન્ય છે એવા ભાતૃપ્રેમી ભાઈને !!!

એથી જ તો ભારતમાં આજ લગી તેઓની હૃદયસ્પર્શી યશોગાથા ગવાઈ રહી છે...

ધર્મની જરૂરિયાત વ્યવહારમાં પ્રથમ છે. વ્યવહારમાં વણાયેલા ધર્મથી

ગૃહસ્થાશ્રમ મહેંકી ઊઠે છે !
કદાચ પરિવારમાં કૈકેયીની માફક કોઈને સ્વાર્થભાવના જાગે તો,
તેની સામે ચડસાચડસી કર્યા વિના સજ્જનોએ પોતાના સદ્‌ગુણોને કાયમ રાખવા જોઈએ...
એવા આચરણથી જીવાત્મા સદાય વિજયી બની શકે છે.
સતી કૌશલ્યા અને રામે ઊદારતા રાખી તો અયોધ્યાનું રાજ્ય તેના ચરણોમાં આળોટવા લાગ્યું !!!

વન ભણી

રામ બહુ ભાગ્યશાળી અને સદ્‌ગુણી હોવાને કારણે અવધની પ્રજાને બહુપ્રિય થઈ પડેલા !
રામના વનવાસ જવાના સમાચારે પ્રજાજનોના દિલને હચમચાવી મૂકેલા.
રામ, લક્ષ્મણ અને સીતા ત્રણે વન તરફ જઈ રહ્યા હતા ત્યારે,
મહારાજા મહારાણીઓ કુટુંબીજનો અને નગરજનો પાછળ પાછળ ચાલ્યા જાય છે,
દરેકને આશ્વાસન અને દિલાસો આપી પાછા વાળતાં રામે કહ્યું,
આપ કોઈ મોહના ચક્કરમાં નહિ પડતાં કર્તવ્ય પાલનમાં મને આશીર્વાદ આપો !!!
પરસ્પર નિઃસ્વાર્થી પ્રેમ બંને માટે ઉત્થાનરૂપ હોય છે.
ભરત મારો પ્રાણ છે માટે રામપ્રેમી ભરતની આજ્ઞાનું સૌ પાલન કરજો,
એમાં જ તમારા સૌનું કલ્યાણ સમાયેલું છે.
આ મારા નિવેદનનો સ્વીકાર કરી સૌ અયોધ્યા તરફ પાછા જાઓ...

ભરતની ના પસંદગી

રામ અને લક્ષ્મણ વિના શૂન્ય બનેલા ભરતે માતા કૈકેયીને ઠપકો આપ્યો.
આ બાજુ જલ્દીથી રાજ્ય સંભાળી લેવા ભરતને રાજા દશરથ કહે છે,
વલોવાયેલ હૃદયે ભરતે કહ્યું પિતાજી ! હું રાજ્ય સંભાળવા હરગીજ તૈયાર નથી,

ગમે તે પ્રયાસે મોટા ભાઈ રામને પાછા વાળી રાજ્યપદે શ્રી રામચંદ્રજી,
મંત્રીપદે શ્રી લક્ષ્મણજી અને હું તેમનો અંગરક્ષક બની વિનયધર્મ બજાવીશ.
ત્યાં રાણી કૈકેયી આવી કહેવા લાગ્યા પતિદેવ ! પુત્ર રાઘવ વિના રાજ્ય ચાલી શકે તેમ નથી,
મેં વગર વિચાર્યું વરદાન માંગી જગતમાં અપયશ ફેલાવ્યો પણ હવે મારું હૈયું આ બધું ખમી શકતું નથી.
ભરતને રાજ્ય આપી આપે આપનું વરદાન પૂર્ણ કર્યું.
પરંતુ ભરત રાજ્ય સંભાળવા તૈયાર નથી તો હું ભરત અને મંત્રી સાથે વનમાં જઈ રામને પાછા વાળી લાવું.
કૈકેયી અનુમતિ લઈ રથમાં બેસી છઠ્ઠે દિવસે શ્રી રામને મળ્યા. બહુ વિનવણી છતાં રામની એક જ વાત...
શ્રીરામે કહ્યું, પૂ. પિતાજીએ ભરતને રાજ્ય આપ્યું છે તો પિતાશ્રીનું વચન પાળવું જ પડશે.
તરત જ સીતાજી પાસેથી પાણી મંગાવી રામે મંત્રીની સાક્ષીએ ભાઈ ભરત પર રાજ્યાભિષેક કરી દીધો !
ઉદાસી હૈયે વડીલભાઈ રામના આદેશે અયોધ્યાએ આવી ભરતને રાજ્ય સંભાળવું પડ્યું !
પિતા દશરથે વૈરાગ્યભાવે સંયમ સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું...
રાણી કૈકેયીનો આત્મા મોક્ષગામી હોવા છતાં સ્વાર્થભાવે તેમજ ભવિતવ્યતાના યોગે આવું વિચારાયું !!!

કૌશલ્યાજીની મહત્તા

રામના જીવનમાં વિશ્વવ્યાપી સમભાવ હતો તેની જ જનની કૌશલ્યા હતી.
માતા કૌશલ્યાએ માત્ર રામને જ જન્મ આપેલ એમ નહીં રામમાં રહેલા સદ્‌ગુણોને જન્મ આપેલ હતો !
કૌશલ્યાજી એજ કારણે મહાન માતુશ્રી કહેવાયા હતા.

આટલા બધા પ્રભાવશાળી શબ્દોમાં સતીઓની પ્રશંસા કરવાનું પ્રયોજન શું ?
સતીઓની ચરણરજથી પૃથ્વી પણ પવિત્ર બની જાય છે...
કૌશલ્યા અને કૈકેયી બંનેના પતિદેવ દશરથજી,
બંને રઘુવંશની કુલવધૂ, બંને રાણીએ પરપુરુષની સ્વપ્નેય કામના કરી નથી.
છતાં કૈકેયીની નહિ અને કૌશલ્યાજીની ગણના સતીઓમાં કેમ કરાઈ હશે ?
દેવી કૌશલ્યાજીના જીવનમાં ભારોભાર સદ્‌ગુણો વ્યાપક હોવાથી તેમની
ગણના સોળ સતીઓમાં કરાયેલ છે.
શીલરૂપ સોનું અને સદ્‌ગુણ રૂપ સુગંધથી જેમનું જીવન મઘમઘી રહ્યું હતું.
રામ અને ભરત બંનેને સમાન માનતા માતા કૌશલ્યાજીની મહાનતા
ચમકી ઊઠી હતી..
કૌશલ્યાજી ઈર્ષાની આગથી સ્વયં બચ્યા અને પરિવારને બચાવી લીધો એ
એમની વિશેષતા હતી.
કૌશલ્યાજીએ પતિદેવ પ્રત્યેનો આત્મસમર્પણ ભાવ પુત્રના દુઃખની દરકાર
કર્યા વિના વાસ્તવિકરૂપે બતાવી દીધો.
પતિદેવ દશરથના વચનની પૂર્તિમાં રાજ્ય સુખની આહુતિ આપતાં લેશમાત્ર
સંકોચ ના રાખ્યો.
જીવનમાં મહત્તા લાવવા મહાસતી કૌશલ્યાજીની જીવનકથા પ્રત્યક્ષ
પ્રમાણભૂત છે...

આંદોલનની અસર

રામ જ્યારે સીતા અને લક્ષ્મણ સાથે વનભણી આગળ આગળ પ્રસ્થાન
કરી રહ્યા'તા,
દરમ્યાન બનેલ અનેક ઘટનાઓમાંની એક ઘટના ઉલ્લેખ કરવા યોગ્ય છે,
વનવાસ સમયે રાવણ સીતા પર મોહિત થઈ સીતાનું અપહરણ કરી ગયા.
હિંસક યુદ્ધ ન થાય માટે રામે રાવણને સીતા પાછી સોંપવા કહ્યું,
પરંતુ રાવણે દુરાગ્રહ છોડ્યો જ નહિ અને સંગ્રામ શરુ થયો.

સંગ્રામ કરતાં રાવણના શક્તિબાણથી લક્ષ્મણ મૂર્છિત બની ગયા !
અવધ - અયોધ્યા છોડતાં અપૂર્વ ધૈર્ય ધારણ કરનાર રામ, લક્ષ્મણની મૂર્છિત દશા જોઈ અધીર બની ગયા !!!
દૂર રહેલા સ્નેહીજન સંકટમાં આવી જાય તેની અસર કોઈવાર વિના સમાચારે આપણા પર પડતી હોય છે.
અદૃશ્ય શક્તિથી હૃદય સંકટનો અનુભવ કરતું હોય છે એ વિસ્મયજનક વિષય છે !!!
લક્ષ્મણ લંકાની યુદ્ધભૂમિમાં અને કૌશલ્યા અવધપુરીમાં. વચ્ચે કેટલું અંતર ? છતાં અકસ્માત કૌશલ્યાના હૃદયમાં લક્ષ્મણનું સ્મરણ થતાં બેચેન બની જાય છે.
એ સમયે અશાંત બનેલા દેવી સુમિત્રા કૌશલ્યાના મહેલે આવી પહોંચ્યા.
કૌશલ્યાનું શોકાકાર મુખ જોઈ દેવી સુમિત્રાએ તેણીની મનોદશા બદલવા કહ્યું,
બહેન કૌશલ્યા ! રામ ક્યાં હશે ? કયા વૃક્ષ નીચે બેઠા વિશ્રાંતિ લઈ રહ્યા હશે ?
કૌશલ્યા કહે બહેન ! કુલ મર્યાદાનું પાલન કરનારા દેશના દુલારા કોઈપણ હોય તેમને મારા પુત્ર બરાબર માનું છું.
સુમિત્રા કહે બહેન ! પ્રસન્નમુખે રામને વનમાં મોકલ્યા તો આજે શોક કેમ કરી રહ્યા છો !
કૌશલ્યા કહે બ્હેન ! તમારો રામ જેના સહારે ગયેલ છે એ સપુત લક્ષ્મણની યાદ મને બેચેન બનાવી રહી છે !
સુમિત્રા આ સાંભળી ગંભીર હૈયે થોડીવાર વિચારસાગરમાં ડૂબી ગઈ !
ત્યાં એકાએક ઋષિ નારદે આવી કહ્યું કૌશલ્યાજી ! આજે ઉદાસ કેમ છો ?
કૌશલ્યાજીએ યોગ્ય સત્કાર કરી ઋષિ નારદને કહ્યું કે આજે લક્ષ્મણની યાદે ઉદાસ બની ગઈ છું !
આપ તો સર્વગામી છો, રામ લક્ષ્મણ અને સીતા સકુશળ છે ને ?
નારદ કહે, છે તો આનંદમાં ! હનુમાનની શક્તિએ તેમને બચાવી લીધા છે.

કૌશલ્યાએ કહ્યું બાબાજી ! લક્ષ્મણ પર શું સંકટ આવેલ ? અને હનુમાને કઈ રીતે બચાવી લીધા ?

નારદજીએ સીતાહરણ અને યુદ્ધમાં રાવણે ફેંકેલ શક્તિબાણથી મૂર્છિત થયેલ લક્ષ્મણજીની વાત જણાવી.

હનુમાનજી શીલવતી વિશલ્યાના નાવણનું પાણી લાવ્યા તે લક્ષ્મણજી પર છાંટતાં શુદ્ધિમાં આવી ગયા છે !!!

તમે રામ લક્ષ્મણ અને ભરત જેવા ત્યાગી સુપુત્રોને પામી કૃતાર્થ બન્યા છો એમ કહી નારદજી ચાલતા થયા.

કૌશલ્યાજીની જાગૃતિ

કેટલાક દિવસે લંકા પર વિજય મેળવી રાજ્યને રજ સમજનાર રામ, બિભિષણને લંકાનું રાજ્ય સોંપી ચૌદ વર્ષે અયોધ્યા તરફ પાછા વળ્યા !!!

પિતાના અભાવમાં રામને અયોધ્યા સુની દેખાતી હતી.

રામ અયોધ્યામાં આવતાં "ઘર ઘર મંગલાચાર ભરતની પ્રસન્નતાનો નહિ કોઈ પાર"

આમોદ પ્રમોદ ભર્યું વાતાવરણ સર્વત્ર ફેલાઈ ગયું હતું !

કિન્તુ રામને રાજગાદી પર આવતા જોઈ માતા કૌશલ્યાના જીવનમાં નૂતન જાગૃતિ પેદા થઈ !!

કર્મના પ્રભાવથી પતિદેવનો વિયોગ વેઠવો પડ્યો !

કર્મના પ્રભાવથી પુત્રને વનમાં વસવાટ કરવો પડ્યો !

કર્મના પ્રભાવથી પુનરપિ પુત્રનો સંયોગ પણ સાંપડ્યો !

તો સુખભરી પરિસ્થિતિમાં મારે ધર્મનું શરણું સ્વીકારી લેવું જોઈએ.

પછી ઈંદ્રિયોના સામર્થ્યનો વિશ્વાસ શો ?

ક્ષણિકજીવનનો ભરોંસો પણ શો ?

માતા કૌશલ્યાએ પોતાનો દૃઢ સંકલ્પ પરિવાર સમક્ષ પ્રગટ કર્યો,

ખરેખર ! રામના રાજ્યમાં ધર્મ આરાધનાનો વિરોધ કોણ કરે ?

રાજમાતા કૌશલ્યા અષ્ટ પ્રવચન માતાનો સ્વીકાર કરી જગત્માતા બની ગયા !!!

ગૃહસ્થાશ્રમમાં જેમનું જીવન અનુકરણીય હતું. ત્યાગ માર્ગે જવાથી સવિશેષ અનુકરણીય બની ગયું...

સર્વોત્કૃષ્ટ ત્યાગ માર્ગે સ્વ પર કલ્યાણ સાધી ગયા મહાસતી કૌશલ્યાજી...

ઉપસંહાર

રત્નકુક્ષિધારિણી સતી કૌશલ્યાના જીવનમાં વિકસિત ગુણપુષ્પો આપણા જીવનને સુવાસિત બનાવે તેમ છે,

કૌશલ્યાજીની મહત્તા - દુઃખ સમયે સ્વજન પરિજનને સાથ આપવો અને સુખસમયે સુખનો ત્યાગ કરી દેવો.

કેટલા ગંભીર વિચારો ! કેટલી અસીમ ઉદારતા ! કેવો નિર્લેપ ભાવ !

આ પાવન વિચારધારાએ રઘુકૂળની કીર્તિમાં ઓર ઉમેરો કરી દીધો !!!

આ ઉત્તમ વિચારો ગૃહજીવન કે ત્યાગ જીવનમાં ઉપયોગી થઈ પડે તેવા છે.

કૌશલ્યાજીએ કરેલ આત્મ કલ્યાણનો દૃઢ સંકલ્પ પ્રશંસનીય થઈ પડે છે !

ખરેખર ! સામર્થ્ય હોય ત્યાં લગી ધર્મોપાર્જન કરી લેવું જરૂરી છે,

ધર્મ આરાધના બિનજરૂરી કે બેકાર માને એ નાસ્તિકતાનું લક્ષણ છે !


વૃદ્ધ વયે ધર્મ આરાધના કરીશું એ આત્મવંચના છે.

વૃદ્ધ વયે શક્તિઓ ક્ષીણ થઈ જાય ! ભેજુ વ્યવસ્થિત કામ કરે નહિ ! જીવન ભારભૂત બની જાય !

એવી સ્થિતિમાં કર્મ ખપાવવા પુરુષાર્થ કરવો અશક્ય બની જાય છે.

શારીરિક શક્તિ, આત્મિક બળ પરાક્રમો હોય ત્યાં સુધીમાં ધર્મ આરાધન આરાધી લેવું જોઈએ...

મહાસતી કૌશલ્યાજીની ગુણસુવાસ પ્રસરી રહો ! પ્રસરી રહો !



સાતમે મૃગાવતી

ઉદ્દેશ્ય

સુખો બે પ્રકારના હોય છે. ભૌતિક અને આધ્યાત્મિક.
શરીર ધન કુટુંબ પરિવાર અને પદાર્થોથી જે સુખ પેદા થાય તે
ભૌતિક સુખ છે
અહિંસા સત્ય ચોરીત્યાગ બ્રહ્મચર્ય અપરિગ્રહ ક્ષમા નમ્રતા
સરળતા સંતોષાદિ,
ધર્મના સેવનથી જે સુખ પેદા થાય એ આધ્યાત્મિક સુખ છે.
આધ્યાત્મિક સુખ અવર્ણનીય હોયછે !
ભૌતિક સુખો ક્ષણિક વિનાશી અને અંતે દુઃખકર હોય છે,
આધ્યાત્મિક સુખો શાશ્વત અવિનાશી અને એકાંત સુખકર હોય છે.
સમસ્ત ભૌતિક સુખો વિનાશી છતાં અવિનાશી માનવા એ બુદ્ધિનો ભ્રમ છે.
ભ્રમ એ બધા જ અપરાધો - દોષોનું કારણ છે...
તાત્ત્વિક જ્ઞાનના અભાવે મતિભ્રમના કારણે ક્ષણિક અને વિનાશી ભૌતિક
સુખોની પસંદગીથી સૌ જીવાત્માઓએ જન્મ મરણો કરી અનંતાનંત
યાતનાઓ ભોગવી !!!
ધર્મ આરાધના એ મૂલગી મૂડી છે...
ધર્મથી જ સમાજ રાષ્ટ્ર અને જગતમાં સુખશાંતિ પથરાય છે અને
આત્મકલ્યાણ સાધી શકાય છે.
આત્માની અમરતા અને કર્મ સિદ્ધાંતો પર નિશ્ચલ શ્રદ્ધા હોય તો ધર્મરૂપ
કલ્પતરુ અંતર આંગણે વાવી શકાય છે.
ઓ પરમ સૌભાગી મનનશીલ માનવ ! આજે સાંપડેલા સાધનોનો સદુપયોગ
કરી કર્મથી મુક્ત થઈ જા ...
રાજા ચંડપ્રદ્યોતનના અત્યાચારોને રોકવા સુભટ અસમર્થ બન્યા. સેના
નિષ્ફળ ગઈ. રાજા મૃત્યુ પામ્યા !
ત્યારે ધર્મશ્રદ્ધાળુ રાણી મૃગાવતીએ અપરાધોની સામે ધર્મબુદ્ધિએ યુક્તિ

કેળવી કઈ રીતે સામનો કર્યો ?
એવા નિષ્ઠાવાન સતી મૃગાવતીની જીવનકથા આલેખવામાં આવે છે.
જે મુમુક્ષુ આત્માઓને લીલી ઝંડી રૂપ બની રહો...

મૃગાવતીનું વ્યક્તિત્વ

વિશાળા નગરીના રાજા ચેડા ન્યાય નીતિમાં નિપુણ અને ધર્મપ્રિય હતા.
નવ મલ્લી અને નવ લચ્છી એ અઢાર દેશના રાજ્યના પ્રમુખ હતા.
પ્રભાવતી પદ્માવતી મૃગાવતી શિવા ચેલણા જ્યેષ્ઠા અને સુજ્યેષ્ઠા એમ સાત પુત્રીઓ હતી.
૧. શિવાદેવીના લગ્ન અવન્તીપતિ રાજા ચંડપ્રદ્યોતન સાથે ૨. પ્રભાવતીના લગ્ન વીતીભય નગરના રાજા ઉદાયન સાથે ૩. મૃગાવતીના લગ્ન કૌશાંબીના નરેશ શ્રી શતાનીક સાથે,
૪. જ્યેષ્ઠાના લગ્ન ક્ષત્રિયકુંડ નરપતિ શ્રી નંદીવર્ધન સાથે, ૫. પદ્માવતીના લગ્ન ચંપાનગરીના રાજા દધિવાહન સાથે, ૬. ચેલણાના લગ્ન રાજગૃહના મહારાજા શ્રેણિક સાથે અને
૭. સુજ્યેષ્ઠાએ કુમારી અવસ્થામાં સંયમ સ્વીકારેલ હતો.
ભગવાન મહાવીર સ્વામીના મુખેથી સાતે પુત્રીઓના શીલની પ્રશંસા થયેલી !!!
ધાર્મિક સંસ્કારો સહિત સાતે પુત્રીઓનું લાલન પાલન લાડકોડથી કરાયેલ !
તેઓની બાલ્યાવસ્થા કિશોરાવસ્થા વિવિધ સદ્‌ગુણોનું ઉપાર્જન કરવામાં વ્યતીત થયેલ,
તેઓની પાસે માત્ર અક્ષરજ્ઞાન જ નો'તું. આત્મજ્ઞાનની પણ ઓળખ કરાવવામાં આવી હતી !!!
એમાં પુત્રી મૃગાવતી વિલક્ષણ પ્રકૃતિની રાજકુમારી હતી,
દાસ દાસીઓથી વીંટળાયેલ છતાં પોતાનું કામ પોતે કરવામાં આનંદ અનુભવતી હતી,
ધર્મભાવના કરુણા અને પ્રીતિ જેના રોમે રોમે રમી રહ્યા હતા,
મૃગાવતીના પિતા રાજા ચેડા ભગવાન મહાવીરના પરમ ભક્ત અને

અતિશય દયાળુ હતા,
રાજા ચેડાના હૃદયની અપાર કરુણા અને ધર્મભાવના પુત્રી મૃગાવતીના દિલમાં ઉતરેલી હતી,
મૃગાવતીના કંઠમાં મધુરતા, નયનોમાં અમૃત, દેહમાં ફૂલ જેવી કોમળતા,
રૂપમાં દિવ્યતા અને શ્વાસોશ્વાસમાં પ્રસન્નતા પ્રસરી રહી હતી !!!
જેના મુખારવિંદ પર પવિત્રતા અને નિર્દોષતાના દર્શન થઈ રહ્યા હતા.
મૃગાવતીજી સ્વતંત્ર છતાં ઉચ્છૃંખલ સ્વભાવના ન હતા.
એમને હિતાહિતનું જ્ઞાન હતું એટલું જ કુળ મર્યાદાનું ભાન હતું !
માતા પિતાનો ઈશારો એ એમના માટે આદેશ રૂપ હતો !
મતલબ કે મૃગાવતી સર્વ ગુણોથી વિભૂષિત એક આદર્શ કન્યા હતી.

વિવાહ અને શીખ

કૌશાંબીના રાજકુમાર શતાનીક વિપુલ વૈભવી ધર્મનિષ્ઠ સુશીલ સુસંસ્કારી કુળ અને વયમાં સમાન હોવાથી તેની સાથે મૃગાવતીના લગ્ન કરવામાં આવ્યા.
માતાએ શીખ આપતાં કહ્યું, દુલારી ! આજે તું તદ્દન અપરિચિત ઘેર જઈ રહી છો,
પરંતુ મને વિશ્વાસ છે કે તું તારા સદ્‌ગુણોથી શીઘ્ર બધાને પોતાના બનાવી લઈશ.
સાસુ સસરાની માતા પિતા સમજી સેવા કરજે,
દેરાણી અને જેઠાણીને છોટી બહેન મોટી બહેન સમજી રહેજે,
નણંદ તરફ વહાલભર્યું વર્તન કેળવજે,
પતિદેવની આદર સહિત સેવાભક્તિ કરજે,
પ્રાણોથી અધિક શીલની રક્ષા કરજે,
પ્રત્યેક પરિસ્થિતિમાં કુલીનતા અને ધર્મને વિસરજે નહીં.
પિતૃકુલ અને શ્વસુરકુળની પ્રતિષ્ઠા વધારવી તારા હાથમાં છે.
માતાની શિખામણ હૃદયમાં અવધારેલ મૃગાવતીને કૌશાંબી નગરી તરફ વિદાય આપવામાં આવી ...

માતા પિતાની લાડલી પુત્રી મૃગાવતી શ્વસુર ગૃહે પહોંચી. સદ્‌ગુણોથી સૌને પોતાના બનાવી લીધા !

કેટલાક સમયે ઉદાયન નામે રાજપુત્રની પ્રાપ્તિ થઈ !

મહારાજા શતાનીકે પોતાના નિવાસ માટે મંત્રીશ્વરને સંગેમરમરના ચમકીલા પત્થરોથી રંગમહેલ બનાવવા અને તે રંગમહેલમાં ચિત્રકાર પાસેથી અવનવા આબેહૂબ ચિત્રો બનાવવા કહ્યું.

અનોખી કળા

મહિનાઓ જતાં રંગ મહેલનું બાંધકામ પૂરું થવા આવ્યું.

કૌશાંબીનો એક ચિત્રકાર યક્ષના વરદાનથી અદ્‌ભુત ચિત્ર બનાવતો હતો.

મંત્રીશ્વરે ચિત્રકાર સાથે રંગમહેલમાં તાદૃશ ચિત્ર બનાવવા નક્કી કર્યું.

ચિત્રકારે હોંશપૂર્વક અત્યંત ચિત્તાકર્ષક ચિત્રો બનાવવા શરૂઆત કરી.

વન ઉપવન વહેતી સરિતાઓ પર્વત પહાડ રંગબેરંગી ફૂલઝાડ,

ઘનઘોર ઘટાઓમાં ચંદ્રમાનું ખીલવું ! ચમકતા તારલા ! તાપસોના તપોવન !

જલાશયના તીર પર પ્યાસ બુઝાવતા હરણ, સિંહ, ચિત્તા, વાઘ, વરુ

અને વાંદરા !!!

હરિયાળું ઘાસ ચરતી ગાયો, જંગલની ઝાડીઓ, ગગનચુંબી વૃક્ષો

વગેરે આલેખવાથી

રંગમહેલની શોભા અનોખી દેખાતી હતી. જાણે વિશ્વનો અહીં જ સમાવેશ થયો હોય નહિ !!

એમાંય રાણી મૃગાવતીનું ચિત્ર વિશેષ આકર્ષણ ઉપજાવતું હતું !!!

બારીક વસ્ત્રોમાં સુસજ્જ રાણી મૃગાવતીનું ચિત્ર આબેહૂબ ચીતરી બતાવ્યું !

કહેવાય છે કે અકબરની બેટીએ ઢાંકાની મલમલને સાત પડે ઓઢેલી તો પણ પોતાના રૂપને છુપાવી શકી નહિ !

તેમ મૃગાવતીના સાથળ પર રહેલ કાળો તલ વરદાનના કારણે ચિત્રમાં અંકિત થઈ જાય છે.

આ કાળો તલ સતી મૃગાવતીના સૌભાગ્યમાં જાણે દુઃખની કાળી રેખા રૂપે સિદ્ધ થયો હોય ના !!!

તલને ભુંસાડવા ખૂબ મહેનત લીધી પણ કોઈ રીતે તલ ભુંસાય જ નહીં !

આવતી કાલે તલ કાઢવા સંકલ્પ કરી ચિત્રકાર પોતાના ઘેર ગયો.

રાજાનો રોષ

યોગાનુયોગ મહારાજા તે દિવસે ચિત્રો નિહાળવા રંગમહેલમાં જઈ પહોંચ્યા !!!

કલાકારની અલૌકિક કલાનું દર્શન કરતાં રાજા દિગ્મૂઢ બની ગયા !

ચિત્રો જોઈ અવર્ણનીય આનંદનો અનુભવ કરી રહ્યા હતા !!!

પરંતુ મહારાણી મૃગાવતીના ચિત્રપર દૃષ્ટિ પડતાં રાજાની પ્રસન્નતા ભયંકર ક્રોધરૂપે ફેરવાઈ ગઈ !!!

સાથળ પરના કાળા તલનો ચિત્રકારને ક્યાંથી ખ્યાલ હોઈ શકે ? સતીના વેશમાં શું અસતી !!!

પામર પુરુષ પણ પોતાના પત્નીના પાપાચાર અને વિશ્વાસઘાતને સહન ન કરી શકે,

જ્યારે હું તો રાજપુરુષ કૌશાંબી નરેશ ! હરગીજ એ પાપાચારને સહન નહીં જ કરું...

રાજાની કોપમૂર્તિ જોઈ સમીપવર્તી અનુચર થરથર કંપવા લાગ્યો !

મંત્રી પણ કંઈ કહેવા સાહસ ના કરી શક્યા ! પળ બેપળ નીરવતા છવાઈ ગઈ !!!

મહારાજાએ મંત્રીશ્વરને આદેશ આપ્યો કે ચિત્રકારને શૂળી પર ચડાવી દો !!!

મંત્રીએ કહ્યું મહારાજા ! નિરપરાધીને શૂળી ? રાજાએ કહ્યું મારા અંતઃપુરને નષ્ટ-ભ્રષ્ટ કરે છતાં નિરપરાધી કેમ ?

મંત્રીએ કહ્યું મહારાજા ! ચિત્રકારને યક્ષનું વરદાન મળવાથી વસ્તુના એક ભાગને જોયા પછી વસ્તુને સંપૂર્ણ રીતે ચીતરી શકે છે, વિશ્વાસ ના હોય તો કરી જુઓ પરીક્ષા.

નરનાથ ! કુબડી દાસીને પડદામાં રાખી માત્ર તેના અંગૂઠાને બતાવો,

એ પરથી વૃદ્ધાવસ્થા વાળી કુબડી દાસીનું આબેહૂબ ચિત્ર બનાવી આપે તો માની લેજો કે એની પાસે કંઈ દૈવીશક્તિ છે...

રાજાના આદેશે મંત્રીના બોલાવવાથી ચિત્રકારે ગુન્હેગાર રૂપે આવી, રાજાના કહેવાથી અંગૂઠા પરથી કુબડી દાસીનું યથાર્થ ચિત્ર બનાવી આપ્યું !

નૃપતિને વિશ્વાસ આવ્યો કે મારું અંતઃપુર નિર્દોષ છે...

છતાં શતાનીક રાજાએ ચિત્રકારને કહ્યું. તેં મૃગાવતીનું રૂપ ચીતરી કળાનો દુરુપયોગ કર્યો છે,

માટે જે અંગૂઠાથી કલમ ચલાવી તે અંગૂઠાને કાપી નાખવા રાજાએ હુકમ કર્યો.

રાજાના આ આદેશે અંગૂઠો કપાયો, જેથી નિર્દોષ ચિતારાના દિલમાં રોષ વધી ગયો !

અંગૂઠો કપાયાથી ચિત્રકારને શારીરિક વેદના કરતાં મનોવેદના તીવ્ર થવા લાગી.

રાજાના તિરસ્કાર ભર્યા વર્તનથી ચિતારાના દિલમાં દુઃખનો ઊંડો ઘા ઉત્પન્ન થયો !

વૈરથી વૈર શમે ના જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં...

હંમેશાં વૈરથી વૈર વધે છે, તો નબળા કે નાના સાથે પણ વૈરભર્યું વાતાવરણ રાખવું નહિ.

વૈર વધાર્યાથી રાજા શતાનીકને કેવું જીવલેણ પરિણામ ભોગવવું પડશે !!

વૈરની ચિનગારી !

ચિતારાના ચિત્તમાં દ્વેષાગ્નિ પ્રગટ થવાથી સ્વામીભક્તિ સ્વદેશ પ્રેમ જનકલ્યાણ આદિ પ્રશસ્ત ભાવનાઓ બળીને ભસ્મ થઈ ગઈ !

કોઈએ કરેલા અપમાનને પચાવી લેવું એ શૂરવીર વ્યક્તિનું કામ છે, પરંતુ અજ્ઞાની જીવ રાગદ્વેષના ચકરાવામાં પડી જઈ જન્મ મરણથી સંસાર વધાર્યે જાય છે.

ચિતારો મૃગાવતીનું સુંદર ચિત્રપટ બનાવી અવન્તી નગરીએ પહોંચ્યો, ચંડપ્રદ્યોતન રાજાના દર્શન કરી ચિત્રપટ આપ્યું.

ચિત્રપટ જોઈ રાજા ચંડપ્રદ્યોતન મુગ્ધ બની ગયો !!!!
ઓ... હો ! આ કોઈ સ્વર્ગલોકની અપ્સરા કે મૃત્યુલોકની મનુષ્યણી!!!
ચિત્રકારે રાજાને ઓળખ કરાવી. કૌશાંબી નગરીના રાજા શતાનીકના પત્ની મૃગાવતીનું આ ચિત્ર છે.
રાજા ચંડપ્રદ્યોતને ચિત્રપટ લાવનાર ચિતારાને કિંમતી ઈનામ આપ્યું !
સ્વરૂપવાન મૃગાવતીને પ્રાપ્ત કરવા જરૂર પ્રયત્ન કરીશ એવો નિર્ણય ચંડપ્રદ્યોતને કરી લીધો. ...
રાજા ચંડપ્રદ્યોતનનું ચિત્ત વાસનાને ચકડોળે ચડાવી સંતોષ પામતો ચિતારો સ્વસ્થાને ગયો.
કામવાસના મનુષ્યને અંધ બનાવી દે છે. પ્રતિષ્ઠા પર પાણી ફેરવી દે છે,
હિતાહિતનો વિચાર કરવા વિવેકહીન બનાવી દે છે. કુળને કલંકિત બનાવી નાખે છે,
નીચ અને અઘટિત કાર્ય કરવા ઉશ્કેરાટ મચાવે છે.
જોઈ લો ઈતિહાસના પાને કામી આત્માઓને અંતે ભયંકર સંકટોનો સામનો કરવો પડ્યો છે.
એવા પાપકર્મ આચરી અંતે દુર્ગતિમાં જાય છે.
કામી આત્માઓનું મુખ જોવું પણ લોકો અમંગલરૂપ માને છે.
એવી સ્થિતિમાં મરવું સારું પણ શીલનું ખંડનકરી જીવવું બૂરામાં બૂરું છે એમ શાસ્ત્રો કહે છે.
એવું જાણવા છતાં મૂઢ મનુષ્ય શીલરૂપ સુરમ્ય વાટિકા છોડી દુરાચારરૂપ ગંદી ગટરને પસંદ કરે છે.
મૃગાવતી સીધી રીતે મળી જાયતો ઠીક છે નહીંતર જબરદસ્તીથી પણ મેળવવા ચંડપ્રદ્યોતન વિચારે છે.
ચંડપ્રદ્યોતનના મંત્રીઓ પરસ્ત્રીની માંગણી કરવી એને અનીતિ તેમ એકાંત અધર્મ કહી ઈશારો કરે છે.
પરંતુ અંગેઅંગે પ્રગટી ગયેલ દુરાચારરૂપ આગ પર પાણીના છંટકાવની જેમ હિતશબ્દો શોષાઈ ગયા !

ભાઈ બિભીષણ અને પટરાણી મંદોદરીએ રાવણને ખૂબ સમજાવેલ છતાં બધું નિષ્ફળ ગયું તેમ અહીં બન્યું.

"કામી અંધ કંઈ ના પેખે, બાર યોજનમાં ઉજજડ દેખે..."

મહારાણીની માંગ

રાજા શતાનીકનો શાનદાર રીતે દરબાર ભરાયેલ હતો.

ન્યાયાસન પર આરૂઢ થયેલા રાજા શતાનીકને દ્વારપાલે નમન કરી કહ્યું,

અન્નદાતા ! અવન્તીનો દૂત આપની સેવામાં ઉપસ્થિત થવા ઈચ્છે છે.

મહારાજા શતાનીકે અનુમતિ આપી. આવવા દો.

મહારાજા શતાનીકનો જય હો ! વિજય હો ! કહી દૂતે નિવેદન કર્યું,

અવન્તીના અવનિપાલ રાજા ચંડપ્રદ્યોતનનો સંદેશો લઈ આવ્યો છું,

રાજા શતાનીક કહે અચ્છા, બોલો શું સંદેશો છે ?

દૂત કહે મારા સ્વામીએ કહેવડાવ્યું છે કે આપ આપનું તેમજ પ્રજાનું હિત ચાહતા હો તો,

રાણી મૃગાવતીને રાજાધિરાજ ચંડપ્રદ્યોતનની સેવામાં મોકલો,

અથવા પ્રાણોનો મોહ છોડી સંગ્રામમાં આવી જાઓ.

અવન્તી નરેશ સાથે વિરોધ કરવાથી મૃત્યુના મુખમાં જવું પડશે,

આપનું અને પ્રજાનું હિત વિચારી ઉત્તર આપો !

દૂતનું વાક્ય સાંભળી રાજા શતાનીકને રોમે રોમે ક્રોધ વ્યાપી ગયો !

અને કહ્યું દૂત ! જીભ સંભાળી બોલ ! દૂત હંમેશાં અવધ હોય છે,

તારા સ્થાને તારા સ્વામી હોત તો હમણાં જ માથું ઉડાડી દેત...

તારા કામી રાજાને કહેજે કે કુલીન મહિલા પોતાના પતિ સિવાય પુરુષ-માત્રને પિતા પુત્ર અને ભાઈ સમાન સમજે છે,

વીર ક્ષત્રિય નારી ક્યારે એકલી હોતી નથી. વિષ આગ અને ખંજર ત્રિપુટી સદૈવ તેની સાથે હોય છે,

તારા જેવા પાપીના સ્પર્શ પહેલાં જ એ ત્રિપુટીની સહાયથી પોતાના ધર્મની રક્ષા કરી લે છે,

જા તારા સ્વામીને કહેજે કે રાજા શતાનીક, અત્યાચારી અને અપરાધીઓનું

ખૂન કરવા તૈયાર છે.
અવંતીએ આવી દૂતે ચંડપ્રદ્યોતનને નિવેદન કર્યું મહારાજા ! આપને સંસારની સર્વોત્કૃષ્ટ વિભૂતિઓ પ્રાપ્ત છે,
એમાં સંતોષ માનવો ઉચિત છે. સતી મૃગાવતીની આકાંક્ષામાં કોઈ લાભ નથી,
કુદરતે જીવન જરૂરી બધું આપ્યું છે. નથી મળ્યું તેને લેવા જતાં પ્રાપ્ત સુખથી પણ વંચિત થઈ જશો,
કૌશાંબી નરેશે આપની સુખ સામગ્રીમાં સંતોષ રાખવા સંદેશો પાઠવેલ છે.
ચંડપ્રદ્યોતન કહે દૂત ! એ બધું વિચારવા સમય નથી, વિપત્તિઓથી ગભરાવું કાયરનું કામ છે,
દૂત કહે મહારાજા ! પરનારીના પ્યારથી પ્રતિષ્ઠા ભંગ થઈ જશે તો પણ મૃગાવતી ને પ્રાપ્ત કરવી સંભવ નથી.
સતી મૃગાવતી એ પોતાના પતિની છાયા છે, ધર્મનિષ્ઠા નારી છે, તે પ્રાણ આપી દેશે પણ કદી શીલ છોડશે નહિ.
આવી સ્થિતિમાં લોકોનું લોહી વહેવડાવવું, લોકનિંદા સહન કરવી અને વૈર બાંધવું સિવાય બધું વ્યર્થ જશે,
અંતમાં નિરાશ થવાની અપેક્ષાએ આશા ન કરવી એજ ઉચિત છે...
ચંડપ્રદ્યોતન કહે આપણા પ્રયત્નો નિષ્ફળ જશે એમ માની પ્રારંભ જ ન કરવો એ કાયરનું કામ છે,
દૂત ! તમે આરામ કરો, કોઈપણ કાર્ય કરતાં પહેલાં નિષેધ કરવો એ સૌથી મોટું અમંગલ છે,
મારી તલવાર જ મારા હિતનો વિચાર કરશે...
દૂતની કોઈ વાત પર ધ્યાન ન આપતાં આખરે ચંડપ્રદ્યોતને રાજા શતાનીક પર ચડાઈ કરી.
તમે સૌ કોઈ જાણો જ છો યુદ્ધમાં શું હોય ? માર કાપ મોત વિનાશ પ્રત્યક્ષ દેખાતા હોય.
મનુષ્ય સ્વાર્થ અને ઉન્માદને આધીન બની જતાં પોતાના સમાન અગણિત

મનુષ્યોનું ધમસાણ વાળી નાખે છે !!!
મહારાજા શતાનીક પ્રથમ તો શુરવીર બની બહાદુરી પૂર્વક લડ્યા,
પરંતુ ચંડપ્રદ્યોતનની સાગર સરખી સેનાને જોઈ આખરે હિંમત હારી જઈ,
ભય પામી, સંઘરણીના દર્દથી મૃત્યુ પામ્યા !!!

મૃગાવતીની યુક્તિ

પતિદેવનું મૃત્યુ જોઈ મૃગાવતીએ અવસર ઓળખી યુક્તિ કેળવી
ચંડપ્રદ્યોતનને સમાચાર મોકલ્યા,
મારા પતિદેવ સંઘરણીના દર્દથી મૃત્યુ પામ્યા છે,
હાલ સમાજના નિયમ મુજબ વ્યવહાર જાળવવો જરૂરી છે વળી પુત્ર ઉદાયન પણ નાનો છે,
સમય વીતતાં પુત્ર રાજ્ય સંભાળી શકશે ત્યારે હું આપની ઈચ્છા પૂર્ણ કરીશ.
જો આ વાતનો સ્વીકાર નહિ કરતાં જોર જુલમ ચલાવશો તો મારે પ્રાણોની આહુતિ આપવી પડશે...
કામી પુરુષને આગળ પાછળનો વિચાર હોતો નથી !
મૃગાવતીના સંદેશાને માન આપી રાજા ચંડપ્રદ્યોતન અવંતી નગરીએ ગયા.
સતી મૃગાવતીએ પતિદેવના મૃત શરીરનો અંતિમ વિધિ સાચવ્યો.
આઘાત પ્રત્યાઘાત ભર્યા હૈયે પુત્ર ઉદાયનને આશ્વાસન આપી સતી મૃગાવતી દિવસો પસાર કરવા લાગ્યા !!!
કૌશાંબી નગરીને ફરતો મજબૂત કિલ્લો બંધાવી રાજ્યનું રક્ષણ કર્યું.
પોતાના પુત્રને અસ્ત્ર શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યાઓમાં પ્રવીણ બનાવી રાજ્ય ધુરા સંભાળી શકે તે રીતે તૈયાર કર્યો.
નવારાજા ઉદાયન આવતાં પ્રજાના દિલમાં નવચેતના જાગી ઊઠી !!!
કૌશાંબીના દરબારમાં રાજમાતાની છાયામાં ઉદાયન પ્રજાની સમસ્યાઓને હલ કરી રહ્યો હતો !

પ્રેમપત્ર

ચંડપ્રદ્યોતન વિચારે છે વર્ષો વિત્યાં છતાં હજુ મૃગાવતી તરફથી કંઈ સમાચાર ન આવ્યા !

સાક્ષાત્ મૃગાવતી મને મળી નથી. મને ચાહતી હશે કે કેમ ?
મેં તેના સમાચાર પર વિશ્વાસ રાખ્યો તે મોટી ભૂલ કરી છે !
અવંતીના રાજા ચંડપ્રદ્યોતનના મનમાં પશ્ચાત્તાપ થવા લાગ્યો !
વસ્તુસ્થિતિને જાણવા રાજા ચંડપ્રદ્યોતને સામગ્રી સહિત દૂતને મોકલ્યો.
રાજમાતાની અનુમતિથી ચંડપ્રદ્યોતનનો દૂત દરબારમાં ઉપસ્થિત થયો.
દૂતે ચંડપ્રદ્યોતન દ્વારા મોકલાયેલ વસ્ત્રાભૂષણ અને પ્રણયપત્ર મૃગાવતીને આપી ક્ષેમકુશળતા પૂછી.
રાણી મૃગાવતીના દિલનો ઘા તાજો થઈ જાય છે અને પતિદેવના અકાળ મૃત્યુનો સમય સંસ્મરણમાં આવી જાય છે,
ઉત્પન્ન થયેલ આવેશને સંયમ સાગરમાં સમાવી દઈ પત્ર વાંચી ટૂકડે ટૂકડા કરી ફેંકી દીધા !
મોકલેલ વસ્ત્રાભૂષણને ઠોકર મારી વેરવિખેર કરી નાખ્યા !!!

મૃગાવતીનો ઉકળાટ

એક આંખથી ઘૃણા બીજી આંખથી તિરસ્કાર વરસાવતી રાણી મૃગાવતીએ કહ્યું,
રાજા ચંડપ્રદ્યોતન તો શું ? સ્વર્ગના દેવો પણ મને શીલધર્મથી ચલિત કરી શકે તેમ નથી !!!
કોઈની પણ સહાય લીધા વિના પોતાની રક્ષા પોતે જ કરી શકું તેમ છું !
બાધક સમયે શરીરનો પરિત્યાગ કરવામાં ક્ષણપણ ક્ષોભ થાય તેમ નથી.
મૃગાવતીનો પતિવ્રતા ધર્મ અમર છે !
એક નહિ, એક હજાર ચંડપ્રદ્યોતન પણ મારા શીલનું ખંડન કરવા સમર્થ નથી...
રાજમાતાની આ વાત સાંભળતાં જ હજારો તલવારો મ્યાનમાંથી નીકળી પડી!
રાજસુભટોએ નારા લગાડ્યા !
રાજમાતા અમારા પ્રાણ છે ! રાજમાતા અમારું છત્ર છે !
રાજમાતા અમારું સર્વસ્વ છે ! રાજમાતા માટે આ શરીર સમર્પણ છે !
રાજમાતાએ ગદ્‌ગદ્ અવાજે કહ્યું, મારા વીર યોદ્ધાઓ ! જન્મ મરણ તો

જીવનના ખેલ છે,
કિન્તુ જે અન્યાય અને અધર્મનો પ્રતિકાર કરતાં પોતાના પ્રાણને ન્યોછાવર કરે તે અમર બની જાય છે.
જન્મ મરણની સાથે ક્રીડા કરનાર યોદ્ધાઓ ! તમારી શક્તિ અને ભક્તિ અજેય હો
અન્યાય અને અધર્મનો ઉચ્છેદ કરવા તમારે બધાએ આહુતિ આપવાની છે,
તમો વિજયી હો ! કૌશાંબીના વીરોનો યશ અમર રહો !
જનની અને જન્મભૂમિનો જય ! મહારાજા ઉદાયનનો જય !!! જય ઘોષણાની સાથે સભા વિસર્જિત થઈ...
અવન્તીનો દૂત કહે મને જવાબ શું આપો છો ?
તેજસ્વી યુવાન કહે જવાબ હજીયે ના સમજાયો ?
તો સાંભળો ! તમારા લંપટ રાજાને કહેજો કે કૌશાંબીના એકેક વીર,
તમારા કામજ્વરને ઉતારી દેવા વૈદ બની બેઠા છે...
તમારા કામુક રાજાને સમજાવજો કે કુળને કલંકિત બનાવી મોતને આમંત્રણ ન આપે.
ક્ષત્રિય જાતિના ઉજ્જવળ યશને નષ્ટ કરી તે જીવતો રહી શકશે નહિ.
દૂતના જવા પછી ખતરાનો ઘંટ વગાડ્યો !
કૌશાંબીની પ્રજા પોતાના જાનમાલ બચાવવા કિલ્લાના દરવાજાને બંધ કરી નગરમાં પહોંચી ગઈ.
મૃગાવતીની વિચક્ષણ બુદ્ધિએ કરાયેલ સુવ્યવસ્થા વર્ષો સુધી પ્રજાને સુખી રાખવા સમર્થ હતી.
કૌશાંબીમાં સર્વત્ર ઉમંગ ઉત્સાહ અને વીરરસનો જુવાળ દેખાતો હતો.

ફરી આક્રમણ થતાં વૈરાગ્ય

દૂત દ્વારા પોતાના અપમાનની કહાની સાંભળી અને મૃગાવતીના મનોભાવ જાણી,
ચંદ્રપ્રદ્યોતનના ક્રોધનો પાર ન રહ્યો...
છંછેડાયેલ સર્પની જેમ ઘૂંવાપૂંવા થતો રાજા દલબલની સાથે કૌશાંબી તરફ

ચાલી નીકળ્યો !!!

પરસ્ત્રી લંપટતા એ મહાન અનર્થકારી દુર્વ્યસન છે.

સમાજ અને વ્યક્તિ માટે ઘોર ભયંકર કલંકરૂપ છે.

વ્યભિચારરૂપ દર્દ અંતરાત્માને મલિન બનાવી નાના પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન કરે છે.

જે પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે છે તે જગતમાં દેવરૂપે મનાય છે !

જેઓ સ્વપતિ સંતોષ કે સ્વપત્ની સંતોષ વ્રતનું પાલન કરે છે તે જગતમાં સત્પુરુષ સન્નારી તરીકે ઓળખાય છે.

તેઓ પોતાના જીવનને ઉન્નત બનાવી પવિત્ર આંદોલન પ્રગટાવે છે.

તેઓ દેશ જાતિ કે સમાજના આભૂષણ રૂપ હોય છે એવા આત્માઓથી ધરતી ધન્ય બને છે...

ચંડપ્રદ્યોતન લડવા કૌશાંબીએ પહોંચ્યો ત્યાં નગરના દરવાજા બંધ હોવાથી સ્મશાન જેવી નીરવતા છવાયેલ જોઈ વધુ ક્રોધિત બન્યો.

ચંડપ્રદ્યોતને કૌશાંબી નગરીને ઘેરી લીધેલ સાંભળી મૃગાવતીને નિર્વેદભાવ જાગ્યો.

મારું રૂપ મારી પ્રજાને કષ્ટનું કારણ બનેલ અને મારા પતિદેવને મૃત્યુના મુખમાં ધકેલી દીધા !

વળી મારા લાડલા પુત્ર ઉદાયનને શત્રુની શક્તિશાળી સેનાથી ઘેરાવું પડ્યું !

જે રૂપે રાજા ચંડપ્રદ્યોતનના અંતરમાં કામ ઉન્માદ જગાડેલ,

એવા અનર્થકારી રૂપને સતી ધિક્કારવા લાગ્યા !!!

આ સમયે મહાવીરસ્વામી ભગવાનના દર્શન થાય તો ધન્ય બની જાઉ !

શાંતિના સાગર ભગવાન મહાવીરના ચરણોમાં મને જરૂર શાંતિ પ્રાપ્ત થશે...

એવી ભાવના સહિત નવકારમંત્રનો જાપ શરુ કરી દીધો.

પ્રભુજીનું પદાર્પણ

સતી મૃગાવતીની બળવાન ભાવનાએ ત્રિકાળજ્ઞાની ભગવાન મહાવીર કૌશાંબી નગરીએ પધાર્યા !

પરમ વીતરાગ દેવ જગતબંધુ જગન્નાથ ભગવાન જેના રોમેરોમે દયાના

ઝરણાં વહી રહ્યા હોય છે !
જેના પ્રભાવે સિંહ હરણ વગેરે તિર્યંચ પ્રાણીઓ પણ જાતિવૈર ભૂલી જઈ એક સભામાં બેસે છે !!!
અચિંત્ય મહિમાવંત ભગવાન મહાવીરના આગમનના ખબર સાંભળી રાજા ચંડપ્રદ્યોતન સેના સહિત ત્યાં આવ્યા !
આ ખબર જાણી રાજમાતા સાથે કુમાર ઉદાયન પણ સૈન્ય સહિત આવી પહોંચ્યા.
ઘટઘટના ભાવને જાણનાર ભગવાનનો ઉપદેશ સાંભળી ચંડપ્રદ્યોતનની કામવાસના દગ્ધ થઈ ગઈ.

પાપનું પ્રક્ષાલન

જે આંખોથી પાપનો પ્રારંભ થયેલ તેજ આંખોથી આંસુઓ વહાવી, કામરાગથી મુક્ત રાજા ચંડપ્રદ્યોતન સતીચરણમાં નમન કરી પાપનું પ્રક્ષાલન કરવા લાગ્યા !
દેવી ! મારા થયેલ અપરાધોને ક્ષમા કરો. હું કામાંધ હોવાથી આપને પિછાણી ના શક્યો !!!
તમે મારા માતા છો ઉદાયન મારો ભાઈ છે. તમારા શુભાશીર્વાદે દેવગુરુ ધર્મની છાયામાં અમે બંને ભાઈ પ્રેમપૂર્વક રહીશું !
સતી મૃગાવતીએ કહ્યું. દુઃખનુ મૂળ કારણ તો મારા અશુભ કર્મ જ છે, આપ તો નિમિત્ત માત્ર જ છો.
આપે શુદ્ધ હૃદયથી પશ્ચાત્તાપ કરેલ છે તો પશ્ચાત્તાપથી પાપ ભસ્મ થઈ જશે.
આપે ઉદાયનને ભાઈ માનેલ છે તો એને સંભાળશો અને મને સંયમ સ્વીકારવા અનુમતિ આપો.
રાજા ચંડપ્રદ્યોતન કહે ખરેખર ! નિસ્પૃહ આત્માને રોકવા કોઈ સમર્થ નથી, આપ પ્રમોદભાવે સંયમ અપનાવી આત્મકલ્યાણ સાધો.

સંયમસિદ્ધિ

ભગવાન મહાવીર સ્વામી પાસે સતી મૃગાવતી સંયમ સ્વીકારી, પ્રવર્તિની ચંદનબાળા ગુરુણીજી સાથે વિચરવા લાગ્યા.

એકદા ભગવાન મહાવીરની દેશનામાં લીન બની ગયેલ સાધ્વી મૃગાવતી એકાકી રહી જતાં,
શ્રી ચંદના ગુરુણીજીએ ઉપાલમ્ભ આપ્યો !
સાધ્વી મૃગાવતીજી સ્વદોષ દર્શને ભૂલનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા !! !
મોક્ષમાર્ગ વિશુદ્ધ બનાવવા શ્રેષ્ઠ ઉપાય સ્વદોષ દર્શન છે.
સ્વદોષ દર્શનથી ગજસુકુમાર, મુનિમેતારજ, સ્કંધક મુનિના પાંચસો શિષ્યોએ કૈવલ્ય લક્ષ્મી વરી સિદ્ધિના દ્વાર ખખડાવ્યા છે !!!
મૃગાવતીજી આત્મ પશ્ચાત્તાપ કરતાં ચાર ઘાતી કર્મોનો નાશ કરી,
સર્વજ્ઞ બની મહીમંડળે વિચરવા લાગ્યા.
અંતે શુદ્ધ અધ્યવસાયે સર્વ કર્મનો નાશ કરી મોક્ષ નગરના નિવાસી થઈ ગયા !!!

ઉપસંહાર

સતી મૃગાવતીને બચપણથી પ્રાપ્ત થયેલ ધર્મપિછાણ ધર્મશ્રદ્ધા કટોકટીના સમયે કેટલા ઉપયોગી નીવડ્યા.
પતિદેવનું અવસાન થતાં હિંમત કેળવી સતી મૃગાવતીએ ચંડપ્રદ્યોતનને આશ્વાસન આપવા કેવી યુક્તિ અજમાવી ???
સૈન્ય કે શસ્ત્રોથી, તીર કે તલવારોથી જે ન બની શકે તે મૃગાવતીના તપ ત્યાગની શક્તિથી અનાયાસે બની ગયું.
વત્સલ રસના નિર્મળ ઝરણામાં વૈરની આગ શાંત થઈ ગઈ !!!
રાજા ચંડપ્રદ્યોતન મૃગાવતીને પહેલા પણ ચાહી રહ્યા'તા પછી પણ ચાહી રહ્યા'તા પરંતુ ભાવમાં કેટલું અંતર !
પહેલાની ચાહનામાં વાસનાનું વિષ હતું જ્યારે પછીની ચાહનામાં નિર્મળતાનું અમૃત હતું.
ખરે જ ! વાસના વિનાનો પ્રેમ આત્માને તૃપ્તિ આપી શકે છે ...
વાસના ત્યાં ઘોર અંધકાર અને નરક ! વિશુદ્ધ પ્રેમ ત્યાં દિવ્યપ્રકાશ અને સ્વર્ગ દેખા દે છે.
લોકો વાસનાના વિષથી દૂર રહી નિર્મળ પ્રેમ કરે છે તેજ સાચા આનંદનો

અધિકારી બની શકે છે...

મૃગાવતીને માતા માની ચંડપ્રદ્યોતન, ભાઈ ઉદાયનને ભેટી પડતાં બંનેના નયનોમાં નીર વરસ્યા, અને અંતરના મેલ ધોવાઈ ગયા !

મૃગાવતીની ધર્મશ્રદ્ધા સોડા વોટરના તોફાન જેવી નહિ,

પણ જેના દિલમાં ધર્મશ્રદ્ધાએ પ્રગટાવેલ વૈરાગ્યની જ્યોત કદી બુઝાવાની હતી જ નહીં.

સમય સાધી મૃગાવતીએ સંયમ લેવાનો સંકલ્પ કર્યો.


વિનમ્ર મૃગાવતીએ સંયમમાં સારી શક્તિ લગાવી આત્માના અનંત જ્ઞાન દર્શન પ્રગટાવી લીધા !!!


સતી રત્ન મૃગાવતી મહિલા સમાજ માટે ખાસ આદર્શ રૂપ બની ગયા !!!


એમણે અનેક સંકટો સહીને પણ પોતાના સતીત્ત્વનું રક્ષણ કર્યું...

જે મહિલાઓ મૃગાવતીનું અનુકરણ કરશે તેમનું પરમ કલ્યાણ થશે.

ધન્યસતી મૃગાવતી ! ધન્ય છે કુળ વંશ !
ધન્ય હો તે દેશને ! જ્યાં ઉપન્યા રત્ન અવતંસ !







આઠમે સુલસા

પ્રવેશ

સોના પર કલાઈ ચડાવવાનું કોઈ કારણ નથી સોનું સ્વયં રૂપવાન અને ચળકાટવાળું દ્રવ્ય છે.

તેમ સદ્‌ગુણોથી ઉચ્ચતા પ્રાપ્ત કરી એવા આત્માઓને પણ કોઈ ઓપ આપવાનું કારણ નથી રહેતું.

તેઓ અસાધારણ સદ્‌ગુણોથી સદાય સુવાસિત હોય છે.

આ અવસર્પિણી કાળમાં ચમકી ગયેલ સોળ મહાસતીઓ વિશ્વમાં પ્રસિદ્ધ છે.

એમાં કેટલાકને દુઃખો અને સંકટોનો સામનો કરવો પડ્યો છે,

તો કેટલાકે સંકટો સહ્યા વિના પણ શીલ અને સદાચારોના દિવ્ય સદ્‌ગુણો પ્રગટાવી

સતીઓની સંખ્યામાં નંબર લગાડ્યો છે !

વીતરાગના શાસનમાં ભિન્ન ભિન્ન માર્ગે લક્ષ્યની પ્રાપ્તિ કરી શકાય છે.

પરંતુ મુખ્ય સિદ્ધાંત એ હોય છે કે કષાયના અભાવમાં ભોગ પણ યોગ બની જાય,

જ્યારે કષાયના સદ્‌ભાવમાં યોગ પણ ભોગની પર્યાયરૂપે પલટાઈ જાય છે.

કેવળ બાહ્ય સાધના પર ગૌરવ પૂર્ણ પદ મેળવી શકાતું નથી,

બાહ્ય સાધના સાથે આંતરિક સાધના પણ સતેજ હોવી જોઈએ.

આંતરિક સાધનાને જ્ઞાની ભગવંતો જ જાણી શકે છે !!!

એ જ્ઞાની ભગવંતોએ સતીઓના સમૂહમાં સોળ સતીઓને અગ્રસ્થાન આપેલ છે.

ભૂતપૂર્વે થઈ ગયેલ અનંત આત્માઓને આજે કોઈ યાદ કરતું નથી.

પરંતુ મૃત્યુંજય - કાળપર વિજય મેળવનાર મહાન આત્માઓના નિઃસંદેહ યુગયુગથી ગુણગ્રામો ગવાયા કરે છે અને ભવિષ્યમાં પણ ગુણો ગવાયા કરશે...

પોતાના આત્માને નિર્મળ નિર્વિકાર બનાવવા સાધનામાં જ પોતાની તમામ

શક્તિઓ ખર્ચી દઈ જીવન સાર્થક કરી જગતના જીવોને સત્પથ બતાવી ગયા. જેમના નામસ્મરણથી આપણા હૃદયમાં શ્રદ્ધા અને ભક્તિના પૂર ઊભરાતા મસ્તક ઝૂકી જાય છે !

એવો જ એક આત્મા અતિતના ઓવારે ઝળહળતું જીવન જીવી ગયેલ મહાસતી સુલસા !!

એમનું મહાન વ્યક્તિત્વ સર્ચલાઈટની જેમ આપણા જીવન પર પ્રકાશ પાડી જાય છે !!!

રાજગૃહે સુલસા

મગધ દેશમાં રાજગૃહ નગરે ન્યાયનિષ્ઠ પ્રજાપ્રિય

ધર્માત્મા રાજાશ્રેણિક અનુશાસન કરી રહ્યા હતા.

નગર રચના અને ધર્માનુશાસનને કારણે રાજગૃહની ખ્યાતિ દૂરસુદૂર પ્રસરેલી !

સમ્રાટ શ્રેણિકના જીવનમાં અનેક વિશેષતાઓ હોવાથી પ્રજાના સદ્‌ગુણોની સારી કદર કરતા.

રાજગૃહ નગરે વસતા નાગરથિક ગૃહસ્થે સદ્‌ગુણો વડે ખૂબ જ નામના મેળવેલી !

સુભટ શિરોમણી સેનાપતિ નાગરથિક શૂરવીર બુદ્ધિશાળી અને રક્ષક હોવાથી યુવાનોના પ્રાણરૂપ હતા.

વિનમ્ર વિવેકી ધર્માનુરાગી અનેક ગુણસંપન્ન શ્રાવિકા સુલસા જેમના ધર્મપત્ની હતા.

પતિ પત્ની પરસ્પર સરળતા સહિત એક બીજા પ્રત્યે વફાદાર રહી પ્રીતિ અને સુખપૂર્વક કાળ નિર્ગમન કરી રહ્યા'તા.

પુત્ર ઝંખના

એક વખત અગાશીમાં બેઠેલા નાગરથિકની દૃષ્ટિ માર્ગ પરથી પસાર થતાં શેઠ જોડે રહેલા પુત્ર પર પડી.

સૌમ્યઅને તેજસ્વી મુખાકૃતિવાળા શેઠ પુત્રની બાળ ચેષ્ટા જોઈ નાગરથિકનું મન વિહ્વલ બની ગયું !

દુનિયામાં કોઈ માને કે કિલ્લોલ કરતા બાળકથી ઘર સ્વર્ગ જેવું

સોહામણું દેખાય !
તો કોઈ માને કે પુત્ર હોય તો વૃદ્ધાવસ્થામાં વડીલોને સહાયક બને !
જ્યારે કોઈ માને કે પુત્ર હોય તો વંશ પરંપરા કાયમ રહે !
પરંતુ આ બધી મનની માન્યતાઓ છે !!!
કોઈ પુત્ર પિતાની હૈયાતીમાં જ પરલોકવાસી બને ત્યારે સંસાર કડવો ઝેર થઈ પડે છે.
કોઈ પુત્ર કપૂત નીવડે તો માતાપિતાની પાયમાલીનો પાર રહેતો નથી
છતાં પુત્રના નામ પર આશ્વાસન લેતા લોકો પુત્ર પ્રાપ્તિની ઝંખના રાખતા હોય છે !
પુત્રના અભાવે ખિન્ન થયેલા નાગરથિકે વિચાર્યું કે પુત્ર પ્રાપ્તિ માટે મારે કોઈ પણ ઉપાયો કરવા.
નાગ ગૃહસ્થ પુત્રની ધૂનમાં દેવોની માનતા મંત્ર તંત્ર પ્રયોગ પાછળ આમતેમ ભટકવા લાગ્યા.

સુલસાનો સંકલ્પ

ધર્મનિષ્ઠ રમણી સુલસા પતિની આ દશા જોઈ ચિંતા કરવા લાગી !
સુલસા પતિના દુઃખને પોતાનું જ દુઃખ સમજતી અને દુઃખનું કારણ પોતાને જ વિચારતી.
જો હું પુત્રવતી હોત તો પતિદેવની આ પાગલદશા હોત નહિ !
કિન્તુ આર્તધ્યાન ધરવાથી અંતરાયનો અંત આવી શકે નહિ.
હાય હાય કરવાથી વસ્તુ મળી જતી નથી. બલ્કે નવા કર્મબંધ થાય છે.
રડવું, વલોપાત કરવો એ કાયરતા છે. ધૈર્ય અને દૃઢતાથી ગૂંચનો ઉકેલ લાવવો એજ શૂરવીરતા છે.

સતી સુલસાની વિચારધારા :

પતિદેવ મને પ્રાણથી અધિક ચાહે છે તેમ મારો એ ધર્મ પણ છે કે તેમની ચિંતા મારે દૂર કરવી જોઈએ !
એમના દુઃખને જાણી શક્તિ હોવા છતાં ચૂપચાપ રહેવું એ સ્વાર્થવૃત્તિ ગણાય !

જો પતિદેવ ફરી લગ્ન કરે તો તેમની કામના પૂર્ણ થશે.
એ માટે હું તેઓને આગ્રહ રાખી વિનવણી દ્વારા જરૂર મનાવી લઈશ.
અવસર લઈ સુલસાએ નાગરથિકને કહ્યું નાથ ! આપ બીજી કન્યા સાથે લગ્ન કરો,
જેથી આપની મનોકામના પૂર્ણ થતાં મને સંતોષ થશે !
નાગરથિક કહે પ્રિયે ! તમે તમારા દાંપત્યજીવનને ખતરામાં નાખી મારા સુખની કામના કરો છો ?
જો તમે મારા સુખમાં તમારું સુખ સમજો છો તો હું તમારા સુખમાં મારું સુખ કેમ ના સમજું ?
સુલસા કહે સ્વામીનાથ ! આપે પુત્ર પ્રાપ્તિ માટે દેવ દેવીઓની માનતા મંત્ર તંત્રનો આશ્રય લીધો છે,
શું એવા પ્રયત્નથી પુત્રપ્રાપ્તિ થઈ શકે ?
નાગરથિક કહે હા... અનેક પ્રયત્ન કરતાં ક્યારેક કોઈ પ્રયત્ન સફળ બની જાય !
સુલસા કહે પ્રાણનાથ ! ક્ષમા કરજો. આપ ભ્રમમાં છો.
મંત્ર તંત્ર કે દેવદેવીની માનતાથી જો પુત્ર પ્રાપ્ત થાય તો દુનિયામાં દત્તકપુત્ર લેવાની આવશ્યકતા ન હોત.
મંત્રાદિ પ્રયોગ તો મિથ્યા આચાર છે એથી જન્મ મરણો વધી જતાં દુઃખોની વૃદ્ધિ થાય છે.
નાગરથિક કહે દેવી ! તો બીજા પ્રયાસો કયા ! ફરી લગ્ન કરવાથી મારી સમજ મુજબ અસંયમનું પોષણ થાય !!!
તો સુલસા કહે સ્વામી ! કર્મોનો ક્ષય કરવા અને વાસ્તવિક સુખ પામવાનું સાધન છે ધર્મ આરાધના !!
ભૌતિક અને આધ્યાત્મિક બંને જાતના સુખો મળે છે ધર્મ આરાધન કરવાથી.
નાગરથિક કહે દેવી ! એ તમારું કહેવું તદ્દન યોગ્ય જણાય છે.
ખરેખર ! વિપત્તિ વખતે સદ્‌બુદ્ધિ આપનાર પત્નીનો સંયોગ અત્યંત દુર્લભ હોય છે !

મારા સદ્‌ભાગ્યે તારો સુયોગ સાંપડયો છે ! ખરેખર તે જ્ઞાન અંજન આંજી મારાનેત્ર ખોલી દીધા છે.

હું કુમાર્ગે હતો પરંતુ તેં મને આજે સમ્યક પથનો પથિક બનાવી દીધો !!!

તે દિવસથી શ્રાવક નાગરથિક ભગવાન મહાવીરના ઉપાસક બની ધર્મ આરાધના કરવા લાગ્યા !

સુલસાના યશોગાન

નાગરથિક જેવા આદર્શ પતિદેવ અને સતી સુલસા જેવા આદર્શ પત્ની હતા !

પત્નીનું કર્તવ્ય બહુ મોટું હોય છે !

ઘર વ્યવહાર સંભાળવો કુટુંબની માવજત રાખવી પતિદેવની સેવા કરવી એમાં જ પત્નીત્વની સાર્થકતા છે.

આદર્શ પત્નીનું કર્તવ્ય એથી પણ મહત્ત્વપૂર્ણ છે !!!

સ્વયં ધર્મ પથ પર ચાલે અને પોતાના પતિદેવને ધર્મપથ પર ચલાવે.

કદાચ પતિદેવ પથભ્રષ્ટ થઈ જાય તો વિનય ઓર કુશળતા પૂર્વક પુનઃ સન્માર્ગે લાવવા પ્રયત્ન કરે.

આદર્શ અને વિવેકવાન દંપત્તી એક બીજાની સહાયતાએ ગૃહસ્થધર્મ પાલનમાં મોખરે રહે છે.

જે લોકો ગૃહસ્થ જીવનને ભોગ ઉપભોગનું સાધન સમજી સદાભોગ રૂપ કીચડમાં ફસાયા રહે છે.

એવા આત્માઓનો ઉદ્ધાર થવો બહુ કઠિન થઈ પડે છે.

સતી નારીની એ વિશેષતા હોય છે કે વિપત્તિઓના પહાડ તૂટી પડે કે સુખના સાગર ઊમટી પડે તોય ધર્મમાં મેરુ જેમ અડોલ રહે છે !

એવી નારી સુલસાનો યશ ચોમેર ફેલાઈ રહ્યો હતો !!!

કુસુમની સૌરભ દિગંતમાં વિસ્તારવા ચિત્ર પટ પર આલેખવા કે અખબારોમાં જાહેર કરવા જરૂરત નથી હોતી.

સ્વર્ગ લોકે પ્રશંસા

કુસુમની સુવાસ આપોઆપ ખૂણે ખૂણે ફેલાઈ જાય છે.

તેમ સતી સુલસાની સુવાસ સ્વર્ગ લગી ફેલાઈ ગયેલી !

ઈન્દ્ર મહારાજા જેવા પણ સતી સુલસાના ગુણગ્રામ ગાવામાં અહોભાગ્ય સમજતા હતા.

સિંહાસન પર આરૂઢ થયેલા ઈન્દ્ર મહારાજા એકદા દેવસભામાં ઉદ્‌બોધન કરી રહ્યા હતા,

મનુષ્યો જિનવાણીની પ્રેરણાએ નશ્વર સંસારી સુખોની મમતા ત્યાગી આત્મ કલ્યાણની સાધનામાં ઓતપ્રોત રહે છે,

પરંતુ દેવયોનિમાં આપણી પાસે ધર્મ આરાધન કરવાની શકિત નથી.

આપણે મેળવેલ ભોગોમાં મસ્ત રહી ઉપાર્જિત સંપત્તિને ગુમાવી બેસીએ છીએ.

જ્યારે મનુષ્ય ધારે તો આત્મ કમાણીરૂપ નવી મૂડીને એકત્ર કરી શકે છે.

એ દ્રષ્ટિએ દેવોની શકિત સીમિત છે અને મનુષ્યશકિત અસીમ છે !

આપણે કેવળ ભોગના કીડા છીએ.

વાસી ખાઈ ઉપવાસી રહી ચાલ્યા જવાનું !!!

મનુષ્ય ભોગની સાથે યોગની સાધના કરી શકે એટલું જ નહિં.

મનુષ્ય સિદ્ધ બુદ્ધ પરમ જ્યોતિ સ્વરૂપ પરમાત્મ પદને પણ પામી શકે છે !!!

દેવ પાસે એ જાતનું કશુંય સામર્થ્ય નથી.

આજે પણ મધ્યલોકમાં મગધદેશમાં અનેક આત્માઓમાં એક સતી સુલસા મોજુદ છે.

એમનો આત્મા ધર્મ આરાધનામાં અડગ અને માનસિક સ્વસ્થતામાં અચલ છે.

સતી સુલસાની નિષ્પૃહતાને શત શત વંદન હો !!!

મનુષ્ય જાતિ અને તેમાંય પછી એક નારીની પ્રશંસા એક નાસ્તિક દેવ સહન કરી શકયો નહિ.

સતી સુલસાની પરીક્ષા કરવા પેલો દેવ મૃત્યલોકે રાજગૃહ નગરે આવી પહોંચે છે.

સુલસાની કસોટી

દિવસના ત્રીજા પ્રહરે સતી સુલસાને ઘેર એક જૈન મુનિ પધાર્યા,

મુનિશ્રીને પધારતાં જોઈ ધર્મપ્રેમિ સુલસાના રોમે રોમ ઉલ્લસિત થઈ ગયા !
પધારતા સંતને સામે જઈ સુલસાએ વંદન કરી આહાર પાણીનું
આમંત્રણ કર્યું.
પધારેલા ગ્લાન મુનિએ લક્ષપાક તેલની યાચના કરી.
સતી ઉમળકા ભેર સૂઝતું નિર્દોષ લક્ષપાક તેલ વહોરાવવા આવે ત્યાં
દેવ પ્રયોગે ઘડો હાથમાંથી સરી જતાં પૃથ્વી પર પડયો ને ફૂટી ગયો !!
ક્ષોભ પામ્યા વિના બીજો ઘડો વહોરાવવા લીધો તેપણ સરી પડ્યો ને
ફૂટી ગયો !!
લેશ પણ ખચકાયા વિના જાળવી બહુ યત્નાપૂર્વક ત્રીજો ઘડો
વહોરાવવા આવે,
તો તે પણ તે જ રીતે સરી જવાથી ફૂટી ગયો !!!
સતી સુલસા આશ્ચર્યમાં પડી જાય છે આમ કેમ ?
અહા..... હાં ! દાનાંતરાય કર્મનો મારો કેવો ઉદય ???
મુનિશ્રી પાસે જઈ સતી સુલસા પશ્ચાતાપ કરવા લાગ્યા !
અહો ! કૃપાસિંધુ ! હું કેટલી કમનશીબ ?
સાધન સામગ્રી પાસે હોવા છતાં સુપાત્રદાનનું પરમ પુણ્ય પ્રાપ્ત કરી
શકી નહીં !!!
સતિ સુલસાની કેવી પરમ પવિત્ર ભાવના !
જૈન ધર્મ પ્રત્યે અત્યંત અનુરાગ ! મુનિશ્રી પ્રત્યે અનન્ય ભકિત ! અને
પૂર્વોપાર્જિત કર્મોનો પશ્ચાત્તાપ !
આ ત્રિવેણી સંગમમાં ઉત્કૃષ્ટ ભાવે અવગાહન કરતાં સુલસાના આત્માએ
કર્મોની ભેખડો તોડી નાખી !
એમનો મનુષ્ય જન્મ સાર્થક થઈ ગયો ! એમનો આત્મા કૃતકૃત્ય થઈ ગયો !!!
પરીક્ષા પૂર્ણ થઈ અને જોત જોતામાં સાધુ મુનિ દેવરૂપે દેખાવા લાગ્યા !
અદ્‌ભુત કાંતિથી ચમકતો દિવ્ય દેહ ! કાને કુંડલ ! મસ્તકે મુગટ ! ગળામાં
મુકતામણિ હાર !
અને મુખારવિંદ પર દેદીપ્યમાન આભા જોઈ સુલસા વિચારે આ સ્વપ્ન કે શું ?

વિસ્મિત થયેલ સતી સુલસાને જોઈ દેવે કહ્યું દેવી સુલસા ! તમે ધન્ય છો !
તમારી ચરણ રજથી આ પૃથ્વી પણ પાવન બની રહી છે !!
તમારા જેવા ધર્મપ્રિય માનવોથીજ આ માનવભવ દેવો કરતાં પણ ચઢિયાતા
સ્થાને ગણી શકાય છે !!
સ્વર્ગાધિપતિ ઈન્દ્ર મહારાજાએ જે શબ્દોમાં તમારી પ્રશંસા કરી હતી.
વાસ્તવમાં તમે તેના માટે યોગ્ય જ છો ...
બધુ જ લક્ષપાક તેલ ઢોળાઈ ગયા છતાં તમારી મુખાકૃતિ પર
ક્રોધ અથવા ક્ષોભની રેખા માત્ર પણ દ્રષ્ટિગોચર થઈ નહિં !
ખરેખર તમે કષાયો પર વિજય પ્રાપ્ત કર્યો છે. જેથી દેવવંદ્ય છો.
પરીક્ષાના પથ્થર પર કસતાં તમને આપેલ કષ્ટ બદલ ક્ષમા માગું છું !

બત્રીશ ગૂટિકા

દેવી ! તમને કોઈ જાતના લાભનો લોભ નથી છતાં દેવ દર્શન અમોઘ હોય છે
- નિષ્ફળ જાય નહીં.
જેથી કંઈક આપી જવા ઈચ્છા છે તો કહો શું આપું ?
સતી સુલસા કહે દેવ ! આપની કૃપા માટે કૃતજ્ઞ છું.
આપને જે વસ્તુની કમીના દેખાય તેની પૂર્તિ કરતા જાઓ.
દેવ કહે ઉપાદાન કારણને નિમિત્તની અપેક્ષા અને નિમિત્તકારણને ઉપાદાનની
અપેક્ષા રહે છે,
વાસણ માટીમાંથી બને છે છતાં કુંભાર આદિ નિમિત્ત કારણોની અપેક્ષા રહે
છે તેમ તમારું લાભાંતરાય કર્મ દૂર થઈ જતાં હું તો નિમિત્ત માત્ર છું લો આ
બત્રીશ ગુટિકા !!!
દર વર્ષે એકેક ગોળીનું સેવન કરવાથી તમને બત્રીશ પુત્રોની પ્રાપ્તિ થશે !
ગુટિકાઓ આપી દેવ અદૃશ્ય થઈ ગયો..
કોઈ પણ આત્માઓ કર્મસત્તાનું ઉલ્લંઘન કરી શકતા નથી.
ભગવાન મહાવીર સ્વામી, જેવાને પણ અશાતા વેદનીયનો ઉદય આવતા,
ગૌશાલક નિમિત્તે છ મહિના સુધી રક્તાતિસારની વેદના સહેવી પડી.
ભગવાનના ભક્તો, દેવગણ કે દેવેન્દ્ર પણ કંઈ કરવા સમર્થ બની

શકયા નહિ.
અશાતા વેદનીયનો ક્ષય થયો ત્યારે ઔષધનો યોગ મળી ગયો !
કર્મોનો ઉદય ક્ષયોપશમ અને ક્ષય થયા કરે છે પરંતુ આપણે અલ્પજ્ઞ હોવાથી
કશું જાણી શકતા નથી,
જેથી પુરુષાર્થનો આશ્રય લેવો પડે છે.
ધર્મશીલા સુલસા વિચારે કે મારે ઘણા પુત્રોને શું કરવા ?
ગુણવંત અને લક્ષણવંત એવો એક જ પુત્ર મારે બસ છે.
બત્રીશ ગુટિકાઓ વાપરવાથી બત્રીશ પુત્રો થતાં તેના મળમુત્રાદિથી
ધર્મકાર્યમાં મને બહુ વિઘ્ન પડશે !
એમ ચિંતવી સુલસાએ એકી સાથે બત્રીશે ગુટિકા ખાઈ લીધી.
સમય જતાં ગર્ભોની વૃદ્ધિ થતાં પેટમાં પ્રબળ પીડા થવા લાગી !
સુલસાએ વિઘ્ન નિવારવા દેવનું સ્મરણ કરતાં કાયોત્સર્ગ કર્યો.
તેણીના સત્વથી આકર્ષાઈ દેવ પ્રગટ થઈ કહે મને શા માટે બોલાવેલ ?
સુલસાએ અવાજ સાંભળતાં કાયોત્સર્ગ પૂર્ણ કરી અહેવાલ જણાવ્યો.
દેવે કહ્યું તમે મોટી ભૂલ કરી છે એકી સાથે ગુટિકાઓ ખાવાથી
બત્રીશે પુત્રો સાથે જન્મ પામશે અને એક પુત્રનું મૃત્યુ થતાં સાથે બધાયનું
મૃત્યુ થઈ જશે.
સુલસાજી બોલ્યા કે જીવને શુભાશુભ કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી.

"કર્મથી નાઠા જાય પાતાળે પેસે અગ્નિ ગોઝાર,
મેરુ શિખર ઉપર ચઢે તોયે કર્મ ના મૂકે લગાર"

અપાર શકિતશાળી દેવના લબ્ધિ પ્રયોગે પેટની પીડા શાંત થઈ ગઈ !

બત્રીશેનો જન્મ

યથાસમયે સતી સુલસાએ અનુક્રમે બત્રીશે પુત્રોને જન્મ આપ્યો !
સંતાનોને સંસ્કારી બનાવવા પહેલાં માતાએ સંસ્કારી બનવાની ખાસ
જરૂરત હોય છે.
પુણ્ય પ્રભાવે સુલસાના પુત્રો પ્રશસ્ત લક્ષણવંત રૂપ ગુણ અને
શક્તિસંપન્ન હતા.

અનુક્રમે નવયુવાન બનતાં યોગ્યતાનુસાર રાજા શ્રેણિકની સેનામાં અંગરક્ષક પદે જોડાયા.

નમ્રતા અને વીરતાને કારણે બત્રીશે ભાઈઓ રાજા શ્રેણિકને અતિપ્રિય અને વિશ્વસનીય બની ગયેલા !

સદ્‌ગુણી માતાના સંતાનો પણ પ્રાયઃ સદ્‌ગુણી જ હોય છે.

ગુણિયલ અને સુસંસ્કારી સારા કુળની કન્યાઓ સાથે બત્રીશે પુત્રોના લગ્ન કર્યા.

બત્રીશે પુત્રવધૂઓ ખૂબ જ વિનય વિવેકથી વસતાં સતી સુલસા માતૃહૃદયી બની

ઘરમાં સ્વર્ગ જેવું વાતાવરણ ખડું કરી દીધું !!!

બત્રીશે પુત્રવધુઓ પરસ્પર મા જણી બહેનોની જેમ હેતપ્રીતથી રહેતાં !

યોગ્ય સમયે સાસુજી સાથે ધર્મ આરાધન કરતાં શાંતિની ઘડીઓ પસાર કરવા લાગ્યા !!!

સ્વામીજીનો સંદેશો

પૃથ્વીને પાવન કરતા ગ્રામાનુગ્રામ વિચરતા લોકોને ધર્માભિમુખ બનાવતાં સપરિવારે શ્રી મહાવીર સ્વામી ચંપાનગરીએ પધાર્યા.

આગમનના ખબર મળતાં પરમાત્મ દર્શન પ્યાસી આપ્તપુરુષની વાણી સુણવા ઉલ્લાસી આત્માઓ એકત્ર થયા !

એમાં બારવ્રતધારી રાજગૃહ નગરના વાસી અંબડ સંન્યાસી પણ હાજર હતા, તપશ્ચર્યાના યોગે જેને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થયેલી !

ઉપદેશ સમાપ્ત થતાં ભગવાનને વંદન નમસ્કાર કરી શ્રોતાજનો સ્વસ્થાને ગયા.

અંબડ સંન્યાસીએ પ્રભુને રાજગૃહ નગરે પધારવા વિનંતી કરી.

ત્યારે રાજગૃહ નગરે વસતા દૃઢધર્મી શ્રાવિકા સુલસાને સંન્યાસી અંબડ સાથે ભગવાને ધર્મ આરાધન સંદેશો પાઠવ્યો.

ઓહો... ! વીતરાગી ભગવાન મહાવીર જેવા પણ એક સ્ત્રીને ધર્મ આરાધન કરવા સંદેશો પાઠવે છે !

એવી તે કઈ વિશેષતા છે ? સતી સુલસાની મારે પરીક્ષા કરવી જોઈએ.
લબ્ધિ પ્રયોગે અંબડ સંન્યાસી પૂર્વદ્વારે બ્રહ્મારૂપે ઉપસ્થિત થતાં માનવ મહેરામણ ઊમટી પડ્યો !
બીજે દિવસે દક્ષિણ દ્વારે વિષ્ણુ-શ્રી કૃષ્ણ રૂપે ઉપસ્થિત થતાં હકડે ઠઠ માનવમેદની જામી.
ત્રીજા દિવસે પશ્ચિમ દ્વારે, મહેશ-શંકરરૂપે ઉપસ્થિત થતાં કીડિયારાની જેમ લોકો ઊભરાયા !!!
ત્રણ ત્રણ દિવસના પ્રયત્નો છતાં દૃઢ શ્રદ્ધાળુ સતી સુલસા ક્યાંય દેખાયા નહિ,
એટલે ચોથે દિવસે ઉત્તર દ્વારે ઠાઠમાઠથી રચાયેલ સમવસરણમાં જિનેંદ્ર ભગવાન રૂપે ઉપસ્થિત થતાં,
દેવો મનુષ્યો તિર્યંચોની પરિષદ પ્રભુદેશના સાંભળવા એકત્ર થઈ.
પાડોશણ કહે બહેન સુલસા ! આજે તો ચાલો, નગર બહાર સાક્ષાત્ જિનેશ્વર ભગવાન પધાર્યા છે !
જેઓ દૂધ મધ અને અમૃતથી પણ અધિક મીઠી દેશના આપી રહ્યા છે.
ચાલોને સાંભળવા !
સતી સુલસા કહે બહેન ! જો મારા જિનેશ્વર દેવ અહીં પધાર્યા હોય તો મારા હૃદયમાં ઉત્સાહ ને થનગનાટ કોઈ ઓર જ થવો જોઈએ !!
આ તો નક્કી કોઈએ ઈંદ્રજાળ - છળકપટ પાથરેલ છે...
ચાર ચાર દિવસથી અચંબો ઉપજાવે અને આકર્ષણ જગાવે તેવા રૂપો બતાવ્યા છતાંય,
સ્થિતપ્રજ્ઞા સુલસા નજરે દેખાયા નહિ એજ તેમની વિશેષતા છે !!!
પૂર્ણ પરીક્ષા કરી આનંદ અનુભવતાં સંન્યાસી અંબડે સુલસાને ઘેર જઈ માનભેર વંદન કરી કહ્યું,
ઓ સમ્યક્ત્વ શિરોમણિ બહેન સુલસા ! ભગવાન મહાવીરે આપને ધર્મ આરાધન કરવા ધર્મ સંદેશ પાઠવેલ છે.
આ સાંભળતાં પુલકિત બની ગયેલ સુલસા વિચારે છે ઓહો... હો !

ભક્તના હૈયે ભગવાન હોય પણ ભગવાનના હૈયામાં મારું સ્થાન !!
ધન્યાતિધન્ય !!!
સુલસાએ સહોદરભાઈની જેમ ભક્તિસહિત અન્નપાનાદિ વડે સંન્યાસી અંબડને ભોજન કરાવ્યું.
અંતરથી ધન્યવાદ આપતો અંબડ પોતાને ઘેર ગયો અને સુલસાજી અત્યંત ઉત્સાહ ભેર અહિંસાદિ ધર્મનું આરાધન કરવા લાગ્યા...

પુત્ર વિયોગ

એક ચિત્રકારે સ્વરૂપવાન ચિલ્લણાનું ચિત્રપટ બનાવી રાજસભામાં રાજા શ્રેણિકને આપ્યું.
ચિલ્લણાના સૌંદર્યને જોઈ નૃપતિ શ્રેણિક મુગ્ધ બની ગયા !
પિતૃ દર્શને આવતા પુત્ર અભય, પિતાને બેચેન બનેલા જોઈ,
પિતાની ઈચ્છા પૂર્ણ કરવા બુદ્ધિ નિધાન અભયકુમાર વિશાળા નગરીએ પહોંચી
ચિલ્લણાના મહેલની બાજુમાં અત્તરની દુકાન નાખી,
અત્તરની દુકાને પિતા શ્રેણિકની તસ્વીર ગોઠવી દીધી
દૂરદૂરથી સુગંધ આવતા તપાસ કરવા ચિલ્લણાએ દાસીઓને મોકલી,
ચિલ્લણાના દિલમાં દિલચશ્પી લાગી,
દાસી દ્વારા તેજસ્વી તસવીર અને અત્તરની હકીકત જાણી અને પેલા વ્યાપારીને બોલાવી આવવા કહ્યું.
સમ્રાટ શ્રેણિકનું આબેહૂબ ચિત્ર જોયું. અને મહેલમાં આવેલા અભયકુમારના મુખેથી પ્રશંસા સાંભળી
કુમારી ચિલ્લણાએ રાજા શ્રેણિકને આત્મ સમર્પણ કરી દીધું.
મહેલથી સુરંગ દ્વારા રાજગૃહ નગરે પહોંચાડી ત્યાં વિધિથી વિવાહ કરવા અભયકુમારે ચિલ્લણા સાથે સંકેત કર્યો.
ચપળ સુજ્યેષ્ઠાને એ વાતનો ખ્યાલ આવી ગયો અને ચિલ્લણા પાસેથી તાગ મેળવી
સુજ્યેષ્ઠાએ પણ સાથે જવા નક્કી કર્યું.

નરપતિ શ્રેણિકના રૂપ અને સૌંદર્યથી આકર્ષાયેલ રાજકુમારી ચિલ્લણા અને સુજ્યેષ્ઠા

બંને બહેનોએ ચેડા રાજાને નિવેદન કર્યા વિના રાજગૃહ પહોંચવા ગુપ્ત કાર્યક્રમ ગોઠવી લીધો !

રાજા શ્રેણિક રથમાં બેસી નાગરથિક અને તેના બત્રીશે પુત્રોને સાથે લઈ ગુપ્તમાર્ગી દ્વાર પર નિશ્ચિત સમયે આવી પહોંચ્યા !

સુજ્યેષ્ઠા, ચિલ્લણાની સાથે તૈયાર થઈ ચીંધ્યા માર્ગે પહોંચે ત્યાં દાગીનાની પેટી ભૂલી જતાં પાછી લેવા જાય છે,

પળનોય વિલંબ કરવો ભારે હોવાથી શીઘ્ર ચિલ્લણાને રથમાં બેસાડી રાજા શ્રેણિક ચાલતા થઈ ગયા !

કારણમાં ચેડા રાજાએ પોતાની પુત્રીઓને જૈન સિવાય કોઈને ન આપવા સંકલ્પ કર્યો હતો,

જ્યારે રાજા શ્રેણિક બૌધધર્મનું પાલન કરી રહ્યા હતા !!!

સુજ્યેષ્ઠા દાગીનાની પેટી લઈ આવે ત્યાં બહેન ચિલ્લણા નહિ દેખાવાથી તેણીનું દિલ ભાંગી પડ્યું !

ક્રોધ અને ક્ષોભથી વિહ્વલ બનેલ સુજ્યેષ્ઠાએ દોડો... દોડો કહી શોરબકોર મચાવી દીધો !!

રાજા ચેડાને આ સમાચાર મળતાં સેના લઈ રાજા શ્રેણિકની પાછળ પડ્યા !

આગળ ચિલ્લણા સહિત રાજા શ્રેણિકનો રથ રાજગૃહ તરફ તીવ્ર ગતિએ ચાલ્યો જાય છે.

પાછળ રહેલા અંગરક્ષકોની સાથે યુદ્ધ થતાં પરસ્પર વીરતા પૂર્વક લડવા લાગ્યા !!

સૈનિક અને ચેડારાજાના બાણથી વીંધાઈ નાગરથિક અને તેમના એક પુત્રનું મૃત્યુ થઈ જતાં

એકી સાથે બત્રીશે પુત્રનું મૃત્યુ થઈ ગયું !!!

સેનાપતિ નાગરથિક અને એક નાડીએ જન્મેલા બત્રીશે પુત્રો મૃત્યુ પામવાની વાત રાજગૃહ નગરમાં વાયુવેગે વિસ્તરી ગઈ !

લોખંડી સુલસા

પરોઢિયાના સમયે સતી સુલસા પુત્રવધૂઓ સંગાથે સામાયિક આદરી બેઠેલા, ત્યાંથી જનસમૂહ વાતો કરતો જાય છે.

નાગરથિક અને તેમના બત્રીશે પુત્રો લડાઈમાં મૃત્યુ પામ્યા !

હવે આ બધી તોતીંગ મહેલાતો કેવી દેખાશે ??

આ અવાજ સામાયિકમાં રહેલા ધર્માત્મા સતી સુલસાને કાને અથડાયો !

એકાએક સમાચાર સાંભળતાં સુલસાજી મનને લોખંડી બનાવી પુત્રવધૂઓને ઉપદેશ આપવા લાગ્યા,

સંસારની ક્ષણિકતાના ભાવો અને સુખકારી સંયમી જીવનમાં લેવા જેવો લહાવો,

એટલા બધા ઊંડાણથી કહેતા ગયા તેના પરથી સુલસાનો વિરક્ત ભાવ પરખાવા લાગ્યો.

બત્રીશે પુત્રવધૂઓ કહે પૂ. માતુશ્રી ! શું આપને સંયમ સ્વીકારવા ભાવ જાગ્યા છે ?

તો પછી ઢીલ શા માટે કરો છો ?

સુલસા કહે મને એક જોરદાર બંધન રુકાવટ કરે છે જો હું સંયમ સ્વીકારું તો તમારા બધાના ભાવિનું શું ?

અરે પૂ. માતુશ્રી ! જો તમે સંયમ અંગીકાર કરતાં હો તો આપની સાથે અમે પણ સંયમ અંગીકાર કરીશું...

સુલસાજી તરફથી અપાયેલ ધર્મોપદેશના પુત્રવધૂઓના મુખેથી આ શબ્દો સરી પડ્યા !

ધર્મજ્ઞ સુલસાએ તમામ પુત્રવધૂઓને પોતાના સરખા વિચારવાળા બનાવી લીધા !

તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું :

પડદો ઊંચકી

સુલસાજી કહે બહેનો ! આપણું સૌભાગ્ય ચિન્હ છીનવાઈ ગયું !!

અઘટિત ઘટના એવી બની કે પતિદેવ સાથે બત્રીશે પુત્રોનો યુદ્ધમાં

નાશ થઈ ગયો !!
ભાવિના ભીતરમાં એવું જ છુપાયેલું હશે !!!
પરિવર્તનશીલ સંસારમાં ઝાકળના બિંદુ જેવા ક્ષણિક ભૌતિક સુખો રહેલા છે.
આ વાત સાંભળતાં બત્રીશે પુત્રવધૂઓ પર આભ તૂટી પડ્યા જેવું
દુઃખ લાગ્યું !!!
સુલસાજી કહે ઓ મુમુક્ષુ બહેનો ! યાદ કરો હમણાં જ તમે શું
બોલી ગયા'તા ?
જે નાશવંત છે એવા ભૌતિક સુખો માટે વલોપાત શા કામના ?
આપણે શાશ્વત એવા આત્મિક સુખો મેળવવા પુરુષાર્થશીલ બનીએ...
એવો બોધ આપી બત્રીશે પુત્રવધૂઓને શાંત અને સ્થિર બનાવી દીધા !
કડડભૂસ થઈ ધસી પડેલા જીવનમાં ધૈર્યધારણ કરાવનાર ધન્ય સતી
સુલસાને !!!
દરમ્યાન સુલસાજીએ ત્યાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું !!!
આ બાજુ શોકાતુર હૈયે અભયકુમાર આશ્વાસન આપવા આવ્યા.
સતી સુલસા કહે કુમાર ! અમે બધાય સંયમ સ્વીકારવા તૈયાર થયા છીએ !
જે બનવાનું હતું તે બની ગયું તેમાં તમે કોઈ ખેદ કરશો નહિ...
ઘરના દ્વાર ખુલ્લામૂકી સતી સુલસાજી પુત્રવધૂઓ સહિત ભગવાન મહાવીરના
શરણે ગયા !!!
સંયમ સ્વીકારી રત્નત્રયીની રંગભરી આરાધના કરી મહાસતીજી સુલસા
આયુષ્ય પૂર્ણ કરી પાંચમા દેવલોકે ગયા.
આવતી ચોવીશીમાં આ ભરતક્ષેત્રે પંદરમા નિર્મમ નામે તીર્થંકર થશે !!!
ધન્ય ધન્ય હો વિશાળ વીતરાગના શાસનને ! સ્ત્રી જાત માટે પણ કેવો સુંદર
અધિકાર આપેલ છે !!!

ઉપસંહાર

સતી સુલસાની કથામાં રહેલ જીવનશક્તિને પકડવાની આવશ્યકતા છે.
એમાં લૌકિક લોકોત્તર બંને પ્રકારના ઉપયોગી તત્ત્વો વિદ્યમાન છે.
લૌકિક તત્ત્વ - સાધારણ રીતે લોકોમાં પુત્રની ઉત્કટ લાલસાઓ

જોવા મળે છે !

વૈદિક ધર્મનો દૃષ્ટિકોણ છે - "અપુત્રસ્ય ગતિ નાસ્તિ" અપુત્રીઆને સદ્‌ગતિ મળતી નથી.

પુત્ર શ્રાદ્ધ કરે તેથી પરભવમાં પિતાને તૃપ્તિ થાય.

શ્રાદ્ધના દિવસે બ્રાહ્મણોને જમાડે તે પિતૃઓના પેટમાં પહોંચી જાય,

શ્રાદ્ધ ન કરે તો પિતૃઓ ભૂખે મરે, એ કેવી હાસ્યાસ્પદ વાત છે ?

કોઈ એમ માને છે કે પુત્ર હોય તો આપણી વંશ પરંપરા ચાલુ રહે.

અરે ! અનાદિ અનંત આ સંસાર તો ક્યારેય બંધ થવાનો નથી...

ખરે ! સુખી બનવું જ હોય તો મુક્તિમાં પહોંચવા પરવાનો લઈ લેવાનો જરૂરી છે !

લોકોત્તર તત્ત્વ

જૈન ધર્મ કર્મ સિદ્ધાંતને પ્રધાનતા આપે છે.

પુત્ર હોય કે ના હોય સર્વ જીવો કૃત કર્માનુસાર ગતિ પામે છે.

આ જીવન બ્રહ્મચારી રહી શાસ્ત્ર મુજબ જીવન ઘડે તો સદ્‌ગતિ પ્રાપ્ત થાય.

બાકી પરલોકમાં પુત્રનું કોઈ મહત્ત્વ નથી.

આ બાબતમાં દેવી સુલસાની કથા ખાસ પ્રેરણાત્મક રહેલી છે.

કદાચ આ લોકની સુખશાંતિ માટે પુત્રકામના રહે તો પણ કદાપિ,

દેવ દેવી કે મંત્ર તંત્રની ચુંગાલમાં ફસાવું જ નહીં.

ભાવિમાં ન હોય તો પુત્ર આપવા દેવ દેવી કોઈનીયે તાકાત નથી...

સુલસાએ દૃઢ ધર્મશ્રદ્ધા બતાવી એ ખાસ મહત્ત્વપૂર્ણ ઘટના છે !!


અંબડ સંન્યાસીના સંબંધમાં


"મારા જિણંદજી જો કદી આવે, હૈયાનો હર્ષ હૈયે ન માવે"


વાહ ! કેવો અંતર્યામી પ્રત્યેનો અંતરમાં અનુભવ થતો ચોકસાઈ ભર્યો અર્પણતાનો ભાવ !!!

જે મુમુક્ષુ આત્મા સતી સુલસાની કહાણી મુજબ અનુકરણ કરશે,
તે આલોક પરલોક બંને ઉજ્જવળ બનાવી લેશે.

જય હો જય હો ભક્ત જીવનનો !
ભક્ત જીવનનો, વિરક્ત જીવનનો !!!







નવમે સીતા

પૂર્વ ભૂમિકા

ભારતમાં મિથિલાનગરી અને રાજા જનકનું નામ કોણ ન જાણે ?
સતી સીતાએ રાજા જનક અને મિથિલાને પ્રસિદ્ધ જ નહિ ઈતિહાસના પાને
અમર બનાવી દીધા છે.
નાના બાળકો પણ એના નામથી પરિચિત હોય છે.
રાજા જનકનું અપર નામ વિદેહ અને તેમની રાણી વિદેહા નામથી
પ્રખ્યાત હતા.
એથી સીતા જાનકી અને વૈદેહીના નામે પણ પ્રસિદ્ધ છે.
રાજા જનકમાં રાજયોગ્ય બધા જ ગુણો રહેલા હતા,
તેઓએ પ્રજાના યોગ-ક્ષેમ માટે પોતાનું જીવન સમર્પિત કરેલું,
પ્રજાના સુખ-દુઃખમાં પોતાનું સુખ-દુઃખ સમજતા'તા !
પ્રજામાં ઓતપ્રોત રહેવાથી એમનું વ્યક્તિત્વ વિરાટ બની ગયેલું !!
રાણી વિદેહા પણ આદર્શ મહિલાના ગુણોથી સુશોભિત,
પતિવ્રતા ધર્મ પરાયણા દયાળુ અને ઉદાર હૃદયી હતા.
વિદેહા રાણીએ પુત્ર પુત્રીરૂપે એક યુગલને જન્મ આપેલ.
યુગલ જન્મના સમાચારે રાજા રાણી અને પ્રજા સહુ અત્યંત આનંદિત થયા !
આગળ જતાં એ પુત્રી સીતા તરીકે ઓળખાયા.
આ યુગલની નામકરણ વિધિ થયા પહેલાં જ એક ભયંકર ઘટના
બની ગઈ !!!

શિશુનું અપહરણ

યુગલ જન્મ પછી ત્યાંથી પસાર થતાં સૌધર્મ દેવલોકના એક દેવનું વિમાન
અટક્યું અને જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો,
જોતાં આ નવજાત બાળક પર દૃષ્ટિ ગઈ અને પૂર્વનું વૈર યાદ આવતાં વૈરની
વસુલાત વાળવા ઈચ્છા થઈ.
ક્રોધાવેશમાં રાણીના પ્રસૂતિ ઘરમાં જઈ બાળકનું અપહરણ કરી દેવ
ચાલતો થયો !

પરંતુ બાળકનું મનોહર રૂપ સૌંદર્ય જોઈ મારી નાંખવાનું સાહસ ન કરતાં, વૈતાઢ્ય પર્વત પરના નિર્જન વનમાં રાખી દઈ વૈરવૃત્તિ સંતોષી દેવ સ્વસ્થાને ચાલ્યો ગયો.

વિદ્યાધરની શ્રેણિમાં રથનુપુર નગરના રાજા ચંદ્રગતિ નામે વિદ્યાધર, પર્વત પર વનક્રીડા કરતા અચાનક ત્યાંથી પસાર થયા.

ખરેખર !" રામ રાખે તેને કોણ ચાખે" એ કહેવત અનુસાર દેવના દિલમાં કરુણાભાવ જાગવાથી બાળકને ત્યાં છોડી ગયો ! વળી તાત્કાલિક ચંદ્રગતિ વિદ્યાધરનું ત્યાં આવવું થયું.

"કારણ વિના કાર્ય બનતું નથી" દર્શન શાસ્ત્રનો એ અટલ સિદ્ધાન્ત છે, દરેક કાર્ય પાછળ દૃશ્ય કે અદૃશ્ય કારણ અવશ્ય હોય છે.

વનમાં રહેલ નવજાત રાજા ચંદ્રગતિએ સાશ્ચર્ય આનંદ અનુભવ્યો ! બાળકને લઈ વહાલથી ચુંબન કરી, રાજા પોતાના રાજમહેલ તરફ ચાલતા થયા.

અંતઃપુરમાં જઈ રાણીને બાળક સોંપતાં કહ્યું આજે તમારા માટે અપૂર્વ ભેટ લાવ્યો છું !!

ઉત્કંઠા પૂર્વક રાણીજીએ પૂછ્યું આવું સુંદર અને તેજસ્વી બાળક ક્યાંથી લાવ્યા!!!

રાજાએ જવાબ આપ્યો, લાવ્યા ગમે ત્યાંથી પસંદ હોય તો સ્વીકારી લો.

સ્વામી ! જાતિ કુળને જાણ્યા વિના ?

અરે પાગલ પત્ની ! જાતિ કુળની શી જરૂરિયાત ? જે કુળમાં રહે તે કુળનો જ બની જાય ...

જુઓને કેવો દેવકુમાર જેવો નવજાત શિશુ દેખાય છે !

મહારાણીનું હૈયું માતૃહેતથી ઊભરાઈ જતાં વાત્સલ્યભાવે બાળકને ખોળામાં લઈ લીધો !!

અરે રાણીજી ! વિના તકલીફે તમારે પુત્રની પ્રાપ્તિનો સુયોગ મળે જ ક્યાંથી ? આ તો નિઃસંદેહ હકીકત છે કે પ્રારબ્ધ યોગે બાળક આપણા હાથમાં આવી ગયેલ છે...

નૃપતિએ શિશુ પ્રાપ્તિની ઘટના રાણીજીને કહી સંભળાવી.
અને પોતાના પુત્ર તરીકે પ્રગટ કરવા બંને જણાએ મળી વિચાર્યું...
સકારણ ગર્ભની વાત ગુપ્ત રાખેલી. આજે મહારાણીએ નિર્વિઘ્ને પુત્રરત્નને જન્મ આપેલ છે એમ લોકોમાં જાહેર કર્યું !
પુત્ર જન્મના મહોત્સવે રથનુપુરમાં ચોમેર હર્ષોલ્લાસ છવાઈ રહ્યો !!
રાજાએ પુત્રનું ગુણસંપન્ન નામ ભામંડળ રાખ્યું.

વિયોગની વેદના

આ બાજુ મિથિલામાં ભારે શોકમય વાતાવરણ ફેલાઈ ગયું !
શિશુ અપહરણના સમાચાર સાંભળી રાજા જનક મૂર્છિત બની ગયા !!!
પ્રજા પણ ચિંતાનો અનુભવ કરવા લાગી. કેવો પરિવર્તનશીલ સંસાર ???
જ્યાં મધુર સંગીતના સૂરો છેડાતા હોય ત્યાં એકાએક હૃદયદ્રાવક રુદનો સંભળાતા હોય છે !
જ્યાં દિલપસંદ સંયોગોથી આનંદ કિલ્લોલ કરતાં હોય ત્યાં દિલદાહક વિયોગોમાં લોકો શોષાઈ જતા જોવા મળે છે !
જ્યાં વિવિધ મિષ્ટાન્ન પકવાન્નની છોળો ઊડતી હોય ત્યાં કોઈ દિ પેટ પૂરતી ખોરી જારનાય સાંસા દેખાય છે !
કર્માનુસાર ક્ષણમાત્રમાં સુખદુઃખના સમ વિષમ ચક્રો ફરતાં દેખાય છે !!!
રાજા જનકે પુત્ર જન્મથી હર્ષનો અનુભવ કર્યો અને તાત્કાલિક પુત્ર હરણથી વિયોગનું દુઃખ વેઠવું પડ્યું !!
તેનો પ્રતિકાર કરવા કોઈ ઉપાય હતો નહિ...

સીતાનો બાલ્યકાળ અને યૌવન

છેવટે પુત્રી સીતાને જ પુત્ર તુલ્ય સમજી સંતોષ ધારણ કર્યો.
પાન કરાવનાર, સ્નાન કરાવનાર, શણગાર સજાવનાર,
ખોળામાં ખેલાવનાર અને રમતક્રીડા કરાવનાર,
એમ પાંચ ધાવ માતાઓ દ્વારા સીતાનું લાલન પાલન થઈ રહ્યું'તું !
સીતા બાલ્યભાવથી મુક્ત થઈ સ્ત્રીઓની ચોસઠ કળામાં પ્રવીણ બની.
સાથે માતા પિતા તરફથી અપાયેલ સંસ્કારો વડે વિભૂષિત થઈ અનુક્રમે યૌવન

માં પ્રવેશ કર્યો.

યુવાનીમાં પ્રવેશતાં સીતાજીના રૂપ લાવણ્ય અધિક ખીલી ઊઠ્યા.

વિવાહ યોગ્ય સીતાને જોઈ માતા પિતાએ સદ્‌ગુણી પાત્રની શોધ કરવા વિચાર્યું,

ધાર્મિક વૃત્તિવાળું કુળ, વડીલોની છાયા શિષ્ટાચાર વર્તનમાં સદાચાર શાંત નમ્ર સ્વભાવ,

સંપૂર્ણ અભ્યાસ, સંપત્તિવાન, નિરોગી શરીર, સમાન વય એવી વ્યક્તિની શોધમાં રહેવા લાગ્યા.

માતા પિતા તો બધી જ સુવિધાઓ જોઈ વિવાહ કરે આખર કન્યાના જેવા ભાગ્ય !!!

સીતાની માગણી

એકવાર કુતૂહલપ્રિય નારદઋષિ મિથિલા નગરીએ પહોંચ્યા.

નારદજીનું અપમાન થાય તો ષડયંત્ર રચવામાં એમના જેવો પહોંચેલો કોઈ નહીં.

નારદજી નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી રાજાના અંતઃપુરમાં વિના રોકટોક જઈ શકતા'તા.

સીતાના રૂપ લાવણ્યની પ્રશંસા સાંભળી તેણીને જોવા નારદઋષિ તેના મહેલે ગયા.

પ્રથમ જ વાર વિચિત્રરૂપે નારદજીને જોઈ સીતા ભયભીત બની ભાગી છૂટી,

પાસે રહેલી સખીઓએ કોલાહલ મચાવી દીધો !

કોલાહલ સાંભળી અંતઃપુરના રક્ષકે આવી નારદજીને અપમાનિત સ્થિતિએ બહાર કાઢ્યા !

સમજ્યા કે કોઈ હરતા ફરતા બાવાજી ઘૂસી આવ્યા જણાય છે.

ન માલૂમ કે આ વિચિત્ર કરામતી બાબા નારદજી છે !!

જેનાથી રાજા મહારાજાઓ પણ ધ્રૂજતા હોય છે !

નારદજીનું અપમાન થતાં આવેશમાં આવી સીતાજીને તેનું ફળ ચખાડવા વિચાર્યું ...

સીતાનું આબેહૂબ ચિત્રપટ તૈયાર કરી નારદજી વૈતાઢય પર્વત પર વસતા

વિદ્યાધર ભામંડળ પાસે પહોંચ્યા,
ભામંડળ સીતાજીના ચિત્રપટને જોઈ મુગ્ધ બની ગયા !!!
અને તેમાં નારદજી મીઠું મરચું ભભરાવી ઉત્કંઠા જગાડી વ્યગ્ર બનાવી ચાલતા થયા.
સીતાની છબી નિહાળી બેચેન બની ગયેલા રાજકુમાર ભામંડળનું કારણ તેમના મિત્ર પાસેથી જાણી,
નૃપતિ ચંદ્રગતિએ પુત્ર ભામંડળ માટે સીતાની માંગણી કરવા રાજા જનક પાસે દૂતને મોકલ્યો.
સીતાનો સ્વયંવરની પદ્ધતિએ વિવાહ કરવા નિશ્ચય કર્યો છે તેમ રાજા જનકે પ્રત્યુત્તર પાઠવ્યો,
સ્વયંવર સમયે બીજા રાજાઓની જેમ મહારાજા ચંદ્રગતિ અને કુમાર ભામંડળને પણ આમંત્રિત કરાશે,
અને વિવાહ વખતની શરતો જે પૂર્ણ કરશે તે જ રાજકુમારીનું પાણિગ્રહણ કરી શકશે...
દૂતે રાજા જનકે પાઠવેલ પ્રત્યુત્તર મહારાજા ચંદ્રગતિને કહી સંભળાવ્યો.
ભામંડળ સીતાના સહોદર ભાઈ પરંતુ અપરિચિત હોવાને કારણે અનર્થભર્યા વિચારોમાં ઘૂમવા લાગ્યા !!!
અહાહા.. કેટલો વિચિત્ર આ સંસાર ?? કેવો ખતરાભર્યો કામરાગ ????
એની ચુંગાલમાંથી મુક્ત થવું કોઈ વિરક્ત વ્યક્તિનું કામ છે...

સીતાનો સ્વયંવર !

રાજા જનકે સ્વયંવરમાં સંમિલિત થવા દેશદેશના રાજાઓને નિમંત્રણ મોકલ્યા,
કુશળ કારીગરો પાસેથી સુંદર સ્વયંવર મંડપ બનાવવા અધિકારી પુરુષોને આદેશ આપ્યો,
પધારનાર રાજાઓનું ધામધૂમથી સ્વાગત કરવા તડામાર તૈયારીઓ શરુ થઈ ગઈ.
સ્વયંવરના દિવસે અનેક રાજાઓ રાજકુમારો આવી પહોંચ્યા,
રામ લક્ષ્મણ આદિ પુત્રોની સાથે મહારાજા દશરથ પધાર્યા,

પુત્ર ભામંડળની સાથે વિદ્યાધર રાજા ચંદ્રગતિ પણ આવ્યા.
બધાને યથોચિત નિવાસ આપીને મનોહર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.
સ્વયંવરના નિયત સમયે સર્વ રાજાઓ રાજકુમારો યોગ્ય આસનો પર વિરાજમાન થઈ ગયા!
દેશદેશના તેજસ્વી અને શૂરવીર રાજા ગણમંડપમાં એકત્રિત થતાં દૃશ્ય કેવું આકર્ષક બન્યું હશે ???
વાસ્તવમાં સ્વયંવર મંડપ અપૂર્વ આભાથી ઓપી રહ્યો હતો ! રાજા જનકે આવેલ સૌ અતિથિઓનો સ્વાગત સાથે આભાર માન્યો,
અને નિવેદન કર્યું કે આ દેવાધિષ્ઠિત વજ્રાવર્ત ધનુષ્ય પર જે કોઈ બાણ ચઢાવશે,
તેની સાથે પુત્રી સીતાના લગ્ન કરવામાં આવશે. આ શરત પાછળ રાજકુમારી સીતાની સ્વીકૃતિ લેવાઈ ગઈ છે...
દરમ્યાન વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ સીતા પોતાની દાસીઓ અને સખીઓ સાથે મંડપમાં ઉપસ્થિત થઈ !!!
સીતાના અસીમ અને અનુરૂપ લાવણ્યે જોનારના હૃદય ધડકવા લાગ્યા !!!
કયો ભાગ્યશાળી, કોણ વીર ક્ષત્રિય ધનુષ્ય પર બાણ ચઢાવવા સફળ બને છે એ જોવાનું છે ???
સૌ ઉત્સાહપૂર્વક બાણ ચઢાવવા પોતાનું જોર જમાવે છે,
પરંતુ બાણ ચઢાવવાની વાત તો દૂર રહી પણ કોઈ ધનુષ્યને હલબલાવીયે શકતા નથી !
એક પછી એક બધા ખુમારીથી બાણ ચઢાવવા જાય અને શરમાઈ પાછા વળે !!
પાછા વળતા રાજા રાજકુમારોને જોઈ રાજા જનક ચિંતામાં અટવાઈ ગયા.
શું થશે ???
ત્યાં અયોધ્યાના દશરથનંદન શ્રી રામચંદ્રજીનો નંબર આવ્યો.
ગંભીર ગતિએ પહોંચી શ્રી રામે સહજતાથી ધનુષ્ય ઉઠાવી બાણ ચઢાવી લીધું !!!

આ જોઈ રાજા જનકની પ્રસન્નતાનો પાર ના રહ્યો !!!
સીતા મનોમન પોતાના સૌભાગ્યની પ્રશંસા કરતી શ્રીરામચંદ્રજીના ગળામાં વરમાળા પહેરાવી દીધી !!!
રાજા જનક અને દશરથ વચ્ચે પહેલેથી જ મૈત્રી રહેલી તેમાં હવે તો પૂછવું જ શું ?
પરસ્પર મૈત્રીભાવના સંબંધો ઘનિષ્ઠ બની ગયા. નિયત સમયે રાજા જનકે રામચંદ્રજી સાથે સીતાના લગ્ન કરી દીધા...
રાજા દશરથ વગેરે કેટલાક દિવસ મિથિલા રહી પોતાના પુત્રો અને નવ પરિણીત પુત્રવધૂની સાથે અયોધ્યામાં આવ્યા.
સ્વયંવરમાં આવેલ રાજા મહારાજાઓ સૌ સૌના સ્થાને ગયા,
જ્યારે નિષ્ફલ જવાથી અત્યંત ખિન્નહૃદયી બનેલ ભામંડળનું મન સીતા વિના બેચેન બની ગયું !!!
ન જાણે સીતા ખાતર આટલું બધું ખેંચાણ શા માટે ?

ભાઈ બહેનનું મિલન.

સંયમ તપની સાકાર મૂર્તિ કષાય વિજયી ચઉણાની સત્યભૂતિ મુનિ ગ્રામાનુગ્રામ વિચરતા અયોધ્યાએ પધાર્યા.
સમાચાર મળતાં રાજા દશરથ સપરિવારે મુનિ દર્શનાર્થે ત્યાં આવ્યા,
દરમ્યાન વિદ્યાધર ચંદ્રગતિએ પુત્ર ભામંડળ સાથે ગગનમાર્ગે પસાર થતાં મુનિને જોયા,
નીચે આવી મુનિને ભક્તિપૂર્વક વંદન નમસ્કાર કરી દશરથ રાજા વિગેરે બેઠેલા ત્યાં બેસી ગયા.
જ્ઞાની મુનિએ જાણ્યું કે ભામંડળ હજી પણ સીતાની અભિલાષાથી સંતપ્ત છે.
જેથી સંસારનું પરિભ્રમણ અને જીવો સાથે જોડેલ અનંતાનંત સંબંધો કહી બતાવ્યા,
એટલે જ વિવેકી જીવો નિસ્સાર આ સંસાર પરથી મોહનો ત્યાગ કરી વીતરાગ પ્રરૂપિત પથ સ્વીકારી જન્મ મરણથી મુક્ત થવા પ્રયત્નશીલ રહે છે.
એમ ઉપદેશ આપતાં મુનિશ્રીએ રાજા ચંદ્રગતિ, રાણી પુષ્પવતી ભામંડળ અને

સીતાના કેટલાક ભવોની વાત કહી.
વિશેષમાં એમ પણ કહ્યું કે ભામંડળ અને સીતા એક જ માતાના ઉદરે ઉત્પન્ન થયેલ સગા ભાઈ બહેન છે.
પૂર્વ વૈરને કારણે ભામંડળનું અપહરણ કરી દેવ વૈતાઢ્યના વનમાં મૂકી ગયેલ બાળકને પુત્ર માની રાજા ચંદ્રગતિએ ઉછેર્યો.
મુનિશ્રીની વાણીથી ભામંડળનો ભ્રમ ભાંગ્યો. અંતરના પશ્ચાત્તાપે વીજળીની જેમ ઝાટકો લાગતાં જાતિસ્મરણ જ્ઞાન થયું.
ભામંડળ મૂર્છિત થઈ ભૂમિપર ઢળી પડ્યા. સ્વસ્થ થતાં મુનિરાજે કહેલ વૃત્તાંત સ્વયં અનુભવવા લાગ્યા.
ત્યાં હાજર રહેલ ભગિની સીતાને ભામંડળે પ્રણામ કર્યા.
જન્મથી જ વિખુટા પડેલ ભાઈના દર્શને સીતાજી અત્યંત આનંદવિભોર બની ગયા !!!
સારુંય વાતાવરણ પ્રસન્નતા અને સંસારની અસારતામાં છવાઈ રહ્યું !
દેશનાને અંતે મુનિને વંદન કરી રાજા દશરથ, રાજા ચંદ્રગતિ અને ભામંડળને પોતાના મહેલે લઈ ગયા.
મિથિલાએ દૂત મોકલી મહારાજા જનક અને રાણી વિદેહાને ત્યાં બોલાવ્યાં.
પૂર્વજન્મની વાત સાંભળતાં જાણ્યું કે જન્મતા બાળકનું અપહરણ થયેલ તેજ પુત્ર આ ભામંડળ છે.
વર્ષોના વિયોગી પિતા જનક અને માતા વિદેહાનું હૈયું કેટલું પ્રસન્ન થયું હશે એ કલ્પના કરવીયે કઠિન છે !!!
હર્ષાશ્રુ સહ માતાપિતા ભામંડળને ભેટી પડ્યા.
ભામંડળના આનંદની અવધિ ના રહી.
રાજા જનકે ખૂબ જ પ્રીતિપૂર્વક રાજા ચંદ્રગતિને કહ્યું. ખગપતિ ! હું આપનો બહુ ઋણી છું...
આપે મારા પુત્રની પ્રાણ રક્ષા કરી અને અત્યંત આભારી બનાવેલ છે.
એથી ભામંડળ જેમ આપનો એમજ મારો અને જેમ મારો તેમજ આપનો છે !
આ સંસારના સંબંધો જાદુગરના ખેલ જેવા છે...

સર્વ આત્માઓ ભિન્ન ભિન્ન રહેલ છે. ના કોઈનું કોઈ સ્વજન પરિજન કે પરજન હોય છે !

મનુષ્ય મોહ મમતાને કારણે કોઈને પોતાના, કોઈને પરાયા માને છે,

જ્ઞાનીઓની દૃષ્ટિએ બધા સમાનરૂપે સ્વજનો જ છે. અગર ભેદ દૃષ્ટિએ બધા જ પરજનો છે. કોઈ આપણા નથી,

એ વિચારે રાગદ્વેષની જડ ઢીલી પડી જતાં સર્વ જીવો પર કરુણા અને વત્સલભાવ પ્રગટે છે...

સંસારનું વાસ્તવિક સ્વરૂપ સમજી રાજા ચંદ્રગતિએ ભામંડળને રાજ્ય સોંપી સંયમ સ્વીકારી લીધો.

રામનો વનવાસ

પોતાના પૂર્વભવો જાણી વિરક્ત બનેલા રાજા દશરથે જ્યેષ્ઠપુત્ર રામચંદ્રને રાજ્ય સોંપી સંયમ લેવા વિચાર કર્યો,

મહારાજા દશરથે રાણીઓ પુત્રો પુત્રવધૂઓ પોતાનો સમગ્ર પરિવાર મંત્રીગણ વગેરેને મહેલે બોલાવ્યા.

રાજા દશરથ સૌ તરફ દૃષ્ટિ ફેંકી બોલ્યા પુત્ર રામને રાજ્ય સોંપી પરમ પદને પ્રાપ્ત કરવા સંયમ સ્વીકારવા ઈચ્છું છું.

પિતા દશરથના વચનો સાંભળી રામચંદ્રજીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં ! રામ કંઈ બોલી શક્યા નહિ.

રાજા દશરથ બોલ્યા બેટા રામ ! ઋષભદેવ ભગવાનથી ચાલી આવતી ઈક્ષ્વાકુ કુળના રાજાઓની આ રીત મુજબ હું તો ઘણો મોડો છું.

રામની આંખમાં આંસુ જોઈ વજ્રહૃદયી લક્ષ્મણનું હૈયું પીગળી જતાં નયનો સજળ બની ગયા !

કૌશલ્યાજીએ કહ્યું નાથ ! મોહની ગતિ વિચિત્ર છે પરંતુ આપનો કલ્યાણમાર્ગ નિર્વિઘ્ન બને એજ શુભ ભાવના....

પુત્ર ભરત કહે પિતાજી ! હું પણ આપની સાથે આત્મ સાધનાના માર્ગે આવવા ઈચ્છું છું.

મહારાજા દશરથ વિચારમાં પડી ગયા ! શ્રી રામ ભરત સામે જોઈ રહ્યા !

સૌથી વિશેષ અસર કૈકેયીના દિલ પર પડી.
રાજા દશરથની આજ્ઞાએ મંત્રીગણ દ્વારા રાજ્યાભિષેકની તૈયારીઓ થવા લાગી
એક પતિદેવનો વિયોગ બીજો પુત્ર વિયોગ એમ બેવડા વિયોગના દુઃખથી બચવા,
રાણી કૈકેયીને પતિદેવ પાસેથી વરદાન માગવા આજે જ તક મળી !
સ્વામી ! સ્વયંવર વખતે પાછળથી યુદ્ધ ઉપસ્થિત થતાં આપના સારથિ બનવાનું સૌભાગ્ય સાંપડેલું.
ત્યારે આપે પ્રસન્ન થઈ વર માગવા કહેલું આપને યાદ છે ?
હા દેવી ! યાદ છે તમે વર માંગી શકો છો.
નાથ ! આપ ચારિત્ર માર્ગે જાઓ છો તો પુત્ર ભરતને રાજ્યગાદી આપો.
ઓ.... હો દેવી ! ખુશીથી આજે જ મારું રાજ્ય ગ્રહણ કરો એમ કહી દશરથે રામ લક્ષ્મણને બોલાવ્યા.
રામ ! તારી માતા કૈકેયીના સ્વયંવર વખતે સારથી બની વિજય અપાવ્યાથી તેણીને મેં વરદાન માગવા કહેલું.
ત્યારે વર નહિ માગતાં અત્યારે વર માંગ્યું કે મારા પુત્ર ભરતને રાજ્ય આપો અને મેં વરદાન આપી દીધું....
તે યોગ્ય છે પિતાજી ! ઈક્ષ્વાકુ કુળના રાજાઓનું વચન અફર શિલાલેખ જેવું હોય છે.
પૂ. પિતાશ્રી ! ભરત એ હું જ છું આપના માટે અમે બંને સમાન છીએ આનંદથી ભાઈ ભરતનો રાજ્યાભિષેક કરો. એતો આપનો જ અધિકાર છે એમાં મને પૂછવાનું શું ?
શાબાશ પુત્ર શાબાશ !!! ઓ નિર્મમત્વી રામ ! તેં કહ્યું એ બહુ ઉચિત છે.
લક્ષ્મણજી તેમના સ્વભાવાનુસાર પ્રપંચ સમજી ક્યારનાય ખસી ગયા હતા !!!
શ્રી રામ સમભાવની મૂર્તિ હતી, ભાઈ ભરત ભૂપતિ બનતાં સ્વયં રાજ્યની ઝંઝટથી બચી જશે.
એ વિચારે પ્રસન્નતા અનુભવી રહ્યા હતા !!!

બેટા ભરત ! અયોધ્યાના સિંહાસન પર તારો અભિષેક કરી હું
પ્રવજ્યા પંથે જઉં.
નહિ પિતાજી ! મારો રાજ્યાભિષેક કદી નહીં હું તો આપની
સાથે જ ચાલીશ.
ભરત ! માતાની અભિલાષાને સંતોષવા તારે રાજ્યગાદી એ બેસવું જોઈએ.
બહુ વિચારના અંતે રામે ઉપાય શોધ્યોને કહી દીધું.
પિતાજી ! મારી હાજરીમાં ભાઈ ભરત રાજ્યનો સ્વીકાર નહિ કરે માટે હું
વનવાસ જઈશ.
પિતાને ઋણમુક્ત કરવા શ્રી રામચંદ્રજી ભક્તિભાવથી વંદન કરી
ચાલતા થયા !!!
રામનું વનવાસ જવાનું સાંભળી ભરત પોકે પોકે રડવા લાગ્યો !
પિતાજી દશરથ રામ ! રામ ! કરતા વારંવાર મૂર્છિત થવા લાગ્યા !!!
આ વાત પ્રસરી જતાં અયોધ્યામાં હર્ષોલ્લાસના વાતાવરણમાં વિષાદ વ્યાકુળતા
વ્યાપી ગયા !!!
રંગમાં ભંગ પડતાં રાજ પરિવાર અને પ્રજાજનોના દુઃખનો પાર રહ્યો નહિ....

"થવાનું ના થવાનું કહે નજૂમી કોણ એવો છે ?
ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે !!!

ઓ પુણ્યાત્મા ! તું આશા તૃષ્ણાના ચક્કરમાં શું આંટા માર્યા કરે છે ?
ભવિષ્ય પર ભરોંસો રાખ્યા વિના નરભવ સફળ બનાવવા ધર્મ પુરુષાર્થે
આગળ ધપ્યે જા...
પસાર થઈ રહેલ ક્ષણ તારી છે બીજી ક્ષણ પર વિશ્વાસ રાખતાં રખેને આત્મા
ઠગાઈ જાય !
કુદરતની કરામતો જ્ઞાની વિના જબ્બર જ્યોતિષીઓ પણ કળી શકવા
સમર્થ નથી.....
સીતાને આ ઘટનાનો ખ્યાલ આવતાં રાજરાણીનું પદ જતાં અંશમાત્ર પણ
અફસોસ નો'તો !!!
બલ્કે સીતાજી વિચારવા લાગ્યા કે પ્રાણનાથ વનવાસ જઈ રહ્યા છે તો હું શું

અયોધ્યામાં રહું ?
નહિં એ તો કદાપિ નહીં જ બને "જ્યાં કાયા ત્યાં છાયા" સુખદુઃખમાં સમભાવી રહેવું એ પત્ની ધર્મ છે.
ખરે જ કસોટીના સમયે માણસની માણસાઈ મપાય છે.
પતિદેવ મારા જીવનપ્રાણ છે પ્રાણ ચાલી ગયા પછી નિર્જીવ કાયા શા કામની ?
ખરેખર ! પતિ વિયોગથી હું જીવિત રહી શકું તેમ નથી.
તો કર્તવ્ય પાલન અને જીવન રક્ષા ખાતર મારે પતિદેવનું અનુસરણ કરવું જોઈએ...
એમ નિર્ણય લઈ સીતાજી વનવાસ જવાની તૈયારીઓ કરવા લાગ્યા...
રાજ્યાભિષેકના પ્રસંગે ધારણ કરેલ મહામૂલ્યવાન રત્નજડિત આભૂષણો એક પછી એક ઊતારી નાખ્યા !
ફક્ત હાથમાં સૌભાગ્યસૂચક સાદી ચૂડીઓ સિવાય સીતાજીના અંગ પર એકે આભૂષણ રહ્યું નહિ !!!
સાદા પોશાકે સીતાજી સાસુ કૌશલ્યાની પાસે જઈ પહોંચ્યા.
આ પરિસ્થિતિમાં સીતાને જોઈ માતા કૌશલ્યાનું કોમળ હૃદય ભરાઈ આવ્યું !
હૈયામાં દુઃસહ વેદના ઊભરાતા કરુણ દૃષ્ટિથી પુત્રવધૂ સીતાને જોઈ જ રહ્યા !!!
સીતાજીએ વંદન કરી વનવાસ જવા માતા કૌશલ્યાની અનુમતિ માગી.
કૌશલ્યા કહે બેટી સીતા ! રામ પિતાને ઋણમુક્ત કરવા વનમાં જઈ રહ્યા છે, પણ તારા માટે કોઈ આવશ્યકતા નથી તો સુખપૂર્વક અહીં જ રહે.
માતાજી ! આપ સુજાણ છતાં મારા તરફ મોહની અધિકતાથી આવું બોલી રહ્યા છો.
આપના પુત્ર વનવાસના કષ્ટ સહન કરે અને હું રાજમહેલમાં આનંદપૂર્વક કેમ રહી શકું ?
કૌશલ્યા કહે બેટી સીતા ! તારો સમર્પણ ભાવ સર્વોત્તમ છતાં વિચારવું

જરૂર છે,
વીર પુરુષ રામ માટે ભવન કે વન સમાન છે બધા જ કષ્ટો સમભાવપૂર્વક સહી લેશે,
જ્યારે વનમાં ખાડા ટેકરા કાંકરા કાંટાળા માર્ગો પાર કરવા, શીત તાપ વેઠવા રહેવા મહેલ નહિં, ભોજન સામગ્રીની કાંઈ જોગવાઈ નહીં,
માખણના પિંડ જેવી આ કોમળ અને નાજુક તમારી કાયા આવા બધા કષ્ટો શી રીતે ખમી શકશે ?
સીતા કહે માતા ! કોમળતા અને કાયરતા કલ્યાણપંથે જતાં સદા બાધક રહે છે,
કર્તવ્યપાલન માટે કોમળતાને ત્યાગી કઠોરતા અપનાવી લઈશ જેથી નૂતન શક્તિનો પ્રાદુર્ભાવ થશે ...
બેટી સીતા ! પુત્ર વનવાસ જઈ રહ્યો છે તો પુત્રવધૂનું મુખ જોઈ દિવસો પસાર કરીશ,
જો તું પણ જતી રહીશ તો હું કોના આધારે જીવન જીવી શકીશ ?
મર્મવેધી શબ્દોથી કૌશલ્યા અને સીતા બંને ગદગદિત થઈ ગયા !!!
સીતાએ મૌન સહિત દૃષ્ટિ નીચી ઢાળી દીધી,
થોડીવાર પછી મૌન તોડી બોલ્યા માતાજી ! જો હું અહીં રહું તો મારા કારણે તમારી વેદના વધી જશે ...
પતિભક્તિ પરાયણ સીતાને અયોધ્યામાં રોકવા અસંભવ છે એમ માતા સમાન સાસુ કૌશલ્યાએ ચકાસી લીધું,
અધિક આગ્રહ કરી રોકવા પ્રયાસ કરવો ઉચિત પણ નથી, તમારી અભિલાષાને ઠેસ પહોચાડવા હું ચાહતી નથી,
રામને સંકટના સમયે સહાયક બનજો અને અવધિપૂર્ણ થયે ક્ષેમકુશળતાપૂર્વક જલ્દી પાછા વળજો.
સીતાએ કૌશલ્યાના ચરણમાં મસ્તક ઝુકાવી પ્રણામ કર્યા,
અને કૌશલ્યાએ ગરમગરમ અશ્રુબિંદુઓ વડે સીતાનો અભિષેક કર્યો !
પોતાના મહેલે પહોંચેલા સીતાજી પાસે શ્રી રામચંદ્ર વિદાય લેવા પધાર્યા,

વનવાસ યોગ્ય વેષમાં સુસજ્જ બનેલા સીતાને જોઈ રામચંદ્રજી વિસ્મય પામ્યા !

વનમાં ન આવવા શ્રી રામચંદ્રજીએ બહુ સમજાવ્યા છતાં વિપદ સમયે પતિદેવને નહિં છોડવા મક્કમ નિર્ધાર હોવાથી અંતે રામચંદ્રજીએ સાથે ચાલવા સંમતિ આપી દીધી ...

ભ્રાતૃપ્રેમી લક્ષ્મણજી પણ મોટાભાઈ રામ વિના અયોધ્યામાં નહિ રહેતાં વનમાં જવા તૈયાર થઈ ગયા !!

માતા સુમિત્રાને વંદન કરી વનમાં જવા અનુજ્ઞા માગી ત્યારે માતાએ કહ્યું, બેટા લક્ષ્મણ ! જલ્દી જા, મોટાભાઈ રામ ક્યાંય આગળ નીકળી ગયા હશે !!!

અવધનો રાજ પરિવાર અને પ્રજાજનોને રડતા કલ્પાંત કરતા છોડી શ્રી રામ સીતા અને લક્ષ્મણે વનભણી પ્રસ્થાન કર્યું ...

બેટા ભરત ! હવે તારો રાજ્યાભિષેક કરી હું પ્રવજ્યા પંથે જઉ.

પિતાજી ! શ્રી રામ સીતા લક્ષ્મણજી જંગલમાં ભટકશે અને અધમ આ ભરત ગાદી પર બેસશે !

વાહ ! એથી અયોધ્યાના રાજકુળની શોભા શું વધશે ? માગણી કરતાં માતાએ એટલું ય ના વિચાર્યું ??

ભરત ! રામ પ્રત્યેના રોષથી નહિ પરંતુ કૈકેયીએ તારા પ્રત્યેના મમત્વથી આ પગલું ભર્યું છે.

બેટા ભરત ! મારા પુત્ર ભરતને રાજગાદી મળે એવું માગતાં કૈકેયીને એ કલ્પના નો'તી કે રામને વનવાસ સ્વીકારવો પડશે. તેં રાજગાદી સ્વીકારવા ના કહી એથી રામે પોતે જ વનવાસ સ્વીકારી લીધો છે.

ભરતે નાના બાળકની જેમ રડતાં રડતાં પોતાના ઉત્સંગમાં મોં છુપાવી દીધું.

ત્યાં ભારેખમ હૈયે ગમગીન બનેલ કૈકેયીએ પ્રવેશ કર્યો.

વંદન કરતાં કૈકેયી તરફ દૃષ્ટિ ફેંકી રાજા દશરથે કહ્યું ભરત રાજ્યાભિષેક માટે ના પાડે છે તો હવે શું કરવું ?

રાજ્યાભિષેક તો આર્યપુત્ર શ્રી રામનો જ થશે ભરતે મક્કમ અવાજે કહ્યું,

તો રાજ્યાભિષેક રામનો થવો જોઈએ એમ કૈકેયીએ પોતાની સંમતિ આપી.

મહારાજા દશરથે કહ્યું દેવી ! તમારું વચન ???
નાથ ! આપે ભરતને રાજ્ય આપી આપનું વચન પૂર્ણ કર્યું છે ભરત રાજ્ય ના સ્વીકારે પછી શું ?
સચીવો સામંતો મારફત રામને બોલાવી રાજ્યાભિષેક કરો જેથી આપની પ્રવ્રજ્યાની ભાવના પૂર્ણ થાય.
રાજા દશરથની આજ્ઞાથી સચીવો સામંતોએ જઈ શ્રી રામને વાત જણાવી,
રામચંદ્રજી ! આપના વિયોગે ભરત વિલાપ કરી રહ્યા છે રાજ્યાભિષેક માટે સાફ ના પાડે છે, તો આપ કૃપા કરી અયોધ્યા તરફ પાછા વળો !
શ્રી રામે કહ્યું મહામંત્રી ! પિતાની આજ્ઞાથી અહીં આવી તમે તમારું કર્તવ્ય બજાવ્યું છે,
તેમ મને પણ મારા કર્તવ્યને બજાવવા દો અને અયોધ્યાના સિંહાસને ભરતનો રાજ્યાભિષેક કરી દો.
કરેલ પ્રતિજ્ઞામાં પરિવર્તન શક્ય નથી આપ મને કોઈ આગ્રહ ના કરો ...
સચીવ વગેરે રડતા હૈયે પાછા આવી રાજા દશરથને જણાવ્યું,
ભરત કહે પિતાજી મને વિશ્વાસ છે કરુણાનિધિ મોટાભાઈ શ્રી રામને જરૂરથી પાછા લાવીશ ...
કૈકેયીનો પશ્ચાતાપ - ક્ષમા કરો નાથ ! આપના ચારિત્રમાં અંતરાયરૂપ બની મેં ઘોર પાપ કર્યું છે,
કૌશલ્યા સુમિત્રાના કારમા કલ્પાંત મારા હૃદયના ટૂકડા કરી નાખે છે,
આનંદ ઉલ્લાસમાં રહેલ અયોધ્યાની પ્રજાને મેં પાપિણીએ આક્રંદમાં પટકાવી દીધી.
એમ કહી કૈકેયી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી રાજા દશરથની આંખો પણ અશ્રુભીની થઈ ગઈ !
નાથ ! મને આજ્ઞા આપો હું ભરતની સાથે વનમાં જઈ રામલક્ષ્મણને વીનવી જરૂર પાછા લઈ આવીશ ...
આજ્ઞા લઈ કૈકેયી, ભરત અને મંત્રીઓની સાથે રથમાં બેસી વિશ્રામ લીધા વિના ત્વરિત ગતિએ રામ લક્ષ્મણને મળ્યા,

માતા કૈકેયી અને ભરત વગેરેને આવતા જોઈ રામ લક્ષ્મણે સામે જઈ પૂ. માતુશ્રીને નમન કર્યા.

ભરત રામના ચરણમાં ઢળી પડ્યો ને ડૂસકે ડૂસકે રડતાં બોલ્યો દુશ્મન જેમ મને ત્યજી આપ અહીં કેમ આવ્યા ?

ભરતે દર્દ ભર્યા દિલે કહ્યું ભૂલ માતાની એમાં મારો શો અપરાધ ?

મોટાભાઈ ! આપ કોઈપણ હિસાબે અયોધ્યા પધારો !!!

આપ અયોધ્યા પધારી રાજ સિંહાસન શોભાવો જગન્મિત્ર લક્ષ્મણ આપનો અમાત્ય બનશે,

હું આપનો પ્રતિહારી બની રહીશ શત્રુઘ્ન આપનો છત્રકાર બનશે ...

રામ મૌન રહી સાંભળતા જ રહ્યા !!!

કૈકેયી કહે વત્સ રામ ! લઘુભ્રાતાની વિનંતિનો સ્વીકાર કરી આપ અયોધ્યા પધારો,

હે વત્સ ! ચારિત્ર પંથે જતાં તારા પિતાના માર્ગે પથ્થરરૂપ બની પુત્ર ભરતના હૃદય પર મેં કારમો ઘા કર્યો !

તારા તરફ તેમજ ભાઈ લક્ષ્મણ તરફ મેં ઘોર અન્યાય કર્યો !

કોમળ કાયાવાળી પુત્રવધૂ સીતાને વનવનમાં ભટકતી કરી !!!

કૌશલ્યા સુમિત્રા સુપ્રભાના કારમા કલ્પાંત સાંભળી મારું હૈયું કકળી ઊઠ્યું છે !

રામ ! બેટા રામ ! તું મને ક્ષમા કર મારા થયેલ અપરાધોને ભૂલી જા !!

કૈકેયીના વચને સચિવાદિ સૌ રડી પડ્યા પરંતુ રામ લક્ષ્મણ શાંત રહ્યા, સાંભળી રહ્યા પછી શ્રી રામે કહ્યું, હું મહારાજા દશરથનો પુત્ર, કરેલી પ્રતિજ્ઞાને કઈ રીતે છોડું ?

મારી સંમતિથી પિતાજીએ ભરતને રાજ્ય આપ્યું છે હવે કાંઈ ફેરફાર કરાય જ નહીં.

પૂ. માતુશ્રી ! એમાં તમારો કોઈ દોષ નથી.

તમે કે ભરતે મને કોઈએ વનમાં મોકલેલ નથી હું સ્વેચ્છાએ વનમાં જવા તૈયાર થયો છું.

આપનો આશય પુત્ર ભરત ચારિત્ર ના લે પણ સંસારમાં રહે એટલો જ, મારો આશય ભરત રાજગાદી પર બેસે એટલો જ.

પૂ. માતાજી, તમારા પ્રેમ અને લાગણીઓને હું કચડવા માગતો નથી કિન્તુ પ્રેમ કરતાં પ્રતિજ્ઞા મહાન હોય છે !

તેનો ભંગ કોઈ રીતે થઈ શકશે નહિ...

માતાજી ! ભરત માટે પિતાજીની આજ્ઞા અનુસરણીય છે તેમ મારી આજ્ઞા પણ અનુલ્લંઘનીય છે.

ભરત ! તારે પિતાજી અને મારી આજ્ઞાનું પાલન કરવા રાજ્ય સ્વીકારવું જ પડશે.

રામચંદ્રજી ઊભા થયા સીતાજી પાણી લાવ્યા અને રામે ત્યાં જ ભરત પર રાજ્યાભિષેક કરી દીધો.

મંત્રીઓએ ભરતનો જયનાદ પોકાર્યો !!! આજથી અયોધ્યાનું સુકાન ભરતને સોંપવામાં આવે છે,

પિતાજીના સ્થાને સર્વમાન્ય ભરત આજે રાજા બને છે ! સૌ તેમની આજ્ઞાનું પાલન કરજો !

પિતાજી અને મારા પ્રત્યે વિનય મર્યાદા જાળવો છો તેવું જ ભરતપ્રત્યે વર્તન રાખજો !!!

ભાઈ ભરત ! પિતાજીને મારા વંદન કહેજે અયોધ્યાની નીતિરીતિનું જતન કરજે પ્રજાને પ્રાણથી વધુ ચાહજે...

તારા ગુણોનો પાર નથી એ નિઃશંક વાત છે તારો માર્ગ કુશળ બને એજ શુભેચ્છા !!!

પરસ્પર વંદન કરી સસ્નેહ અશ્રુભીની આંખે સૌ વિખુટા પડ્યા !!!

શોકાતુર રહેલા ભાઈ ભરતે સિંહાસન પર રામની પાદુકા રાખી મોટાભાઈની આજ્ઞાથી અનિચ્છાએ અયોધ્યાની પ્રજાનું પાલન કરવા લાગ્યા ...

રાજા દશરથે સત્યભૂતિ મુનિ સમીપે સંયમ સ્વીકારી ચારગતિના દુઃખોનો અંત કરી પંચમ ગતિ પ્રાપ્ત કરી લીધી !!!

સમય સમયના પડછાયા

રામ સીતા લક્ષ્મણ ચાલતાં ચાલતાં અટવી ઓળંગી ઘણે દૂર વનમાં પહોંચી ઝૂંપડી બનાવી રહ્યા.

ક્યાં અવધના ગગનચુંબી રાજમહેલો અને કયાં જંગલમાં બનાવેલ ઘાસ પાનની ઝૂંપડી ??

ક્યાં એમના રાજ્યોચિત ખાનપાન ને રહેણી કરણી જ્યારે ક્યાં તાપસોચિત વેશ અને વનફળાહાર ???

ક્યાં અયોધ્યામાં વસતા સુખસામગ્રીભર્યા એઓના રાજાશાહી જીવન ?

અને ક્યાં વનમાં વસતા સુખ સામગ્રી વિનાના જીવન ? બંને વચ્ચે મેરુ સરસવ જેટલું અંતર ?!!

તો પણ પરસ્પર અત્યંત શાંતિપૂર્વક સાત્વિકતાભર્યા સંયમી જીવનનો આસ્વાદ અનુભવતા સમયો વીતાવવા લાગ્યા ...

પ્રબળ પુણ્યાત્મા શ્રી રામ જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં છોટી એવી અયોધ્યા વસી જાય !!!

માર્ગમાં આવતા વન ગામ નગર નિવાસી લોકોના ત્રાસને દૂર કરવાથી રામ લક્ષ્મણ કેટલાયના ઉપકારી બની ગયા !!!

શૂર્પનખા ડબ્બલરોષમાં

નાસિક પાસે આવેલ ગોદાવરી નદીને કિનારે પંચવટીમાં ઝૂંપડી બાંધી સીતા રામ લક્ષ્મણ વસી રહ્યા'તા.

શૂર્પનખાનો પુત્ર શંબૂક ઘટાટોપ ઝાડીમાં સૂર્યહાસ ખડગપ્રાપ્ત કરવા વર્ષોથી સાધના સાધી રહ્યો'તો.

સાધનાની સફળતા થતાં ઝાડીમાં ચળકતા સૂર્યહાસ ખડગને દંડકારણ્યે ફરતાં ફરતાં શ્રી લક્ષ્મણે જોયું !

ક્ષત્રિય પુત્ર લક્ષ્મણે ઉત્સાહમાં આવી ખડગ ઉઠાવી પરીક્ષા કરવા ઝાડ પર એક ઝાટકો માર્યો,

ત્યાં અકસ્માત કપાઈ જતા શંબૂકને જોઈ લક્ષ્મણના હૃદયમાં પારાવાર પશ્ચાતાપ થયો !!!

દુઃખિત હૈયે લક્ષ્મણજીએ મોટાભાઈ પાસે જઈ બનેલી તમામ હકિકત જણાવી,
સાંભળી શ્રી રામે કહ્યું ભાઈ ! બહુ જ ખોટું થયું ભાવિ ભયમાં દેખાય છે !
વિદ્યાસિદ્ધિ જાણી રાવણની બહેન શૂર્પનખા પૂજા પાઠની સામગ્રી પહોંચાડવા પુત્ર શંબૂક પાસે આવી,
પુત્ર શંબૂકના ધડમસ્તક જુદાં જોઈ માતા શૂર્પનખા મૂર્છા પામી ધબ કરતી પૃથ્વી પર પડી.
શીતળ પવને સ્વસ્થ થતાં શૂર્પનખા પ્રથમ તો આર્તધ્યાન ધરવા લાગી,
ત્યાંથી જતી પગલાંની પંક્તિ પર અચાનક દૃષ્ટિ પડતાં પુત્રને મારનાર આજ વ્યક્તિ હોવી જોઈએ ...
એમ માની અત્યંત આવેશમાં પંક્તિ પ્રમાણે ચાલી આવતી શૂર્પનખાએ બેઠેલા રામ સીતા લક્ષ્મણને દૂરથી જોયા,
પ્રભાવક અને તેજસ્વી શ્રી રામચંદ્રની મૂર્તિ નિહાળી શૂર્પનખાએ પત્ની બનવા ઈચ્છા દર્શાવી.
શીઘ્રબુદ્ધિ શ્રી રામે પ્રપંચ જાણી યુક્તિ કેળવી કહ્યું મારે એક પત્ની છે તો ઊંઘ વહેંચી ઊજાગરો કોણ વહોરે ?
છેલ છબીલો મારો ભાઈ તમારી વાતનો સ્વીકાર કરશે.
શ્રી રામચંદ્રના કહેવાથી લક્ષ્મણ પાસે જઈ દિલના ભાવ દર્શાવ્યા,
પણ લક્ષ્મણે જવાબ આપ્યો કે તમે મારા મોટાભાઈ પાસે વાત કરી એટલે તમે મારા માઁને સ્થાને ગણાઓ, હવે એ વાતનો હું કોઈપણ રીતે સ્વીકાર કરી શકીશ નહીં...
યાચનાનો અસ્વીકાર અને પુત્ર મૃત્યુનું દુઃખ એમ ડબ્બલ રોષમાં આવી શૂર્પનખાએ પતિ ખરરાજા પાસે આવી પુત્ર શંબૂકની થયેલ ઘાતની વાત કરી તરત જ રાજા ખર હજારો ખેચરોની સાથે રામ લક્ષ્મણ સામે લડવા યુદ્ધના મોરચે આવી ચડ્યા !!!
વડીલબંધુ ! આપ મહેરબાની કરી અહીં જ બિરાજો હું એકલોય બસ થઈ પડીશ એમ લક્ષ્મણે કહ્યું,
શ્રી રામે કહ્યું ભલે જાઓ જલ્દીથી વૈરીને જીતી લાવો જરૂર પડે સિંહનાદ કરજો

એટલે હું તમારી પાસે પહોંચી આવીશ.
શૂરવીર લક્ષ્મણજી રામને નમન કરી ધનુષ્ય બાણ લઈ યુદ્ધના મોરચે આવી પહોંચ્યા જાણે સર્પો પાસે ગરુડરાજ !!!
પહેલી બાજુ શૂર્પનખા ભાઈ રાવણ પાસે પહોંચી, સીતાના રૂપ લાવણ્યની પેટ ભરી પ્રશંસા કરી,
વશિષ્ઠ ગુણાત્મક રાવણે અનિચ્છિત નારીનો ત્યાગ કર્યો હોવા છતાં સીતાની પ્રશંસા સાંભળી મન પલટાઈ ગયું !
જ્યોતિષિએ ભાંખેલું કે સીતાના હરણથી મરણ થવાનું છે છતાં મન લલચાઈ ગયું !!!
"વિનાશ કાળે વિપરીત બુદ્ધિ"!!
પરસ્ત્રી કે પર પુરુષ સેવનમાં સૌથી મોટું પાપ બતાવેલું છે.
કેમકે અન્ય પાપો કરતાં એ પાપનું પરિણામ આ લોક તેમજ પરલોકમાં બહુ ભયંકર રીતે ભોગવવાનું રહે છે !
પરસ્ત્રીલંપટ પુરુષને ધનનો વિનાશ શોક સંતાપ અને વધબંધનના ભાગીદાર બનવું પડે છે !!
પરનારી પાછળ જેટલા પગલા ભરે તેટલી બ્રહ્મહત્યાનું પાપ લાગે એમ જૈન શાસ્ત્રો કહે છે ...
પરનારી પર દૃષ્ટિ જેટલી પળો પડે તેટલા પલ્યોપમ નરકમાં દુઃખ ભોગવવું પડે.
કોઈ શ્રીમંત પ્રતિદિન એક લાખનું દાન આપે તો પણ
એકદિવસ રાત પાળેલ શીલવ્રતની તુલનાએ આવી શકે નહીં, એમ જૈન શાસ્ત્ર કહે છે.

સીતાનું અપહરણ

રાવણના અંતઃકરણમાં સીતાને મેળવવા તીવ્ર અભિલાષા જાગી !
એક હજાર વિદ્યાના સાધક રાવણે અવલોકિની વિદ્યાદ્વારા દેવીને બોલાવી સીતા લાવવા વાત જણાવી,
માથું ધુણાવી વિદ્યાદેવીએ કહ્યું આ નીંદનીય કામથી જગતમાં તમારો અપયશ ફેલાશે !

વળી સતીઓમાં શિરોમણી રામપત્ની સીતાજી કરોડો ઉપાયે પણ શીલભ્રષ્ટ થાય તેમ નથી...

છતાંય સીતાને લાવવા કોઈપણ ઉપાય બતાવો રાવણના જોરદાર આગ્રહે દેવીએ કહ્યું,

હું સિંહનાદ કરું એટલે રામચંદ્રજી કરેલ સંકેત મુજબ લક્ષ્મણજી પાસે સહાય કરવા જશે,

ત્યારે સીતાજી ઝૂંપડીમાં એકાકિની જ હશે ...

વિધાદેવીના વચન મુજબ અવસર સાધી રાવણ ત્યાં આવી સીતાજીને બળપૂર્વક ઉપાડી ગયો.

રાવણ પાસેથી સીતાને છોડાવવા તિર્યંચ શ્રાવક જટાયુ પક્ષીએ ચાંચો મારી મારી ગજા ઉપરાંત પ્રયાસો કર્યા,

છેવટે રાવણે ખડગથી પાંખો છેદી જટાયુને પૃથ્વી પર પટકાવી સીતાને લઈ ચાલતો થયો.

એકાએક આવી પડેલ વિપત્તિથી ભયભીત બનેલ સીતાએ છૂટવા ખૂબ જ પ્રયત્નો કર્યા,

પરંતુ રાવણના પંજામાંથી કોઈ રીતે છૂટી નહિ શકતા સતિ સીતા રુદન કરવા લાગ્યા !!!

નિર્જન અટવીમાં સીતાના એ રુદનને સાંભળનાર કોઈ મળે ના....

રુદન કરતી સીતાને રાવણ પુષ્પક વિમાનમાં બેસાડી લંકા તરફ લઈ ગયો !

સીતાના શીલની કસોટી

રાવણે સાહસ કર્યા વિના સીતાજીને નગર બહાર અશોકવાટિકામાં રાખી તેણીને પ્રસન્ન કરવા અનેક ઉપાયો કર્યા,

દેવી ! વનમાં વ્યર્થ જતાં તમારા અનુપમ રૂપલાવણ્ય આ સોનાની લંકામાં સાર્થક બનશે,

ભીલના ગળામાં ચિંતામણિ શોભે નહિ તેમ વનવાસી રામ સાથે તમારી શોભા શી ?

અતઃએવ પ્રસન્ન થઈ મારો સ્વીકાર કરો હું તમારો દાસ થઈ રહીશ ...

કોઈ સ્ત્રી મને પતિરૂપે સ્વીકારે નહિ ત્યાં લગી હું તેમને પત્નીરૂપે સ્વીકારી શકું નહિ એવી મારી પ્રતિજ્ઞા છે, તો મારી આ આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરો ...

રાવણના પ્રલોભન ભર્યા વચનો સાંભળી લેશપણ ખેંચાયા વિના વ્યંગભરી વાણીમાં સીતાએ કહ્યું,

મેં સાંભળ્યું હતું કે શ્રીલંકેશ ધર્મપ્રેમી અને નીતિજ્ઞ મહારાજા છે શું તમે તે જ લંકેશ છો ?

ઉમરમાં મારાથી મોટા છો એટલે તમે મારા પિતા સમાન છો અને હું તમારી પુત્રીરૂપે છું.

શું તમે પુત્રી પ્રત્યે પણ આવી ભાવના રાખો છો ???

અરે ! તમે પતિવ્રતા નારીના સ્વભાવનેય નથી જાણતા ???

પતિવ્રતા નારી મોતને ભેટવા તૈયાર થાય છે પરંતુ પરપુરુષનો સ્પર્શ કરવા હરગિજ તૈયાર નથી હોતી !!!

તમે ચાહો તો મારા નિર્જીવ કલેવરને પામી શકશો પણ જીવિત સીતાને તો કદીજ નહીં પામી શકો ...

સીતાની હિંમત અને જુસ્સાભરેલી વાણીથી નિરાશ થઈ રાવણ પોતાના મહેલે ચાલ્યા ગયા,

લંકાપતિ રાવણ જતાં જતાં કહેતા ગયા કે પ્રત્યેક પ્રાણી પોતાના હિતાહિતને સમજતા હોય છે,

તમારી જિંદગી આબાદ બનાવવી કે બરબાદ એ તમારા હાથમાં છે ...

રાવણ ફરી - ફરી અશોકવાટિકામાં આવી સીતાને લલચાવે ધમકાવે ડરાવે,

કિન્તુ સીતાના સતીત્વ સામે રાવણ હતપ્રભ બની જતો "જેમ સુર્યોદયથી ચંદ્રમાં".

વિદ્યાનિધિ રાવણ ખાવું પીવું અને રાજકાજમાં ઉદાસ રહેવા લાગ્યા નીંદ પણ હરામ થઈ ગઈ !!!

અરે ! રાજા રાવણની આ દશા જોઈ રાણી મંદોદરીને ઉદવેગ ઉત્પન્ન થયો !

પ્રાણનાથ ! આપ સરીખા નીતિજ્ઞ ધર્મજ્ઞ યશસ્વી મહાપુરુષને આ

શોભાસ્પદ નથી.
પરસ્ત્રીની કામના કરવી એ સત્પુરુષોનું કર્તવ્ય નથી.....
નાથ ! આપના અંતઃપુરમાં ઘણી ઘણી રાણીઓ છે સૌંદર્ય રેલાવતી સુંદરીઓ પણ છે,
આપ ચાહો તો નવો વિવાહ કરી શકો છો પણ સ્વામી ! પરનારીની કામના છોડી દો...
રાજ્ઞી ! જાણું છું પણ મારા મનને સમજાવવા તદ્દન અસમર્થ છું એમ રાવણે કહ્યું,
પ્રિયે ! તમને મારું જીવન પ્રિય હોય તો સીતાને સમજાવવા પ્રયત્ન કરો...
એ સાંભળી મંદોદરી ચિંતામાં પડી એક બાજુ સતી તો બીજી બાજુ પતિ !!!
વળતી જ પળે મંદોદરીએ વિચાર્યું સીતાને મળવામાં હાની પણ ક્યાં છે ?
સીતા જેવી એક મહાસતીનું દર્શન થશે અને પતિદેવને સંતોષ પણ થશે.
હકીકતમાં સીતા પોતાના ધર્મથી ડગશે તો નહીં જ એ પરથી પતિદેવને સમજાવવા સરળતા રહેશે.
સીતાં પાસે જવાનું સ્વીકારી રાણી મંદોદરી અશોકવાટિકામાં આવ્યા,
કહેવા જીભ ઊપડતી નો'તી તો પણ પૂછ્યું બહેન ! કેમ છો ?
સીતા કહે દેખી જ રહ્યા છો ...
સીતાજી ! અવ્યવસ્થિત અનિશ્ચિત જીવન જીવવા કરતાં વ્યવસ્થિત અને નિશ્ચિત જીવન જીવવું સુંદર નહિ શું ?
મંદોદરી ! એમાં ક્યાં સંદેહ છે પણ મારા હાથની વાત ક્યાં છે ?
બહેન ! હાથની જ વાત છે ઈચ્છો તો હમણાં જ બધા સંકટોથી મુક્ત થઈ શકો તેમ છો મંદોદરીએ કહ્યું.
સીતાએ મંદોદરી પર પોતાની તીવ્ર દૃષ્ટિ ફેંકી પૂછ્યું કે શો અભિપ્રાય છે આપનો ?
મંદોદરીએ કહ્યું સોનાની લંકામાં કોઈ વાતની કમીના નથી,
બહેન ! રામ લક્ષ્મણ વહારે આવવાની કલ્પનાના ગગનમાં ઊડવા કરતાં વાસ્તવિક ભૂમિ પર ચાલવું બહુ શ્રેષ્ઠ છે.

મંદોદરી ! જાત પવિત્રતા પર આ વિશ્વશાંતિનો આધાર છે જાતનું પતન થતાં વિશ્વ અશાંત બની જશે.

મંદોદરી ! મેં સાંભળ્યું હતું કે તું શીલવતી અને પતિવ્રતા સન્નારી છે, પરંતુ હવે સમજાયું કે તારા કામી પતિ વતી તું દલાલ બની આવી છે ...

અરે નિર્લજ્જ મંદોદરી ! દુરાચારી વાત કહેતાં તારી જીભ અચકાતી નથી ? તારા વાર્તાલાપથી સર્યું મારી આંખોથી અળગી થઈ જા તારું મુખ જોવાય તૈયાર નથી ...

મંદોદરીનું મસ્તક લજ્જાથી ઝૂકી પડ્યું અને ઉદ્‌ગારો સરી પડ્યા, ધન્ય સીતા ધન્યવાદ !!!

તમારા દિલના મનોભાવ પારખવા મેં પ્રયાસ કર્યો !!!

ઘેર ઘેર તમારા જેવી શીલવતી સતીઓનો પ્રાદુર્ભાવ થાય તો આ દુનિયા સ્વર્ગથી પણ ચઢિયાતી બની જાય !

સીતાના સતીત્વનું તેજ સાહસ અને દૃઢતાની ભારોભાર પ્રશંસા કરતી મંદોદરી મહેલે ચાલી ગઈ....

મંદોદરીએ પતિદેવ પાસે જઈ સતી સીતાના વિચારો જણાવ્યા, નાથ ! શીલધર્મની જીવંત પ્રતિમા રૂપ સીતાનો મોહ છોડી દેવો એજ યોગ્ય છે.

જીવતા સર્પનો મણિ અને સિંહની કેશવાળીની જેમ મહાસતી સીતાને મેળવવી અશક્ય છે...

સ્વામી ! આપના એકાંત હિત સુખ ને ધર્મની ખાતર સન્માન સહિત સીતાને પાછી સોંપી દેવી જોઈએ.

રાવણને મંદોદરીના વચનો અપ્રિય જણાતા કહ્યું તમારા સલાહ સૂચન રહેવા દો ...

સીતા અદમ્ય ઓજસ્વિની બ્રહ્મચારિણી નારી છે એવું નક્કી જણાયું તો પણ રાવણે મોહનો ત્યાગ કર્યો નહિ,

રાવણના નાનાભાઈ બિભીષણે પણ ઘણી રીતે સમજાવ્યા છતાં ઘમંડને કારણે કોઈનું લક્ષમાં લીધું નહીં.

આશ્ચર્યની વાત એ કે અસહાય સીતા કઈ શક્તિએ રાજા રાવણ સામે અડગ રહી શક્યા હશે ???

વાસ્તવમાં અજબ શક્તિના ખજાના રૂપ નારી જ્યારે પ્રબળા થઈ શીલરક્ષા માટે પ્રયત્ન કરે તો એનો કોઈ વાળ વાંકો કરી શકે નહીં...

પ્રાણથી વધુ કિમતી શીલને સમજનાર સ્ત્રી પાસે જ આવી શક્તિ પ્રગટે છે એને દેવો પણ સહાયક બની વંદન કરે છે !!!

સીતાની જેમ સૌના જીવનમાં અલૌકિક શક્તિ વિદ્યમાન હોય છે પરંતુ જોઈએ આત્મ શ્રદ્ધા !!!

શ્રી રામને મૂર્ચ્છા

યુદ્ધ કરતાં લક્ષ્મણે શ્રી રામને આવતા જોઈ કહ્યું કે ભાઈ ! સીતાને એકલા મૂકી આવ્યા એ યોગ્ય કર્યું નથી.

ભાઈ લક્ષ્મણ ! તારા બોલાવ્યાથી હું અહીં આવ્યો છું.

નહિ નહિ મોટાભાઈ ! મેં બોલાવ્યા નથી પણ આ કોઈ પ્રપંચ દેખાય છે !

તમે જલ્દી પાછા જાઓ હું સંગ્રામે વિજેતા બની તરત જ આવું છું.

શ્રી રામ શીઘ્ર ગતિએ પાછા પધાર્યા પરંતુ જાનકીને નહિ જોતાં આજુબાજુમાં તપાસ કરી.

સીતાનો પત્તો નહિ લાગતાં રામ મૂર્છાગત સ્થિતિમાં ઢળી પડ્યા !!!

શ્રી રામ સ્વસ્થ થાય ત્યાં ખરને મારી વિજય પ્રાપ્ત કરી લક્ષ્મણજી આવી ગયા.

સીતા ગૂમ થયાના સમાચારે લક્ષ્મણજીના દિલપર ભારે વજ્રઘાત થયો !!

અયોધ્યાનું રાજ્ય છોડતાં શ્રી રામચંદ્રજીના દિલપર થોડીએ અસર નો'તી.

જ્યારે ધર્મપત્ની સીતાના વિયોગે હૈયામાં ઊંડે અત્યંત વેદના થવા લાગી !!!

પાગલ બની વૃક્ષ અને વેલડીઓ પાસે જઈ જઈ સીતાના સમાચાર પૂછવા લાગ્યા.

એ વેળાએ ભાઈની સેવામાં સમર્પણ થયેલ લક્ષ્મણજીએ શ્રીરામને ખૂબ જ સાંત્વન સાથે ધૈર્ય ધારણ કરાવ્યું....

સીતાની શોધમાં

સીતાજીને શોધવા સ્વંય નીકળી પડેલા રામ લક્ષ્મણે સંકટમાં સપડાયેલ

સુગ્રીવને મુક્ત કરી પરમ મિત્ર બનાવ્યો !
સુગ્રીવે સીતાની શોધ કરવા ચારે બાજુ દૂતને મોકલ્યો પરંતુ રાવણના સકંજામાં સપડાયેલ સીતાનો પત્તો મળે ક્યાંથી ?
આખરે શોધ કરતાં સુગ્રીવે કંબૂગિરિ પર બેહાલ સ્થિતિમાં પડેલ વિદ્યાધર રત્નજટાને જોયો !
દયાની દૃષ્ટિએ રાજા સુગ્રીવે રત્નજટીને પૂછ્યું આમ કેમ ?
ત્યારે રત્નજટીએ કહ્યું રામ લક્ષ્મણ અને ભામંડળનો જાપ કરતી રડતી સીતાને લઈ જતાં, રાજા રાવણની સાથે સામનો કર્યો પણ રાવણે મારી બધી વિદ્યા હરી લેવાથી,
વિદ્યાવિહીન બનતાં આ પરિસ્થિતિ સર્જાયેલ છે.
સીતાના સમાચાર સાંભળી સુગ્રીવે હર્ષિત હૈયે તેને શાબાશી આપી રામ પાસે લઈ ગયા.
રત્નજટીના મુખેથી સીતાના સમાચાર સાંભળી રામ-લક્ષ્મણ એકદમ ભેટી પડયા અને પ્રસન્નચિત્તે ધન્યવાદ આપ્યા !
રામ લક્ષ્મણના રોમાંચ વિકસિત થયા જેના આનંદની અવધિ ના રહી !!!
તરત જ પ્રબળ પરાક્રમી શ્રી હનુમાન રામની આજ્ઞા લઈ લંકા બહાર અશોકવાટિકામાં પહોંચી ગયા,
હનુમાને વૃક્ષપર અદૃશ્ય રહી રામની આપેલ મુદ્રિકા સીતાજીના ખોળામાં ફેંકી !
રામનામની વીંટી નીરખી રામવિયોગે આતુર રહેલી સીતાના હૈયે આનંદના પૂર ઊમટ્યા !!!
હનુમાને પ્રગટ થઈ સતી સીતાને પ્રણામ કરી શ્રી રામ તરફના કુશળ ખબર આપ્યા.
ગ્રીષ્મઋતુના તાપથી તપતા તરુવરોની જેમ તમારા વિયોગે શ્રી રામ લક્ષ્મણ સંતાપ કરી રહ્યા છે !
એકવીસ એકવીસ દિવસના ઉપવાસી સીતાની વિકટ પરિસ્થિતિ નિહાળી શ્રી હનુમાન વિહ્વલ બની ગયા !!!

માતા ! આ ફળોથી આપ એકવીસ ઉપવાસનું પારણું કરી લો પછી જ હું અહીંથી જઈશ ...

સીતાજીને આશ્વાસન આપતાં હનુમાને કહ્યું હવે તમે ચિંતા કરશો નહિ તમારા દુઃખનો છેડો આવી ગયો જ સમજજો ...

હનુમાનજી ! દશરથનંદનને કહેજો કે આપના દર્શન માટે જ સીતા પ્રાણ ધારણ કરી રહેલ છે.

સીતાજી પાસેથી ચૂડામણિ લઈ સીતાજીને વંદન કરી હનુમાન રામ પાસે પહોંચી આવ્યા,

શ્રી રામને સીતા વતી નમન કહી લાવેલ ચૂડામણિ સોંપી વિગતથી સર્વ વૃતાંત કહી સંભળાવ્યો,

સીતાના સમાચારથી સૌને સંતોષ થયો તેમાં વળી સીતાજીના પ્રતિકરૂપે ચૂડામણિ મળતાં શ્રી રામના રોમાંચ ખડા થઈ ગયા !

ભયંકર યુદ્ધ

વિશાળ સૈન્ય સામે શ્રી રામ લક્ષ્મણ સુગ્રીવ વગેરે વીર પુરુષો સીતાજીને મેળવવવા યુદ્ધ ખેલવા લંકાએ પહોંચી ગયા,

સીતાના મોહમાં ચકચૂર બનેલ કામાંધ રાજા રાવણની છતાંય આંખ ઊઘડી નહીં !!!

બિભીષણે રાવણને ફરી ચેતવણી આપ્યા છતાં ભાઈની વાત કાને ધરી નહીં,

એટલું જ નહિ પણ બિભીષણનું અપમાન કરી લંકાથી બહાર કાઢી મૂક્યો !

બિભીષણ ન્યાય ધર્મનો પક્ષ લઈ રામની સાથે ભળી ગયા...

આખરે ઘોર ભયંકર યુદ્ધ થતાં લોહીની ધારાઓ વહેવા લાગી !!!

રાવણના પુત્રો અને અનેક વીર યોદ્ધાઓને યમલોકે પહોંચાડી દીધા...

ફરી ફરી શ્રી રામે લંકાપતિને કહ્યું અમારે યુદ્ધની કોઈ જરૂર નથી સીતાને પાછા સોંપી આપ સુખે રાજ્ય કરો,

પરંતુ અભિમાની રાવણે કોઈનું કશું જ માન્યું નહિ....

ખુદ રાવણે યુદ્ધભૂમિમાં સંગ્રામે ચડી રામની સેનાનું ધમસાણ વાળી નાંખ્યું !!!

લડતાં લડતાં સાયંકાળે ધરણેંદ્રે આપેલી અમોઘ વિદ્યા મહાશક્તિનો પ્રયોગ

રાવણે લક્ષ્મણ પર કર્યો !
લક્ષ્મણજી મૂર્છિત થઈ ધરતી પર ઢળી પડ્યા એથી રામ ચિંતામાં ગરકાવ થઈ ગયા !!!
શ્રી રામની છાવણીમાં પ્રતિચંદ્ર વિદ્યાધરે આવી દ્રોણમેઘના પુત્રી વિશલ્યાના સ્નાનજળનું મહત્ત્વ બતાવ્યું,
સત્યભૂતિ મુનિને પૂછતાં જાણેલું છે કે કુમારી વિશલ્યા પૂર્વ જન્મમાં આચરેલ શીલ તપના પ્રયોગે અત્યંત પ્રભાવશાળી છે !
એ વિશલ્યાના સ્નાન જળના સેવનથી મનુષ્યોના ઘા રુઝાશે શલ્ય દૂર થશે વ્યાધિ ઉપશાંત થશે,
અને વિશલ્યાના પતિ લક્ષ્મણજી થશે !!!
રાતો રાત ઝડપી પ્રયાસે રાજા દ્રોણમેઘની આજ્ઞા લઈ મનથી લક્ષ્મણજીને વરેલી વિશલ્યાને લઈ ભામંડળ લંકા આવી ગયા.
પ્રભાવશાળી વિશલ્યાના કર સ્પર્શથી જ લક્ષ્મણજીના શરીરમાંથી મહાશક્તિ દેવી નાશી ગઈ,
વિશલ્યાએ ગોશીર્ષ ચંદન ઘસી લાવવા ભામંડળને કહ્યું,
તુરત જ ચંદન આવી જતાં વિશલ્યાએ લક્ષ્મણજીના દેહે વિલેપન કર્યું,
ધીમે ધીમે નાડીના ધબકારા આંખની પાંપણો શરીરના અવયવો ગતિશીલ થતાં થતાં મૂર્છિત થયેલા લક્ષ્મણજી સભાન બની જતાં શ્રી રામચંદ્રજી વગેરે હર્ષમાં આવી ગયા !!!
શ્રી રામચંદ્રજીની છાવણીમાં સર્વત્ર આનંદ આનંદ ફેલાઈ ગયો !!!
તપસ્વિની વિશલ્યાના જીવન પ્રભાવને સૌ મનોમન પ્રશંસી રહ્યા સૌ દિલથી વંદી રહ્યા !!
બીજે દિવસે યુદ્ધ કરતાં સાયંકાળે રાવણે લક્ષ્મણ પર સુદર્શન ચક્ર છોડ્યું,
પણ ચક્ર પ્રદક્ષિણા લઈ લક્ષ્મણજીના જમણા હાથે સ્થિર થઈ ગયું !!!
તેજ ચક્ર લક્ષ્મણે રાવણ પર છોડ્યું શાસ્ત્રના નિયમ મુજબ પ્રતિ વાસુદેવ રાવણ, વાસુદેવ લક્ષ્મણજીના હાથે મરાયો
કૃતજ્ઞ શ્રી રામ બિભીષણને લંકાના રાજા બનાવી અયોધ્યા તરફ પાછા વળ્યા.

શ્રી રામ અયોધ્યામાં

ચૌદ વર્ષનો વનવાસ ભોગવી રામ અયોધ્યામાં આવતાં સૌનાં હૈયાં હર્ષનાં હિલોરે ચડ્યા !!

ભરતના આનંદનો પાર ના રહ્યો ! માતા કૌશલ્યા વગેરેનાં હૈયે અપૂર્વ હર્ષ છવાઈ રહ્યો !!!

પ્રજામાં ઘેર ઘેર ઠેર ઠેર પ્રસન્નતાનાં પૂર ઊભરાયા !!!

અત્યંત ઉત્સાહ સાથે રામનો અભિષેક કરાયો શ્રી રામ રાજા બન્યા,

ન્યાય નીતિ અને પ્રીતિથી પ્રજાનું પાલન કરવા લાગ્યા,

કઈ પેઢીઓ પસાર થઈ જવા છતાં રામરાજ્ય શબ્દ આજે પણ લોકોના દિલમાં પ્રભાવ પાડી જાય છે !!!

સત્ય હરિશ્ચંદ્રનું ! બ્રહ્મચર્ય દાદાભીષ્મનું ! દયાભાવ રાજા મેઘરથનો ! વૈરાગ્ય રાજા ભરતનો ! તેમ રાજ્ય તો રાજા રામનું !!!

શ્રી રામના પરિવારમાં પરસ્પર અનહદ પ્રીતિ હતી !

કૈકેયીના ચિત્તમાં એકવાર સ્વાર્થભાવ પેદા થતાં બધાની શાંતિ છીનવાઈ ગયેલ, છેવટે એમને પણ સદ્‌બુદ્ધિ આવી જતાં સૌના મનના મેલ ધોવાઈ ગયા.

આ ઘટના પરથી સહેજે સમજાય છે કે પરિવારમાં સૌને પ્રેમથી સમાવી લેતાં કેવો આનંદ અનુભવાય છે ???

જો કોઈના હૃદયમાં તુચ્છતા સંકુચિતતા પ્રવેશી જાય તો સારોય પરિવાર છિન્ન ભિન્ન થઈ જાય છે ...

સુખશાંતિના ચાહકે જીવનમાં પરિવારમાં વિશાળતાનું વાયુમંડળ સર્જવું જોઈએ ...

શોકોનું ષડયંત્ર ...

સીતાનું જીવન સદગુણાલંકૃત અને ત્યાગમય હોવાથી રાજરાણીઓમાં તેમનું સ્થાન મુખ્ય હતું !

ઠેર ઠેર તેમની થતી પ્રશંસા અને સૌનો તેમના પ્રત્યે આદર સત્કાર અજબનો !!!

પણ સીતાનો ઉત્કર્ષ નહિ સહી શકવાથી શોકોએ ષડયંત્ર રચ્યું !!!
કોઈવાર શોકોના સમૂહમાં બેઠેલી નિષ્કપટી સીતાને એક શોકે પૂછ્યું,
બહેન ! લંકામાં તમે બહુ દિવસ રહ્યા, રાવણ તમારી પાસે ફરી ફરી આવતો'તો ?
સાંભળવા મુજબ રાવણ એક પરાક્રમી અને શૂરવીર રાજા હતો તો તેનું રૂપ બતાવો તો ખરા !!!
સીતા કહે એનું નામ લેવામાં પણ પાપ માનું છું પછી જોવાનું તો ક્યાં રહ્યું.
શોકોએ બહુ આગ્રહથી પૂછ્યું ત્યારે સીતાએ કહ્યું,
રાવણ ક્યારે ક્યારે ડરાવવા ધમકાવવા આવતો ત્યારે ધૃણાપૂર્વક મારું મુખ ફેરવી નાખતી ફક્ત એના પગ તરફ જ મારી દૃષ્ટિ ગઈ છે..
સીતાજી ! તો જરૂર એના પગનું ચિત્ર અમને ચીતરી બતાવો,
બહેનો ! એ સમયે મને અજબ ક્ષમતા આવી ગયેલ અત્યારે તો સ્મૃતિ માત્રથી કંપી ઊઠું છું !
ત્યારની હિંમતે જરાપણ ડરતી દબાતી નો'તી આજે હૈયું ભરાઈ જાય છે એના પગના ચિત્રને જોઈને તમે શું કરશો ?
નહીં બહેન ! એમાં તમને વાંધો શું ? અમને બધાને જોવા ઉત્કંઠા છે.
અનભિજ્ઞ સીતાએ સરળ ભાવે બંને પગનું ચિત્ર આલેખી આપ્યું,
શોકોએ ચિત્ર સંભાળી રાખ્યું અને પોતાના મનોરથ સિદ્ધ કરવા તક શોધવા લાગી.
રાજરાણીઓએ એકલા બેઠેલા રામ પાસે જઈ રાવણના ચરણોનું ચિત્ર બતાવ્યું,
સ્વામી ! આપે પતિવ્રતા સતીની ખાતર જાત જોખમમાં નાખી લંકા પર ચડાઈ કરી તેના આ કર્તવ્ય જુઓ !
સતી શિરોમણી સીતાજી પ્રતિદિન આ રાવણના ચરણોની પૂજા કરે છે.
શોકોએ ઈર્ષાવશે આ કાર્ય ઊભુ કર્યું હોય એમ વિચારી શ્રી રામે એ વાત પર ધ્યાન આપ્યું નહિ.
નિષ્ફળ ગયેલ શોકોએ દાસી દ્વારા અયોધ્યામાં ઘેર ઘેર એ વાત ફેલાવવા પ્રારંભ કરી દીધો.

ભલાઈની વાત બહુ ધીરે ધીરે પ્રસરે, બુરાઈની વાત વિદ્યુતવેગે પ્રસરી જાય !!
દુનિયાની એ રીત મુજબ પ્રસરેલી ગલીચ વાતોથી અયોધ્યાના લોકો સીતાના ચારિત્ર પર આશંકા કરવા લાગ્યા !!!
સતીત્ત્વની પ્રતિતીથી જેના ગુણ ગાતી પ્રજા થાકતી નો'તી જેના દર્શન માત્રથી પાપ ધોવાઈ જવાનું માનતી હતી,
તેજ સીતા માટે અયોધ્યામાં આજે કેવી ચર્ચા ફેલાઈ રહી હતી ???
વાસ્તવિકતામાં તો જીવનમાં કરેલા શુભ અશુભ કર્મોના કારણે તેજી મંદીના બજારો ચાલ્યા કરે છે,
એટલે જ કર્મોનો અંત લાવવા સુખી થવા મુમુક્ષુ આત્માઓ પુરુષાર્થો કરી ગયા વર્તમાને કરે છે અને ભવિષ્યમાં કરશે...

સીતાનો પરિત્યાગ

સ્થાપેલ અધિકારી પુરુષોએ રામ પાસે જઈ થઈ રહેલ લોકનિંદાની વાત કરી,
તમારા વંશની કીર્તિ આજ લગી આબાદ રહેલી છે એ ઉજ્જ્વળ કીર્તિ પર કાલિમા લગાડશો નહિ
સીતાને મહત્ત્વ આપ્યા વિના રાજ્યમાં સ્ત્રીઓનો ક્યાં તોટો છે ?
અધિકારીઓના મુખેથી એ વાત સાંભળી રામને વજ્રઘાત થયો ?
છતાં ધીરજ ધરી હિંમત કેળવી શ્રી રામે કહ્યું કે રઘુકુળ કલંકિત નહિ થાય તેમ કરીશ,
રાતે શ્રી રામ વેશ પરિવર્તન કરી નગરમાં જ્યાં ગયા ત્યાં સાંભળ્યું કે ચિરકાળ સુધી રાવણને ત્યાં રહેલ સીતા કેમ પવિત્ર હોઈ શકે ?
લક્ષ્મણે પણ એજ વાત સાંભળી !!!
અહા.... હા ! જેના ખાતર ભયંકર યુદ્ધ ખેલી રાવણને માર્યો તે સીતા પર આવું કલંક !!! ચિંતામાં રાતે ઊંઘ જ ન આવી !
લક્ષ્મણજી બોલ્યા ભાઈ ! કદાચ સૂર્ય પશ્ચિમે ઊગે, ચંદ્ર અંગારા ઝરે, સમુદ્ર મર્યાદા મૂકે તો પણ સીતા કદી શીલ ચૂકે નહીં..
સુખદુઃખમાં સમર્પણ થઈ રહેલ શીલ રક્ષા કરવા રાવણ સામે ઝઝૂમેલ સતી સીતાને છેહ અપાય જ કેમ ???

અણમોલ સતી સીતાનો લોકવચને ત્યાગ કરશો તો પાછળથી પશ્ચાતાપ કરવો પડશે !!!

કોઈવાર રોષ તો કોઈ વાર સંતોષ ! ઉપર ટપકે જોનાર લોકોની વાત પર વિશ્વાસ રખાય જ નહિ ...

લઘુભ્રાતા લક્ષ્મણજી ! કર્મસંયોગે ખરેખર એવું જ બન્યું છે.

બિભીષણ બોલ્યા શ્રી રામ! સીતા સતીઓમાં શિરોમણી જ છે એમ હું સોગન પૂર્વક ખાતરી આપું છું.

રામ બોલ્યા તમારી બધાની વાત સાચી છે. લોકાપવાદથી રઘુકુળ કલંકિત બનશે નહિ,

પરંતુ સીતાનું કલંક નિવારવા સીતાનો ત્યાગ અનિવાર્ય છે.

સેનાપતિ કૃતાંતવદનને બોલાવી પ્રાણપ્યારી સીતાને અરણ્યમાં છોડી આવવા શ્રી રામે જણાવ્યું.

હે આર્યપુત્ર ! સીતાદેવી ગર્ભવતી છે એવી સ્થિતિમાં વનતરફ ???

શ્રી રામ કહે બધું જ બરાબર પણ.... એમનો ત્યાગ કરવો જ રહ્યો,

એમ કહી વલોવાઈ ગયેલ દિલે રામ આસન પરથી ઊભા થઈ ગયા.

વિહ્વળ બનેલા લક્ષ્મણ રામના ચરણોમાં પડી ચોધાર આંસુઓ વહાવતા બોલ્યા,

મોટાભાઈ ! મોટાભાઈ ! નિર્દોષ મહાસતી સીતાનો ત્યાગ તદ્દન અનુચિત અને અઘટિત છે...

લક્ષ્મણ ! હવે તારે એકે શબ્દ બોલવો નહિ એમ કહી રામે મુખ ફેરવી કૃતાંત વદનને કહ્યું,

સેનાપતિ ! દોહદના બહાને સીતાને લઈ જઈ વનમાં મૂકી આવ.

શ્રી રામના હુકમે નિર્જન વનમાં લઈ જઈ સીતાને બધી વાત કહી - સંભળાવતાં સીતાજી એકાએક મૂર્છિત થઈ ગયા.

આ જોઈ કૃતાંતવદને હૈયાફાટ રુદન કરતાં પશ્ચાતાપ કર્યો,

અહા... હા ! માતા સીતા જેવાને જંગલમાં મૂકવા આવું દારુણ પાપ નોકરીને કારણે મારે કરવાનું ???

કૃતાંતવદન નિશ્ચેષ્ટ થઈ ધરતી પર ઢળી પડ્યો રથના અશ્વો જંગલના જાનવરો પણ ગભરાવા લાગ્યા !

વિકટ વનમાં વાતા ચોમેર શીતળ વાયુથી સીતાની મૂર્છા દૂર થઈ શુદ્ધિમાં આવતાં અવાજ નીકળ્યો હે રામ !!!

હું આ ભીષણ વનમાં કેમ ? ખરે શું રામે મારો ત્યાગ કર્યો છે ???

ઓ સેનાપતિ ! આર્યપુત્રે ભલે મારો ત્યાગ કર્યો પણ તેમના પ્રત્યે મારા હૃદયમાં અતૂટ શ્રદ્ધા ભક્તિ છે ...

શ્રી રામચંદ્રજીના રાજ્યમાં સૌ લોકો સુખિયા માત્ર મારા કૃત કર્મયોગે હું જ એકલી વનમાં રખડી રહી છું !

રામ વિના હું તો દુઃખી જ છું પણ મારા વિના શ્રી રામનું જીવન પણ દુઃખિયારું બની જશે !!

આર્યપુત્રને મારો આટલો સંદેશો આપજે.

લોકાપવાદથી મને વનમાં મૂકી એના કરતાં ધીજ દ્વારા શીલ પરીક્ષા કરાવી લોકોની શંકા દૂર કરી હોત તો ?

હા.:. કમનશીબ હું, મારા જ અશુભ કર્મોને આ વિષમ વનમાં
ભોગવી લઈશ...

લોકોના કહેવાથી આપે મારો ત્યાગ કર્યો તેમ મિથ્યાત્વીના કહેવાથી જૈનધર્મનો ત્યાગ કરશો નહીં...

એમ કહી સીતાજી મૂર્છાગત સ્થિતિમાં ઢળી પડ્યા વળી, શીતળ પવને સ્વસ્થ થતાં રડતા હૈયે કહ્યું,

દિયર લક્ષ્મણને મારા આશીર્વાદ કહેજે. તું પ્રભુની સેવાનો લાભ લેજે. જા વત્સ ! તારો પંથ નિર્વિઘ્ન બને ...

આવા પ્રસંગ પર કોઈ સાધારણ સ્ત્રી હોય તો ? જ્યારે સીતાજી પોતાના જ દોષ દેખી રહ્યા'તા !!!

એટલે જ જગતમાં મોખરે રહી યાવચ્ચંદ્ર દિવાકરૌ લગી શ્રેષ્ઠતમ સ્થાન પ્રાપ્ત કરેલ છે...

હાય હાય !! સુખદુઃખ ભર્યા સંસારમાં રાચવા જેવું ક્યાં છે ???

રામ જેવા પતિ, લક્ષ્મણ જેવા દિયર, એવા પુણ્યશાળી સીતા પર આભ તૂટી પડ્યા જેવો સમય આવી ગયો !!!

છે કોઈ સુજ્ઞ ? માટે જ સંયમરૂપ ઢાલ અને તપરૂપ તલવારે ભવપાશ તોડી દો...

સજ્જનનો સહારો

એકલા સીતાજી પાપને નિંદતા રડતા પડતા આખડતા દિગ્મૂઢ બની વનમાં આમ તેમ ભમી રહ્યા'તા.

છેવટે સ્વયં ધીરજ ધરી જીવન મરણના ભયથી મુક્ત બનેલા સીતાજી નવકાર મંત્રના સ્મરણે વિશ્રાંતિ લઈ રહ્યા'તા.

વળી પૂર્વ સ્મૃતિઓ યાદ આવતા સીતાજીનું રુદન ચાલુ થઈ જતું... સતી અંજના પાસે અંગત સખી હતી,

જ્યારે સીતાને આશ્વાસન આપનાર કોઈ નહિ. ભયાનક વનમાં એકાએક, કેવળ ઉપર આભ અને નીચે ધરતી રહેલી !!!

દરમ્યાન હાથી પકડવા મંત્રીઓ સાથે જંગલમાં આવેલા પુંડરીક પુરના રાજા વજ્રજંઘે વિલાપ કરતા બહેનનો અવાજ સાંભળ્યો !

નિર્જનવનમાં અવાજને અનુસરી આવતા માનવ સમૂહને જોઈ સીતાને આશ્વાસન સાથે ભય ઉત્પન્ન થયો !

રાજા વજ્રજંઘે સીતા પાસે જઈ નિર્ભય રહેવા આશ્વાસન આપી સીતાજીને વનમાં આવવાનું કારણ પૂછ્યું,

છતાં મૌન રહેલા સીતાજીને પ્રધાનજીએ કહ્યું ભગિની ! તમે ભયભીત ન થાઓ.

આ પુંડરીકપુરના રાજા વજ્રજંઘ પરસ્ત્રી માટે સહોદર ભાઈ સમાન અને શ્રાવકધર્મના ધારક છે...

તો વિના સંકોચે આપનું વૃત્તાંત કહો. અવશ્ય તમારી વિપત્તિનો અંત આવી જશે.

રાજા અને મંત્રીના વચનથી અભય બનેલ સીતાએ પોતાની જીવનકહાણી કહી સંભળાવી...

નૃપતિએ કહ્યું એકધર્મના અનુયાયી પરસ્પર ધર્મબંધુ કહેવાય એ નાતે તમે મારા ધર્મબહેન છો,
મને સગા ભાઈ જ સમજી ઘેર પધારી ધર્મ આરાધનાએ તમારો સમય સુખમય પસાર કરો.
રાજા વજ્રજંઘના નિમંત્રણનો સ્વીકાર કરતા, ધર્મભગિની ભાગ્યશાળી સીતાને પાલખીમાં બેસાડી પુંડરીક પુરીએ લઈ આવ્યા,
ભાઈ વજ્રજંઘના પ્રબંધથી અલાયદા મહેલમાં રહી સીતાજી સુખ સગવડ પૂર્વક ધર્મધ્યાન કરતા ગર્ભપાલન કરવા લાગ્યા !!

લવ કુશનો જન્મ.

યથાસમયે સીતાજીએ ક્ષેમકુશળતા સહિત બે પુત્રોને જોડલે જન્મ આપ્યો !!
રાજા વજ્રજંઘે ઉત્સાહ અને ઉમંગપૂર્વક જન્મોત્સવ મનાવી પુત્રોના નામ લવ અને કુશ જાહેર કર્યા.
પ્રતિદિન ચંદ્રકળા જેમ વિકાસ પામતા બંને રાજપુત્રોને કલાચાર્યને સોંપી શાસ્ત્ર અને શસ્ત્રવિદ્યામાં નિષ્ણાત બનાવ્યા.
વિવાહયોગ્ય જાણી મામા વજ્રજંઘ દ્વારા લવકુશના લગ્ન કરવામાં આવ્યા.
કુશના વિવાહ અવસરે અચાનક નારદજીનું આગમન થયું !
રાજા વજ્રજંઘના આગ્રહે રાજકુમાર લવકુશના વંશનો પરિચય આપ્યાથી સૌને અનહદ આહ્લાદ થયો !!!
પ્રતિષ્ઠિત અને પ્રખ્યાત કુળમાં પોતાની પુત્રીના લગ્ન સંબંધ જોડતાં રાજા પૃથુરાજે વિશેષ ગૌરવ અનુભવ્યું !!!
પોતાના કુળનો પરિચય થતાં લવકુશને પ્રસન્નતાની પાછળ રામે સીતા પ્રત્યે નિષ્ઠુર વ્યવહાર કર્યા બદલ પ્રકોપ પેદા થયો !
સાધ્વી સમાન સતી સીતાને કલંકિત અને સગર્ભા અવસ્થામાં નિર્જન વનમાં ત્યજી દીધા જાણી આક્રોશમાં આવી ગયા !!
પુત્ર સમર્થ છતાં માતા પિતાની અપમાન અને અવગણના ભરી પરિસ્થિતિને નિવારે નહિ તો કપૂત કહેવાય !!!

પિતા પુત્ર સંગ્રામ

બંને ભાઈઓ બદલો લેવા પોતાનું કર્તવ્ય સમજી માતા સીતાના આશીર્વાદ લઈ યુદ્ધ કરવા સુસજ્જ બની ગયા,

રાજા વજ્રજંઘ અને શ્વસુર પૃથુરાજ વગેરેએ સાથે મળી ચતુરંગી સૈન્ય લઈ અયોધ્યા પર ચઢાઈ કરી.

અયોધ્યા પર અકસ્માત આક્રમણ થતાં રામલક્ષ્મણને આશ્ચર્ય ઉત્પન્ન થયું ! ચડાઈ કરનાર કોણ ? કયા ઉદ્દેશે ? રામ લક્ષ્મણે એમ વિચારતા વિચારતા સામનો કરવા તૈયારી કરી.

નારદ પાસેથી સમાચાર જાણી ભામંડળ બહેન સીતાને મળ્યા,

સીતા પાસેથી બધાય સમાચાર મેળવી બહેન ભાઈ બંને અયોધ્યા તરફ આવ્યા !!

સીતાજીએ લવકુશને મામા ભામંડળની ઓળખ આપતાં બંને ભાણેજોએ નમસ્કાર કર્યા,

અને મામા ભામંડળ પણ વાત્સલ્યભાવે ભેટી પડ્યા !!!

જોતજોતામાં રામલક્ષ્મણ અને લવકુશના લશ્કરની પરસ્પર જોરદાર લડાઈ જામી,

અવધનું સૈન્ય વિશાળ ને પ્રબળ હોવા છતાં લવકુશના બાણપ્રહારોને સહી ન શકતાં મેદાન છોડી નાસભાગ કરવા લાગ્યું !!!

આ દશા જોઈ રામ લક્ષ્મણને બહુ વિસ્મય થયો કે આજ લગી મોટા મોટા યુદ્ધોમાં આપણી સેનાએ કદી સાહસ છોડ્યું નથી,

આજે યોદ્ધાઓ આમ હિંમત કેમ હારી રહ્યા છે ??? શું આજે ઉપાર્જિત કીર્તિ કલંકિત બની જશે ???

લક્ષ્મણે હવે રૌદ્રરૂપે જોરશોરથી આગળ આવી ભયાનક બાણ વર્ષા વરસાવી તો લવકુશે વચ્ચે જ બાણોને તોડી બેકાર બનાવી દીધા !!!

બધા શસ્ત્રો વ્યર્થ જતાં જોઈ લક્ષ્મણે ક્રોધાવેશે છેલ્લે સુદર્શનચક્ર છોડ્યું ! ચક્ર પણ લવકુશને પ્રદક્ષિણા દઈ પાછું વળતું જોઈ રામલક્ષ્મણ હતાશ બની ગયા !!

પિતા પુત્રોનું મિલન

તેટલામાં નારદજીએ પહોંચી આવી હસતા હસતા રામલક્ષ્મણને કહ્યું. હર્ષના અવસરે વિષાદ કેમ ???

રામે સ્વાગત કરતાં ઋષિને કહ્યું પૂર્વજોનો યશ માટીમાં મળી રહ્યો છે છતાં આપ હર્ષ મનાવવા કહો છો ?

નારદ બોલ્યા, અહો રામ ! આ તો પૂર્વજોના યશ પર કળશ ચઢી રહ્યો છે !!!

રામ કહે ઋષિવર ! અમે આપનો અભિપ્રાય સમજી શકતા નથી તો સ્પષ્ટતાથી કહી બતાવો,

નારદ કહે રામ-બળદેવ અને લક્ષ્મણ-વાસુદેવની સામે સામનો કરવા બીજા કોણ સમર્થ હોઈ શકે ?

રામચંદ્રજી ! માતા સીતાથી ઉત્પન્ન થયેલ સૂર્યવંશના પ્રતાપી સૂર્યો એ આપના જ પુત્રો રહેલા છે !!!

ચક્રે પ્રદક્ષિણા આપી સૂચન કર્યું તો પણ હર્ષને બદલે શોચ કરી રહ્યા છો ????

નારદજીએ પડદો ઊંચકતા રામ લક્ષ્મણના આનંદની સીમા ના રહી !!!

યુદ્ધ બંધ કરવા આદેશ આપી રામ લક્ષ્મણે વીર પુત્રોને ભેટવા ઉત્સુકતા પૂર્વક પગલાં ઉપાડ્યા !

નારદજીએ સમાચાર આપ્યાથી લવકુશ હથિયારો હેઠા મૂકી રામલક્ષ્મણના ચરણોમાં ઝૂકી પડ્યા !

લવકુશનો હર્ષાશ્રુવડે અભિષેક કરી રામલક્ષ્મણ વત્સલભાવથી ભેટી પડ્યા !!!

યુગલ પુત્રોનું મિલન થતાં ધર્મપત્ની સીતાનો ઈતિહાસ નજર સમક્ષ તરવરવા લાગ્યો

પુત્રોનું પરાક્રમ અને પિતા પુત્રોનું મિલન નિહાળી માતા સીતા વિમાનદ્વારા શીઘ્ર પુંડરીકપુરે પહોંચી ગયા !!!

ઓ દશરથપુત્ર રામ ! સીતાજીને આશ્રય આપનાર અને લવ સાથે પોતાની પુત્રીના લગ્ન કરનાર રાજા વજ્રજંઘ છે.

રામ બોલ્યા રાજા વજ્રજંઘ ! તમે મારે ભામંડળ સમાન છો,

મારા પુત્રોનો ઉછેર કરી ઘડતર આપનાર આપનો મહાન ઉપકાર કદી

અને રાજા પૃથુરાજે પોતાની પુત્રીના લગ્ન કુમાર કુશ સાથે કર્યા છે એમ ભામંડળે બંને વેવાઈઓની ઓળખ આપી.

સૌએ પુષ્પક વિમાનમાં બેસી નગરી અયોધ્યામાં પ્રવેશ કર્યો. લવકુશના પુનિત પગલે પ્રજાજનોને આનંદનો પાર ના રહ્યો.

રામ લક્ષ્મણ લવ કુશ અને માતા સીતાનો જય જયકાર લલકારતા લોકોના શુભ મંગળ ધ્વનિએ આકાશ ગાજી રહ્યું.

મહેલમાં આવ્યા પછી શ્રી રામે પુત્ર લવકુશ નિમિત્તે મહોત્સવ શરૂ કરવા મંત્રીઓને આજ્ઞા આપી,

નગરને શણગારો. યાચકોને દાન આપો અને બંદીજનોને મુક્ત કરો.

શ્રી રામના મહેલે લવકુશને સત્કારવા. અભિનંદન આપવા નાગરિકો આવવા લાગ્યા

શૂન્ય થઈ ગયેલ રામનો મહેલ વર્ષો પછી આજે ચેતનવંતો બની ગયો !!!

લક્ષ્મણજીના મહેલે ભોજનવિધિ બાદ સભાગૃહમાં સૌ યોગ્ય આસને આરૂઢ થયા,

સીતાજીને લાવવા અભિપ્રાયો

અયોધ્યાપતિ હૃદયને પથ્થર બનાવી જીવી રહ્યા છે. સતી સીતાને હવે બોલાવી લેવા જોઈએ એમ સુગ્રીવ વગેરે બોલ્યા,

સાંભળી લવકુશ રડી પડ્યા ! ભામંડળ વિભીષણની આંખોમાંથી આંસુઓ ઉભરાયા !!!

હનુમાનજી ઉદ્‌વેગમાં આવી બોલી ઊઠ્યા, જે બન્યું તે અયોગ્ય બન્યું છે. દેવીસીતાને શીઘ્ર લઈ આવવા જોઈએ !

લક્ષ્મણજીને પૂર્વ પ્રસંગ ઊપસી આવ્યો, સીતાજીને વનમાં મૂકવા મારો સખત વિરોધ છતાં રામ પોતાના વિચારોને જ વળગી રહ્યા.

ભૂતકાળ યાદ આવતાં લક્ષ્મણજી ધમધમી ઊઠ્યા પરંતુ તરત જ બીજું દૃશ્ય સ્મૃતિ પર આવી ગયું,

સારથિ કૃતાંતવદને સીતાજીનો સંદેશો સુણાવ્યો ત્યારે શ્રી રામ મૂર્છિત થઈ

ઢળી પડેલા,
વળી કરુણ આકંદ કરતા સીતાજીને પાછા લાવવા જંગલમાં દોડી ગયા'તા,
પરંતુ સીતાનો પત્તો ન મળવાથી પાછા વળ્યા. સીતાવિયોગે તેમનું જીવન સ્મશાન જેવું બની ગયું છે !!!
એ વિચારે લક્ષ્મણજીનો રોષ શમી ગયો અને સીતાજીને બહુમાન પૂર્વક લાવવા શ્રી રામને નિવેદન કર્યું.

સીતાની અગ્નિપરીક્ષા

લક્ષ્મણ ! મન વચન કાયાથી વિશુદ્ધ શ્રી જાનકી ધીજ દ્વારા લોકોને વિશુદ્ધિ બતાવી નિષ્કલંક બને તેમ હું ચાહું છું...
બંધુ લક્ષ્મણે નમન કરી કહ્યું જેવી આપની આજ્ઞા !!!
રામે મંત્રી વર્ગને સૂચન આપ્યું. નગરની બહાર વિશાળ મંડપમાં મંચ બંધાવી હજારો પ્રજાજનો બેસી શકે તેવી વ્યવસ્થા ગોઠવો.
પુષ્પક વિમાનથી સીતાને અહીં લાવવા લક્ષ્મણે સુગ્રીવને કહ્યું,
સ્વલ્પ સમયમાં પુંડરીકપુરીએ પહોંચી સુગ્રીવે સીતાજીને પ્રણામ કરી કહ્યું,
મહાદેવી ! શ્રી રામની આજ્ઞાથી આપને અયોધ્યા લઈ જવા હું અહીં આવ્યો છું. લક્ષ્મણજી પણ આપના દર્શન માટે આતુર છે !
પુત્રો લવ કુશ પણ આપને મળવા ઝંખી રહ્યા છે માટે દેવી ! આપ અયોધ્યા પધારો !!!
સીતાજીએ કંપતા સ્વરે કહ્યું. કપીશ્વર ! જે કારણે મારો ત્યાગ કરાયેલ તે જેમને તેમ હોતાં અયોધ્યા આવવા જીવનમાં શું પ્રયોજન ?
દેવી સીતાજી ! આપનું કથન સત્ય છે. આપે અદ્‌ભૂત શક્તિથી દુઃખનો પ્રતિકાર કર્યો છે,
પરંતુ હવે તે દુઃખનો અંત નજીકને નજીક આવી રહ્યો છે...
શ્રીરામ લક્ષ્મણ અનેક રાજાઓ રાજકુમારો મંત્રીમંડળ અને હજારો પ્રજાજનો સાથે સિંહાસન પર બેસી આપની રાહ જોઈ રહ્યા છે કે સીતાજી ધીજ દ્વારા લોકોને શીલશુદ્ધિ બતાવી નિષ્કલંક બને...
તો મહાદેવી કૃપા કરી જરૂરથી અયોધ્યા પધારો !!!

કપીશ્વર ! જો એમ હોય તો અયોધ્યા આવવા તૈયાર છું સાંભળી સુગ્રીવ પ્રસન્ન થઈ ગયા !

ભાઈ વજ્રજંઘને સીતાએ અયોધ્યા જવા વાત જણાવી,

બહેન ! તમારી વાતથી મને હર્ષ અને શોક બંનેનો અનુભવ થાય છે !

ગમે તેવી વહાલસોયી બહેન હોય તોય પોતાને ઘેર જાય એ હું સમજું છું પણ આ તારા ભાઈને ક્યારેક યાદ કરજે...

એમ કહી રાજા વજ્રજંઘ રડી પડ્યા. સીતાજી પણ ચોધાર આંસુએ રડી પડ્યા અને સુગ્રીવનું હૈયું ભરાઈ આવ્યું.

સીતાજી બોલ્યા અહો પિતા ! માતા ! ભ્રાતા ! આપને કયા શબ્દે સંબોધું ? આપના ઉપકારો જનમોજનમ ભૂલી શકું તેમ નથી,

હે નિષ્કારણ બંધુ ! મારા પર આવેલા અગાધ કષ્ટોને આપના નિઃસ્વાર્થ વત્સલ ભાવથી સહેવા ક્ષમતા ટકાવી શકી છું...

વજ્રજંઘે રૂંધાતા સ્વરે કહ્યું પણ બહેન ! ભાઈને ઘેર સદા ક્યાંથી રહી શકે ? અરે ભગિની ! તું અહીં આવી છો ત્યારથી મારા, મારા પરિવારના અને મારી પ્રજાના સુખ શાંતિ વૃદ્ધિગત થયા છે !!!

સીતાએ રાજરાણીઓને મળી પુંડરીકપુરના હજારો નર નારીઓના અશ્રુભીની આંખે અભિવાદન ઝીલી,

પુત્રવધૂઓને લઈ પુષ્પક વિમાને બેસી અયોધ્યા તરફ પ્રયાણ કર્યું !

અયોધ્યાને ત્રણ પ્રદક્ષિણા દઈ વિમાન બાજુના ઉદ્યાને ઉતાર્યું.

સૌની મીટ એ તરફ મંડાઈ ગઈ !

કુમારીઓએ સીતાજીને અક્ષત આદિથી વધાવ્યા સૌ વિમાનમાંથી ઊતરી બહાર આવ્યા. લક્ષ્મણજી સિંહાસન પરથી ઊઠી દોડી આવ્યા અને સિતાજીને ભાવપૂર્વક નમસ્કાર કર્યા !

સીતાજીને ઉદ્યાનમાં સિંહાસન પર આરૂઢ કરવામાં આવ્યા. પુત્રવધૂઓને લઈ ભામંડળ અયોધ્યામાં ગયા.

અનેક રાજા મહારાજાઓ સહિત નમ્રતા અને ભક્તિપૂર્વક લક્ષ્મણજીએ મહાદેવી સીતાને અયોધ્યામાં પધારવા કહ્યું.

ચઢેલું કલંક દૂર ન થાય ત્યાં લગી નગર પ્રવેશ નહિ કરવા સીતાની પ્રતિજ્ઞા લક્ષ્મણે શ્રી રામને દર્શાવી.

ગંભીર વદને રહેલા શ્રી રામે કહ્યું સીતાજી ! તમે નિર્દોષ છતાં લોકોમાં ફેલાયેલ અપવાદને દૂર કરવા દીજ કરવું જરૂરી છે.

જરૂર જરૂર સ્વામીનાથ ! ૧. કહો તો ધગધગતી આગમાં પ્રવેશ કરું ૨. કહો તો અભિમંત્રિત ચોખા ખાઉં, ૩. કહો તો ત્રાજવે બેસું ૪, કહો તો ગરમ ગરમ સીસુ પી જઉ. ૫. કહો તો જીભપર તલવાર ચલાવી દઉ.

સાંભળી મંડપમાં રહેલા સૌ જનો બોલી ઊઠ્યા. નહીં નહીં સીતાજી મહાસતી છે તેમને દિવ્ય કરાવશો નહીં...

સીતાજીએ દિવ્ય કરવાના કરેલા પડકારથી સૌના હૃદય કંપી ઊઠ્યા પરંતુ શ્રી રામ દૃઢતાથી બોલ્યા,

સીતા કલંકિત છે એમ તમે જ કહેતા'તા. આજે કહો છો સીતા મહાસતી છે ફરી કદાચ તમે જ કહો સીતા કલંકિત છે તો તેનો ભરોસો શો ?

સીતાના સતીત્વની સૌને પ્રતીતિ થાય માટે જાનકી અગ્નિદીજ કરશે...

વિશાળ ખાડો ખોદાવી અંદર ચંદનના લાકડા ગોઠવી અગ્નિ પ્રદીપ્ત કરવામાં આવ્યો.

લપ લપ કરતી અગ્નિજ્વાળાંઓ ઊંચે ઊંચે ઊછળવા લાગી !

દૃશ્ય બહુ ભયાનક હતું એથીયે અધિક કરુણ દૃશ્ય એકત્ર થયેલા પ્રેક્ષકોનું હતું !!!

ઊછળતી જ્વાળાઓ જોઈ શ્રી રામના હૃદયમાં કંપારી પેદા થઈ ગઈ !

અહાહા... નિઃશંક આ મૈથિલી મહાસતી છે છતાં કેવી વિષમ પરિસ્થિતિ ઉપસ્થિત કરી !!

આ એજ વૈદેહી જેણે મારી પાછળ વનવાસ ભટકવાનું પસંદ કર્યું હતું !!

તેણીને ઝૂંપડીમાં એકલી મૂકી ગયેલ મારાજ વાંકે તેણીનું અપહરણ થયું !!

ત્યાર પછી લોકોના અપયશથી બચવા ગર્ભિણી સ્થિતિમાં એ મહાસતીજીનો મેં ત્યાગ કર્યો !!!

આજે એજ સતીજીને હું ભડભડતી આગમાં ફેંકવા નિષ્ઠુર બન્યો છું એ વિચારે

રામનું દિલ દ્રવી ઊઠ્યું !!!

સતી સીતાજીએ સ્વસ્થ અને ગંભીર મુદ્રાએ અગ્નિકુંડ પાસે આવી પૂર્વ દિશા તરફ મુખ રાખી,

ઉપસ્થિત થયેલ લોક સમૂહ સમક્ષ અગ્નિદેવને સંબોધન કરતાં કહ્યું,

ઓ.. શાસનદેવ ! મન વચન કાયાથી જાગતા કે સ્વપ્નમાં શ્રી રામચંદ્રજી સિવાય કોઈ પરપુરુષને ઈચ્છ્યા હોય તો,

આ પાવક પાપી શરીરને બાળી ભસ્મીભૂત કરી દે, તેમ નહીં તો અગ્નિ પાણી રૂપમાં ફેરવાઈ જાય !!!

એટલું કહી સીતાજી નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં પેલા ભયંકર અગ્નિકુંડમાં કૂદી પડ્યા !!!

સૌના શ્વાસ અદ્ધર થઈ ગયા ! સીતાજી માટે આ જીવલેણ દૃશ્ય કોણ જોઈ શકે ???

કેટલાયે આંખો બંધ કરી દીધી તો કેટલાયે મુખ ફેરવી લીધું જ્યારે કેટલાક તો મૂર્છિત થઈ ગયા !!!

એ સમયે રામ લક્ષ્મણની પરિસ્થિતિ કેવી બની હશે તે જ્ઞાની વિના કોણ જાણી શકે ?

શીલનો ચમત્કાર

મહાસતી સીતાએ અગ્નિકુંડમાં પ્રવેશ કર્યો ત્યાં જ અગ્નિ પાણી રૂપે ફેરવાઈ ગયો.

એટલું જ નહિ પણ શીલના સંરક્ષક દેવોએ જળમાં સુંદર કમળ પર સિંહાસન બનાવ્યું સૌને ઉપર બેઠેલા સીતામાતા દૃષ્ટિગોચર થતાં દેખાયા !

જાણે સાક્ષાત્‌લક્ષ્મી દેવી !!! આ વિસ્મયજનક દિવ્ય ચમત્કાર જોઈ સૌના અંતઃકરણ હર્ષના હિલોળે ચડ્યા !!!

દેવોએ અંતરીક્ષે રહી પુષ્પવૃષ્ટિથી સીતાનો સત્કાર કર્યો,

મહાસતી સીતાનો જય જયકાર ઊચ્ચારતા દેવો અને માનવોના ઉલ્લાસ ભર્યા અવાજે ગગન ગુંજવા લાગ્યું !!!

શીલવાન સ્ત્રી પુરુષોનો લોકોત્તર પ્રભાવ કંઈક અગોચર હોય છે !

અગ્નિ પાણીરૂપે, શત્રુમિત્રરૂપે, ઝેર અમૃતરૂપે પલટાઈ જાય એ ચમત્કાર શીલનો હોય છે !

ત્યાં અગ્નિકુંડ સરોવર જેવો દેખાવા લાગ્યો. સમુદ્રની ભરતીની જેમ પાણીના પૂર વધવા લાગ્યા!!

આ પૂર મંચ સુધી પહોંચતાં સૌને ડૂબી જવાનો ભય લાગ્યો !!!

વિદ્યાધરો વિદ્યા બળથી આકાશમાં અધર રહ્યા જ્યારે ભયગ્રસ્ત માનવો સીતાને પુકારવા લાગ્યા.

ઓ મહાસતી સીતાજી ! અમને બચાવો બચાવો સતીજી ! સતીજી ! સતીજી ! અમારી રક્ષા કરો !!!

ધ્યાનમગ્ન સીતાજીએ આંખો ખોલી પરિસ્થિતિ જોતાવેંત ઊભરાતા પાણીના પૂર પર હાથ મૂકતા જ પૂર શાંત થઈ સમાઈ ગયા !

સૌથી વિશેષ આનંદ અનુભવ્યો લવ અને કુશે ! જેમના નયનો હર્ષાશ્રુથી છલકાઈ ગયા !!

બંને ભાઈઓ એકબીજાની સામે જોઈ સરોવરમાં કૂદી પડ્યા તરતાં તરતાં માતા સીતા પાસે પહોંચી ગયા !!!

સીતાજીએ બંને પુત્રોના મસ્તકે સ્નેહસભર હાથ પ્રસાર્યા. બંને પુત્રો સીતાજીની બંને બાજુ બેસી ગયા !!!

અજાયબી ભર્યું આ દૃશ્ય જોઈ રામ લક્ષ્મણના હૃદય ગદ્‌ગદિત થઈ ગયા !!!

સીતાજી પાસે પહોંચવા પુલ બનાવી ફરી ફરી વંદન અને સતીત્વનો જય જયકાર કરતા દેવો સ્વસ્થાને ગયા.

શ્રી રામ સિંહાસનેથી ઊઠી સીતા પાસે પહોંચ્યા. લક્ષ્મણ વગેરે સર્વ રાજાઓએ સીતા પાસે જઈ નમસ્કાર કર્યા.

શ્રી રામે પોતાના થયેલ અપરાધોનો પશ્ચાત્તાપ કરતાં કહ્યું,

હું કેટલો નિષ્ઠુર હૃદયી ? નિષ્કલંક સીતાને જાણવા છતાં લોકાપવાદે સંકટમાં મૂકી દીધા !

અંતરના ભાવ મારા ગમે તેવા હોય પણ કાર્ય તો નિર્દયતા ભર્યું જ કર્યું છે !

પવિત્ર સતી ભગવતીને કષ્ટ દેવાથી ન જાણું કઈ રીતે મારો નિસ્તાર થશે ?

પશ્ચાત્તાપ કરતા પતિદેવને આશ્વાસન આપતાં સીતાએ કહ્યું
સ્વામીનાથ ! આપ વ્યર્થ પશ્ચાત્તાપ કરી રહ્યા છો. સુવર્ણને આગમાં નાંખતાં એની કિંમત વધે જ છે.
આપે ધીજ પરીક્ષાથી મારા યશ ગૌરવ સતીત્વ ધર્મને ચમકાવી દીધા છે !
જો આવું ન કર્યું હોત તો આગળ કેટલી પેઢીઓ મને કલંકિની તરીકે ઓળખતને ?
મારો ત્યાગ કરવાથી રઘુકુળની પ્રતિષ્ઠા અને શીલનો મહિમા વધ્યો છે !!!
રાજા કેવા ન્યાયપ્રિય હોવા જોઈએ આપે એ આદર્શને પૂર્ણ રીતે બતાવી દીધો છે !
એમ સર્વ રીતે સુંદર થયું છે તો તેનો પશ્ચાત્તાપ શા માટે ?
સ્વદોષદર્શી સીતાએ રામને સાંત્વન આપતા કહ્યું નાથ ! આમાં આપનો કે પ્રજાનો કોઈનોય દોષ નથી,
મારા જ આચરેલા પૂર્વજન્મના અશુભ કર્મનો આ વિપાક છે...
લોકો તેમની ભૂરી ભૂરી પ્રશંસા કરવા લાગ્યા !!!
સૌના હૃદય પર શીલનું માહાત્મય અંકિત થઈ ગયું...

જયભૂષણ કેવળી

શ્રી રામે સીતાને પુષ્પક વિમાને આરૂઢ થઈ અયોધ્યા પધારવા કહ્યું,
સંસાર પ્રત્યે ઉદાસ અને અલિપ્ત બનેલા સીતાજીએ પ્રત્યુત્તર વાળ્યો કે
કર્મથી આત્મા ચાર ગતિમાં રખડી હેરાન પરેશાન થઈ રહ્યો છે એ કર્મોનો નાશ કરવા સંયમી બનવા સંકલ્પ કરી લીધો છે,
એમ કહી સીતાજી કમલ પરથી ઊતરી કેશલુંચન કરી કેશ શ્રી રામને સોંપી ચાલતા થઈ ગયા,
સુગ્રીવ ભામંડળ વગેરે સીતાજીની પાછળ પાછળ ચાલ્યા,
શ્રી રામ કિંકર્તવ્ય મૂઢ બની મૂર્છાગત સ્થિતિમાં ઢળી પડ્યા !!!
લવ અને કુશ પણ અણધાર્યા સંકલ્પથી સ્તબ્ધ બની ગયા. કોઈને કંઈ ગમ પડતી નથી.
કલ્પના બહાર અસાધારણ ઘટના બની ગઈ !!!

સ્વસ્થ થતાં શ્રી રામે કહ્યું, દેવી સીતા ક્યાં ? ભલે કેશલુંચન કરી દીધો તો પણ સીતાને પાછા લાવો,

શ્રી લક્ષ્મણે કહ્યું કે આર્યપુત્ર ! આપે અપયશના ભયથી દેવી સીતાનો ત્યાગ કર્યો તેમ ભવ ભ્રમણના ભયથી સીતાએ સંસારનો ત્યાગ કર્યો.

સીતાજીએ જયભૂષણ કેવળી મુનિ પાસે પહોંચી વંદન કરીને મસ્તકે હાથ જોડી વિનંતી કરતાં કહ્યું,

અહો પૂ. કૃપાળુ ગુરુદેવ ! આપ મારા પર કૃપા કરી ભવભ્રમણ નિવારક ચારિત્ર રત્નનું દાન આપો !

નિષ્કારણ પરમ કૃપાળુ પૂ. મહામુનિએ સીતાજીને ચાર મહાવ્રત આરોપણ કરી સુવ્રતા સાધ્વીજીને સોંપી દીધા..

સુગ્રીવ ભામંડળ વગેરેએ પાછા આવી શ્રીરામને ખબર આપ્યા આર્યપુત્ર ! સીતાજીએ કેવળી મુનિ પાસે સંયમ સ્વીકારી લીધો છે.

એ સાંભળી રામ લક્ષ્મણાદિ સૌ એ કેવળી ભગવંત પાસે જઈ વિધિવંદન કરી ધર્મોપદેશ સાંભળ્યો.

દેશનાબાદ શ્રી રામચંદ્રજીએ વંદન કરી પૂછ્યું સ્વામી ! મારો આત્મા ભવ્ય કે અભવ્ય ???

કેવળી ભગવંતે કહ્યું રામ ! તમે ભવ્ય છો એટલું જ નહિ પરંતુ આજ ભવે કેવળી બની કર્મ મુક્ત થશો !!!

કેવળી ભગવંતના શ્રીમુખેથી આ સમાચાર સાંભળતા સૌ શ્રી રામને મનોમન વંદન કરી રહ્યા...

જયભૂષણ કેવળીએ અયોધ્યાની પ્રજાને ધર્મના રંગે રંગી દીધી !!!

વળી સીતાજીના સર્વત્યાગે અયોધ્યાના રાજ્યમાં અને વિદ્યાધરોની દુનિયામાં આશ્ચર્ય ફેલાવી દીધું હતું !!!

શ્રી રામ સપરિવારે કેવળી મુનિને વંદન કરી સીતાજી ધ્યાનમાં વિરાજી રહ્યા'તા ત્યાં જઈ વંદન કરી અયોધ્યા તરફ પાછા વળ્યા.

શ્રી રામચંદ્રજીને સીતાના સર્વત્યાગના વિચારમાં રાતે નિદ્રા જ ન આવી !

સીતાજીનો પૂર્વભવ

બીજે દિવસે બિભીષણે શ્રી કેવળી મુનિને પૂછ્યું, કયા કર્મે સીતાજીનું અપહરણ થયું અને કયા કર્મે સીતાજી કલંકિત બન્યા ???

એ ઈતિહાસ જાણવા સૌ જિજ્ઞાસુ બન્યા અને કેવળી જયભૂષણમુનિ એ ભૂતકાળ ભાંખ્યો. ભવ્યજીવો ! કર્મના ફળ વિચિત્ર અને અનિવાર્ય હોય છે. કર્મબંધ મન વચન કાયાની પ્રવૃત્તિથી થાય છે.

એક ક્ષણ યોગની અશુભ પ્રવૃત્તિ થતાં અનંતાનંત અશુભ પરમાણુઓનો બંધ થઈ જાય છે !

અને યોગોની શુભપ્રવૃત્તિથી શુભકર્મબંધ પણ એટલો જ બંધાય છે.

હિતેચ્છુએ અનંતાનંત પુણ્યોદયે પ્રાપ્ત થયેલ યોગોનો દુરુપયોગ કરવો નહીં. જૂઠ ક્લેશ પરનિંદા પૈશુન ચાડી ચૂગલી કલંક - મિથ્યા દોષારોપણ કોઈના મર્મ પ્રકાશવા,

આ બધી અશુભ પ્રવૃત્તિથી તો ભીષણ અનર્થો સર્જાય છે જે સાધારણ મનુષ્યને કલ્પનામાં પણ આવી શકે નહીં...

એમાંય વળી કોઈ પર કલંક - આળ ચઢાવવું એ પાપનું પરિણામ તો વિશેષ ભયંકર હોય છે,

એ સંબંધમાં સતી સીતાજીનું જ્વલંત ઉદાહરણ રહેલ છે !!!

સીતાજીનો પૂર્વભય - મૃણાલકંદ નગરે રાજા વજ્રકંઠના પુત્ર શંભુ અને શ્રીભૂતિ નામે પુરોહિત રહેતા'તા,

પુરોહિતના પત્ની સરસ્વતીને ત્યાં વેગવતી નામે પુત્રી હતી.

એકદા વેગવતી સખીઓની સાથે રમતાં રમતાં જંગલમાં નીકળી ગઈ.

ત્યાં કૃશ શરીરી તીવ્રતપસ્વી ધ્યાનમગ્ન સુદર્શનમુનિ રહેલા. તેમના દર્શનાર્થે નગરીના સેંકડો નરનારીઓ આવી રહ્યા'તા,

પૂર્વભવના સંસ્કારે વેગવતીના હૃદયમાં મુનિપ્રત્યે વૈરભાવ જાગતા આવતાં જતાં લોકોને કહેવા લાગી,

સંસાર છોડી સાધુ બન્યા પછી પણ મુનિ કેટલા કપટી ને ઢોંગી છે ? ભોળા લોકોને ભરમાવવા કેવું પાખંડ રચે છે ?

આ સાધુને એકાંતમાં એક સ્ત્રી સાથે ક્રીડા કરતાં મેં હમણાં જ જોયા'તા...

સાધુ નિંદા પ્રશંસામાં સમભાવ રાખે છતાં વેગવતીના દોષારોપણથી છદ્મસ્થ ભાવે મુનિનું ધ્યાન ખંડિત થઈ ગયું !

સંતાપસહ મુનિ ચિંતવવા લાગ્યા, મારો આત્મા તો નિર્દોષ જ છે પરંતુ લોકો શું સમજશે જૈન મુનિ આવા દુરાચારી હોય ???

મારા નિમિત્તે જૈનશાસનની નિંદા થાય એ ઉચિત નથી.

મારા પરનું કલંક દૂર થશે ત્યારે જ કાયોત્સર્ગ પાળી આહાર પાણી લઈશ એવી પ્રતિજ્ઞા ધારણ કરી !

ક્ષેત્રદેવે અવધિજ્ઞાનથી જાણ્યું કે મુનિરાજે આવેલ ઉપસર્ગના કારણે અન્નજળનો ત્યાગ કર્યો છે !!!

વિલંબ વિના ક્ષેત્રદેવ મુનિની સેવામાં ઉપસ્થિત થઈ વેગવતીના શરીરને કદરૂપું બનાવી દીધું !

કદરૂપુ શરીર જોઈ સખીઓ બોલી ઉઠી બહેન વેગવતી ! આ શું ?

પોતાના શરીરની પરિસ્થિતિ જોઈ વેગવતીને ખ્યાલ આવી ગયો કે નિર્દોષ મુનિને કલંકિત બનાવતા શરીર બેડોળ બની ગયું જણાય છે !

ઉપસ્થિત જનતાની સમક્ષ જૂઠનો સ્વીકાર કરતા મુનિશ્રીને વંદન સાથે વારંવાર ક્ષમાયાચના કરવા લાગી.

પ્રતિજ્ઞા પૂર્ણ થતાં દયાળુ મુનિએ ક્ષમાદાન આપતા વેગવતીને ધર્મોપદેશ આપ્યો,

મુનિરાજના ઉપદેશથી સુલભબોધિ વેગવતી ધર્મશ્રદ્ધા પ્રગટ થતાં બાર વ્રત સ્વીકારી સુશ્રાવિકા બની ગઈ !

વેગવતી પ્રીતિપૂર્વક ધર્મપાલન કરતાં સફળતાપૂર્વક સમય નિર્ગમન કરવા લાગી.

પેલા કેવળજ્ઞાની મુનિએ કહ્યું સીતાજીના જીવે વેગવતીના ભવમાં મુનિ પર કલંક

ચઢાવવાથી સીતાના ભવે કલંકિત બની.

હકીકતમાં કોઈએ કોઈના પર જૂઠું કલંક ચઢાવવું એ ઘોર ભયંકર પાપ છે...

પછી પાપનું પરિણામ ભોગવવું બહુ દુઃખદ થઈ પડે છે !!!

એટલે જ જ્ઞાની ભગવંતો ચેવતણી આપે છે કે કોઈપણ કર્મબંધ કરતાં પહેલાં વિચારશીલ રહો...

એક સમયે વજ્રકંઠ રાજાના પુત્ર શંભુની દૃષ્ટિ સ્વરૂપવતી વેગવતી પર પડતાં તેના રૂપ તરફ આકર્ષાયો !

અને પુરોહિત શ્રીભૂતિ પાસે પુત્રી વેગવતીને પરણાવવા માંગણી કરી.

શ્રીભૂતિએ રાજપુત્ર શંભુની માંગણીનો ઈન્કાર કર્યો કે તરત જ શંભુએ તેની ગરદન પર તલવાર ચલાવી દીધી !!!

શ્રીભૂતિને એજ સ્થિતિમાં પડતો મૂકી રાજકુમાર ઘોડા પર બેસી શ્રીભૂતિને ઘેર પહોંચ્યો,

માતા સરસ્વતી બહાર ગયેલ અને ઘરમાં પ્રવેશતા રાજકુમારને જોઈ વેગવતી થરથર ધ્રૂજવા લાગી !

ગભરાયેલ વેગવતીએ ચીસ પાડી ઓ પિતાજી ! ત્યારે રાજકુમાર શંભુ કહે તારા પિતાજીને તો યમલોકમાં પહોંચાડી દીધો,

અને તને હું સ્વર્ગલોકમાં વસવાટ કરાવીશ, તું મારી ઈચ્છાને અનુસરી જા !

વેગવતી કહે ભાઈ ! હું તારી બહેન રૂપે છું. મને છોડી દે છતાં નિર્લજ્જ રાજકુમારે તેના શીલનો ભંગ કર્યો !

વેગવતીનું અંતઃકરણ ઊકળી ઊઠ્યું. રાજકુમાર શંભુને અભિશાપ આપતા કહ્યું કે

ભવાંતરમાં હું તારા વધનું નિમિત્ત બનીશ એ સાંભળી ગભરાયેલ હૈયે શંભુ વેગવતીને છોડી ભાગી ગયો.

ખબર પડતાં માતા સરસ્વતીએ આપઘાત કર્યો અને વેગવત્રીએ સાધ્વીજી પાસે

સંયમ અપનાવ્યો !

વૈરાગ્ય ભાવે સંયમ પાળી આયુષ્ય પૂર્ણ કરી વેગવતી પાંચમે દેવલોકે દેવરૂપે ઉત્પન્ન થયેલ.

વેગવતીના જીવે ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી જનકરાજાને ઘેર જાનકીરૂપે જન્મ લીધો.

રાજપુત્ર શંભુના જીવે ભવભ્રમણ કરતાં રાવણરૂપે જન્મ લીધો ! પુરોહિત શ્રીભૂતિના જીવે કર્માનુસાર ભમતાં રાજા દશરથને ત્યાં લક્ષ્મણ રૂપે જન્મ લીધો ભૂતકાળમાં રાજકુમાર શંભુએ વેગવતી પર મોહિત થઈ તેમના પિતા શ્રીભૂતિને ખતમ કરવાથી બંધાયેલ વૈરને કારણે અને અભિશાપ આપેલ વેગવતી પર રાગ રહી જતાં સીતાને નિમિત્તે લક્ષ્મણે રાવણના પ્રાણ લીધા !!!

જયભૂષણ મુનિએ જ્ઞાનબળથી ભવાંતરનો પડદો ઊચકી કરેલા કર્મ મુજબ કુદરતના કાનૂનો જણાવ્યા...

સીતાજીનો વિરક્તભાવ

કર્મદશા કેટલી વિષમ રહેલી છે ? રાજા જનકની પુત્રી ! રાજા દશરથના પુત્રવધૂ ! શ્લાઘનીય રામચંદ્રજીના પત્ની !

વાસુદેવ લક્ષ્મણજી જેના દિયર છતાં સતી સીતાજીએ ક્યાં સુખની ઘડી પ્રાપ્ત કરી ???

રાજરાણી બનવાના અવસરે વનવાસના દુઃખો ભોગવવા પડ્યા !

વનમાં પણ સુખે રહી શક્યા નહિ ત્યાં સીતા પર મુગ્ધ થયેલ રાવણ હરણ કરી લઈ ગયો. સંકટનો પાર ના રહ્યો !!!

મહા મુશીબતે રાવણના પંજામાંથી છૂટ્યા તો કર્મે કલંક ચઢવાથી ગર્ભાવસ્થામાં રામે પરિત્યાગ કર્યો !!!

પરાવલંબી જિંદગી પસાર કરવી પડી એ રીતે સારુંય જીવન દુઃખમાં વીતાવ્યું...

છતાં અજ્ઞાન આત્મા એવા સંસારી સુખોની મમતામાં મુંઝાઈ અમૂલ્ય જિંદગી

વેડફી નાખે છે !

કોઈ મુમુક્ષુ આત્મા સંયમના સ્વાંગ સજી પરિષહ ઉપસર્ગોની સામે કેસરિયા કરી,

સમતારૂપ શસ્ત્રે લડી વિજયલક્ષ્મી વરી સદા માટે સુખી બની જાય છે...

પૂ. મુનિવરના મુખારવિંદથી પોતાના પૂર્વભવની કહાની સાંભળી સીતાજીનો સંસાર પ્રત્યેનો વિરક્તભાવ વધુ સતેજ બન્યો.

સતી સીતાજી સંયમધર્મમાં સદા સાવધાન રહી સમિતિઓ ગુપ્તિઓમાં કુશળતા કેળવી.

સીતાજી ગૃહસ્થાશ્રમે આદર્શ ગૃહિણી હતા, તેમ સંયમી જીવનમાં આદર્શ સાધ્વીરત્ન બન્યા !!!

વર્ષો સુધી ઉત્તરોત્તર વિશુદ્ધ સંયમનું પાલન કરતાં અંતિમ આરાધના પૂર્વક સમાધિ મરણે કાલધર્મ પામી, બારમે દેવલોકે સીતેંદ્ર રૂપે ઈંદ્રનું ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું !!!

સીતાનો જીવ બારમા દેવલોકથી ચ્યવી આ ભરતક્ષેત્રે સર્વરત્નમતિ નામે ચક્રવર્તી થશે !

રાવણ અને લક્ષ્મણનો જીવ મનુષ્ય દેવના ભવ કરતાં છઠ્ઠા દેવલોકથી ચ્યવી તે ચક્રવર્તીના બંને પુત્રો થશે !!!

ત્યાં સંયમ સાધના કરી બીજા વૈજયંત નામે અનુત્તર વિમાને દેવરૂપે ઉત્પન્ન થશે !!!

અનુત્તર વિમાનથી ચ્યવી આ જ ભરતક્ષેત્રે સીતાનો જીવ રાવણના ગણધર થશે !!!

મહારાજા રાવણનો જીવ ત્યાંથી ચૌદમે ભવે ભરતક્ષેત્રે તીર્થંકર થશે !!!

લક્ષ્મણનો જીવ મનુષ્ય અને દેવના ઉચ્ચ ભવો કરતાં

પુષ્કર દ્વીપે પૂર્વવિદેહે ચક્રવર્તી અને તીર્થંકર એમ બંને પદો પ્રાપ્ત કરી મુક્તિ મેળવશે !!!

ઉપસંહાર

લાખો વર્ષો વીતી જવા છતાં આજે પણ પ્રાતઃકાળે મહાસતી સીતાજીનું સ્મરણ ઠેર ઠેર કરવામાં આવે છે,

જેમના પવિત્ર નામસ્મરણથી હૃદયમાં વિશુદ્ધ ભાવના ઔર ભક્તિ અને ધર્મશ્રદ્ધાનો પ્રાદુર્ભાવ થાય છે !

સીતાજીની જીવનકહાની નારીજાતને યુગયુગ લગી મહાન પ્રેરણા અને પ્રકાશ પાથરનાર બની રહેશે...


મહાસતી સીતાજી જે રાહે ચાલ્યા તે સૌને માટે આત્મકલ્યાણનો ધોરી માર્ગ છે !

એ રાહ પર જે આત્માઓ ચાલશે તે પોતાના જીવનને સાર્થક બનાવી લેશે...

જગન્માતા સીતાની માફક વિશ્વની વિરાટ વિભૂતિ બની જશે એ શાશ્વત ધામે ભળી જશે.

સુજ્ઞેષુ કિં બહુના

ધન્ય્ ધન્ય ધન્યવાદ મહાસતી સીતાજીને અનંતાનંત ધન્યવાદ !!!



દશમે સુભદ્રા

વિષય પ્રવેશ

ધર્મ એ જીવનમાં માર્ગદર્શન સાથે વસ્તુના સ્વરૂપનું પ્રદર્શન કરાવે છે,

ધર્મ એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક દર્દોને નાબૂદ કરવા અનોપમ ઔષધ છે,

સમગ્ર સાનુકૂળ સામગ્રી ધર્મથી જ પ્રાપ્ત થઈ શકે એવું વિપુલ સામર્થ્ય ધરાવનાર છે.

સંક્ષેપમાં કહીએ તો ધર્મ સદા મંગળરૂપ છે જેની કોઈ તુલના કરી શકાતી જ નથી.

ધર્મથી જીવનમાં દયા ક્ષમા શીલ સંતોષ સત્ય બ્રહ્મચર્ય આદિ અનેક સદ્‌ગુણોનો આવિર્ભાવ થાય છે !

આ સદ્‌ગુણો વિના જીવન અશાંત અવ્યવસ્થિત આકુળ-વ્યાકુળ શોકાતુર અને સ્વાર્થી બની જાય છે,

સ્વાર્થી માનવ કોઈ દીનદુઃખીઓને સહાનુભૂતિ, સંવેદના અને સાંત્વનાના બે શબ્દો કહેવા પણ સમય મેળવી શકતા નથી,

અધર્મી માનવ બીજાને દુઃખી કરવા છળ-પ્રપંચ અનીતિ અન્યાય આચરવા સંલગ્ન રહે છે,

આવા અનેક અધર્મ સેવવાને કારણે પશુ અને પરમાધામી જેવું જીવન જીવતા હોય છે !!

મનુષ્ય સમાજની સુખ સમૃદ્ધિ અને શાંતિ તો પરસ્પર સહાનુભૂતિ સંવેદન દયા કરુણા વત્સલતા પર નિર્ભર હોય છે.

સુજ્ઞ માનવની આ વિશેષતા છે અને એ જ ધર્મની વાસ્તવિક પ્રાથમિક ભૂમિકા છે.

એ દૃષ્ટિએ ધર્મ ફક્ત આત્મ કલ્યાણ માટે જ નહિ પરંતુ વર્તમાન જીવનની સુખ-શાંતિ માટે પણ આવશ્યક રહેલ છે.

સમાજનું નિર્માણ વ્યક્તિઓથી થાય છે. વ્યક્તિઓ સારી તો સમાજ સારો !

વ્યક્તિઓ બૂરી તો સમાજ બૂરો બની જાય છે...
વ્યક્તિમાં ઉચ્ચતા પવિત્રતા સજ્જનતા ધર્મથી જ પ્રગટે છે !
મૃત્યુ સમયે સ્વજન પરિજન મિત્ર તન ધન બધાનો સાથ છૂટી જાય ત્યારે માત્ર ધર્મ જ સાથીદાર બને છે.
"ધર્મ" આત્મા સાથે એકાકાર બની જતાં સ્વાભાવિક અદ્‌ભુત શક્તિઓ ખીલી ઊઠે છે !
ધર્મ આરાધના કરતાં આત્માના દિવ્ય તેજથી દેવો પણ દાસ બની જાય છે !!
પણ સતી સુભદ્રાની જેમ જોઈએ સાચી શ્રદ્ધાભરી ધર્મઆરાધના !!!
ધર્મના પ્રભાવથી સતી સુભદ્રાએ વ્યાપક કીર્તિ મેળવી અંતે પરમ ધર્મને પ્રાપ્ત કરી અનંત ઓજ તેજ પ્રગટાવી ગયા !!!
જેમણે નારીજીવન માટે મહાન આદર્શ ઉત્પન્ન કરેલ છે એજ સતી સુભદ્રાની જીવનકથા સંક્ષેપમાં પ્રગટ કરવામાં આવે છે.

પરિચય

વસંતપુર નગરે ન્યાયપ્રિય નૃપતિ જિતશત્રુ રાજ્ય કરી રહેલા.
જીવ અજીવ તત્ત્વના જાણ, પુણ્ય પાપ આશ્રવની પૂર્ણ પિછાન,
સંવર નિર્જરાના સ્વરૂપે સુજાણ, બંધ મોક્ષના કાયદે જ્ઞાન,
સવારસાંજ આવશ્યક ક્રિયાના કરનાર પ્રભુ આજ્ઞા પાળવામાં મસ્ત,
ધર્મપ્રિય શ્રમણોપાસક શ્રી જિનદાસ પ્રધાન પદે હતા !
સુસંસ્કારી વિનમ્ર ધર્માનુરાગિણી વ્રતધારિણી તત્ત્વમાલિની તેમના ધર્મપત્ની હતા.

વ્રતોની સંક્ષિપ્ત રૂપરેખા :

૧ પ્રથમ અહિંસા વ્રત-વિના કારણે નિરપરાધી, ત્રસજીવોને જાણી જોઈ કષ્ટ આપવું કે મારવા નહીં.
* આશ્રિત નોકર ચાકર પાસેથી ગજા ઉપરાંત કામ કરાવવું નહીં, ભોજન સમય થતાં ભાતપાણીનો અંતરાય પાડવો નહિ.
* એકી સાથે ઘણા દિવસ માટે ભોજન સામગ્રી - આટો મસાલા કૂટી-પીસી રાખવા નહીં, એમાં જાળા બંધાઈ જાય. જીવજંતુ પડી જાય.

વસ્તુઓ ખરાબ થઈ જાય.

* સ્નાન વગેરે તમામ વપરાશમાં ગાળ્યા વગરના પાણીનો ઉપયોગ કરવો નહીં.

દૂધ દહીં, ઘી, તેલ, છાશ, પાણી વગેરેના ઠામો ઉઘાડા રાખવા નહિ. નાના મોટા જીવો અંદર પડી જતાં મરી જાય તો હિંસાનો દોષ લાગે.

* ચૂલા સગડી ગેસ વગેરે જોઈ પૂંજી વપરાશ કરવો.

* વિવેકી આત્માઓ ઘરમાં સફાઈ અને સ્વચ્છતા રાખે જેથી મચ્છર માંકડ જૂ આદી ઉત્પન્ન થાય નહીં કદાચ ઉત્પન્ન થઈ જાય તો દવા છાંટી જીવોની હિંસા કરે નહીં વિવેકથી કામ લે.

* કોઈને કિલામના પહોંચે તેવું વર્તન રાખે નહીં.

૨. બીજું સત્યવ્રત - કન્યા ગાય ભેંસ મકાન ખેતીવાડી જમીન સંબંધી તેમજ કોઈપણ કાર્યમાં સ્થૂલ-મોટું જૂઠું બોલે નહીં.

૩. ત્રીજું અદત્તવ્રત - પ્રતિષ્ઠાને હાની પહોંચે તેવી મોટી ચોરી કરે નહીં, કોઈનું તાળું ખોલી - ખીસા કાપી - પારકી થાપણ ઓળવી કે ભાગીદારીમાં ચોરી કરે નહીં.

૪. ચોથું બ્રહ્મચર્ય વ્રત-પુરુષો પરિણીત પત્ની સિવાય અન્ય બહેનો જોડે માતા અને બહેન જેવા વ્યવહાર રાખે, અને બહેનો પરિણીત પતિ સિવાય અન્ય પુરુષો સાથે પિતા અને ભાઈ જેવો શુદ્ધ વ્યવહાર રાખે.

૫. પાંચમું અપરિગ્રહ વ્રત-ઘર વાડી સુવર્ણ ચાંદી ધનસંપત્તિ વગેરે પરિગ્રહની મર્યાદા બાંધે. આત્મકલ્યાણ માટે શ્રાવક જીવનમાં પાંચ અણુવ્રત પછી.

ત્રણ ગુણવ્રત

૬. છઠ્ઠું દિશિવ્રત - ઊંચી નીચી અને ત્રિચ્છી દિશામાં ક્યાં લગી જવું તેની મર્યાદા કરે. જેથી છકાય જીવના આરંભ સમારંભ સંબંધી બહારની ક્રિયા બંધ થઈ જાય.

૭. ઉવભોગ પરિભોગ પરિમાણ વ્રત-ઉવભોગ - અકવાર વાપરવા યોગ્ય ખાવા પીવાના પદાર્થો.

પરિભોગ - અનેકવાર વાપરવા યોગ્ય પદાર્થો, ટુવાલ રૂમાલ વસ્ત્રાદિ વસ્તુઓની મર્યાદા કરવાથી જીવન સાદું અને સંયમી બને છે.

બહુ બહેનો વસ્ત્રાભૂષણોથી અસંતોષી રહેતી હોય !

આવશ્યકતાથી અધિક મેળવવું એ પાપ છે.

જીવન ફેશનેબલ બની જાય છે એથી બચવા આ વ્રતની ખાસ આવશ્યકતા છે.

૮. આઠમું અનર્થદંડ વિરમણ વ્રત-પ્રયોજન વિના થતી હિંસાનો ત્યાગ, આર્તરૌદ્ર અશુભધ્યાન ધરવું નહિ, પ્રમાદથી ઘરમાં ગંદકી તેમજ, વ્યર્થ પાણીનો વપરાશ કરવો નહિ, સૂડી ચપ્પુ છરી આદિ અધિક શસ્ત્રો વધારવા નહીં, કોઈને પાપકર્મ કરવા ઉપદેશ આપવો નહિ.

ચાર શિક્ષાવ્રત

૯. સામાયિક વ્રત - સમભાવ વધારવા પ્રતિદિન સામાયિક કરવું.

૧૦. દિશાવગાસિક વ્રત - છઠ્ઠા અને સાતમા વ્રતમાં નિયત કરેલ મર્યાદામાં રોજે મર્યાદાનું પ્રમાણ ઘટાડવાથી સંયમની વૃદ્ધિ થાય છે.

૧૧. પૌષધવ્રત - છ કાયના આરંભ સમારંભથી મુક્ત થઈ આઠે પહોર ધ્યાનમાં રહેવું !

૧૨. અતિથિ સંવિભાગ વ્રત - અનિયત તિથિએ પધારતા સાધુ સંતોને ભક્તિ- ભાવે નિર્દોષ આહારાદિ ચૌદ પ્રકારનું દાન આપવું !

ઉપર બતાવેલ બારે વ્રતના આરાધક મંત્રી શ્રી જિનદાસ અને તેમના ધર્મપત્ની આત્મિક આનંદમાં દિવસો વિતાવતા'તા.

પતિ પત્નીના સાત્ત્વિક સ્વભાવ વયશીલ અને ધર્મરુચિ સમાન હોવાથી તેમનો સંસાર સ્વર્ગીય બની ગયેલો !

વળી જ્યાં ધર્મની પ્રધાનતા હોય ત્યાં અશાંતિને સ્થાન મળતું નથી. સદાય આનંદ છવાયેલ રહે છે !!!

સુભદ્રાનો જન્મ અને બાલ્યકાળ

એકદા તત્ત્વમાલિનીએ અત્યંત રૂપવતી કન્યાને જન્મ આપ્યો !

અપ્સરા સમ પુત્રી જન્મથી માતા પિતાને ખૂબ જ હર્ષ થયો !!!

પુત્ર જન્મથી હર્ષ અને પુત્રી જન્મથી શોક નો'તા માનતા પુત્ર પુત્રી બંનેને સમાન સમજતા હતા !

બારમે દિવસે પુત્રીનું નામ સુભદ્રા સ્થાપ્યું. સુ-ભદ્રા એટલે વાસ્તવમાં ભોળો ભદ્ર ચહેરો ગૌરવર્ણ ગાત્ર,

ચળકતા નેત્રો અનોપમ સૌંદર્યથી પ્રત્યેક અંગ સુશોભિત હોવાથી જોનારને આકર્ષણ પેદા થતું !

રાજમંત્રીની લાડલી પુત્રી માટે દરેક જાતની સુખ સામગ્રીઓની વૃદ્ધિ થઈ રહી હતી !!

ઘરના વાતાવરણ મુજબ સંસ્કારોની અસર બાળકો પર મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

તેમ સુભદ્રાએ માતા પિતાની છાયામાં રહી ધર્મશાસ્ત્રનું જ્ઞાન મેળવી અંતઃકરણમાં ધર્મપ્રત્યે પ્રગાઢ પ્રતીતિ પ્રાપ્ત કરી !

સુભદ્રા અભ્યાસમાં ઉત્તીર્ણ થઈ ગૃહકાર્યમાં દક્ષ અને ધર્મક્રિયામાં કુશળ બની જતાં પ્રત્યેક કાર્ય વિવેક પૂર્વક કરવા લાગી !

તેણીને યોગ્ય જૈનધર્મ વત્સલ સજ્જન સાથે લગ્ન કરવા માતા પિતાએ નિર્ણય કર્યો...

સુભદ્રા જેવી કન્યા માટે યોગ્ય વરની તપાસ કરવી સરળ કામ નો'તું !

વિવાહ સંબંધમાં માત્ર ભૌતિક સુખની જ અપેક્ષા નહિ પણ સદ્‌ગુણોનો વિકાસ અને ધર્મવૃદ્ધિથી જીવન ઉન્નત બનાવી શકાય એ લક્ષમાં લેવું જરૂરી છે...

વિવાહ વિચાર

આર્ય સંસ્કૃતિમાં લગ્ન જીવન એ મહત્ત્વભર્યો પ્રશ્ન છે.

લગ્ન જીવનની અંતિમ ઘડી અંતિમ શ્વાસ લગીનો ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે,

વિભિન્ન કુળમાં રહેલા પરસ્પર અપરિચિત બંનેના જીવનને એક બનાવનાર વિવાહ છે,

વિવાહ બાદ બંને વ્યક્તિ શરીરથી ભિન્ન કિન્તુ અંતઃકરણથી એક બની જાય છે.

બંને સુખદુઃખમાં સહભાગી બની એક બીજા પ્રત્યે પૂર્ણ વફાદાર થઈ રહે છે.

પરંતુ અફસોસની વાત કે આજે આર્ય લોકો વિવાહના ઉદ્દેશને ભૂલી જવાથી "વિવાહ" જીવન વિકાસને બદલે વિનાશ તરફ વળાંક લઈ રહેલ છે !!!

સુભદ્રાની ધર્મશ્રદ્ધા ધર્માનુરાગ મુજબ કરેલ સંકેતાનુસાર પિતાજી યોગ્ય વરની તપાસ કરવા લાગ્યા...

સુભદ્રાનો વિવાહ

બૌદ્ધધર્મના અનુયાયી બુદ્ધદાસ વ્યાપારાર્થે ચંપાનગરીથી વસંતપુર આવેલા, ત્યાં રહેતા બુદ્ધદાસની દૃષ્ટિ અચાનક રસ્તા પરથી પસાર થતાં સુભદ્રા પર પડી, સુભદ્રાને જોતાં જ બુદ્ધદાસ મુગ્ધ બની સાશ્ચર્ય વિચારવા લાગ્યો કે દેવાંગના જેવું કેવું સુંદર સ્વરૂપ !!!

અને વિચારના વમળમાં ઘેરાતા ખેંચાતા બુદ્ધદાસને સુભદ્રા મેળવવા લાલચ લાગી !

સંસારમાં સાચો શૂરવીર તે છે કે જે કામબાણોથી વીંધાતો નથી !!!

પૂછપરછ કરતાં બુદ્ધદાસે પત્તો મેળવ્યો કે તે કન્યા રાજમંત્રી જિનદાસની અપરિણીતા દીકરી છે !

અને તેના પિતાશ્રીએ જૈન વરની જોડે લગ્ન કરવા નક્કી કર્યું છે....

કન્યાનો પરિચય પામી બુદ્ધદાસ પ્રસન્ન થયો પણ જૈન યુવક સાથે લગ્ન કરવાની વાત જાણી નિરાશા અનુભવી !

બુદ્ધદાસ ધનવાન કુલવાન નવયુવક હતો પણ જૈન નો'તો,

જૈન વિના સુભદ્રા પ્રાપ્ત કરાય તેમ ન હોવાથી અંતઃકરણમાં ઊંડો આઘાત અનુભવ્યો !

સુભદ્રાને મેળવવા વિહવલ બની ગયેલ બુદ્ધદાસને ખાવું પીવું નીંદ લેવી હરામ થઈ ગઈ !

દિનરાત સુભદ્રાને પ્રાપ્ત કરવા ચિંતાતુર રહેતો બુદ્ધદાસ ઉપાય શોધવા લાગ્યો, યેન કેન પ્રકારેણ - કોઈપણ ઉપાયે સુભદ્રાને મેળવવી તેના વિના જીવન નકામું છે,

બુદ્ધદાસે વિચાર્યું ભગવાન બુદ્ધના શાસનનો ત્યાગ કરી દેવો યોગ્ય નથી, પરંતુ એક વાત છે ચંપાપુર નિવાસી હું વસંતપુરમાં મારી ઓળખ નથી જૈનરૂપે

પ્રગટ થઉ તો કામ સિદ્ધ થઈ શકશે.

જૈન ગુરુઓના પરિચય ઉપાસના ભક્તિ કરતાં જૈન હોવાનો દેખાવ કરવાથી જિનદાસ સાથે પરિચય થશે.

બસ એ રીતે સુભદ્રા પ્રાપ્ત થઈ શકશે...

કામવાસનાથી પ્રેરાયેલ બુદ્ધદાસ માયાપ્રપંચનો સહારો લેવા તૈયાર થઈ ગયો !

સત્ય હકીકત છે કામવાસનાએ માનવ શું અનુચિત કરવા તૈયાર થતો નથી ?

બગવૃત્તિનો આશ્રય લઈ બુદ્ધદાસ પોતે જૈન હોવાનો દેખાવ કરવા લાગ્યો,

જૈન કહેવડાવવા બધી જ ક્રિયાઓનો પ્રારંભ કરી દીધો !

સામાયિક પ્રતિક્રમણ પચ્ચક્ખાણ પર્વના દિવસે પૌષધ વળી સમયે સમયે તત્ત્વચર્ચાઓ પણ કરતો થયો.

થોડા જ સમયમાં પ્રખ્યાત થતાં બુદ્ધદાસની ધર્મનિષ્ઠા ધર્મપ્રિયતાની લોકો પ્રશંસા કરવા લાગ્યા !

પે'લા ધર્મપ્રેમી જિનદાસની સ્વધર્મી ભક્તિ કોઈ અનેરી હતી !!

સાચા સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વધર્મી બંધુઓ પર સહોદર ભાઈની જેમ વત્સલભાવ રાખતા હોય છે !

આજે સાધર્મી ભક્તિ પ્રાણવગરની કોરી પ્રદર્શન માત્ર બની રહી છે,

સ્વધર્મી બંધુઓને એકવાર જમાડી દેવા માત્રથી સાધર્મી વાત્સલ્યની પરિપૂર્ણતા મનાય છે !!!

પરંતુ સ્વધર્મી વાત્સલ્યનો એ અર્થ તદ્દન અપૂર્ણ છે,

જેવી રીતે પોતાના ભાઈની ચિંતા કરાય તેવી જ રીતે એની આજીવિકાની ચિંતા રખાય !!!

અથવા હરકોઈ મુસીબતો દૂર કરવા પ્રયત્ન ! તેની સાથે સ્નેહ પૂર્ણ વ્યવહાર !

બધી જ જાતની સાર સંભાળ રાખી આત્મીયભાવે રહેવું એજ સાચું વાત્સલ્ય કહેવાય !!

જેમનું હૃદય ધર્મભાવથી રંગાયેલ હશે તે જ સાધર્મી સાથે આંતરિક ધર્મપ્રેમ ભર્યો વ્યવહાર બતાવશે...

સ્વધર્મ પ્રેમી જિનદાસે પરિચયમાં આવતા બુદ્ધદાસને પોતાને ઘેર જમવા

આવવા આમંત્રણ આપ્યું. બુદ્ધદાસ નિમંત્રણ પામી પ્રયોજન સિધ્ધિ માટે અત્યંત પ્રસન્ન પ્રસન્ન બની ગયો !

વસ્ત્રાલંકારથી સુસજ્જ બની બુદ્ધદાસ જિનદાસને ઘેર પહોંચતાં જિનદાસે યથોચિત સ્વાગત કર્યું.

પ્રાસંગિક વાર્તાલાપ પછી બુદ્ધદાસ જમવા બેઠો ત્યારે કપટજાળ પાથરી કહ્યું, આજે મારે તમામ વિગય ત્યાગ સાથે દ્રવ્ય મર્યાદા છે ! બુદ્ધદાસે નિશાન તાકી તીર ફેંક્યા તેમાં સફળતા મેળવી !

તત્ત્વમાલિની અને રાજમંત્રીને એના આચાર વિચારો બહુ ગમી ગયા !!!

બુદ્ધદાસ ધર્મનિષ્ઠ યુવક ! ધર્મક્રિયાઓ તરફ બહુરુચિ ! જાતે સુશીલ અને સુંદર હોવાથી બધી જ રીતે સુભદ્રાને યોગ્ય છે.

ભોજન બાદ જિનદાસે બુદ્ધદાસને પારિવારિક પરિચય પૂછ્યો !

બુદ્ધદાસે કંઈક અસત્ય કંઈક સત્ય પરિચય આપતાં જિનદાસની શંકાઓ દૂર થઈ ગઈ.

જિનદાસે પોતાના વિચારો પ્રગટ કરતાં કહ્યું વત્સ ! તમારા જેવા ધર્મપ્રિય પાત્રની ખોજમાં હતો,

ધર્માનુરાગિણી મારી પુત્રી સુભદ્રા માટે તમારો સુયોગ મળી જતાં હું ઈચ્છું છું આપ એનો સ્વીકાર કરો.

બુદ્ધદાસે અંતરમાં ખુશાલી પરંતુ ઉપલક દૃષ્ટિએ અનિચ્છા બતાવતા કહ્યું હાલે મારી લેશમાત્ર ઈચ્છા નથી,

છતાં વડીલોની આજ્ઞા શિરોધાર્ય કરવી મારું કર્તવ્ય છે.

બુદ્ધદાસની નિસ્પૃહતા અને નમ્રતા જોઈ જિનદાસનું હૃદય પ્રેમથી ગદગદ બની ગયું !

બેટી સુભદ્રાને યોગ્ય વર પ્રાપ્ત થતાં પિતા જિનદાસના અંતઃકરણમાં આનંદ સાથે આત્મ સંતોષ થયો !!!

જિનદાસે પોતાની પત્નીને બુદ્ધદાસનો પરિચય આપતાં બધું વૃત્તાંત કહી સંભળાવ્યું.

અને લગ્નદિવસ નક્કી થતાં લગ્નની તમામ તૈયારીઓ કરવા લાગ્યા.

જિનદાસ દીર્ઘદર્શી અને વિવેકી હોવાથી સમાજ વ્યવહાર તરફ તેનું પૂર્ણ લક્ષ હતું.

દુનિયામાં અમીરો કરતાં સામાન્ય સ્થિતિના લોકોની સંખ્યા અધિક હોય એ સહજ વાત છે.

અમીરો વિવાહ આદિ અવસરો પર પોતાની અમીરાઈનું પ્રદર્શન ના કરે તો સામાન્ય લોકોને ખેંચાવું ના પડે,

જ્ઞાતિમાં શ્રીમંત કે સામાન્ય લોકોનું સ્થાન સમાન હોય છે...

સામાન્ય લોકોને પોતાની પ્રતિષ્ઠા ખાતર અમીરોની જેમ ધૂમ ખર્ચ કરવા પડે, પરિણામ એ આવે કે ધનોપાર્જન ખાતર અસત્ય અનીતિ અધર્મના આશ્રય લેવા પડે ને લોકોમા પાપો વધી જાય.

જ્ઞાતિરિવાજો એવા હોવા જોઈએ કે સામાન્ય વ્યક્તિ પણ બોજમાં ના દબાય...

શ્રી જિનદાસે એ દૃષ્ટિએ વિચારી એકદમ સાદાઈથી વિવાહવિધિ પૂર્ણ કર્યો. એ સાસરે જતી પોતાની પુત્રી સુભદ્રાને માતા પિતાએ શીખ આપી જે કરિયાવરથી પણ કિંમતી હતી !

૧. પ્રિય પુત્રી ! આજ લગી તું અમારી હતી હવે પરાઈ બની રહી છે તો અહીં જેવો જ વિનમ્ર વ્યવહાર ત્યાં રાખવાનો છે !

૨. સાસુ સસરાને માતા પિતા જેમ માનજે, દેરાણી જેઠાણીને બહેન સમાન ગણજે, એના સંતાનોને પોતાના જ સંતાનો માની પક્ષપાત વિનાનો વ્યવહાર રાખજે.

૩. ઘરના બધા જ સભ્યોને આત્મીયજન સમજી એની સુખ સુવિધાનો પૂર્ણ રીતે વિચાર કરજે.

૪. બેટી ! સદા યાદ રાખજે, તારા સદ્વર્તન પર અમારી પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે, આપણી પ્રતિષ્ઠાને કદી ધક્કો લાગે, આંચ આવે એવું ભૂલભૂલમાંય કોઈ કામ ના કરતી.

૫. તારે ઘેર કોઈ અતિથિ આવે એનો યોગ્ય સત્કાર કરવો તે નારાજ થઈ ના જાય.

૬. મોટા સાથે વિનય, નાના સાથે પ્યાર એવા મધુર વ્યવહારથી સૌના

દિલને જીતજે.

૭. પાડોશી સાથે મીઠો વ્યવહાર રાખજે.

૮. નોકર ચાકરો સાથે મીઠી ભાષા વાપરવી. સમય અને શક્તિ ઉપરાંત કામ ના લેવું, તેના પર દુઃખ આવી પડે તો સહાયક બનવું એને પણ આત્મીયજન સમજવા.

૯. ગપશપ નિરર્થક વાતો અને પરનિંદામાં સમય બગાડવો નહીં. ફૂવડ અને અશિક્ષિત બહેનો જેવા કામ કરવા નહીં.

૧૦. સદ્‌ગુણોને જીવનના સાચા શણગાર માની હંમેશાં વૃદ્ધિ કરવી. વસ્ત્રાલંકારોના મોહથી પતિદેવને ક્યારેય પરેશાન કરવા નહીં.

૧૧. ઈર્ષા દ્વેષ છળ પ્રપંચ પક્ષપાત આદિ દુર્ગુણોને જીવનમાં પ્રવેશ આપવો નહીં.

૧૨. ધર્મ તેમજ કર્તવ્યને પ્રમાદ કે આવેશમાં આવી કદી ભૂલતી નહીં.

૧૩. જીવન રાહ પર સદા ફૂલો પથરાયેલા નથી હોતા ક્યાંય કાંટા પણ હોય છે.

કાંટાથી ગભરાયા વિના દુઃખને જીવન વિકાસના સાધન સમજી ધીરજ પૂર્વક સામનો કરવો.

૧૪. બેટી! ધર્મ પરમ કલ્યાણકારી મંગલકારી સુખકારી છે. તેની પ્રાણોની જેમ રક્ષા કરજે,

દેવગુરુની ઉપાસના શાસ્ત્રોનો સ્વાધ્યાય સામાયિક આદિ આવશ્યકક્રિયા નિયમિત કરતી રહેજે,

દાન શીલ તપ ભાવના એ ચતુર્વિધ ધર્મરૂપ જીવન મહેલના ચાર પાયાને મજબૂત બનાવજે.

વિવેક દીપને સદાય જલતો રાખજે. આ બધી વાતોને ધ્યાનમાં રાખી વર્તીશ તો જીવન ધન્ય બની જશે !!!

તારા સદ્‌ગુણોની સુવાસ મહી મંડલ પર મહેંકી ઊઠશે.

અન્ય સ્ત્રીઓ તારા આદર્શોનું અનુકરણ કરી પોતાના જીવનને પવિત્ર બનાવતા જૈનશાસન જયવંત બની જશે !!

આવા શ્રેષ્ઠ કરિયાવર સહિત પ્રાણાધિક પ્યારી પુત્રી સુભદ્રાને રડતા હૃદયે વિદાય આપી...

નિયતિનું ચક્ર

કોઈ ગમે તેટલા મહાન હોય તોય નિયતિ એટલે ભવિતવ્ય - હોનહાર કોઈની પરવા કરે જ નહીં,

સમર્થ હોય ચાહે અસમર્થ ! સધન હો યા નિર્ધન ! સામાન્ય હોય કે વિશેષ ભવિતવ્ય કોઈની સાથે સંબંધ રાખે જ નહિ,

નિયતિની પ્રબળતા જોઈ ગોશાલકે માની લીધું કે બ્રહ્માંડનું ચક્ર નિયતિ - પ્રારબ્ધને સહારે ઘૂમી રહ્યું છે,

ગોશાલકે માનવીય પુરુષાર્થને વ્યર્થ અને વિફલ સમજી લીધેલો,

ગોશાલકની માન્યતા એકાંત દૃષ્ટિએ ફલિત દેખાય પરંતુ સંપૂર્ણ સત્ય તો નથી જ.

પણ નિશ્ચયનયની દૃષ્ટિએ નિયતિ એક બળવાન શક્તિ છે,

ક્યારે ક્યારે તે સારાય ઉદ્યોગો પર, સમસ્ત પુરુષાર્થ પર, સમગ્ર ભાવનાઓ પર હડતાલ પાડી દે છે !

કોઈ મનુષ્યના કેટલાય પુરુષાર્થો છતાં સફળતાને બદલે વિફલતા જોવા મળે છે!

પ્રશ્ન થાય ! એવી તે કઈ શક્તિ મનુષ્યના કાર્યને ઊલટ પલટ કરી નાખે છે ?

સર્વજ્ઞ કથિત શાસ્ત્ર સમાધાન કરી બતાવે છે કે

વ્યવહારનયની દૃષ્ટિએ

માનવીય પુરુષાર્થ દૃશ્ય શક્તિ છે તો પૂર્વોપાર્જિત કર્મ એ અદૃશ્ય શક્તિ છે.

પૂર્વોપાર્જિત શુભ અશુભ કર્મો વર્તમાન જીવન પર પ્રભાવ પાડે છે જે કર્મોને આપણે ભાગ્ય કહીએ છીએ.

જગતના જીવો પર પોતાના જ કરેલા શુભ અશુભ કર્મોની ઘટમાળ ચાલ્યા કરે છે એ

શુભ કર્મના ઉદયે જીવન સુખી દેખાય છે જ્યારે અશુભ કર્મનો ઉદય આવતા જીવો દુઃખી દુઃખી થઈ જાય છે !

સતી સુભદ્રાના જીવનમાં જે ઘટનાઓ બની એ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મના કારણે જ હતી !!!

કિન્તુ ધર્મ અને શ્રદ્ધાના બળે હિંમતથી સામનો કર્યો'તો

એમના યશની સુવાસ દિગ દિગંતમાં પ્રસરી યુગ યુગ લગી અમર બની ગઈ !!!

સતી સુભદ્રા પ્રાતઃસ્મરણીયા બની ગયા...

આપણા જીવનમાં વિષમ પરિસ્થિતિ પેદા થાય ત્યારે ભવિતવ્ય પર ભરોંસો રાખી ધર્મનું સેવન કરતાં ધૈર્ય ધારણ કરવું જોઈએ.

સુખ અને દુઃખ મનની કલ્પનાઓ છે એમાં આકુળ વ્યાકુળ નહિ બનતાં ધર્મભાવનામાં સુદૃઢ રહેવું...

ધર્મ પરિવર્તનની ધમકી

પરણીને સુભદ્રા બુદ્ધદાસને ઘેર આવી સુખપૂર્વક દિવસો વિતાવતા એકદા જિનદાસની અનુજ્ઞા લઈ બુદ્ધદાસે નવોઢા સુભદ્રા સાથે ચંપાપુરી તરફ પ્રયાણ કર્યું.

ભૌતિક જાહોજલાલીથી આવતા પુત્ર પુત્રવધૂને જોઈ માતા પિતા પોતાની જાતને ભાગ્યશાળી માની હરખાવા લાગ્યા.

ચંપાએ પહોંચ્યા પછી સુભદ્રાને ખ્યાલમાં આવ્યું કે પતિ સહિત સર્વ પરિવાર બૌદ્ધધર્મી છે !

બુદ્ધદાસે જૈની હોવાનો દંભ કરી પિતાજીને છેતર્યા છે !

કપટ જાણી કોમળ હૃદયી સુભદ્રાને કેટલો ઊંડો આઘાત લાગ્યો હશે ???

સુભદ્રા વિચારવા લાગી મારું દાંપત્ય જીવન છળકપટથી પ્રારંભાયેલ છે !

ન જાણું ભવિષ્યમાં કેવી ઘટનાઓ જોવા મળશે ???

મારા કર્મસંયોગે જે કંઈ પણ બનશે તેનો સમતા અને ધૈર્યબળે સામનો કરવાનો છે.

અનુકૂળ વાતાવરણમાં ધર્મની રક્ષા કરવી સરળ હોય છે.

પ્રતિકૂળ વાતાવરણમાં પણ પોતાના ધર્મની રક્ષા કરતા હું મારી ધર્મશ્રદ્ધા સિદ્ધ કરી બતાવીશ...

ધર્મનિમિત્તે મારી કસોટી થશે તો સો ટચનું સોનું બનવા પ્રયત્ન કરીશ.
પતિદેવે મારી સાથે પ્રપંચ કર્યો એમની ઈચ્છા ! મારે એમની સાથે કોઈ પ્રપંચો કરવા નથી.
હું પહેલાની જેમ પતિદેવને દેવરૂપે જ માનીશ.
છળકપટ કરવું એ અધર્મ છે તો ધર્મ ખાતર અધર્મને કઈ રીતે આચરી શકું ?
ધર્મનીતિ જ અધર્મ સામે વિજય પ્રાપ્ત કરી શકે છે એ રીતે સુભદ્રાએ પોતાના કર્તવ્યનો નિર્ણય લઈ લીધો !
સતી સુભદ્રા હંમેશની જેમ પોતાના વ્રત નિયમોનું પાલન કરવા લાગી.
થોડા દિવસ તો સુભદ્રાની સાસુ એના આચાર વિચારને જોતી જ રહી,
નવી આવેલ પુત્રવધૂને ટોકવી બરાબર નહિ, ધીમે ધીમે બધું શીખી જશે.
બિચારી સાસુને શું ખબર ? સુભદ્રાનો ધર્મપ્રેમ કેવો દૃઢ છે ?
સુભદ્રાના સંસ્કારો લોહીના કણેકણમાં એકમેક થઈ ગયેલા જે અહિંસાદિ ધર્મને જ શરણભૂત માને છે !
દિવસો પર દિવસો અને મહિનાઓ પસાર થઈ ગયા પણ સુભદ્રાના ધર્માચારમાં કંઈ પરિવર્તન દેખાયું નહિ.
ધીરજ ખૂટતા સુભદ્રાના સાસુએ એક દિવસે કહ્યું,
વહુ બેટા ! નાની વયમાં શ્રદ્ધાભર્યો તારો ધર્મપ્રેમ જોઈ અત્યંત ખુશ થઉ છું !
કિન્તુ આપણા ઘરમાં બુદ્ધદેવની ઉપાસના ચાલે છે તો તારે પણ એજ ઉપાસના કરવી જોઈએ.
સુભદ્રાએ કહ્યું લોકવ્યવહારે આપ સાસુના સ્થાને હોવાથી આપના આદેશને શિરોમાન્ય કરવો મારું કર્તવ્ય છે,
પરંતુ ધર્મસંબંધ લોકોત્તર હોવાથી આ બાબતમાં આપે અનુરોધ કરવો યોગ્ય નથી.
સાસુ - અરે સુભદ્રા ! ઠીક રીતે વિચારી લે...
સુભદ્રા - સંપૂર્ણ રીતે વિચારી ચૂકી છું માતાજી !
સાસુ - આ દુરાગ્રહનું પરિણામ બહુ દુઃખપ્રદ આવશે !
સુભદ્રા - ધર્મસેવનનું પરિણામ સદા સુખકારક જ હોય છે.

સાસુ - ઠીક ત્યારે જોઈ લેજે હોં દાસીથી પણ તારી ખરાબ હાલત બની જશે !!!

સાસુએ સુભદ્રા અને બુદ્ધદાસ વચ્ચે ભેદનીતિનો આશરો લેવા વિચાર્યું.

અંતે ક્યાં લગી પોતાના ધર્મ પર ટકી રહે છે જોઈએ ???

સંકટ ગ્રસ્ત સુભદ્રા

સાસુને સમજાયું કે સુભદ્રા બૌદ્ધધર્મનું પાલન કરવા તૈયાર નથી તે દિવસથી તેનું રૂપ બદલાઈ ગયું !

સાસુને સુભદ્રા આંખે જોવી પણ ગમતી નથી અને વાતવાતમાં દોષો ત્રુટીઓ બતાવતી જ રહે.

એટલું જ નહિં પણ તે પુત્ર બુદ્ધદાસને ય ઉશ્કેરવા લાગી.

સતી સુભદ્રા વ્યવહારમાં વિનમ્ર છતાં વિચારમાં તલમાત્ર ડગવા તૈયાર નો'તી !

એક રાતે બુદ્ધદાસે કહ્યું સુભદ્રે ! તારા જેવી કન્યા વડીલોનું અપમાન અનાદર કરશે એવું સ્વપ્નેય નો'તું ધાર્યું !

સુભદ્રા - કેમ પ્રાણનાથ ? મેં જાણી જોઈ એવું કર્યું નથી. અજાણતાં બની ગયું હોય તો પ્રાયશ્ચિત્ત કરવા તૈયાર છું.

બુદ્ધદાસ - તમે પૂ. માતુશ્રીની અવગણના નથી કરી શું ?

સુભદ્રા - નાથ ! બિલકુલ નહિ હોં ! તેઓ ધર્મપરિવર્તન કરવા કહે છે કિન્તુ હું મારો ધર્મ બદલી શકતી નથી.

બુદ્ધદાસ - પરિવારની શાંતિ માટે એ કરવું યોગ્ય નથી શું ?

સુભદ્રા - પરિવારની શાંતિ કરતાં શાશ્વત આત્મિક શાંતિનું મૂલ્ય અધિક હોય છે.

જૈનધર્મ પાળવાથી કોઈને અશાંતિ શા માટે ? સૌ પોતાના ધર્મનું પાલન કરે એમાં દુઃખ શા માટે ???

વળી તમારાથી એ વાત ક્યાં છૂપી છે ? જૈન સમજીને જ મારી સાથે પાણીગ્રહણ કરેલું ને ?

તો આજે અશાંતિ અને દુઃખનું કારણ કેમ કહી રહ્યા છો ?

બુદ્ધદાસે કહ્યું કે હું તો એમ સમજું છું કે તું માતુશ્રીને સંતોષ નથી આપી શકતી.
સુભદ્રાએ વ્યંગમાં કહ્યું હું મારા ધર્માનુસાર મન વચન કાયાથી દંભનું સેવન કરતી જ નથી...
સુભદ્રાની વ્યંગભરી વાત સાંભળતાં બુદ્ધદાસે આવેશમાં આવી કહ્યું,
સમજી જા સુભદ્રા સમજી જા નહિંતર પરિણામ ભયંકર આવશે !!!
સુભદ્રા - પ્રાણનાથ ! મારા શિરપર ગમે તેટલા સંકટો આવી પડે તો પણ જૈનધર્મનો ત્યાગ નહિ જ કરી શકું...
બુદ્ધદાસ - શું બૌદ્ધધર્મ કોઈ ધર્મથી ઊતરતો છે ?
સુભદ્રા - તો સાંભળો માંસભક્ષણ અને દયા પરસ્પર વિરોધી છે,
ભિક્ષુઓ માટે પણ માંસભક્ષણ ફરમાવેલું છે ત્યાં દયાની વાસ્તવિક પ્રતિષ્ઠા રહી જ ક્યાં ?
બુદ્ધદાસ - ઠીક બીજું ?
સુભદ્રા - બૌદ્ધધર્મ અને જૈનધર્મ વચ્ચે મહાન અંતર છે ! જૈનધર્મ ભવિષ્ય જીવન પર ઉજ્જવળ પ્રકાશ પાડે છે !
જ્યારે બૌદ્ધ મતાનુસાર ભાવિ અંધકારમય દેખાય છે !
બુદ્ધદાસ-તે બૌદ્ધ ધર્મ તો લોક કલ્યાણની ઉત્તમ શિક્ષા આપે છે એ કેમ સમજાતું નથી ?
સુભદ્રા - સમજાય છે પણ બૌદ્ધધર્મ કેટલો સંકીર્ણ છે ?
કેવળ પુરુષોને જ સ્થાન છે. મહિલાઓ માટે બૌદ્ધસંઘના દ્વાર બંધ છે.
જે ધર્મ મહિલાઓના સ્પર્શથી અપવિત્ર બની જાય તે ધર્મનો સ્વીકાર કરવામાં મહિલાઓને ફાયદો શું ?
બુદ્ધદાસ - સુભદ્રે ! આ કચપચને છોડી બૌદ્ધધર્મનો સ્વીકાર કરી લે નહિતર ભાવિ દુઃખમય બની જશે.
સુભદ્રા - નાથ ! વર્તમાનની ઉપેક્ષા નથી કરતી તેમ ભવિષ્યને ભૂલી પણ નથી શકતી.
બુદ્ધદાસ - હું જણાવું છું કે બૌદ્ધધર્મને નહિ સ્વીકારે ત્યાં લગી તારી સાથે વાતચીત કરવી પણ બંધ કરું છું !

સુભદ્રા - આપને યોગ્ય જણાય તેમ પરતું સ્ત્રી માટે તો પતિ જ સર્વસ્વ હોય છે...

આપ પરિત્યાગ કરશો તો પરમાત્મદેવનું શરણું શાશ્વત જ છે !!!

ત્યાં બુદ્ધદાસ ઘરમાંથી બહાર નીકળી જાય છે !!!

સુભદ્રાને પરિસ્થિતિનો વિચાર કરતાં માતાએ આપેલ શીખ યાદ આવી જાય છે.

માતા પિતાએ કહેલું કે ધર્મ પરમ કલ્યાણકારી મંગળકારી સુખકારી છે, ધર્મથી જ બધા કાર્યો સિદ્ધ થાય છે.

સુભદ્રાના અંતરનો એક જ અવાજ ! આ સંકટનો નાશ કરનાર ધર્મ સિવાય કોઈ જ નથી...

બસ શાંત હૃદયથી જિનેંદ્રદેવના સ્મરણમાં ચિત્ત લગાડી એકાકાર બની જાય છે.

સુભદ્રા પર કલંક

પોતાના ઘરમાં પરિત્યકતા સ્ત્રીની જેમ રહેતી સુભદ્રા પર સાસુના અભાવને કારણે અંગારા ઝરવા લાગ્યાં !

બુદ્ધદાસે સુભદ્રાથી સંભાષણ કરવું છોડી દીધેલું !!!!

રોજ રોજની પરેશાની છતાં સુભદ્રા બધું શાંતિથી સહન કર્યે જતી'તી !

ગૃહકલેશ ઓછા વત્તા અંશે ઘરના તમામ પરિવારને દઝાડે છે.

તો સુજ્ઞ આત્માએ દ્વેષભાવથી ઓસરી જઈ વિશાળતા કેળવવી જોઈએ.

જેથી નવા કર્મબંધ થાય નહિ અને ઘર સ્વર્ગ જેવું બની જાય !

સતી સુભદ્રા અશાંત કલુષિત વાવંટોળ અરે ! કર્મની આંધી વચ્ચે અડગ રહી,

નિયમિત ધર્મ ઉપાસના કરતી જ રહી, ધન્ય છે તેણીની પરમ ધર્મશ્રદ્ધાને !!!

એકદા ઘરઆંગણે મહાન ધુરંધર જિનકલ્પી મુનિ ગૌચરીએ પધાર્યા,

મુનિ આગમનથી સુભદ્રાને અત્યંત ઉલ્લાસ ઉત્પન્ન થયો !

હાર્દિક શ્રદ્ધા ભક્તિથી મુનિરાજને વંદન કરી નિર્દોષ આહાર પાણી વહોરાવ્યા !!!!

મુનિ પર દૃષ્ટિ જતાં ખ્યાલમાં આવ્યું કે મુનિની આંખમાં ખૂચેલ તરણાને કારણે

પાણી ઝરી રહ્યું'તું !
ઉગ્ર નિયમધારી જિનકલ્પી મુનિ કોઈ પણ જાતના ઉપચારો કરે જ નહીં !
આ જિનકલ્પી મુનિ ઉપચારો લેશે નહીં અને આંખને ધક્કો લાગશે,
એમ વિચારી કરુણાશીલ સતી સુભદ્રા શુદ્ધભાવે જીભ વડે તરણું બહાર કાઢવા
જતાં સાસુની દૃષ્ટિ પડી !
અને ધર્મદ્વેષને કારણે જૂદું જ રૂપ આપી દીધું !!!
સાસુએ ચિત્રામણ ચાલુ કર્યું. પુત્રને બોલાવી વાત જણાવી.
બુદ્ધદાસને આથી સુભદ્રા પ્રત્યે ઘોર ઘૃણા તિરસ્કાર ભાવ જાગ્યો !
ક્રોધાવેશથી કંપતા શરીરે સુભદ્રા પાસે જઈ કહ્યું,
તું આટલી હદ સુધી દુરાચારિણી છો જેની કલ્પનાયે નો'તી !!!
તારા સૌંદર્યની જ્વાળામાં પડવાથી મારા કુલની પ્રતિષ્ઠાને ભસ્મ કરી દીધી !!!
બુદ્ધદાસના શબ્દો સાંભળી આશ્ચર્યચકિત સુભદ્રાએ પૂછ્યું બતાવો તો સહી
મારા દુરાચાર !
બધું જ સહન કરીશ પણ આવા જૂઠા આરોપ નહિ સહન કરી શકું !
બુદ્ધદાસ - તું તારા ચરિત્રને નથી જાણતી ? સ્ત્રીચરિત્ર કરવા છોડી દે હવે !
સુભદ્રા - હું નથી જાણતી છતાં તમે જાણતા હો તો કહી બતાવોને !
બુદ્ધદાસ - આજે કોઈ જૈન મુનિ આવેલા ?
સુભદ્રા - જી હા.
બુદ્ધદાસ - મુનિ આલિંગન - સ્પર્શ કરવો તે સ્ત્રીનો દુરાચાર કે સદાચાર ?
તમારા ધર્માનુસાર એ સદાચાર કહેવાતો હશે ???
આ આરોપ સાંભળી સુભદ્રાના દિલમાં જબ્બર આઘાત લાગ્યો !!!
જાણે એકી સાથે હજારો વીંછીઓની વેદના થઈ ના હોય !!!
ધૈર્ય ખૂટી પડતાં સુભદ્રા ધ્રુસકે ધ્રૂસકે રોવા લાગી !!!
નિષ્ઠુરહૃદયી બની ગયેલ બુદ્ધદાસ ચોધાર આંસુએ રડતી સુભદ્રાને
જોતો જ રહ્યો !
વ્યક્તિ તેના તે જ હોય છે પરંતુ કર્મની કિતાબ બદલતી દેખાય છે !!!
પોતાના મનને શાંત રાખી સુભદ્રાએ જિનકલ્પી મુનિના નિયમો જણાવી,

નિર્દોષભાવે આંખમાંથી તરણું કાઢવાનું સમજાવ્યું,
પણ બુદ્ધદાસને તેજીની વાત પર વિશ્વાસ જ રહ્યો નહિ,
રહેવા દે એ બધી બનાવટી વાતો ! તેં અમારા કુળને કલંકિત કર્યું એમ કહી જુસ્સાભેર બુદ્ધદાસ ચાલતો થયો !!!
સુભદ્રાએ વિચાર્યું મારા ધર્મ અને ધર્મગુરુ પર ચડેલા કલંકને નિવારવું મારું કર્તવ્ય છે.

શાસનદેવીની સહાય

બચપણથી જ ધર્મના વાયુમંડળમાં વૃદ્ધિ પામેલ સુભદ્રા પર ધર્મસંકટ આવી પડતાં,
ધમનું જ શરણું સ્વીકારવું યોગ્ય જણાયું.
બીજે જ દિવસે પ્રાતઃકાળે અઠ્ઠમ તપ આદરી કાયોત્સર્ગ સહિત જિનેશ્વર ભગવાનના ધ્યાનમાં લીન બની ગયા !
પરમ પ્રશમ રસના પ્રવાહે સ્વસ્થ ચિત્તે બે દિવસો પસાર થઈ ગયા !!!
ત્રીજા દિવસની રાતે સુભદ્રા સમીપે અદ્‌ભુત તેજ અલૌકિક સૌંદર્ય સંપન્ન શાસનદેવી પ્રગટ થયા !!
દેવીએ મધુર ધ્વનિએ કહ્યું સુભદ્રે ! તારું શીલ અખંડિત અને ધર્માનુરાગ પ્રશંસનીય છે !
ભાવભર્યા તપ જપ યોગે આકર્ષાઈ તારી પાસે આવી છું !
તારા પર અત્યંત પ્રસન્ન છું જે ઈચ્છા હોય તે માંગી લે !!!
સુભદ્રાએ કહ્યું શાસનદેવી ! આપના અમિત અનુગ્રહ માટે આભારી છું મારે સંસારી પદાર્થોની કોઈ કામના નથી,
પરંતુ મારા પર તેમજ મારા ધર્મગુરુ પર ચઢેલ કલંકને દૂર કરવા મારી ઈચ્છા અને અભ્યર્થના છે !!
શાસનદેવી તથાસ્તુ કહી અંતર્ધાન થઈ ગયા અને સુભદ્રાના અંતરમાં અનેરો આનંદ ઉલ્લાસ પ્રસરી રહ્યો !!!
બીજે દિવસે પ્રાતઃકાળે ચંપાપુરીમાં કોલાહલ મચી ગયો !
નિયત સમયે દ્વારપાળે દ્વાર ખોલવા ખૂબ જ મહેનત કરી દરવાજા ખૂલ્યા

જ નહિ !!

થોડીવારમાં સમાચાર મળ્યા કે ચારે દરવાજા વજ્ર સમ નિભિડ બની ગયા છે !

ચંપાપુરી તો જાણે કારાગાર સમ બની ગઈ હોય તેમ કોઈ બહાર નીકળી શક્યા જ નહીં !!!

ચારે દરવાજા તરફ ઘણી ભીડ જામી જતાં લોકો કુતૂહલ સાથે મુશ્કેલીમાં મૂકાઈ ગયા !!!

દ્વારપાળ તરફથી રાજાને આ સમાચાર મળતાં રાજાએ કહ્યું નગરીના સુથારો લુહારો લઈ દ્વાર તોડાવી નાખો !

સુથારો લુહારો હથિયારો લઈ પુષ્કળ પરાક્રમો કરવા છતાંય દ્વાર ખૂલ્યા નહિ!!

રાજા પ્રજા સૌ વિચારમાં પડી ગયા અચાનક આમ બનવાનું કારણ શું હશે ?

ત્યાંજ આકાશવાણી સંભળાઈ !

કોઈ સતી નારી કાચા સૂતરને તાંતણે ચાળણી બાંધી કૂવામાંથી પાણી કાઢી દરવાજા પર છાંટે તો દરવાજા ખૂલી જશે !!!

રાજા પ્રજાના દિલમાં આશા સાથે ઉત્સુકતા ઉત્પન્ન થઈ !

લોકો અનુમાન કરતા કહેવા લાગ્યા કોઈ સતી નારી પર સંકટ આવતાં આ દૈવી ઉપાય દેખાય છે !

જ્યારે કોઈ કહે આજ ચંપાપુરની નારીઓ કસોટી પર કસાશે.

આમ સૌ સૌની રીતે વાતો કરતાં કૂવાની આસપાસ સારી એવી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા !

આકાશવાણીની શરતો કઈ રીતે પૂર્ણ થશે કંઈ સમજાતું નથી !

પ્રથમ તો કાચા સૂતરથી ચાળણી બાંધી કૂવામાં ઉતારતા સલામતી સંભવિત નથી !

તો પછી ચાળણીમાં પાણી ખેંચવાની વાત બહુ અશક્ય દેખાય છે. કોણ જાણે શું બનવાનું હશે ???

દરેકના દિલમાં ઉત્કંઠા હી ઉત્કંઠા દેખા દેતી હતી અને કૂવા તરફની માનવમેદની વધતી જતી હતી !

સૌ પ્રથમ ત્યાં રાજરાણીઓ આવી કાચા સૂતરને તાંતણે ચાળણી બાંધવા જાય ત્યાં જ તાંતણા તૂટી પડે છે !

તો કોઈ રાણીઓ મહેનત કરતાં જળભરી ચાળણી બહાર કાઢવા જાય ત્યાં છિદ્રમાંથી પાણી જ વહી જાય છે !

એમ નિષ્ફળ થયેલ રાજરાણીઓ શરમાતા સંકોચાતા અંતઃપુર તરફ પાછા વળ્યા !

ત્યારબાદ પદાધિકારીઓના પત્નીઓ શેઠાણીઓ પ્રજામાંથી અનેક મહિલાઓ આવ્યા,

પણ બધાના પ્રયાસો વિફલ જતાં રાજા પ્રજા સૌ ગભરાવા લાગ્યા. સૌના દિલમાં એક જ પ્રશ્ન હવે શું થશે ???

આખરે પ્રધાનજી કહે છે પૃથ્વીપતિ ! આકાશવાણીનું સૂચન નિરર્થક હોય જ નહીં...

નરનાથ ! ફરી એકવાર ઉદ્‌ઘોષણા કરાવો કોઈ પણ નારી મળી જશે,

બનવા જોગ છે કદાચ મૂલ્યવાન મણિ જલ્દી ના પણ મળે !

શીલનો ચમત્કાર

ઉદ્‌ઘોષણા સાંભળી સુભદ્રાએ વિચાર્યું મારા પર ચઢેલ કલંક ઉતારવા આ અપૂર્વ અવસર છે,

હું નિષ્કલંક બની જઈશ અને જૈનધર્મનું માહાત્મય ચોમેર ફેલાશે !!!

એટલે સુભદ્રા સાસુને પ્રણામ કરી દરવાજા ઉઘાડવા અનુમતિ માંગે છે,

ક્રોધાવેશથી ધમધમતી સાસુ બોલી ઊઠે છે અરે નિર્લજ્જ સુભદ્રા ! રહેવા દે એ વાતને,

તારા કાળા કામને ભૂલી જઈ અમારા કુળની ફજેતી કરવાની કંઈ જ જરૂર નથી...

સુભદ્રાએ વિષમય વાક્યો મન પર લીધા વિના નમ્રતાપૂર્વક કહ્યું,

માતુશ્રી ! આજ્ઞા આપો આપના આશીર્વાદે જરૂર સફળતા મેળવીશ !

પુત્રવધૂ નિર્દોષ અને મહાન છે એની સાસુને પારખ ન હોવાથી દ્વેષભાવે મૌન રહે છે.

ત્યાં અદૃશ્ય રહી શાસનદેવી કૂવા કાંઠે જવા પ્રેરણા આપે છે !
સુભદ્રાએ ઉદ્‌ઘોષકને દરવાજા ખોલવા પોતાની તૈયારી બતાવી મહારાજાને ખબર અપાવ્યા,
માનભેર સુભદ્રાને લાવવા તુરત જ મહારાજા પાલખી મોકલી બોલાવે છે !
શીલથી ઝળહળતા સુભદ્રાના તેજસ્વી મુખને જોઈ રાજાને વિશ્વાસ બેસે છે,
રાજા હર્ષિત હૈયે કહેવા લાગ્યા ઓ પુત્રી ! સંકટમાં પડેલી પ્રજાને સહાય કરો !
રાજાને નમન કરી સ્થિતપ્રજ્ઞા સુભદ્રાએ અરિહંત દેવનું સ્મરણ કરતાં કૂવા પર ચિંતવન કર્યું,
જો હું સંપૂર્ણ પતિવ્રતા ધર્મની પાલક હોઉ તો મારું કાર્ય સફળ થાઓ !
સૌ લોકો શંકા કુશંકા ભર્યા હૈયે કૌતક જોવા આતુર હતા !
સુભદ્રાએ કાચા સૂતરે બાંધેલ પાણીથી છલોછલ ભરેલ ચાળણી કૂવામાંથી બહાર કાઢી,
ત્રણ દરવાજા પર પાણીનો છંટકાવ કર્યો ત્યાં ધણધણાટ કરતા દરવાજા ઊઘડી ગયા !!!
પ્રત્યક્ષ પરચો જોઈ લોકો વિસ્મિત બની ગયા રાજા-પ્રજાના દિલમાં અપૂર્વ ઉલ્લાસભાવ જાગ્યો !!!
દેવતાઓ શીલવતી દેવી પર પુષ્પવૃષ્ટિ કરી સ્તુતિ કરવા લાગ્યા !
આમ જનતા સુભદ્રાના શીલ - સતીત્વની ભારોભાર પ્રશંસા કરવા લાગી !
ધન્ય સતી સુશીલવતી મહાસતીજીનો સદા જય હો વિજય હો ! એવા ધ્વનિથી નભોમંડળ ગુંજી રહ્યું !!!
કોઈ અજ્ઞજનોને આ ઘટના પર વિશ્વાસ ન આવે તો ?
ફરી આકાશવાણી થઈ "મનની મનમાં ના રહી જાય.
સુભદ્રા સિવાય કોઈ સ્ત્રી પિયર સાસરે કે મોસાળે હોય તે ચોથો દરવાજો ઉઘાડે...
સાંભળવા મુજબ હજુયે દરવાજો બંધ પડ્યો છે !!!
શીલમાં અદ્‌ભુત શક્તિ છે ! શીલથી અપૂર્વ બળ પ્રગટે છે ! શીલ સર્વ વ્રતોમાં

શ્રેષ્ઠ વ્રત છે !

શીલથી આત્માની અનંત શક્તિનો વિકાસ થાય છે ! શીલ વિનાના તપ ત્યાગથી આત્મકાર્ય સિદ્ધ થાય નહીં,

શીલમાં અચિંત્ય મહિમા સમાયેલ છે ! શીલવાન આત્માને સ્વર્ગના દેવો પણ નમસ્કાર કરે છે !

અલબત્ત શીલ એવો મહાન ધર્મ છે કે જેના પ્રભાવે,

સર્પ - ફૂલની માળા, વિષ-અમૃત, અગ્નિ - પાણી, સિંહ - શિયાળ, શૂળી - સિંહાસન બની જાય છે !!!

શીલ ધર્મથી અનેક ચમત્કાર સર્જાયેલ ઈતિહાસો જોવા મળે છે.

તેમ શીલમૂર્તિ સુભદ્રાએ વજ્ર જેવા સજ્જડ બનેલ ચંપાપુરીના દરવાજાને ખોલી દીધા...

આ સમાચાર ચંપાનગરીમાં વીજળીવેગે ફરી વળ્યા ! ઠેરઠેર જૈન ધર્મનો મહિમા ફેલાયો !!!

તમાસો જોવા આવેલ સાસુ અને પતિદેવ આ વિસ્મયજનક ઘટના જોઈ વ્યથિત દિલે સતી પાસે આવે છે,

સુભદ્રાને અપાયેલ ત્રાસ બદલ બંનેએ પશ્ચાત્તાપ પૂર્વક મુક્ત હૈયે માફી માંગી !

ગદ્‌ગદ કંઠે કહ્યું વહુ બેટા ! તમે ધન્ય છો ! તમારું જીવન ધન્ય છે ! તમારું જ શીલ ધન્ય છે !

તમને પામી અમે કૃતાર્થ થઈ ગયા ! અમે તમને ઓળખી શક્યા નહીં !

અમારી કીર્તિમાં વધારો કર્યો ! તમારા ચરણસ્પર્શથી આ ઘર પાવન બની ગયું !

જાણતા અજાણતા જે જે અપરાધો થયા છે તે બધા ક્ષમ્ય કરશો...

નમન કરી વિનયમૂર્તિ સુભદ્રાએ કહ્યું નહિ માતાજી ! આ બધું આપની કૃપાનું ફળ છે હું તો આપની સેવિકા છું !!!

ચંપાનરેશે અને પ્રજાજનોએ અંતરના ઉમળકાથી સતી સુભદ્રાનું સત્કાર સન્માન કર્યું !

મહારાજા આદિ કેટલાય આત્માઓએ જૈનધર્મનો સ્વીકાર કર્યો !
સુભદ્રાના સમસ્ત પરિવારે જૈનધર્મ સ્વીકાર્યો ! ઘરનું વાતાવરણ પલ્ટી જઈ શાંતિની છોળો ઊછળવા લાગી !
પુણ્યાત્માઓનું વ્યક્તિત્વ ચમકી ઊઠે છે ત્યારે અનેકના ભવિષ્ય ઉજળા બની જાય છે...
અંતમાં સતી સુભદ્રાએ સંયમ સ્વીકારી તપોમય જીવન વ્યતીત કરતાં અનેક ભવ્યાત્માઓનો ઉદ્ધાર કરી અજરામર પદ પ્રાપ્ત કર્યું !!!
અનેક સંકટો સહેવા છતાંયે ધર્મમાં સુદૃઢ રહી અખંડશીલનું પાલન કરનાર મહાસતીજી સુભદ્રાનો જય જયકાર !!!

ઉપસંહાર

બચપણથી ધર્મ પામેલ સતી સુભદ્રાએ કટોકટીના સમયે પણ સુદૃઢ રહી ધર્મ છોડ્યો નહીં !
પિતા જિનદાસે જૈનને ત્યાં જ પુત્રી પરણાવવા સંકલ્પ કરેલ છતાં,
સુભદ્રાના રૂપમાં મૂર્છિત બનેલ બુદ્ધદાસે જિનદાસને છેતરી સુભદ્રા સાથે લગ્ન કર્યા.
શ્વસુરગૃહે જતાં ધર્મ નિમિત્તે સાસુ સાથે કલુષિત વાતાવરણ વધવા લાગ્યું.
સાસુએ પુત્ર બુદ્ધદાસને ઉશ્કેરી સુભદ્રાના દોષો બતાવી પત્ની તરફ અનાદર ભાવ પેદા કરાવ્યો.
અહા ! જગતમાં દુર્જન લોકો પોતાનો અહં પોષવા બીજાના જીવન પર કેવા પ્રત્યાઘાતો કરતા હોય છે.
બુદ્ધદાસે ધમકી આપી સુભદ્રા ! તું બૌદ્ધધર્મ નહિ સ્વીકારે ત્યાં લગી તારી સાથેના તમામ વ્યવહારો બંધ કરું છું.
કોમળ હૃદયી નારીને આ ધમકી આપતાં નિષ્ઠુર હૃદયી બુદ્ધદાસના દિલમાં આંચકોય આવ્યો નહિ !!!
અહા... હા ! માયા કલ્પિત આ સંબંધોને તો લાખ લાખવાર ધિક્કાર હોજો !
સાસુના અભાવને કારણે સુભદ્રા એકલવાયું જીવન જીવવા લાગી,
તો પણ ધર્મ આરાધના ધર્મશ્રદ્ધામાં ન્યૂનતાને બદલે ઓર વધારે

જાગૃતિ આવી !!!

એકદા આંગણે પધારેલા જિનકલ્પી મુનિને નિર્દોષ આહારપાણી વહોરાવતા ! સુભદ્રાએ જીભવડે આંખમાં પડેલ તરણું કાઢ્યું !

યોગાનુયોગ ધર્મદ્વેષી સાસુની દૃષ્ટિ પડતાં સુભદ્રાને વ્યભિચારિણી તરીકે જાહેર કરી !!!

નિર્દોષ મુનિને કલંકિત જાણી સુભદ્રાએ અક્રમ તપ સાથે શાસનદેવીનું સ્મરણ કર્યું !!!


દેવીપ્રયોગે બંધ થયેલા ચંપાનગરીના દરવાજા ઉઘાડી સતી સુભદ્રા નિષ્કલંક બનીને જ વિરમ્યા.

આ દિવ્ય ચમત્કાર જોઈ સુભદ્રાના સદ્‌ગુણોની સાસુ અને પતિદેવને પારખ થઈ.

ઘરના તેમજ રાજા સહિત નગરના લોકોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો !

પરમ શ્રદ્ધાળુ સુભદ્રાએ જૈન શાસનનો ઝંડો લહેરાવી સંયમ આરાધનાએ પંચમગતિ પ્રાપ્ત કરી...

સહુજનોનો એક જ રણકાર ! સતી સુભદ્રાનો જયજયકાર !!
વાહ સતી સુભદ્રા ! ધન્ય સતી સુભદ્રા !!!



અગિયારમે શિવાદેવી

પૂર્વભૂમિકા

ભારતના ઈતિહાસમાં બિહાર પ્રાંતનું મહત્ત્વભર્યું સ્થાન છે.
બિહારે જ ભારત દેશનો મહિમા વધારેલ છે એમાં કોઈ અતિશયોક્તિ નથી.
એવા ગૌરવ સંપન્ન પ્રાંતમાં મનોહર પ્રાસાદો ધન ધાન્ય સભર સર્વ જાતની સુવિધાઓ યુક્ત,
સ્વર્ગ સમાન વિશાળા નામની નગરી હતી !
કાળના પ્રભાવે વિશાળાનો પ્રભાવ તેવો રહ્યો નથી છતાં તેના ખંડેર આજે પણ જોવા મળે છે.
પ્રાચીન તત્ત્વવેત્તાઓના મતાનુસાર ધનવાનોની પ્રતાપ ભૂમિ વિશાળા હતી,
અઢીહજાર વર્ષ પહેલાં જ્યાં ક્ષત્રિયકુંડ નગરે મહાન ક્રાંતિકારી ચરમ તીર્થંકર ભગવાન વર્ધમાન સ્વામીએ અવતરી,
લોકોમાં અપૂર્વ ધર્મજાગૃતિ લાવેલ હતી !!!
દરમ્યાન વિશાળા નગરીમાં ધર્મશાસન પ્રેમી મહારાજા ચેડા રાજ્ય ચલાવી રહ્યા'તા.
ધર્મશાસન પ્રજાના સુખ માટે અને આત્માની શાન્તિ માટે હોય છે,
રાજ શાસનનો ઉદ્દેશ પણ એજ હોય છે.
પ્રજા પરસ્પર હળી મળી સંપથી રહે, કોઈ કોઈને કષ્ટ પહોંચાડે નહિ, કોઈ પર અન્યાય અત્યાચાર આચરે નહિ,
એક બીજાને સુખમાં સહાયક બને, કોઈ કોઈના દિલને ઠેસ લગાડે નહિ, એવી સુંદર રાજનીતિની પ્રણાલિકા ચાલુ હતી.
જીવન વ્યવહારમાં પણ ધર્મ શ્વાસોચ્છવાસ રૂપ બની રહેવો જોઈએ !
કોઈપણ કાર્ય કરતાં શ્વાસોચ્છવાસ લીધા વિના રહેવાય નહિ તેમ પ્રત્યેક કર્તવ્ય કરતાં ધર્મનો ત્યાગ પણ કરાય નહીં.
મનુષ્ય આજીવિકા ખાતર વ્યાપાર કરે, કોઈ નોકરી કરે, કોઈ કળા કુશળતાથી નાના- વિધ કાર્યો કરે,
લોકો બધા જ કાર્યોમાં ધર્મભાવથી ઓતપ્રોત થઈ રહે તો તે કાર્યો જીવન તેજ

વધારે છે.

અહિંસાદિ ધર્મભાવ વિના કોઈ પણ કાર્ય કરાય તો જીવન અંધકારમય બની જાય છે,

મહારાજા ચેટક ભગવાન મહાવીરના પરમ ભક્ત વ્રતધારી શ્રાવક હતા,

ચેડારાજાની રગેરગમાં ધર્મભાવના છવાયેલ હતી,

ધર્મનિષ્ઠાને કારણે એમના રાજ કર્તવ્યોમાં કોઈ પ્રકારની ઉણપ દેખાતી નો'તી,

રાજ કર્તવ્યો બહુ સુંદર રીતે પૂર્ણ કરી રહ્યા'તા.

ધર્મ જીવનની એક દિવ્ય કળા છે. એ ધર્મકળા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ભવ્યતા સુંદરતા અને પવિત્રતા પ્રગટાવે છે !

જૈનશાસ્ત્રમાં મહારાજા ચેડાનું વર્ણન ઉપલબ્ધ છે એથી પ્રતિતી થાય છે કે ચેડારાજાનું જીવન બહુ ઉચ્ચ કોટિનું હતું !!!

તેઓ વીરતામાં વરિષ્ઠ અને ધાર્મિકતામાં વિશિષ્ટ પ્રકારના શ્રાવક હતા !!!

તેમના મહેલમાં પણ ધર્મભાવનાની પ્રચુરતા હોવાથી સંતતિમાં પણ ધર્મભાવના છલકાતી હતી.

જૈનજગતમાં સોળ સતીઓ પ્રસિદ્ધ છે તેમાં ચોથો ભાગ તો કેવળ ચેડા રાજાની પુત્રીઓનો જ છે !

સતી મૃગાવતી, સતી શિવા, સતી પ્રભાવતી, સતી પદ્માવતી !

તેમાં રાજા શ્રેણિકના પત્ની ચિલ્લણાએ તો કમાલભર્યું કર્તવ્ય કર્યું છે.

પોતાની ધાર્મિક દૃઢતા ધીરજ અને ચતુરાઈથી બૌદ્ધધર્મી પ્રસિદ્ધ સમ્રાટ શ્રેણિકને જૈનધર્મના અનુયાયી બનાવી દીધા !!!

જ્યેષ્ઠા ભગવાન મહાવીરના મોટાભાઈ નંદીવર્ધનના રાજપત્ની હતા !!

અને સુજ્યેષ્ઠાએ તો કુમારી અવસ્થામાં જ સંયમ સ્વીકાર્યો હતો.

આમ એકંદરે ચેડા મહારાજાના સાતે પુત્રીઓ સતીઓની ગણનામાં બતાવેલ છે.

એ પરથી સહજતાથી જાણી શકાય કે ચેડા મહારાજાના પરિવારમાં ધર્મભાવના કેટલી ઊંડી અને વ્યાપક રહેલી હશે ???

જેના પરિવારમાં એક પણ આદર્શ ગુણવાન સંતાન પેદા થાય તે પરિવાર પણ

ધન્ય બની જાય છે.

જ્યારે રાજા ચેટકની તો સાતે પુત્રીઓ આદર્શ હતી ખરેખર રાજા ચેટકનું જીવન કેટલું મહાન ગણાય !!!

કેટલાક લોકો પુત્ર પુત્રી વચ્ચે બહુ અંતર સમજે છે. પુત્ર જન્મથી પ્રસાદી વેચી હર્ષ મનાવે છે,

તેઓ એમ સમજે છે કે પુત્રથી અમારા કુળની કીર્તિ કાયમ રહેશે જ્યારે પુત્રી તો પરાયા ઘરની બની જશે,

તેઓનો આ વિચાર ભ્રમપૂર્ણને સંકુચિત રહેલ છે એ વાત ચેડા મહારાજાની સુપુત્રીઓ સિદ્ધ કરી આપે છે.

મહારાજા ચેટકની સાતે પુત્રીઓ આકાશમાં સપ્તર્ષિની જેમ શાસ્ત્રમાં સુવર્ણાક્ષરે ચમકી રહી છે.

એમના પુત્રીઓએ ગૌરવ વધારી ઈતિહાસના પાને પિતાનું નામ અમર બનાવ્યું છે !

એથી સિદ્ધ થઈ જાય છે કે જેમ પુત્રથી પિતાનું નામ અમર થઈ શકે છે તેમ પુત્રીથી પણ પિતાનું નામ અમર થઈ શકે છે...

આવશ્યકતા એક ચીજની છે કે એમાં અસાધારણ સદ્‌ગુણો હોવા જોઈએ !

બાલ્યકાળથી સંસ્કારી વાતાવરણમાં રાખવાથી અને સુંદર આદર્શો ઉપસ્થિત કરવાથી

સંતાનો સદ્‌ગુણી બની માતા પિતાના નામને ઉજ્જવળ બનાવી શકે છે...

એવા સદ્‌ગુણી સતી ચેડા મહારાજાના પુત્રી શિવાનું પવિત્ર ચરિત્ર અંકિત કરવામાં આવે છે.

કુમારી શિવાનું શિક્ષણ

માનવ જીવનમાં શક્તિઓને વિકસાવવા બચપણમાં વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ મેળવવું જોઈએ.

વિકસિત બુદ્ધિ અને સદ્‌ગુણોની શક્તિઓનો સદુપયોગ કરવો આવશ્યક છે,

શક્તિઓનો સદુપયોગ કરતાં ન આવડે તો મેળવેલ શિક્ષણ લાભપ્રદ બનવાને બદલે લજવાય છે !

શાસ્ત્ર તેના માટે શસ્ત્ર બની જાયછે અને સંસ્કારોને બદલે કુસંસ્કારો ઘેરો ઘાલે છે,

એવા શિક્ષિત કરતાં શ્રદ્ધાળુ સંસારી અનપઢ પણ સારા !

જે શિક્ષણથી સર્વાંગી વિકાસ વધે અને જીવનને શ્રેય તરફ લઈ જાય એ જ સાચું શિક્ષણ છે.

શિવાકુમારીને પિતા ચેટકે એવું જ શિક્ષણ અપાવી સ્ત્રીની ચોસઠે કળામાં પ્રવીણ બનાવ્યા.

૧. નૃત્ય ૨. ચિત્ર ૩. ઔચિત્ય ૪. વાજિંત્ર ૫. મંત્ર ૬. યંત્ર ૭. જ્ઞાન ૮. વિજ્ઞાન ૯. દંભ ૧૦. જલસ્તંભન ૧૧. ગીતગાન ૧૨. તાલમાન ૧૩. મેઘવૃષ્ટિ ૧૪. કલાદૃષ્ટિ ૧૫. પોતાના રૂપને છુપાવવું ૧૬. ધર્મવિચાર ૧૭. ધર્મનીતિ ૧૮. શકુનવિચાર ૧૯. ક્રિયાકલ્પ ૨૦. ઉદ્યાનારોપણ ૨૧. સંસ્કૃતભાષણ ૨૨. મહેલ બનાવવા ૨૩. સોનું બનાવવું ૨૪. સુગંધી તેલ બનાવવા ૨૫. લીલા રચવી ૨૬. હાથી ઘોડાદિ પશુ પરીક્ષા ૨૭. સામુદ્રિક લક્ષણના જાણ ૨૮. કામક્રિયા ૨૯. લિપિજ્ઞાન ૩૦. હાજર જવાબી ૩૧. વસ્તુસિદ્ધિ ૩૨. વૈદક ક્રિયા ૩૩. સુવર્ણરત્ન શુદ્ધિ ૩૪. કુંભ ભ્રમ ૩૫. સારીગમ ૩૬ અંજનયોગ ૩૭. ચૂર્ણ યોગ ૩૮. હાથકળા ૩૯. વાકૃપટુતા ૪૦. ભોજનવિધિ ૪૧. વાણિજ્ય વિધિ ૪૨. કાવ્ય શક્તિ ૪૩. વ્યાકરણ ૪૪. ધાન્ય ખાંડવા ૪૫. મુખમંડન - શણગાર ૪૬. કહાણી કહેવી ૪૭. માલાગુંથન ૪૮. શૃંગાર સજવા ૪૯. સર્વ ભાષાજ્ઞાન ૫૦. અભિધાન જ્ઞાન, ૫૧. આભૂષણ વિધિ ૫૨. નોકર ચાકર સાથે વ્યવહાર ૫૩. ગૃહાચાર ૫૪. સંચયકરવો ૫૫. નિરાકરણ કરવું ૫૬. રસોઈ કળા ૫૭. કેશગુંથન ૫૮. વીણા વગાડવી ૫૯. વાદ વિવાદ કુશળ ૬૦. અંક વિચાર ૬૧. સત્યસાધન ૬૨. લોક વ્યવહાર ૬૩. અંત્યાક્ષરી ૬૪. પ્રહેલિકા.

ગરીબોએ કામ કરવું જોઈએ ! શ્રીમંતો નોકર મારફત બધું જ કરાવી લે એવો ભ્રમ હોવાથી

અનેક સ્ત્રીઓ મોટાઈમાં રહી જાત મહેનત નહિ કરતાં સમય વ્યર્થ ગુમાવે છે, જીવન બેકાર બની જતાં નિંદા બુરાઈ વિકથા ગામ ગપાટા વગેરેમાં સમય

વેડફાય તેમજ દર્દના હુમલા થાય છે.

જાતે કામ કરવાથી જીવોની યત્ના થાય. સુઘડતા રહે. વ્યવસ્થા જળવાય "પારકી આશા સદા નિરાશા"

હરકોઈ કામ જાતે કરવાથી કોઈની ગરજ ભોગવવી પડે નહીં. પરિશ્રમથી પ્રાયઃ બિમારીઓ આવે નહીં...

સ્વાવલંબી જીવન એ સુખી બનવાની ચાવી છે.

કુમારી શિવાએ ખંતથી ચોસઠે કળાઓનો અભ્યાસ કર્યો હતો.

શિવાકુમારીના લગ્ન

અગાઉ બતાવ્યા મુજબ રાજા ચેટકનો પરિવાર સુસંસ્કારી અને ધર્મનિષ્ઠ હતો. એવા સુસંસ્કારોથી ઉછરેલ પ્યારી પુત્રી શિવાકુમારીને અનુરૂપ વરની માતા પિતા શોધ કરી રહ્યા'તા.

શોધ કરતાં જરા ક્યાંય ચૂકી જવાય તો જીવનભર પસ્તાવો કરવો પડે !

ગૃહસ્થાશ્રમ જીવનની શાંતિ - નમ્ર સ્વભાવ સેવાભાવ વ્યસનત્યાગ ધાર્મિક વૃત્તિ, ઉદારતાદિ ગુણો પર નિર્ભર રહે છે. પતિ પત્ની બન્નેના સ્વભાવનો સુમેળ અને સમર્પણભાવ હોય તો ગૃહસ્થાશ્રમ સુખપૂર્વક પસાર કરી શકાય... માત્ર દેહથી નહિ, આત્માનું આત્માથી ઐક્ય એજ "લગ્ન" શબ્દનો ખરો અર્થ છે.

આખરે શિવાકુમારીના પુણ્યયોગે સુયોગ મળી ગયો.

હકીકતમાં પૂર્વના ઋણાનુબંધ અનુસાર કિસ્મત મુજબ બધું બન્યા કરે છે.

"માણસ જાણે હું કરું, કરતલ બીજો હોય; આદર્યા અધવચ રહે, કર્મ કરે સો હોય."

એ વખતે ઉજ્જૈનના રાજા ચંડપ્રદ્યોતન સર્વ રાજાઓમાં પ્રભાવશાળી મહારાજા, ગણાતા'તા,

શિવાકુમારીના લગ્ન તે રાજા ચંડપ્રદ્યોતન સાથે રાજ મહોત્સવપૂર્વક દબદબાથી કરવામાં આવ્યા.

મહારાજા ચેડાના પુત્રી નવપરિણીતા શિવા સાથે ઉજ્જૈનમાં પ્રવેશ કરતાં રાજા ચંડપ્રદ્યોતનના

પરિવારમાં સૌના હૈયા હેલે ચડ્યા અને પ્રજાજનોમાં આનંદની લહેરીઓ પ્રસરી રહી !!!

સાસુ વહુનું મિલન

સાસુ વહુના અણબનાવ મોટા ભાગે વધુ જોવા મળે છે.

વહુ આવ્યા પહેલાં સાસુને ઉત્કંઠા હોય છે પણ વહુ આવ્યા પછી ઉત્કંઠા ઓસરી જાય છે.

અરે ! કદાચ સાસુને એવો પણ અનુભવ થાય કે સુખે સૂતા એમાં વળી આ ઉપાધિ ક્યાંથી લાવ્યા ?

આમ બનવાનો હેતુ લગભગ સંસ્કાર શિક્ષણ અને સમજદારીનો અભાવ હોવો જોઈએ,

અગર પ્રકૃતિ દોષને લીધે મારું તારું ઈર્ષા અદેખાઈ ખારખેંચ વેરઝેરની કડવાશે જીવન ઝેરી બની જાય છે.

વહુના જીવનમાં પણ શાંતિ નહિ, સુખ નહિ આનંદ નહિ પરસ્પર અશાંતિની હોળી સળગ્યા જ કરે.

આમાં દૃષ્ટિ બદલાવવાની જ જરૂર છે. સાસુ વહુ પ્રત્યે દીકરીની જેમ દૃષ્ટિ રાખે !

ભૂલ થઈ જાય તો જતું કરે અથવા શાંતિ અને વહાલથી સમજાવે,

સાસુની દૃષ્ટિમાં વહુ દીકરી તુલ્ય દેખાય અને વહુની દૃષ્ટિમાં સાસુ માઁ તુલ્ય દેખાય,

સાસુ વિચારે હવે મારે કાયમની દીકરી વહુ જ છે. વહુ વિચારે હવે મારે કાયમની માઁ સાસુ જ છે,

સાસુ વિચારે એક દિ મારે બધું જ મૂકીને જવાનું છે તો સમજપૂર્વક અત્યારથી જ ઘરનો વ્યવહાર એમને જ સોંપી દઉ,

જ્યારે વહુ વિચારે અંતે તો બધું અમારું જ છે ને ? શા માટે મમત્વભાવ રાખું ???

વળી વિચારે મારા પતિદેવને પાળી પોષી લાકડોડથી ઉછેરી વ્યવહારિક ધાર્મિક શિક્ષણ આપી,

મીઠા મીઠા અંતરનાં આશીર્વાદે ઉચ્ચ કક્ષા પર લાવનાર વડીલો ઘરમાં

તીર્થરૂપે છે,
મારા પતિદેવના ઉપકારી માતા પિતા એ મારા તો પરમ ઉપકારી માતા પિતા ગણાય !
એમની સેવા ભક્તિ આ જીવનમાં કદી ભૂલીશ નહીં...
દેરાણી જેઠાણી વચ્ચે સગા મા જણ્યા બહેનોની જેમ સમજપૂર્વક રહીશું.
ઘરકામ કે વસ્તુખાતર કોઈ તંત કરીશું નહિ.
મારા નણંદોનો આ ઘરમાં નાનપણથી હક્ક છે. નાનપણથી મમતા છે એમના દિલને કદી દુભવીશ નહીં.
સાસુ વહુ દેરાણી જેઠાણી નણંદ વગેરે પરસ્પર માનના ચાહક હોય છે,
સુખશાંતિના ઈચ્છુકો દહેજ પૈસો કે પદાર્થોની ભૂખ કદી રાખે નહીં તો સદા દિવાળી હી દિવાળી દેખાશે !
જેના ઘરમાં આનંદ ઉદારતા અને પ્રેમની શીતળ સરિતા વહે છે તે કુટુંબ સદા લીલાલહેર અનુભવે છે !!!
"વસુધૈવ કુટુમ્બકમ્" ભારતની સંસ્કૃતિ મુજબ ભારતના લોકો પ્રત્યેક પ્રાણીઓને પોતાના કુટુમ્બી માને છે.
એ સૂત્રને જોતાં જન્મદાતા માતા પિતા ભાઈ બહેન, પુત્ર પુત્રવધૂ દેરાણી જેઠાણીને પરાયા મનાય જ કેમ ?
"માતૃદેવો ભવઃ પિતૃદેવો ભવઃ" આ ભાવનાને જે કોઈ ઠોકર મારશે તેનો પરભવ કેવો નીકળશે ?
તેનો આ ભવ જ દુઃખિયારો દેખાશે કદાચ પુણ્યના યોગે તેમ નહિ તો ભાવિ અશાંત બની જશે !
શિવા પુત્રવધૂ અને તેમના સાસુજી બંને વિવેકી હોવાથી પોત પોતાના કર્તવ્યને સારી રીતે સમજતા'તા.
એથી એમનો સંસાર સુખમય પસાર થઈ રહ્યો હતો.
એક દિવસ સાસુજીએ પુત્રવધૂ શિવાને બોલાવી કહ્યું બેટા ! પિતૃકુળ અને શ્વસુરકુળ એમ બંને કુળની યશકીર્તિ અને પ્રતિષ્ઠા વધારવી એમાં તમારી શોભા રહેલી છે.

સતી શિવાએ કહ્યું માતા ! આપની શીળી છાયામાં આપના બતાવેલ માર્ગે રહેવું એમાં જ મારું શ્રેય છે, આપ સમય સમય પર માર્ગ બતાવતા રહેશો...

સાસુ બોલ્યા બેટી ! આ વાતો પર ધ્યાન રાખવાથી નારી જીવન ઉત્તમ બને છે.

૧. વડીલોની સેવા કરવી સમાન વયવાળા સાથે આદરભાવ અને નાના તરફ વાત્સલ્યભાવ રાખવો.

૨. ખાનપાન લેતીદેતીમાં પક્ષપાત વિના એક સરખો વ્યવહાર રાખવો.

૩. વસ્ત્ર અલંકાર ખાવા પીવાની વસ્તુઓમાં સ્પૃહા રાખવી નહિ.

૪. તમારી વસ્તુનો ઉપયોગ બીજાને પ્રસન્નતાપૂર્વક કરવા આપવો.

૫. ઘરકામમાં આગળ રહે સ્વપ્નેય ન વિચારે કે આ કામ કોઈ કરી લે તો હું બચી જઉં.

૬. કોઈ કાર્યની સફળતાનો યશ બીજાને આપે કોઈ ભૂલ થઈ જાય ત્યારે અપયશનો સ્વયં સહર્ષ સ્વીકાર કરી લે.

૭. ઘરમાં ક્લેશ ન થાય એ પર ખાસ ધ્યાન રાખવું.

૮. નશાવાળી ચીજ વાપરવી નહિ. કોઈ વસ્તુમાં આસક્તિ રાખવી નહિ.

૯. સાધુ સંતોના આગમનથી સૌભાગ્ય સમજે. ખૂબ જ દિલના ભાવે યથોચિત આદર સત્કાર કરે.

૧૦. હિંસા જૂઠ ચોરી કૂશીલ ક્રોધ અભિમાન આદિ દુર્ગુણોથી આત્માને દૂર રાખે.

૧૧. સંયોગ વિયોગના અવસરે હર્ષ શોક નહિ કરતાં સમભાવે રહેતાં શીખે.

૧૨. સાવધાન છતાં ભૂલ થઈ જાય તો છુપાવવા પ્રયત્ન કરે નહિ.

૧૩. ધર્મશાસ્ત્રના આદેશોને લક્ષમાં રાખી, જીવન ઘડતર કરે.

૧૪. સારા પુસ્તકોનું વાંચન કરતાં સાત્ત્વિક ભાવોની ડાયરીમાં નોંધ કરતાં રહેવું.

૧૫. કલાક સ્વાધ્યાય દ્વારા કર્મનિર્જરા કરી આત્મકલ્યાણના માર્ગને કદી ના ભૂલવો.

બેટી શિવા ! તું યથાનામ તથાગુણ એટલે સૌના માટે શિવ કલ્યાણકારી બને એ મારી અભિલાષા છે.

માતા ! આપના આશીર્વાદ જ મને શિવા-કલ્યાણકારી બનાવી શકે હું તો બિન અનુભવી બાળકી છું...

પરંતુ આપની કૃપાએ આત્મ શક્તિ પ્રગટ કરીશ.

પુણ્યયોગે આપના જેવા વિશાળ હૃદયી કરુણામયી માં જેવા સાસુ મળ્યા છે !!!

આપને સંતોષ આપવા હું પૂર્ણ ખીજમત રાખીશ...

શિવા પટરાણી

શિવા બાલ્યાવસ્થાથી ઉત્તમ વાતાવરણમાં ઊછરેલી આગળ વય વધતાં સદ્‌ગુણોનો વિકાસ વધતો ગયો !

જેનું હૃદય ક્રોધ માન માયા લોભ ઈર્ષા દ્વેષ પક્ષપાત દોષદર્શન આદિ અવગુણોથી સર્વથા રહિત હતું.

જીવનમાં સરળતા પવિત્રતા ઉદારતા ક્ષમાશીલતા દયાળુતા નમ્રતાદિ સારાય ગુણો ચમકી રહ્યા'તા !

શિવાએ વિશિષ્ટ સદ્‌ગુણોને કારણે સમસ્ત પરિવારનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો, એથી શિવાદેવી સૌના પ્રિય પાત્ર બની ગયેલા !!!

સતી શિવાની બુદ્ધિ બહુ સતેજ હોવાથી ગમે તેવી વિકટ સમસ્યાનો ઉકેલ સહજતાથી કરવા સમર્થ હતા,

અવસર આવતાં રાજા ચંડપ્રદ્યોતન તેણીની સલાહ લેતા ત્યારે એક ઉસ્તાદ પ્રધાનની જેમ યોગ્ય સલાહ આપી શકતા'તા,

પત્નીના સદ્‌ગુણોથી સંતુષ્ટ થઈ રાજા ચંડપ્રદ્યોતને શિવાદેવીને પટરાણીના પદે સ્થાપન કર્યા !

પટરાણી પદે આવ્યા છતાં રાણી શિવાદેવીની નમ્રતા ઓર વધતી ગઈ !

ખરેખર ! મહાન વ્યક્તિ ઉચ્ચ સ્થાને આવ્યાથી તેમની સજ્જનતા બેવડાઈ જાય છે !!!

મહારાણી શિવા ઉજ્જ્વળ કારકિર્દીથી સુખ પૂર્વક સમય નિર્ગમન કરી રહ્યા હતા...

શિવાની શીલ પરીક્ષા

રાજા ચંડ પ્રદ્યોતનને પ્રિય એક ભૂદેવ નામે પ્રધાન હતા,
થોડોયકાળ એક બીજા વિના રહી શકતા નહિ એવી ગાઢ પ્રીતિ હતી,
ચંડપ્રદ્યોતનને પ્રધાન ભૂદેવ પર પૂરો ભરોંસો હોવાથી કોઈ વાત છુપાવતા નહિ.
પરંતુ પ્રધાન ભૂદેવનું હૃદય એટલું બધું પવિત્ર હતું નહિ.
"વિષ કુંભ પયો મુખં" "મુખમેં રામ ઔર બગલમેં છૂરી" !
ભૂદેવ દુર્જન મલિન વૃત્તિવાળો માણસ હતો એવો કોઈ પરિચય રાજા ચંડપ્રદ્યોતનને હતો નહીં,
એથી વિશ્વાસુ ચંડપ્રદ્યોતન કોઈવાર ભૂદેવને અંતઃપુરમાં વિના સંકોચે લઈ પણ જતા.
ફરી ફરી આવવાથી રાણી શિવાદેવી સાથે ઓળખ પણ થઈ ગઈ.
પતિદેવના મિત્ર માની રાણીજી ભૂદેવનો યોગ્ય આદર સત્કાર પણ કરતા'તા.
બહેનોનો પરિચય પુરુષો સાથે અને પુરુષોનો પરિચય બહેનો સાથે પ્રાયઃ વિનાશ રૂપ નીવડે છે !
રાણી શિવાના સૌંદર્યથી આકર્ષાઈ પ્રધાન ભૂદેવ એકાંતની તક સાધવા લાગ્યો,
સતી સ્ત્રી પોતાના પ્રાણ અર્પણ કરી દે. ત્રણ લોકની સંપત્તિને ઠોકર મારે.
ભયંકર યાતનાઓ ભોગવે પણ પોતાના શીલનો પરિત્યાગ કદી ના કરે.
મૂર્ખ મંત્રી રાણી શિવાને વાસનાની જાળમાં ફસાવવા રાત દિવસ ઉપાયો શોધી રહ્યો'તો !
પોતાના ઉદ્દેશને સિદ્ધ કરવા મહારાણીની મુખ્ય દાસી સાથે સંપર્ક સાધ્યો,
લાલચમાં ફસાઈ જતાં પ્રધાનની કામના પૂર્ણ કરવા દાસીએ આશ્વાસન આપ્યું,
મંત્રીનું કામ થઈ જાય તો માલમાલ થઈ જઈશ એમ દાસી વિચારવા લાગી.
પરંતુ રાણીની ચાલ ચલગત રંગઢંગ જોતાં તેમની સામે કંઈ કહેવા સાહસ કરી શકે તેમ નો'તું.
વળી ક્યારેક-ક્યારેક અફસોસ થતો કે હું કેવી પાપાત્મા ! સતી નારીને કુમાર્ગે લઈ જવા વિચારી રહી છું !
તો વળી ક્યારે ચમકતી સોનામહોરો તરફ મન લલચાઈ જતું !!

બહુ વિચારોને અંતે એકદા દાસીએ કહ્યું મહારાણી ! પુરુષને અનેક પત્નીઓ હોય તો સ્ત્રીને અનેક પતિ કેમ ના હોય ?

મહારાણી બોલ્યા, પુરુષને અનેક પત્નીઓ હોય એ કોઈ યુગની અપેક્ષાએ સંભવ હોય,

આજે તો પુરુષની નબળાઈ હોય એથી સ્ત્રીએ પુરુષની નબળાઈની નકલ કરવી જોઈએ નહિ.

એક બીજાનું બૂરું જોવાથી શો લાભ ? સારાનું અનુકરણ કરવાથી જરૂર લાભ મળી શકે.

મહારાણી ! હું તો સામાજિક અધિકારની રીતે વાત કરું છું, નૈતિક રીતે નહિ.

દાસી! તુંતો મોટી પંડિત દેખાય છે પણ યાદ રાખજે જે દિવસે નારી જાતને એ અધિકાર મળશે,

તે દિવસે તેની મહાનતા સમાપ્ત થઈ જશે. સમાજની વ્યવસ્થા અસ્તવ્યસ્ત બની જશે...

ગૃહસ્થાશ્રમ પવિત્રતા અને સંયમ પર ટકી રહેલ છે.

જે સમયે નારી એ ગુણોનો પરિત્યાગ કરી વિલાસિની બની જશે તે સમયે સમાજ પશુઓની પંક્તિમાં દેખાશે.

મહારાણીના ઉચ્ચાર વિચાર જાણી દાસી નિરાશ થઈ ગઈ. પ્રધાનનું કામ કર્યા વગર કેમ ચાલશે ?

દાસીએ થોડી બીજી વાતો કરી કહ્યું મંત્રી ભૂદેવ આપને પ્રાણથી અધિક ચાહે છે,

તો યૌવનને સફળ બનાવવું જોઈએ.

રાણી શિવાએ આ સાંભળી એકદમ આવેશમાં આવી દાસીને ધમકી આપી !

દાસીએ તો રડવા જેવું મુખ કરી ગળગળા અવાજે પગમાં પડી માફી માંગી.

દાસી ! અપરાધ ક્ષમ્ય કરી શકાય પરંતુ ફરી એવો અપરાધ થાય નહિ

અગર કોઈપણ નારીને દુરાચારમાં ફસાવવા પ્રયત્ન કરીશ તો તારી રોજી રોટી ખતમ થઈ જશે !

બિચારી દાસી પોતાનો જાન બચાવી નાસી ગઈ.

રાણીજી વિચારવા લાગ્યા કામવાસના કેટલી ખરાબ હોય છે. માણસના વિવેકને નષ્ટ કરી દે છે,

કામી સત્ય અસત્ય નીતિ અનીતિ વિશ્વાસઘાત છળપ્રપંચ જેવા ઘોર પાપ કરતાં અચકાતો નથી.

ઘી નાખવાથી અગ્નિનું જોર વધે છે તેમ કામભોગના સેવનથી વાસનાનું જોર પણ વધે છે.

કામી પુરુષ આંખ છતાં અંધ, કાન છતાં બધિર અને મસ્તક છતાં ઉન્મત્ત બની જાય છે !

કામની આગમાં બધા સદ્‌ગુણો ભસ્મ થઈ જાય છે !

ઘૂવડ દિવસે ના દેખે, કાગ રાતે ના દેખે જ્યારે કામી મનુષ્ય દિવસે કે રાતે દેખી શકે નહીં,

તેના જ્ઞાનચક્ષુ બંધ પડી જાય છે !

વાસનાનો પરિત્યાગ કરવાથી મનુષ્ય સુખી અને મહાન બની શકે છે...

શિવાની શીલ નિષ્ઠા

દાસી પાસેથી મહારાણી શિવાની ધર્મદૃઢતા સાંભળી ભૂદેવ આકુળ વ્યાકુળ થઈ ગયો !

છતાં કોઈપણ ઉપાયે રાણીને રાજી કરવા પ્રયત્નો ચાલુ જ રાખ્યા.

એકદા રાજા ચંડપ્રદ્યોતન કોઈ રાજાને મળવા જવા તૈયાર થયા. સાથે ભૂદેવને આવવા કહ્યું,

ભૂદેવે બીમારીનું બહાનું બતાવી આવવા ના કહી દીધી.

મંત્રીના મનમાં કુટિલતા હોવાથી રાજાની ગેરહાજરીમાં પોતાનું કાર્ય સિદ્ધ કરવા વિચારેલ.

મહારાજા ગયા પછી થોડી જ વારે ભૂદેવ અંતઃપુરમાં રાણી શિવા પાસે પહોંચી ગયો.

અચાનક આવેલા ભૂદેવને જોઈ રાણી શિવાએ વિચાર્યું, બિમારીના કારણે રાજા સાથે નથી ગયા તો અહીં કેમ ?

મંત્રીએ નજીક આવી નમસ્કાર કર્યા, રાણીએ બેસવા આસન આપ્યું,

મંત્રીજી ! સાંભળ્યું હતું તમે બિમાર છો કિન્તુ તમારા ચહેરા પર અસ્વસ્થતા દેખાતી નથી,

મહારાણીજી ! બીમારી ચહેરા પર નથી કલેજામાં છે. કલેજું જુઓ તો ખબર પડે.

મંત્રીજી ! તો બીમારીની દવા કરાવો ને !

એટલે જ તો વૈદ્ય પાસે આવ્યો છું, મારી બિમારીની દવા તમારી પાસે છે.

તમે ચાહો તો જીવિતદાન આપી શકો છો, નહિતર મરવા સિવાય કોઈ ઉપાય જ નથી.

આપના અદ્‌ભુત રૂપ લાવણ્યે મારા હૃદયમાં દર્દ ઉત્પન્ન કરેલ છે,

એ રૂપલાવણ્ય જ મારા દર્દનું ઔષધ બની શકે તેમ છે.

આ સાંભળી શિવાનું હૃદય જલી ઊઠ્યું. ક્રોધથી કંપતા સ્વરે કહ્યું,

મંત્રી ! તમે કેટલા નિર્લજ્જ અને અધમ છો ? નામ તમારું ભૂ-દેવ પણ કામ તો ભૂ-દાનવ જેવું કરવા તૈયાર થયા છો ?

મહારાજા તમારા પર અજબ પ્રેમ અને વિશ્વાસ રાખે છે તેના તરફ સજ્જનતા તો નહિ પણ માનવતાય મરી પરવારી છે ?

ઓ હૃદયેશ્વરી ! ક્ષમા કરો પતિત થયેલ હું કેટલાય કાલથી તમારા રૂપ લાવણ્યનો પ્યાસો છું,

હું તમારો દાસ ગુલામ બની હુકમ ઉઠાવવા તૈયાર છું, મારી માંગણીનો સ્વીકાર કરો.

રાણીજી સમજી ગયા કે ભૂદેવની માનવતા ખતમ થઈ ગયેલ છે એને સમજાવવાથી સર્યું,

રાણીજીએ ભ્રકુટિ ચઢાવી કહ્યું, અરે ભુદેવ ! હમણાં ને હમણાં અંતઃપુરમાંથી બહાર નીકળી જાઓ,

નહિતર પરિણામ ઘણું જ ખરાબ ભોગવવું પડશે.

રાણીજીના આવેશથી ભયભ્રાન્ત બની ભૂદેવ પોતાને ઘેર પહોંચ્યો,

ભૂદેવનો પશ્ચાત્તાપ - હાય ! મારા મનમાં કેવી મલિન ભાવના ઉત્પન્ન થઈ ?

સતી નારી પ્રાણ છોડે પણ શીલ કદી ના છોડે એવું જાણવા છતાં મેં આ

શું કર્યું ???

મહારાજા આ બધું જાણશે ત્યારે મારા કયા હાલ થશે ? વિશ્વાસઘાતી એવા મને શૂળી પર ચઢાવી શકે છે !

મારા જેવો પાપી આ જગતમાં બીજો કોણ હશે ? ભૂદેવ ભય અને પશ્ચાત્તાપથી ખરે જ બિમાર થઈ ગયા !!

મહારાજા ચંડપ્રદ્યોતન આવતા મારી દશા કેવી થશે ? અહર્નિશ એજ વિચારમાં ચિંતિત રહેવા લાગ્યા.

ભૂદેવ ખાટલા પર પડ્યા, ચિંતામગ્ન રહેવાથી ખાવું પીવું કંઈ ગમતું નથી.

પરિવારને ચિંતા થઈ પડી. ઘરના લોકોએ વૈદ્યને બોલાવવા વિચાર્યું પણ ભૂદેવે સાફ ના પાડી દીધી.

ભૂદેવની બિમારી તો કલેજાની હતી ને ?

માનસિક અસ્વસ્થતા બહુ બૂરી વાત છે જેનો કોઈ ઈલાજ નથી.

સતી શિવાનો અહિંસક પ્રતિકાર

કાર્ય પતાવી રાજા ચંડપ્રદ્યોતન પોતાના વતનમાં પાછા આવ્યા. આવતાની સાથે જ મિત્ર ભૂદેવને યાદ કર્યા.

કર્મચારીઓએ કહ્યું તમે ગયા પછી લગભગ ભૂદેવ અહીં આવ્યા જ નથી. તેઓ શૂન્યને અસ્વસ્થ રહે છે.

એજ સમયે મહારાજાએ મંત્રીને બોલાવવા નોકર મોકલ્યો.

રાજાના આગમનના સમાચાર જાણી મંત્રીનો ગભરાટ વધી ગયો અને નજર સામે મોત દેખાવા લાગ્યું !

સેંકડો અપરાધીઓ મંત્રીની નજરે આવેલા પરંતુ અપરાધીઓના હૃદયની દારૂણ દશાનો અનુભવ આજે જ થયો !!

મંત્રીએ મનમાં માની લીધું કે આજ મારી જિંદગીનો છેલ્લો દિવસ છે !!!

મંત્રી વિચારે ફક્ત પરસ્ત્રીની કામનાએ ભયાનક ફળ ભોગવી રહ્યો છું,

જ્યારે પરસ્ત્રી સેવનથી આ લોક પરલોકમાં શી દશા થતી હશે ???

રાજ કર્મચારીને મંત્રીએ કહ્યું બિમારીને કારણે ત્યાં આવવા અસમર્થ છું. મહારાજાને મારા પ્રણામ કહેજે.

કોઈ સામાન્ય સ્ત્રી તો આટલી મોટી વાતને પતિ આવતાં જ સંભળાવી દે.
જ્યારે રાજરાણી શિવાનું હૃદય વિશાળ અને ગંભીર હોવાથી કશું જ જણાવ્યું નહિ.
સાચી સતી હોય તેને સતીત્વનો ઢંઢેરો પીટવાની જરૂર રહેતી નથી.
ફૂલની સુવાસ કસ્તૂરીની સુગંધ સ્વંય ફેલાય છે એમ સતીનું સતીત્વ સહેજે ચમકી ઊઠે છે !
જે બહેનો પોતાના કુટુંબના સભ્યોની પડોશીઓની પતિ પાસે ફરિયાદો કર્યા કરે.
સાચી જૂઠી વાતો કરી પતિના મનમાં ઉદ્વેગ ઉત્પન્ન કરાવે.
કુટુંબના સભ્યો પરથી પતિના પ્રેમને ખતમ કરવા પ્રયત્ય કરે. પતિને શાંતિથી ભોજન કરવા ન દે એવી સ્ત્રીઓએ સતી શિવાના જીવન પરથી શિક્ષા લેવી જોઈએ.
ખાદ્ય પદાર્થોમાં જેમ સૌનો ભાગ હોય તેમ વ્યક્તિ પ્રત્યેનો સૌનો હક્ક હોય તેવી વિશાળ દૃષ્ટિ કેળવવી જોઈએ.
રાજા ચંડપ્રદ્યોતનને બનેલ ઘટનાનો કોઈ ખ્યાલ ન હોવાથી પ્રધાન પ્રત્યે પહેલા જેવો જ પ્રેમ છે,
મંત્રીની બિમારીના સમાચારે રાજાને ચિંતા થઈ. મંત્રી વિના ક્યાંય ચેન પડતું નથી.
સંધ્યા સમયે મહારાજા દેવી શિવાને સાથે લઈ મંત્રીને ઘેર જઈ પહોંચ્યા.
રાણી સાથે મહારાજાનું આવવું ભૂદેવને જાણે યમદૂત આવ્યા જેવું જણાયું. સેવેલ પાપથી ભયભીત ને ચિંતાતુર બની ગયો !
રાજાએ મંત્રીને તબિયતના ખબર પૂછ્યા. ફિક્કું શરીર અને ચિંતાતુર ચહેરો જોઈને રાજાને દુઃખ લાગ્યું.
રાજાના આ વ્યવહારથી પ્રધાનને આશ્વાસન મળી ગયું !
હિંસક દંડ કરતાં અહિંસક દંડનો પ્રભાવ દોષિત વ્યક્તિ પર વિશેષ પડે છે !
અહિંસક દંડથી અપરાધીનો હૃદયપલટો થઈ જાય છે !
મહારાણીના સૌજન્યમય વ્યવહારથી ભૂદેવનું હૃદય દ્રવી ઉઠ્યું !

અને મનમાં વિચારવા લાગ્યા કે રાણી શિવાદેવીની બ્રહ્મચર્ય સાધના અનોપમ છે !!!

તેમ દયાના ભાવ પણ અસાધારણ છે. પવિત્રતામાં એ ગંગા સમાન છે. ખરેખર ! શિવાદેવી પૂજનીય છે !!!

ભૂદેવે દયામણી દૃષ્ટિએ રાણી શિવા સામે જોયું. વિચક્ષણ શિવાએ ભૂદેવના ભાવ સમજી લીધા,

રાણી શિવાએ કહ્યું, ભાઈ ! પશ્ચાત્તાપ જો હૃદયથી હોય તો તેના પાપ ધોવાઈ જાય છે.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર બની જાય પણ ભૂલ સમજાયા પછી સુધારવા વિલંબ કરવો જોઈએ નહિ,

કારણ કે એક ભૂલ અનેક ભૂલો ને સર્જાવે છે.

આત્મશુદ્ધિ માટે ખુલ્લા દિલે ભૂલનો એકરાર કરવો આવશ્યક છે,

વળી એવી ભૂલ ફરી કદી ન થાય તેવો દૃઢ સંકલ્પ થવો જોઈએ,

ભાઈ ! મારું હૃદય શુદ્ધ છે. મારા તરફથી કોઈ ભયની આશંકા રાખશો નહિ,

અલબત્ત તમારે તમારા અંતઃકરણને પવિત્ર બનાવવા જરૂર પ્રયત્ન કરવો જોઈએ,

ભૂદેવ આત્મ પશ્ચાત્તાપ કરી રહ્યા'તા તેમાં શિવાના શબ્દોએ સજાગ બનાવી દીધા,

ભૂદેવે તરત જ સતીચરણમાં મસ્તક ઝુકાવી પ્રણામ કર્યા. અહીં લગી ચંડપ્રદ્યોતનને કશા જ ખબર નો'તા,

ભૂદેવે સતી ચરણમાં પ્રણામ કરી કહ્યું મહારાજા ! આપના ધર્મપત્ની શિવા દયા ક્ષમાના મૂર્તિ છે !

એટલું જ નહિ પણ શીલની સાક્ષાત્ પ્રતિમા છે ! મારા મનની મલિન ભાવનાને સદુપદેશ વડે નિર્મળ બનાવેલ છે.

મિત્રદ્રોહી સ્વામીદ્રોહી વિશ્વાસઘાતી મારા જેવા પાપાત્માને ઉગારી કરુણા વર્ષાવી નિહાલ કર્યો છે,

રાજા ચંડપ્રદ્યોતન બધું સમજી જઈ મહારાણીને શાબાશી આપી શીઘ્ર સન્માર્ગ

પર આવેલ ભૂદેવને અભિનંદન આપ્યા !!!

સતી શિવાના અહિંસા ભર્યા પ્રતિકારે સફળતા સાંપડી...

સતીના શીલનો પ્રભાવ

મહારાણી શિવા આદર્શ જીવન વ્યતીત કરી રહ્યા'તા ત્યારે એકાએક ઉજ્જૈનમાં ઉપસર્ગ ઉત્પન્ન થયો !

નગરીમાં લાગેલી આગને બુઝાવવા પ્રયાસો કર્યા તેમ તેમ આગ વધુ જોરથી વિસ્તરવા લાગી !!

રાજા પ્રજાએ ખૂબ જ પ્રયત્ન કર્યા પણ કોઈની કંઈ કારી ચાલી નહિ.

બાળ યુવાન વૃદ્ધ બધા ચિંતામાં ગરકાવ બનીગયા ! ક્ષણનો ય વિલંબ કરવો યોગ્ય નો'તો,

રાજા ચંડપ્રદ્યોતને ત્યાં રહેલા અભયકુમારને મળી અગ્નિ શાંત કરવા ઉપાય પૂછ્યો,

સતી શિવાના પગનું પ્રક્ષાલ જલ પ્રચંડ આગને ક્ષણભરમાં શાન્ત કરી દેશે,

એવો સાદો સીધો ઉપાય બુદ્ધિનિધાન અભયકુમારે બતાવ્યો.

વર્તમાનયુગ માટે ચમત્કાર જણાય પણ આત્મિક શક્તિઓનું મહત્ત્વ ઓર હોય છે.

શિવાના શીલધર્મના પ્રભાવથી પગનું પાણી છાંટતાં જ અગ્નિ શાંત થઈ ગયો.

શીલના આ દિવ્ય ચમત્કારને દેખી પ્રજાના દિલમાં પ્રસન્નતાની લહેરો પ્રસરી ઊઠી.

મહારાણી શિવાના શીલધર્મના જયજયકારથી નભોમંડળ ગાજવા લાગ્યું !!

શીલનો આ દિવ્ય ચમત્કાર દેખી સર્વત્ર પ્રસન્નતા પ્રસરી ગઈ !!!

શીલધર્મ જ્ઞાન આદિ સર્વગુણોને શોભાયમાન બનાવે છે. શીલનો મહિમા અદ્‌ભૂત છે !

સતી શિવા અત્યંત સાવધાન રહી શીલધર્મની ઉત્કૃષ્ટ આરાધના કરી સોળ સતીની પંક્તિમાં પ્રસિદ્ધ થયા...

રાજા ચંડપ્રદ્યોતન શિવા જેવા શીલવાન પત્ની પામી જાતને ભાગ્યશાળી માનવા લાગ્યા !

સતી શિવાનો વૈરાગ્ય

જગત્વંદ્ય ભગવાન મહાવીર ભારત ભૂમિ પર વિચરતા લોકોને દુઃખમુક્ત થવાનો મોક્ષમાર્ગ બતાવી રહ્યા'તા,

સાક્ષાત્ તીર્થંકર ભગવાન વિચરી રહ્યા હશે ત્યારે એ યુગનો મહિમા કેવો ભવ્યાતિભવ્ય દેખાતો હશે !!!

વિચરતા ભગવાન મહાવીર ઉજ્જૈન નગરીએ પધાર્યા જે રાણી શિવાના સંસારી ભાઈ થતા'તા,

ભગવાન મહાવીરના સંસારી માતા ત્રિશલા એ ચેડા રાજાના બહેન હતા,

અને શિવા ચેડારાજાના પુત્રી હોવાથી પ્રભુ મહાવીર શિવાના સંસારી ફઈના દીકરા ભાઈના સંબંધે હતા.

પ્રભુ આગમનના સમાચાર સાંભળી મહારાણી શિવા દેશના સાંભળવા ગયેલા,

મોહનીય કર્મને આધીન બની જીવ રાઈ જેટલા સુખ પાછળ આવતા પહાડ સરખા દુઃખોને વીસરી જાય છે !

જીવાત્માએ ભોગ સુખ પાછળ દુઃખો ભોગવ્યા જેનો હિસાબ કરવો ય અશક્ય છે !!

આજે પુણ્યયોગે પ્રાપ્ત થયેલ પ્રબળ સંયોગોમાં આત્મકલ્યાણના કાર્યમાં પ્રમાદ કરવો જોઈએ નહીં...

ભગવાન મહાવીરના એક એક શબ્દ રાણી શિવાના અંતઃકરણમાં રમી રહ્યા હતા !

ઉપદેશના અંતે રાણી શિવાએ અત્યંત શ્રદ્ધાપૂર્વક વંદન કરી કહ્યું,

તરણ તારણ હે પ્રભુ ! આપનું પ્રવચન તથ્ય પથ્ય અને યથાર્થ છે,

હે પ્રભુ ! આપનું પ્રવચન મને બહુ રુચિકર લાગ્યું છે જે એકાંત મિષ્ટ શ્રેષ્ઠ અને હિતકારી છે !

હે પ્રભુ ! આપના પ્રવચન રૂપ અંજનથી મારો પ્રમાદ દૂર થઈ ગયો છે !

વળી વિષય સુખની લાલસા ઓસરી જતાં મારા આત્માને પરમ પદ પામવા પ્યાસા જાગી છે !!!

હે પ્રભો! આજ મારું જીવન ધન્ય બન્યું છે !

આપના જેવા મહાન પથદર્શક પરમ પુરુષનો યોગ પ્રાપ્ત થતાં આપના શરણે આવવા ચાહું છું !!!

પતિદેવની અનુજ્ઞા મેળવી શીઘ્ર સંયમી બનવા ચાહું છું !!!

નિસ્પૃહી ભગવાન મહાવીરે કહ્યું, "અહાસુહં દેવાણુપિયા ! મા પડિબંધં કરેહ"

હે દેવાનુપ્રિયે ! આપને સુખ ઊપજે તેમ કરો એમા વિલંબ કરશો નહિ,

વીર પ્રભુને વંદન કરી ઘેર આવી રાણી શિવાએ પતિદેવ ચંડપ્રદ્યોતનની અનુજ્ઞા માંગી !

રાજાએ કહ્યું - દેવી ! સંયમ જીવન સ્વીકારવું સહેલું નહિ બહુ મુશ્કેલ છે,

મીણના દાંતે લોઢાના ચણા ચાવવા અને તલવારની ધાર પર ચાલવા કરતાંય સંયમ દુષ્કર છે !

સ્વામી! સંયમ પાળવો બહુ દોહ્યલો છે એ આપની વાત સાચી

કિન્તુ આત્માની શક્તિ અનંત છે. આ આત્માએ અનંતવાર નરક નિગોદના અસહ્ય દુઃખો ભોગવ્યા !!!

એ દુઃખોની આગળ સંયમના દુઃખો કોઈ ગણતરીમાં નથી

બલ્કે સાધુ જીવનમાં નિસ્પૃહતા નિરાકુળતા અને નિઃસંગતા જેવો આનંદ બીજે ક્યાંય મળી શકતો નથી.

સતી શિવાનો વૈરાગ્ય આત્માના પ્રદેશે પ્રદેશે પ્રસરી ગયેલ જાણી પતિદેવે અનુજ્ઞા આપી.

રાજપરિવાર અને બધા જ સભ્યોની સાથે ક્ષમાયાચના કરી ભગવાન મહાવીર સમીપે સંયમ સ્વીકાર્યો...

મહારાણી શિવા જગત્સંબંધોને છોડી શ્રુતચારિત્ર ધર્મે સંપૂર્ણ શક્તિઓ જોડી,


મોહ મદ મોડી સર્વ કર્મને તોડી શિવા અંતે સંપૂર્ણ શિવા બની શિવગતિને પ્રાપ્ત કરી!!!

ઉપસંહાર

સતી શિવાનું જીવન શ્રદ્ધા સદ્‌ગુણો અને શક્તિઓના વિકાસ માટે અનુકરણીય છે!

સાસુ વહુને દીકરીજ માને અને વહુ સાસુને પોતાની જનેતા જ જાણે; દેરાણી જેઠાણી વચ્ચે સગી બહેન જેવો વ્યવહાર રાખે,
તો અહીં જ સ્વર્ગ જેવી શાંતિ અનુભવી શકાશે...
સમયનો લાભ લઈ મંત્રીએ મહારાણી શિવાને પોતાના દુષ્ટ વિચારો જણાવ્યા ત્યારે શિવાએ નીડર બની ધુતકારી કાઢ્યો !
ગંભીર હૃદયી શિવાએ પતિદેવ પધાર્યા ત્યારે વાત પણ જણાવી નહિ મહારાણીના સૌજન્ય ભર્યા વ્યવહારથી મંત્રીનો હૃદય પલટો થઈ ગયો !
મંત્રીએ મહારાજાની રૂબરૂ શિવાના શીલની પ્રશંસા કરી પોતાની થયેલ ભૂલની માફી માંગી...
હંમેશા કોઈના દુર્ગુણો ખૂલ્લા કર્યા વિના અહિંસક દૃષ્ટિએ જ તેમના જીવનનો સુધારો સહેલાઈથી કરી શકાય છે.
નગરીમાં આગનો ઉપસર્ગ થતાં શીલવતી શિવાના પગ ધોવણના પાણી છાંટવાથી તુરત જ અગ્નિ શાંત થઈ ગયો !
ધર્મશક્તિઓનું મહત્ત્વ કોઈ ઓરજ હોય છે.
કપરાસમયે આપણે પણ શીલનું સંરક્ષણ કરવા નીડર બની જવું જોઈએ...
વીરવાણી સાંભળી વૈરાગી શિવાએ પતિ આજ્ઞા મેળવી સંયમની સાધનાએ શિવગતિ પ્રાપ્ત કરી
સૌએ સાધક બની સાધના સાધવી જરૂરી છે...

અભિનંદન ! અભિનંદન !!
શિવપદ ગામી શિવાને શત શત અભિનંદન !!!



બારમે કુંતી

પ્રારંભ

લાકડી નિર્જીવ છતાં અંધ માટે માર્ગ બતાવનાર અને વૃદ્ધ માટે આધારરૂપ બની જાય છે.

નદી નાળાને પાર કરાવનાર નદીના પાણીનું માપ કાઢવા માપપટ્ટી સમાન હોય છે.

જંગલમાં હિંસક પ્રાણીઓ અને વસ્તીમાં કુત્તાઓના આક્રમણથી બચવા ઉપયોગી સાધન છે,

ચોર ડાકુઓ અને શત્રુઓ સામે વિજય પામવા અમોઘ અસ્ત્રરૂપે હોય છે.

દૂરની વસ્તુ લેતાં હાથ ન પહોંચે ત્યારે તેમજ કાવડ હાંથા વગેરે અનેક કાર્યોમાં લાઠીકામ આપે છે.

એમ મહાન આત્માઓની જીવનકથાઓ પણ જીવન સંઘર્ષમાં અંધને લાકડી જેમ ઉપયોગી થઈ પડે છે.

શિશુઓની શાળાઓમાં, નટોની રંગભૂમિમા, ગાયકોની ગીતમંડળીમાં ભોગીઓના ભવનમાં, રાજાઓના રાણીવાસમાં સર્વત્ર કથાઓની બોલબાલા હોય છે !

ધસી પડતાં જીવનને કથા સ્તંભ જેમ અવલંબનરૂપ નીવડે છે.

એ હેતુએ કુંતીનું જીવન આલેખવામાં આવે છે.

બાલ્યકાળ

દ્વારિકાનગરી બન્યા પે'લા વાસુદેવ શ્રીકૃષ્ણના પિતામહ - દાદા અંધકવિષ્ણુ સોરીપુરના રાજા હતા.

એમના અનેક રાણીઓમાં ગુણિયલ સુભદ્રા પટરાણી હતા.

રાજમાતા સુભદ્રાના ૧. સમુદ્રવિજય ૨. અક્ષોભકુમાર ૩. સ્તનિત કુમાર ૪. સાગરવિજય ૫. હિમવાન ૬. અચલકુમાર ૭. ધરણકુમાર ૮. પૂર્ણભદ્ર ૯.અભિચંદ્ર ૧૦. વસુદેવ. એ દશે પુત્રો બળવાન શક્તિશાળી અને પરાક્રમી હતા. એ દશે ભાઈ દશાર્હ નામથી પ્રખ્યાત છે.

કુંતી અને માદ્રી નામે પ્રચંડ શક્તિશાળી બે પુત્રીઓ હતી.

કુંતીના શ્રીકૃષ્ણ સરીખા ભત્રીજા હતા એમની જાહોજલાલી પુષ્કળ !
જેમની કીર્તિ દિગંત સુધી પ્રસરેલી હતી !!!
માતા પિતા અને દશે ભાઈઓની લાડલી કુંતી કલ્પલતાની જેમ સુખપૂર્વક વૃદ્ધિ પામતી,
પોતાના પરિવારરૂપ ગગનમાં ચાંદની જેમ ખીલી રહેલી !!!
એના ચમકતા નેત્ર કાળા ભ્રમર જેવા કેશ સૌંદર્યસંપન્ન ચહેરો અને ચિત્તાકર્ષક વ્યક્તિત્વ હતું !!!
રાજદુલારી કુંતી અભ્યાસના માધ્યમથી વિવિધ કળાઓનો અભ્યાસ કરવા લાગી.
શિક્ષણ દ્વારા દિલ દિમાગમાં આત્મવિકાસ, નિરીક્ષણ વિકાસ, સ્મરણ શક્તિ વિકાસ, વિવેક વ્યવહાર વિકાસ, કળા કુશળતાના વિકાસો વધારવા પૂર્ણ પ્રયત્ન કરાયેલ હતા.
જીવ પૂર્વભવોના સંસ્કારો સાથે લાવે છે તો પણ પવિત્ર વાતાવરણ ઉત્તમશિક્ષણ અને સુસંસ્કારોથી સારું એવું પરિવર્તન લાવી શકાય છે.
કુમારી કુંતીના સૌભાગ્યે એવા સંયોગો મળી જવાથી બહુ સુંદર વિકાસ સાથે વિવિધ જ્ઞાન અને સદાચારની શક્તિઓ ખીલી ઊઠી !!!
કુંતીનું જીવન એટલે સ્વભાવે શાંત પ્રકૃતિ સરળ વર્તને સભ્યતા અને દરેક પ્રત્યે પ્રેમભર્યો વ્યવહાર !!!

કુરુવંશનો ઉદ્‌ભવ

ઈક્ષ્વાકુ રાજા ઋષભના પુત્ર સો એમાં કુરુપુત્રથી કુરુવશ ચાલ્યો,
ભરતના પુત્ર સૂર્યયશથી સૂર્યવંશ અને બાહુબલિના પુત્ર ચંદ્રયશથી ચંદ્રવંશ ચાલ્યો,
કુરુરાજાના દાનેશ્વરી હસ્તિપુત્ર થયા તે પરથી હસ્તિનાપુર પ્રસિદ્ધ થયું !
ત્યાં લાખો તેજસ્વી રાજાઓ થઈ ગયા ! સનતકુમાર ચક્રવર્તી શાંતિનાથ કુંથુનાથ અરનાથ એ ત્રણ તીર્થંકરો પણ ત્યાંજ થયેલા !!!
અસંખ્ય રાજાઓ પછી ત્યાં શાંતનુરાજા થયા તેમના પુત્ર ગાંગેયકુમાર ઉર્ફે ભીષ્મ પિતા થયા,

સત્યવતીમાં મુગ્ધ બનેલ પિતા શાંતનુની ઈચ્છા પૂર્ણ કરવા પિતૃભક્ત ગાંગેયકુમાર રાજગાદીનો ત્યાગ,
અને આજન્મ બ્રહ્મચર્યનું પાલન આ બે ભીષણ પ્રતિજ્ઞા લેવાને કારણે તેઓ ભીષ્મપિતા તરીકે પ્રખ્યાત થયા !!!
શાંતનુરાજાના પત્ની સત્યવતીના ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એમ બે પુત્રો હતા.
એમાં વિચિત્રવીર્યના અનુક્રમે ત્રણ પત્ની અંબા, અંબિકા અને અંબાલિકા.
અંબિકાના પુત્ર ધૃતરાષ્ટ્ર તેઓ જન્મથી જ અંધ હતા !
અંબાલિકાના પુત્ર પાંડુ જેઓ જન્મથી જ પાંડુ દર્દવાળા હતા !
અને અંબાના પુત્ર વિદુર જેઓ જન્મથી જ નબળા પરંતુ બહુ ગુણિયલ હતા !
કુરુવંશમાં આ ત્રણે પુત્રોના જન્મથી ચોરી જુગાર મદિરા વ્યભિચાર વગેરે વ્યસનો નાશ થઈ ગયેલા !
નીતિ અને ન્યાયસભર એક છત્ર રાજ્યાનુશાસન ચાલી રહ્યું'તું
ભીષ્મ પિતાની છાયામાં દેશ સમૃદ્ધ બનતો ગયો પણ પત્નીમાં આસક્ત રાજા વિચિત્રવીર્યને ક્ષયરોગ લાગુ પડતાં નાની ઉંમરે અવસાન પામ્યા અને રાજા પાંડુનો રાજ્યાભિષેક કરાયો.
એકદા યુવાન બહેન કુંતીને જોઈ સમુદ્રવિજયે તેના યોગ્ય રાજકુમારની તપાસ કરવા કુશળ દૂતને મોકલ્યો !
કન્યાનું ચિત્રપટ લઈ દેશદેશમાં ફરતો દૂત હસ્તિનાપુર પહોંચ્યો,
પાંડુરાજાને જોઈ બહુ આનંદ થયો ! પિતામહ ભીષ્મને પાંડુરાજાને યોગ્ય કુંતીનું ચિત્રપટ બતાવી વાત જણાવી,
ભીષ્મપિતાએ કુંતી સાથે પાંડુના વિવાહની વાત પસંદ કરી,
મોટી બહેન કુંતીના લગ્ન થાય નહિ ત્યાં લગી નાની બહેન માદ્રીના લગ્ન પણ થઈ શકે નહિ,
તો બંને બહેનોને સુખી કરવાની જવાબદારી આપના શિરે છે એમ દૂતે સૂચન કર્યું.
કુંતીનું ચિત્ર પાંડુરાજાના હૃદયને આકર્ષી ગયું ! કુંતીનું જ સ્મરણ કરતાં દિવસો

પસાર કરવા લાગ્યા !!!

પિતા ભીષ્મે આ બાબતમાં માતા સત્યવતીને પૂછી કાર્ય નિર્ણય કરવા દૂતની સાથે એક યોગ્ય પુરુષને મોકલ્યો.

સોરીપુર આવી દૂતે અંધકવિષ્ણુ રાજાને વિગતથી તમામ સમાચાર આપ્યા.

સ્વામી ! ગામે ગામ ફરતાં હસ્તિનાપુર ગયેલો ત્યાં લક્ષણ ગુણયુક્ત પાંડુરાજાને જોઈ કુંતીના વિવાહની વાત અને માદ્રીની વાત દાદા ભીષ્મ પાસે કરેલ, તેનો નિર્ણય લેવા યોગ્ય પુરુષને મારી સાથે મોકલ્યો છે.

મહારાજા અંધકવિષ્ણુએ કહ્યું, આવતી કાલે જવાબ આપીશ,

રાજા પાંડુ માટે કુંતીના મનમાં ખૂબ હર્ષ હતો !

બીજે દિવસે પ્રભાતે રાજા અંધકવિષ્ણુએ કહ્યું, પાંડુરોગવાળા રાજા પાંડુને મારી પુત્રી આપવા ઇચ્છા નથી.

મનથી વરી ચૂકેલી કુંતીએ આ સાંભળી બહુ આઘાત અનુભવ્યો.

હસ્તિનાપુરથી આવેલા પુરુષને કુંતીના વિવાહ સંબંધમાં દૂતે અનિચ્છા દર્શાવી.

તે પુરુષે હસ્તિનાપુર પહોંચી ભીષ્મ પિતા અને પાંડુરાજાને વાત કહી સંભળાવી !

પાંડુરાજાએ પેલા પુરુષને એકાંતમાં મળી પૂછયું કે કુંતીનું વલણ મારા તરફ કેવું હતું ?

દૂત કહે કુંતી રોમાંચિત થતાં ખુશખુશાલ થઈ અનિમેષ નયને વિવાહની વાત સાંભળતી હતી

અને પાંડુરાજાને કુંતીના સ્મરણથી બધી જ બાબતોમાં નિરસતા જણાતી હતી.

પરોપકાર

રાજા પાંડુ શાંતિ લેવા ઉપવનમાં ગયા ત્યાં એક ઝાડ સાથે ખીલાથી જડાયેલ અત્યંત દુઃખી માનવીને જોયો !

દયાળુ પાંડુરાજાએ ખીલો ખેંચ્યો કે માનવી મૂર્છિત થઈ પડી ગયો. શીતોપચારે સ્વસ્થ થતાં મહારાજાએ પૂછયું,

તમે કોણ છો અને આવી સ્થિતિ કેમ ???

રાજન ! વૈતાઢય પર્વતનો હું વિદ્યાધર છું. અહીંની વનરાજી જોઈ રહ્યો'તો ત્યાં

દુશ્મનોએ આવી મારી આ દશા કરી છે !!!

ઓ મારા પ્રાણરક્ષક !!! મારી તમામ વસ્તુઓ પર આપનો જ અધિકાર છે. આજ્ઞા આપો તે કામ કરવા તૈયાર છું.

પાંડુરાજાએ કુંતીને મળવા ઈચ્છા જણાવી એટલે વિદ્યાધરે ચમત્કારી વીંટી આપી કહ્યું,

વશીકરણ ! આકાશગમન ! અદૃશ્ય થવું ! વ્રણમુક્તિ ! વિરૂપતા ! ઝેર નિવારણ આદિ ગુણયુક્ત વીંટી છે...

પાંડુરાજાએ વીંટી પહેરી કુંતીનું સ્મરણ કર્યું ત્યાંના વનમાં ધાવમાતાની સાથે વાત કરતી કુંતીને જોઈ !

બેચેન બનેલી કુંતી ધાવમાતા સાથે વનમાં જઈ દિલની વાત દર્શાવે છે,

મા! દિવસ તો જેમ તેમ પસાર કર્યો પણ રાત કેમ નીકળશે ? રાજા પાંડુ મને કઈ રીતે પ્રાપ્ત થશે ???

ધાવમાતાએ આશ્વાસન આપતાં કહ્યું. રાજા પાંડુનો યોગ પ્રાપ્ત થાય એવો જરૂરથી પ્રયાસ કરીશ...

ધાત્રી પાંદડા લેવા ગઈ ત્યાં સમય મળ્યો માની કુંતીએ વૃક્ષની ડાળીનો ફાંસો બનાવી કહ્યું,

ઓ વિધાતા ! આ જન્મે ઈચ્છા અપૂર્ણ રહી પણ જન્માંતરે મને પતિ પાંડુરાજ જ મળજો...

એમ કહી ગળાફાંસો ખાવા જાય કે તરત જ પાંડુરાજાએ ત્યાં આવી તલવારથી ગળાફાંસો કાપી નાખ્યો !

વસ્ત્રથી હવા નાખી રાજા પાંડુએ કુંતીને સ્વસ્થ કર્યા !!!

કુંતીએ નજર નાખી જોયું તો રાજાના હાથમાં પહેરેલ કંકણ પર પાંડુરાજાનું નામ વાંચ્યું કે, તેણીએ નિરાંતનો શ્વાસ લીધો

હા.... આ જ રાજા પાંડુ છે પરસ્પર સ્નેહ દ્રષ્ટિએ મિલન થયું !

એવામાં ધાવમાતા ત્યાં આવી પહોંચી. કુંતીએ અકસ્માત બનેલ ઘટના કહી બતાવી,

ત્યાં ધાવમાતાએ ગાંધર્વવિધિએ બંનેના લગ્ન કરાવી કહ્યું,

રાજન ! અંધકવિષ્ણુ મહારાજાની આજ્ઞા વિના લગ્ન થયા છે આ વાત પર જરૂર ધ્યાન આપશો...

ખાસ સૂચન કરી ધાવમાતા ચાલી ગઈ !

આનંદ પ્રમોદમાં રાત્રિ ક્ષણની જેમ પસાર થઈ ગઈ !!

પ્રભાતે આવી ધાવમાતાએ રાજા પાંડુને વિદાય આપી.

રાજા પાંડુ વીંટીના પ્રભાવથી હસ્તિનાપુર પહોંચી ગયા.

આ વાત ધાવમાતાએ તદ્દન છૂપી રાખી દીધી કિંતુ કુંતીને તે વખતે ઓધાન રહ્યું એ કંઈ કલ્પનામાં નહિ !!

સમય જતાં કુંતીના વમન વગેરે લક્ષણો પરથી માતા સુભદ્રાને શંકા ગઈ !

ધાવમાતા પાસેથી પાંડુ સમાગમની વાત સાંભળતાં માતા સુભદ્રા ચોંકી ઊઠયા !!!

પરંતુ ચતુર મહારાણીએ વિચાર્યું કે આ સ્થિતિમાં કંઈ કહેવું યોગ્ય નહીં,

કુંતીને આશ્વાસન આપી ગુપ્ત રીતે ગર્ભપાલનની વ્યવસ્થા ગોઠવી દીધી.

પૂર્ણ સમયે લાક્ષણિક અને તેજસ્વી પુત્રને જન્મ આપ્યો !

લોકાપવાદથી બચવા કાનમાં મણિકુંડલ પહેરાવી પેટીમાં સુવાડી પેટી ગંગાનદીમાં તરતી મૂકી દીધી.

સુભદ્રાએ પતિદેવ અંધકવિષ્ણુ પાસે બધી વાત કહી. હવે આ પુત્રી કુંતી બીજાને પરણાવવી ઉચિત નથી,

રાજા અંધકવિષ્ણુએ પોતાના પુત્ર ધરણને કુંતીની સાથે હસ્તિનાપુર મોકલ્યો.

અને પિતામહ ભીષ્મની અનુજ્ઞા લઈ રાજા પાંડુની સાથે કુંતીના લગ્ન કરવામાં આવ્યા.

કુંતીની નાનીબહેન માદ્રીના લગ્ન પણ પાંડુ રાજા સાથે કરવામાં આવ્યા હતા.

હસ્તિનાપુરના ઘરઘરમાં વિવાહની ખુશાલી મનાવવામાં આવી !!!

આદર્શ પરિવાર

આ જગતમાં સૌ જીવો પોતાના પૂર્વ કર્માનુસાર જન્મ લઈ સુખદુઃખ ભોગવતા હોય છે !

આ ભવમાં ધર્મકર્મની સમજ મુજબ પુણ્યપાપની મૂડી કમાવી કર્મનિર્જરા કરી

જીવનયાત્રા પૂર્ણ થયે કુટુંબમાંથી એકલો જ પરલોક તરફ પ્રયાણ કરતો હોય છે

એ અનાદિ સિદ્ધ વ્યવહાર છે.

જીવ જે કુટુંબમાં જન્મ્યો હોય તેમની સાથે પરસ્પર મારાપણાના ભાવ બંધાય છે,

ત્યારે ઘરના એક વ્યક્તિના સુખદુઃખમાં સૌને સુખદુઃખનો અનુભવ થાય છે !

એ રીતે માયાના બંધનમાં મસ્ત રહી પૂર્વના લેણદેણની ચૂકવણી કરી સૌ કર્યા કર્માનુસાર પરલોકમાં ચાલ્યા જાય છે !!

જ્યારે કોઈ મુમુક્ષુ આઠે કર્મનો અંત લાવી સિદ્ધિના સ્વપ્નો સાકાર બનાવે છે.

લગ્ન થતાં આવતી નવવધૂના વિષયમાં પણ એમ જ છે.

સાસુ સસરા જેઠ દિયર પતિદેવ નણંદ વગેરે સૌનાં નવા પરિચય થાય છે !

અને પરિવારમાં સૌ નવવધૂને પોતાનું અંગ માની રહે છે...

જે પરિવારમાં એકબીજાને પોતાના આત્મા જેમ ચાહે છે તે પરિવાર આદર્શ ગણાય છે !

તે કુટુંબમાં નિર્મળ પ્રેમની ધારાઓ વહેતી હોવાથી સ્વર્ગીય વાતાવરણ સર્જાય છે !!!

કુટુંબને સ્વર્ગ જેવું બનાવવું એ મુખ્ય કાર્ય મહિલાઓના હાથમાં હોય છે.

સૌને પોતાના જ સમજી ઉદારતા ભર્યો નિષ્પક્ષ વ્યવહાર રાખી પરસ્પર પ્રેમપૂર્વક રહે,

એથી પોતે સુખી બને અને પરિવારને પણ સુખી બનાવે ખરેખર તે પરિવાર બહુ ભાગ્યશાળી હોય છે.

જે પરિવારમાં એનાથી વિપરીત સંકુચિતતા પક્ષપાત ઈર્ષા દ્વેષ ભર્યા વ્યવહારો રાખે

તે પરિવારમાં કલેશ ખેંચાખેંચી મનદુઃખ ચાલ્યા જ કરતા હોય છે.

ન સ્વયં સુખ ભોગવી શકે ન બીજાને સુખ આપી શકે, જિંદગી અશાંત વાતાવરણમાં જ પૂર્ણ થાય છે.

તો સુજ્ઞ જીવાત્મા શાંતિ અશાંતિનું ગણિત વિચારી જીવન સુધારે...

આદર્શ દેરાણી જેઠાણી

મહારાજા પાંડુના મોટાભાઈ ધૃતરાષ્ટ્રના પત્ની ગાંધારી જેઠાણી
અને પાંડુરાજાના પત્ની કુંતીજી દેરાણી બંને અત્યંત પ્રેમથી રહેતા'તા !
કુંતીજી જેઠાણી ગાંધારીની પ્રશંસા કરતાં ધરાતા નો'તા,
અને ગાંધારી દેરાણી કુંતીજીના ગીતો ગાતા થાકતા નો'તા !
આપસ આપસમાં મીઠા મધુરા વર્તનથી રહેતા દેરાણી જેઠાણી માનો જાણે બે સગી બહેનો !!!
કેટલી સ્ત્રીઓ બીજી સ્ત્રીની પ્રશંસા સહન નહિ થતાં બળવા લાગે !
પરંતુ કુંતી ગાંધારીમાં એ દોષ હતો જ નહીં.
એમના હૃદયમાં પરસ્પર પ્રેમનો પ્રવાહ વહેતો હોવાથી ઈર્ષાની આગ તેમને અડકી શકતી જ નો'તી !
કોઈ પરિવારમાં ફૂટ હોય તો નોકર ચાકર પણ તેનો લાભ ઉઠાવતા હોય છે.
કિન્તુ કુંતી ગાંધારીના ગાઢ પ્રેમને કારણે નિંદા ચુગલી કરવા દાસ દાસીઓને અવસર મળતો જ નો'તો !
દેરાણી-જેઠાણી બંનેએ પોતાના પરિવારને સુખી બનાવી લીધો હતો.
એકવાર ગાંધારીની સખીઓમાંથી એકે કહ્યું દેવી કુંતી ખરેખર ધર્મશીલા છે.
ધર્મને આરાધ્ય માનનાર લોકોની કમીના નથી. કમી છે જીવનમાં ધર્મતત્ત્વ બેસાડનારની.
ઘણા લોકો ધર્મની પ્રશંસા કરતા હોય છે પણ ધર્મને પોતાના જીવનનો ખોરાક બનાવનાર કોઈ વિરલા જ હોય છે.
કુંતી દેવીએ ધર્મને પોતાના જીવનનો આધાર બનાવેલ છે. તેમના પ્રત્યેક કાર્યમાં ધર્મતત્ત્વનો સંન્નિવેશ રહે છે,
એથી જ તો ધર્મને વ્યવહારમાં વણી બતાવેલ છે...
બીજી સખીએ કહ્યું કુંતીદેવી તો ચંદ્રવંશની ચંદ્રિકા શોભારૂપ છે,
તેઓ મહારાજા અંધકવિષ્ણુના બેટી ,સમુદ્રવિજયના બહેન અને ત્રણ ખંડના નાથ શ્રી કૃષ્ણજીના ફઈબા છે !!
ચાહે તો દેવોપમ રાજકુમારને વરી શકતા હતા,

પરંતુ જેમનો ઝુકાવ ભોગ તરફ નહિ વાસ્તવિક ધર્મ તરફનો હતો.
કુંતી દેવીએ કદી ભોગોને પ્રધાનતા આપી નહિ, વિલાસની કામના કરી નહિ !
તેણીએ ધર્મને જ મુખ્ય સ્થાન આપેલ હતું !
સંક્ષેપમાં કહીએ તો કુંતી મહારાણી મહિલા વર્ગ માટે સદા આદર્શરૂપ છે !
પોતાના ઉત્તમ આચરણને કારણે પૂજનીય છે !
તેણીના અંતઃકરણમાં સમતાનો સાગર લહેરાઈ રહ્યો હતો !!
રોષ કરતાં આવડતોય નો'તો જ્યારે જુઓ ત્યારે પ્રસન્નતા હી પ્રસન્નતા મુખ પર ઝળકી રહેલી !!!
ગુણી અને ગંભીર વ્યક્તિ પોતાની પ્રશંસા સાંભળી સંકોચાઈ જાય છે.
પોતાની પ્રશંસા સાંભળી કુંતીજી સખીઓને કહેવા લાગ્યા,
સખીઓ ! આ તમારી સોબતની અસર છે જેની સાથે વસીએ એનો વાન ન આવે પણ સાન તો આવે ને ?
એટલે અમારા જેઠાણી પાસે રહેવાથી ગુણગ્રાહકતાનો ગુણ તમારામાં પણ આવી ગયો દેખાય છે !!
પરંતુ ગુણખાણી ગાંધારી દેવીની સામે મારી હસ્તી-ગણતરી જ શું ?
જુઓ કેટલી સાદાઈ છે એમનામાં ? નથી સારા વસ્ત્રોની ચાહના, નથી અતિ આભૂષણોની અભિલાષા,
વળી સર્વ પ્રકારની સ્વાધીનતા સામે છતાં પ્રજ્ઞાચક્ષુ પતિની પસંદગી કરનાર ગાંધારીનો સૌથી મોટો ત્યાગ છે !!!
મને ગૌરવ છે કે મારા જેઠાણીજી આટલા બધા ત્યાગશીલ છે !!!
પૃથ્વીના પટ પર આવી મહાન મહિલાઓ કેટલી મળશે ?
ન જાણું મારા જીવનમાં એવા દિવસો ક્યારે આવશે ? ક્યારે સદ્‌ભાગી બની શકીશ ?
આ સાંભળી ગાંધારીએ કહ્યું દેરાણીજી ! આવું બોલવું તમારા માટે શોભાસ્પદ નથી....
અરે કુંતીજી ! તમે ચંદ્રવંશને શોભાવનાર શ્રી કૃષ્ણ મહારાજાના ફઈબા કહેવાઓ છતાં નમ્રતા કેટલી છે ???

હું તો એમ માનું છું કે તમારા જેવી દેરાણીઓ ઘરઘરમાં હોય તો સ્વર્ગ પૃથ્વી પર ઊતરી પડે !!!

ભારતની ગૃહદેવીઓ આ દેરાણી જેઠાણી જેવા વ્યવહારને અપનાવે તો કોઈની નિંદા અને તિરસ્કારથી વેરઝેર વડે જીવન મલિન થાય નહિ...

સ્વપ્રશંસા અને પરનિંદા કરવાથી આત્મા કર્મબંધથી ભારે બને છે.

તેથી વિવેકી આત્માઓ કદી સ્વપ્રશંસા કરતાં નથી અને પરનિંદા પણ કરતાં નથી. ગુણીજનોની પ્રશંસા જરૂર કરતા હોય છે !

એવું જીવન ઘડવાથી સ્વયં લોકપ્રિય બની જાય છે !!!

સતી કુંતી અને ગાંધારી મૈત્રીભાવે એક બીજાનો આદર કરતાં જીવન વ્યતીત કરી રહ્યા'તા !!!

હકીકતમાં બંને પ્રશંસાને યોગ્ય હતા ગાંધારીએ સ્વેચ્છા પૂર્વક અંધપતિનો સ્વીકારકર્યો'તો !

તો કુંતીજીએ સ્વેચ્છાપૂર્વક પાંડુરોગવાળા પતિનો સ્વીકાર કર્યો'તો !

એકંદરે પરસ્પર પ્રેમના પ્રભાવે આનંદની લહેરોમાં જીવન જીવી રહ્યા'તા !!!

પુત્રોની પ્રાપ્તિ

સંતાન પર માતા પિતા અને પરિવારના વાયુમંડળની ગંભીર અસર પડતી હોય છે,

બાળક કોરા વસ્ત્ર જેવા હોય છે એના પર ધર્મ કર્મનો જેવો રંગ ચઢાવે તેનો ચઢાવી શકાય છે.

જેઓ પોતાના સંતાનને સુશીલ બનાવવા ઈચ્છે તેઓએ સ્વયં સુશીલ બનવું જોઈએ...

કુંતીદેવી આ નિયમને સારી રીતે સમજતા હતા.

કુંતીજીએ અનુક્રમે ત્રણ પુત્રરત્નને જન્મ આપેલ.

ત્રણે પુત્રો પર કુંતીજીના આચાર વિચારોનો સુંદર પ્રભાવ પડેલો !

એટલે જ તેઓ દયાળુ સત્યવાદી નિસ્પૃહ ઉદારદિલ સરળસ્વભાવી ગુણદૃષ્ટિ અને ધર્માત્મા હતા !!!

તેઓ પુરુષાર્થ અને પરાક્રમમાં અદ્વિતીય અને વીરતાના અવતાર હતા !!!

સૌથી મોટા ધર્મરાજ યુધિષ્ઠિર, બીજા નંબરના ગદાધારી ભીમ, અને ત્રીજા નંબરના પુત્ર અદ્વિતીય ધનુર્ધારી અર્જુન હતા.
આ રીતે ત્રણે ભાઈઓ પોતપોતાના વિષયમાં અદ્વિતીય અને અનુપમ હતા.
ત્રણે ભાઈઓએ ગુણ અને પરાક્રમથી અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી !
ધર્મ એ જીવનપ્રાણ છે ધર્માચરણ કરવાથી આ ભવ તેમજ પરભવ સુધરે છે,
સત્યથી ધર્મની ઉત્પત્તિ થાય છે. દયા દાનથી ધર્મની વૃદ્ધિ થાય છે,
ક્ષમાથી ધર્મની પ્રતિષ્ઠા ફેલાય છે. ક્રોધ અને લોભથી ધર્મનો નાશ થાય છે.
સતી કુંતીના જીવન પરથી સ્પષ્ટ સમજાય છે કે ધર્મને જીવનનું અંગ બનાવવાથી કેવા મહાન લાભો થાય છે !
કુંતીના જીવનમાં ધર્મ ઓતપ્રોત થઈ ગયેલ હોવાથી સર્વત્ર સુયશ ફેલાઈ ગયો !!!
સુખમાં સમયો નિર્ગમન કરતાં કુંતીજીને ત્રણ પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ,
અને કુંતીના બહેન માદ્રીને અતિશય રૂપવાન અને વિનીત સહદેવ તેમજ નકુળ એવા બે પુત્રોની પ્રાપ્તિ થઈ !
સર્વ વિદ્યામાં પારંગત બંને ભાઈઓ ધર્મરાજા યુધિષ્ઠિર આદિ ત્રણે ભાઈઓની સેવામાં સમર્પિત થઈ રહેતા....
એ પાંચે ભાઈઓ જગતમાં પાંડવો તરીકે પ્રખ્યાત થયા !!!
ફૂલની સુગંધ આસપાસના વાતાવરણને સુગંધી બનાવી દે છે.
તેમ ધર્મનિષ્ઠ વ્યક્તિ પણ ધર્મભાવથી આજુબાજુની વ્યક્તિઓને ધાર્મિક ભાવનાવાળી બનાવી દે છે.
મહારાણી કુંતીની ધર્મભાવના ગુલાબના ફૂલની જેમ પાંચે પાંડવોમાં વિકાસ પામી વિસ્તરી ગઈ !
પાંડવોએ વીરતાની સાથે ધાર્મિકતાનો સમય સાધેલ હોવાથી સોનામાં સુગંધની કહેવતને સાર્થક કરી બતાવેલ !
સંસ્કારદાત્રી કુંતીમાતાને કોટી કોટી ધન્યવાદ !!!

પાંડવો કૌરવોનો વિદ્યાભ્યાસ

કળાકુશળ દ્રોણાચાર્ય પાસે પાંડવો કૌરવો વગેરે અભ્યાસ કરી રહ્યા'તા.

નિત્યાભ્યાસ કરતાં વિદ્યાધ્યયનમાં નિષ્ણાત થયેલા કુમારોની પરીક્ષા લેવા દ્રોણાચાર્યે વિચાર્યું.

વિશાળ મંડપમાં દરેક રાજા મહારાજા અંતઃપુરના રાણીઓ - કુમારીઓ પ્રતિષ્ઠિત નાગરિકોની સમક્ષ કાર્યક્રમનો પ્રારંભ કર્યો.

સૌ વિદ્યાર્થીઓ પોતાની કલા કૌશલ્ય બતાવવા લાગ્યા !

યુધિષ્ઠિર રથારૂઢ યુદ્ધ કરવામાં સર્વોપરી સિદ્ધ થયા !

દુર્યોધન અને ભીમ ગદાયુદ્ધ કરતાં દુર્યોધને ઈર્ષાથી ક્લેશ વધારી ઝઘડો કર્યો !

કલાચાર્ય શ્રી દ્રોણાચાર્ય ભીષ્મપિતા વગેરેએ વચમાં પડી ઝઘડો બંધ કરાવ્યો.

લક્ષ્યવેધની કળામાં બાણાવળી અર્જુન પ્રખ્યાત થતાં જયજયકારનો ધ્વનિ થયો !!!

દ્વેષી દુર્યોધન ન સહી શકવાને કારણે બોલી ઊઠયો કે બાણાવળીમાં અર્જુન સર્વોપરી નહિ પણ મિત્ર કર્ણ જ સર્વોપરી છે જોઈ લો તેમની શક્તિ !

કર્ણે પોતાના આસન પરથી ઊઠી સિંહગર્જના કરતાં મંચ પર આવી કળા બતાવી.

એક બાજુ પાંડવો અને દ્રોણાચાર્ય ,બીજી બાજુ કૌરવો, કર્ણ અને અશ્વત્થામા.

જેટલી કળા અર્જુને બતાવી તેનાથી વિશેષ કળા કર્ણે બતાવી.

દુર્યોધને કર્ણને ભેટી કહ્યું, વીર કર્ણ ! વાસ્તવમાં તું જ સર્વશ્રેષ્ઠ અદ્વિતીય કલાપ્રધાન છો

આ જગતમાં તારી તુલનાએ કોઈ આવનાર નથી.

તું મારો પરમ મિત્ર યા સર્વસ્વ છો. મારું એ બધું તારું જ છે !

આપની આત્મીયતાનો પરમ આભારી છું અને જીવનપર્યંત તારી મારી અખૂટ મૈત્રી રહેશે એમ કર્ણે કહ્યું.

પણ જ્યાં સુધી અર્જુનને યુદ્ધમાં પરાજિત ના કરું ત્યાં સુધી મારા મનને શાંતિ નહિ વળે !

આ અપમાન અર્જુન સહન કરી શક્યો નહિ અને યુદ્ધની તૈયારીઓ કરવા વિચારે, ત્યાં કૃપાચાર્યે કહ્યું

ઓ કર્ણ જેમ કલ્પવૃક્ષની ઉત્પત્તિ સુમેરુ પર્વત પર અને મોતીની ઉત્પત્તિ છીપમાં,
તેમ અર્જુન રાજકુળમાં ઉત્પન્ન થયેલ છે એથી એ કુલોત્તમ સાથે વીરોત્તમ છે...
તારી ઉત્પત્તિ સ્પષ્ટ નહિ થાય ત્યાં લગી અર્જુન સાથે યુદ્ધ નહીં કરી શકે,
આ સાંભળી દુર્યોધન ઉશ્કેરાઈ બોલ્યો. મનુષ્યની ખ્યાતિ કુલ જાતિ કે સત્તાથી નહિ પણ ગુણથી થાય છે.
જેમ કાદવથી ઉત્પન્ન થયેલ કમળ લોકપ્રિય બને છે તેમ સામાન્ય કુળે ઉત્પન્ન થયેલ માનવ ગુણોથી પ્રિય બને છે.
દુર્યોધન બોલ્યો, તમે એમ કહો છો કે રાજકુમાર સિવાય અર્જુન સાથે યુદ્ધ કરી શકે નહિ,
તો હમણાં જ તેનો રાજ્યાભિષેક કરું છું પછી તો હરકત નહિ ને ? એમ કહી ત્યાંજ કર્ણનો અભિષેક કર્યો,
અને કર્ણે ત્યાં જ ધનુષ્યબાણ હાથમાં લઈ યુદ્ધ કરવાની તૈયારી કરી,
ત્યાં ભીમે કહ્યું ઓ સારથીપુત્ર ! ધનુષ્ય બાણ એક બાજુ મૂક. તારા હાથમાં તો ઘોડાની લગામ જોઈએ.
શિયાળ કદી વનરાજ ન બની શકે ! આ સાંભળતાં વિશ્વકર્મા સારથી બોલ્યા,
ઓ સભાજનો ! કર્ણની જાતિ સાંભળો. એ મારો પુત્ર નથી પણ દૈવયોગે મારા હાથમાં આવ્યો છે !
પ્રાતઃકાળે સ્નાન કરવા ગંગાનદીએ ગયેલ ત્યારે દૂરથી એક પેટી આવી રહી હતી !
એ પેટી લઈ ખોલતાં કાનમાં મણિજડિત કુંડલ પહેરેલ તેજસ્વી નવજાત બાળકને જોયો
સંતાન સુખથી વંચિત મારા પત્નીને એ પુત્ર સોંપ્યો.
પેટી ઉઘાડતાં કાનપર હાથ રાખી સૂતેલા બાળકને જોયો એ પરથી એનું નામ કર્ણ રાખ્યું.
વિશ્વકર્મા સારથીના મુખેથી આ વાત સાંભળતાં સૌને અનહદ આશ્ચર્ય થયું !
કુંતી તો સાંભળી અવાક બની ગઈ ! તેના હૃદયમાં કર્ણ માટે અનુરાગ

ઉત્પન્ન થયો

પરંતુ લોકનિંદાના ભયથી રાગ હૃદયમાં જ સમાવી દીધો.

આ ગુપ્તભેદ પતિદેવ પાસે ખોલી દઉં ! ના ના સમય આવ્યે વાત...

છેવટે દ્રોણાચાર્ય અને કૃપાચાર્યના કહેવાથી યુદ્ધ બંધ રહ્યું

ધૃતરાષ્ટ્રના દુર્યોધન આદિ સો પુત્રો પાંડવો પર સદાને માટે દ્વેષ ઈર્ષા વૈરભાવ વરસાવતા જ રહ્યા !!!

અશુભ કર્મના યોગે સજ્જન સ્વભાવી પાંડવોને દુર્જન સ્વભાવી કૌરવો

ચંદ્રમાને રાહુની જેમ વારંવાર આપત્તિમાં ઘેરી લઈ હેરાન પરેશાન કરતા જ રહ્યા...

કુંતીની કર્તવ્ય પ્રેરણા

પાંડવો સરળ સંતોષી અને ન્યાયી હોવાથી હૃદયમાં ક્રોધ ઈર્ષા દંભ અભિમાન હતા જ નહિ,

સાદાઈ પૂર્વક જીવન વ્યતીત કરતાં મનમાં મેલ કપટ લોભાદિ દુર્ગુણો પણ હતા જ નહિ,

છતાં પાંડવો અધિકાર માગવા ઉત્સુક થાય તો ? દુર્યોધન વગેરેને એ ભય રહ્યા જ કરતો હતો !

એથી કૌરવોએ પાંડવોનો નાશ કરવાં નીચમાં નીચ ઉપાયો ગોત્યા...

ઝેર આપી આગ જલાવી અને સુપ્ત અવસ્થામાં પ્રહારો જેવા અનેક પ્રયત્નો કર્યા !!

પરંતુ પાંડવો પુણ્યાત્મા હોવાથી બધા જ સંકટોમાંથી આબાદ રીતે બચી જતા !!!

પુણ્યમાં અદ્‌ભુત શક્તિ છે' જે કાળી રાતે પણ રક્ષા કરે છે !

પૂર્વ પુણ્યથી જ પાંડવોને ખતમ કરવાના કૌરવોના બધા જ પ્રયત્નો વિફ્લ ગયા !!!

પાંચ પાંડવોના ધર્મપ્રેમી પત્ની સતી દ્રૌપદી જેવા નારીરત્ને જે કુળમાં આવી શોભામાં અભિવૃદ્ધિ કરેલી !

સતી કુંતીજી અને સતી દ્રૌપદી ઋણાનુબંધે સાસુ વહુના સંબંધે જોડાઈ

બંનેએ સોળ સતીઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું એ ગૌરવવંતો અધિકાર ગણાય !!!
પવિત્રાત્મા સતી કુંતીજીની કર્તવ્ય પ્રેરણા સાથે હોવા છતાં ધર્મરાજા યુધિષ્ઠિર જુગારના ચક્કરમાં પડી ગયા !
"ભાવિ ન મટે રે ભવિજન સાંભળો કરીએ કોટી ઉપાય" !!!
દુર્યોધનના મામા શકુનિ બહુ ધૂર્ત રહેલા, તેમની ચાલમાં આવવાથી
દુર્યોધન સાથે જુગાર રમતાં યુધિષ્ઠિર હારી ગયા અને પાંડવોને વનવાસ જવાની આજ્ઞા આપી દીધી !
શરત એ રાખેલી કે હારનાર બાર વર્ષ વનવાસ રહે અને તેરમે વર્ષે ગુમ રહેવાનું !
જો પ્રગટ થઈ જાય તો ફરી બાર વર્ષ વનવાસ રહેવાનું !!!

સંકટોનો સહર્ષ સ્વીકાર

ભીષ્મ પિતાએ ધૃતરાષ્ટ્રને સમજાવી નાદુરસ્ત શરીરી રાજા પાંડુને નગરમાં જ રાખવા નક્કી કર્યું,
અને તેમની સેવામાં પત્ની માદ્રી તેમજ શ્રીકૃષ્ણના બહેન-અર્જુનના પત્ની સુભદ્રાને
નાનો બાળક અભિમન્યુ હોવાથી ત્યાં જ રાખવા વિચાર્યું...
પુત્ર વિયોગે વિહવલ બનેલા કુંતીજીને પાંડવો સાથે વનમાં મોકલ્યા.
કઠોર શરત અનુસાર પાંડવો દ્રૌપદી અને માતા કુંતીજી સાથે ઘણા જ સંકટો સહેતાં વનમાં દિવસો પસાર કરવા લાગ્યા !
વનમાં વસતા પાંડવો દ્વૈતવને હતા ત્યારે નારદજીએ આવી કહ્યું,
ધર્મરાજા ! તમે દુર્યોધનને બંધનથી છોડાવ્યો તે યોગ્ય કર્યું નથી.
કારણ કે દુર્યોધને ઢંઢેરો પિટાવ્યો છે કે સમાહમાં પાંડવોને જે મારી નાખે તેને અર્ધું રાજ્ય આપીશ !
પુરોચન પુરોહિતે કહ્યું મેં ઉપાસના દ્વારા કૃત્યા રાક્ષસીને સાધી છે સાત દિવસમાં પાંડવોને સમાપ્ત કરી દઈશ !
આવું સાંભળતાં તમને સાવધાન કરવા આવેલો એમ કહી નારદજી ચાલતા થયા.

ગદાધારી ભીમ કહે રાક્ષસી આવશે તો ગદાથી ખતમ કરી નાખીશ !
બાણાવલી અર્જુન કહે હું એક બાણે વિંધી નાખીશ. સૌએ પોતાના વિચારો જણાવ્યા પછી,
યુધિષ્ઠિરે કહ્યું તમારી શક્તિ અગાધ છે પણ જો રાક્ષસી અદૃશ્ય આવી કંઈ કરે તો ?
એના કરતાં સંકટમુક્ત થવા તપ અને જપ બંને જબ્બર અમોઘ સાધન છે...
ધર્મરાજાનાં કહેવાથી સૌ સંમત થઈ સાત દિવસ રાત સતત તપ અને નવકાર મંત્રના જપમાં જોડાઈ ગયા !!!
કૃત્યા રાક્ષસીએ પાંડવોને મારવા ખૂબ ખૂબ પ્રપંચો રચ્યા પણ ધાર્યું કંઈ જ થયું નહિ.
તપ જપના પ્રયાસે સાતમા દિવસને અંતે દિવ્યપુરુષ પ્રગટ થઈ પ્રસન્નતાપૂર્વક બોલ્યો,
હું સૌધર્માવતંશક દેવ તપ જપના પ્રભાવે તમને સહાય કરવા આવેલ,
તમારી વિપત્તિ દૂર થઈ છે અને હંમેશાં તમોને સહાયક રહીશ એમ કહી દેવ અદૃશ્ય થઈ ગયો !!
આ બાજુ બાર વર્ષ પૂર્ણ થતાં તેરમું વર્ષ વિરાટ નગરમાં અજ્ઞાત ગુમવાસે વિતાવ્યું!!!
કઠોર શરત અનુસાર તેર વર્ષ વનવાસ વેઠીને હસ્તિનાપુરે આવી રાજ્યહક્કની માગણી કરી.
સત્તાના મદમાં ચકચૂર બનેલા દૂર્યોધને સાફ સાફ કહી દીધું કે
માંગવાથી તસુએ જમીન નહિ મળે તાકાત હોય તો તલવાર ઉપાડો !
નિરપરાધી લોકોના લોહી વહેવડાવવા પાંડવોની લેશમાત્ર ઈચ્છા નહિ છતાં,
કુંતીજીએ કહ્યું પુત્રો ! મારે રાજમાતા બનવા કે તમને રાજારૂપે જોવા કોઈ ઉત્કંઠા નથી.
પરંતુ તમે ક્ષત્રિય છો તો તમારે કર્તવ્ય પાલન કરવું જોઈએ !
કર્તવ્ય પાલનમાં ફૂલ સમાન કોમળતા અને વજ્રસમાન કઠોરતા પણ હોય છે...

પાંડવોએ કર્તવ્યના સંબંધે કંઈ કરવા વિચાર્યું !

શ્રી કૃષ્ણ મહારાજાનો સાથ લઈ પાંડવોએ દુર્યોધન સાથે સંધી-સુલેહ કરવા યોજના ઘડી,

દુર્યોધનના દુરાગ્રહના કારણે સંધી કરવામાં સફળતા ન મળી !

એટલે પાંડવોને નિરુપાયે યુદ્ધની ઘોષણા કરવી પડી !

દુર્યોધનની સામે પાંડવો રણક્ષેત્રમાં કૂદી પડયા અને મહાભારતના મંડાણ થઈ ચૂક્યા !!

કૌરવોના પક્ષમાં ભીષ્મપિતા વીરકર્ણ દ્રોણાચાર્ય વગેરે યોદ્ધાઓ અને વિશાળ સૈન્ય હતું. પાંડવોના પક્ષમાં મહારાજા શ્રીકૃષ્ણ વિરાટ દ્રુપદ વગેરે યોધ્ધાઓ. તેમજ ઘણા વિદ્યાધરો જોડાયેલા હતા.

બંને પક્ષે જોરશોરથી યુદ્ધ ચાલી રહ્યું હતું !

ચાલતા યુદ્ધમાં કર્ણને મારી મણિકુંડલ લઈ હર્ષભર્યા પાંડવોએ કુંતીમાતા પાંસે જઈ વંદન કર્યું,

પાંડવોના હાથમાં મણિકુંડલ જોઈ કુંતીજી ચમક્યા આ તો કર્ણના કુંડલ !!!

ગમગીન ચહેરો જોઈ પાંડવો બોલ્યા પૂ. માતુશ્રી ! હર્ષના બદલે શોકમાં કેમ દેખાઓ છો?

ત્યારે માતા કુંતીજીએ રહસ્ય પ્રગટ કરતાં કહ્યું કે કર્ણને મારીને તમે આવ્યા છો, પરંતુ કર્ણ તમારો જ્યેષ્ઠ બંધુ હતો એટલે એમાં હર્ષ શાનો ???

અરેરે ! પૂ. માતુશ્રી ! આ વાત પ્રથમ કહી હોત તો અમારા હાથે જ્યેષ્ઠબંધુનું મૃત્યુ થાત નહિ ને !!!

બહુ જ અફસોસની વાત ! અઢાર દિવસના યુદ્ધમાં સંખ્યાબંધ લોકોનો સંહાર થઈ ગયો !!!

આ ભીષણ રક્તપાતનો ઈતિહાસ આજે પણ વાંચવા મળે છે....

સબળ નિર્બળની કોઈ મહત્તા નથી જ્યાં ધર્મ છે તેનો જ વિજય છે,

નીતિશાસ્ત્ર પણ કહે છે કે "ધર્મે જય અને પાપે ક્ષય" !!!

પાંડવો ધર્મખાતર ઝઝૂમી રહ્યા'તા .અંતે તેમનો જ વિજય થયો !

યુદ્ધમાં વિજયલક્ષ્મી વરી પાંડવોએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો,
તો વિધવાઓના કરુણ રુદન ! અગણિત અનાથ બાળકોના કોલાહલ !!!
અને કેટલાયે યોદ્ધા ઘાયલ થતાં અપંગ બની ગયેલા નિહાળ્યા !!!
સર્વત્ર ભીષણતા ઉદાસીનતા શૂન્યતા ફેલાઈ ગયેલી !
થોડા દિવસ પહેલાનું ધમધમતું હસ્તિનાપુર આજે વેરાન-દેખાઈ રહ્યું'તુ !!!
પાંડવો રાજમહેલમાં પહોંચ્યા ત્યાં અંધ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સિવાય મૃત્યુ પામી ગયેલ કૌરવોમાંથી કોઈ જ જોવા ના મળ્યા !
પિતા ભીષ્મ, ગુરુદ્રોણાચાર્ય કૃપાચાર્ય વીર કર્ણ આદિ મહારથીઓનો સંહાર થઈ ગયો હોવાથી મહાન વિજય મેળવવા છતાં પાંડવોના દિલમાં કોઈ ઉલ્લાસ જ નો'તો !!!
સ્વજનો પ્રજાજનોની બરબાદી જોઈ પાંડવોના હૃદય રડી રહ્યા હતા !!
ઘવાયેલ હૃદયી પાંડવો મામાના દીકરા ભાઈ શ્રીકૃષ્ણ મહારાજાની ઓથે રહી હસ્તિનાપુરની પ્રજાના સુરક્ષક બની રાજ્યાનુશાસન ચલાવી રહ્યા'તા !
એ હસ્તિનાપુર આજે દિલ્હીના નામે ઓળખાય છે.

અપકારો પર ઉપકાર

ધન્ય માતા કુંતીને ! ધન્ય એમનો સ્વાર્થ ત્યાગ ! ધન્ય એમની ઉદારતા ! ધન્ય એમનો સેવાભાવ !
કૌરવોએ પાંડવોનો નાશ કરવા અનેક ઉપાયો કર્યા,
ભયંકર વિપત્તિઓમાં નાખ્યા ખૂબ જ હેરાન પરેશાન કર્યા અંતે યુદ્ધ કર્યું છતાંય કૌરવોના નિરાધાર માતા પિતાની સેવામાં જીવન સમર્પણ કરનાર
દેવી કુંતીની મહત્તા કયા શબ્દોમાં વ્યક્ત કરી શકાય ?
આ અસાધારણ વિશાળતા મહાસતી કુંતીજીની મહત્તાને પ્રગટ કરે છે...
વાસ્તવમાં કુંતીજીએ પોતાના જીવનમાં સદ્‌ગુણો વિકસાવી મહિલા જીવન પર પરમ પ્રકાશ પાડયો છે !!!

કૂઈ કૂંતી પ્રત્યે શ્રી કૃષ્ણનો આદરભાવ

એકદા હસ્તિનાપુરે આવેલા નારદઋષિ દ્રૌપદીના મહેલે ગયા.
અસંયમી અવિરતિ અપચ્ચક્ખાણી જાણી દ્રોપદીએ આદર સત્કાર ન આપ્યો

જેથી કોપાયમાન થયેલા નારદજીએ
ધાતકીખંડના રાજા પદ્મોત્તરની પાસે દ્રૌપદીના રૂપની પ્રશંસા કરી તેણીનું હરણ કરાવ્યું !
પાંડવોએ ચારે બાજુ શોધખોળ કરી પરંતુ ક્યાયંથી પત્તો ન મળતાં મહારાજા શ્રીકૃષ્ણને જણાવ્યું,
ત્રિખંડાધિપતિ પુણ્યાત્મા અને પરાક્રમી રાજા શ્રી કૃષ્ણની સહાય લઈ રાજા પદ્મોત્તર ને હરાવી દ્રૌપદીને પાછા લાવ્યા,
જ્યારે ગંગાનદી ઊતરી શ્રીકૃષ્ણ મહારાજાનું ઉપહાસ્ય કરતાં પાંડવોએ નાવ છુપાવી દીધી !
એ ખબર પડતાં શ્રીકૃષ્ણ મહારાજાએ પાંડવો પર ગુસ્સે થઈ દેશનિકાલની શિક્ષા આપી !!
પાંડવો ઘેર જઈ માતા પિતા પાસે વાત કરે છે ત્યારે પિતાજીએ પાંડવોને જોરદાર ઠપકો આપ્યો !!!
અને શ્રીકૃષ્ણ મહારાજા પાસે જઈ વિનવણી કરી કંઈ માર્ગ કાઢવા કુંતીજીને કહ્યું,
પતિદેવની આજ્ઞાએ કુંતીજીએ દ્વારિકા નગરીના બગીચામાં પહોંચી શ્રી કૃષ્ણમહારાજાને ખબર મોકલ્યા,
ફૂઈ કૂંતી પધાર્યાના ખબર મળતાં ભત્રીજા કૃષ્ણ તરત જ ત્યાં આવી બે હાથ જોડી ફઈબાનો સત્કાર કરી,
હાથીની અંબાડી પર બેસાડી રાજમહેલે લઈ જઈ સન્માન સહિત ભોજન કરાવી સુખાસને બેઠા પછી
શ્રી કૃષ્ણે પૂછયું ફઈબા ! આપ અહીં પધાર્યા એ બહુ આનંદની વાત ! મારા જેવી કંઈ સેવા ફરમાવો !!
ફૂઈ કુંતીએ કહ્યું તમે તો ઉત્તમ પુરુષ છો તેમાંય વળી દ્રૌપદીને પાછી લાવવામાં અમારા પર મહાન ઉપકાર કર્યો છે !
આપના કરેલા ઉપકારો જીવનભર ભૂલી શકાય તેમ નથી...
પરંતુ સરળ હૃદયના પાંડવોએ મુર્ખાઈ કરી નાવ છુપાવી જેથી તમે કુપિત થઈ

દેશનિકાલની સજા કરી,
એથી અમે બધા પારાવાર ચિંતામાં ઘેરાયેલા છીએ એ કારણે જ મારું અહીં આવવું થયું છે,
ત્રણે ખંડ પર આપનું આધિપત્યપણું છે તો અમારે જવું ક્યાં તે કૃપા કરી આપ માર્ગદર્શન આપો !
ફઈબા ! મારા મુખેથી નીકળેલા વચનમાં કંઈ ફેરફાર થઈ શકશે નહિ.
પણ દક્ષિણ સમુદ્ર તરફની ભૂમિ સાધ્યા વગરની રહી ગઈ છે ત્યાં જઈ વસવાટ કરો,
સાંભળી કુંતીજીએ સંતોષ વ્યક્ત કર્યો અને ઘેર જવા અનુજ્ઞા લીધી,
અને શ્રીકૃષ્ણ મહારાજાએ કુંતી ફઈબાને આદરભાવથી હસ્તિનાપુર તરફ મોકલ્યા !!!
સતી કુંતીજીએ ઘેર આવી પતિદેવ વગેરેને વાત જણાવી એટલું ય આશ્વાસન મળી જતાં નિરાંતનો શ્વાસ લીધો !
આઘાત-પ્રત્યાઘાતોનો સામનો કરતાં સૌ હસ્તિનાપુર છોડી સૈન્ય સહિત ચાલતાં
દક્ષિણ સમુદ્રના કિનારે પહોંચી પાંડુ મથુરા નગરી વસાવી રહેવા લાગ્યા !!!

પાંડુનું મહાપ્રયાણ

મહારાજા પાંડુને રોગી અવસ્થામાં કુંતીજીએ પસંદ કર્યા હતા !
એકવાર તેઓ કુંતીજી અને માદ્રી બંને પત્નીઓ સાથે વસંતક્રીડા કરવા ગયેલા,
ઉદ્યાને જઈ આમતેમ ફરતાં ફરતાં અચાનક પાંડુરાજાના હૃદયની ગતિ બંધ થઈ ગઈ નિર્જીવ શરીર ઢળી પડ્યુ !
કુંતીજીનું સૌભાગ્યચિન્હ ઝુંટવાઈ ગયું ! પતિદેવના વિયોગે સતી કુંતીજીને આઘાત લાગ્યો !!
મહારાજાના મૃત્યુના સમાચાર રાજ્યધાનીમાં પહોંચી ગયા !
યુધિષ્ઠિર આદિ પાંચે ભાઈઓ પિતાના અવસાનના સમાચારથી બહુ વ્યથિત થઈ ગયા!!
પિતાના વિરહે ખિન્ન થયેલા પાંચે પુત્રોને જોઈ પોતાની વ્યથાને ભૂલી જઈ

કુંતીજીએ સાંત્વન આપતાં કહ્યું,
ઓ પુત્રો ! સંસારમાં કોઈ અમર બની રહેવાના નથી જે જન્મે છે તે અવશ્ય જાય છે આ નિયમ સૌ માટેનો છે...
અવસાન પરથી આપણે એ બોધ લેવાનો છે કે જતાં પહેલાં સત્કાર્યો આત્મકાર્યો કરી લેવા જોઈએ !!!
સતી કુંતીજી પુત્રોને સાંત્વન આપતાં પોતે વૈરાગ્ય વાસિત બની ગયા !
અને અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધનામાં લીન બની ગયા !!!
બનવાનું બને જ છે પછી હાય હાય નકામી જાણી સમજુ અને સુજ્ઞ આત્માઓએ શોચ નહિ કરતાં,
પ્રભુભક્તિ મમત્વત્યાગ મૈત્રીભાવ આદિ ઉપાસનામાં જીવન વિતાવવું જોઈએ....

અંતિમ આરાધના

છેલ્લી જિંદગીમાં સતી કુંતીજીને સંયમ સ્વીકારવાની ભાવના જાગી !
હું હતી રાજદુલારી રાજરાણી બની સંસારી સુખોએ અનુભવ્યા!!
પુત્રો વનવાસ જતાં પુત્રવિયોગના દુઃખો સહન કર્યા !!!
કર્મસંયોગે ફરી પુત્રો અને રાજ્યપ્રાપ્તિ થઈ ! ત્યાં પતિ વિયોગનું દુઃખ થયું !!
સંસારના બધા જ રંગઢંગ જોયા પરંતુ આત્મિકશાંતિનો ક્યાંય અંશે અનુભવ કર્યો નહીં...
કુંતીજી કહે જીવનમાં સાધના કરવા સોનેરી સમય સાંપડયો છે તો હે સુપુત્રો ! સંયમ સ્વીકારવા સંમતિ આપો !
પૂ. માતુશ્રીની ઉત્કટ ભાવના જાણી સુજ્ઞ પાંડવોએ સંયમ સ્વીકારવા અનુમતિ આપી!!!
સંયમની સુસાધનાએ સર્વ કર્મ ક્ષય થતાં કુંતીજીનો આત્મા નિર્વિકાર નિરંજન બની અનંતસુખનો ભોક્તા બની ગયો !
સતી કુંતીજીની આજીવન કારકિર્દી આર્યનારીઓ માટે મહાન આદર્શ રજુ કરે છે.
પ્રત્યેક મહિલાઓ કુંતીજીના ગુણોનું અનુકરણ કરે તો મહિલા જાતિનું ગૌરવ ગાજતું રહે.

ગગનાંગણ જતાં રાખી ગ્રહીને પાડી બાણ પ્રહાર,
પદ પાંચ સુણતાં પાંડુ પતિ ઘર તે થઈ કુંતીનાર
એ મંત્ર અમૂલખ મહિમામંદિર ભવદુઃખ ભંજનહાર,
સોભવિયા ભંતે ચોખે ચિત્તે નિત્ય જપીએ નવકાર.

આકાશમાં ઊડતી સમડી પર શિકારીએ બાણ માર્યું ચક્કર ખાઈ સમડી પૃથ્વી પર પડી,

મુનિશ્રીએ નવકાર મંત્ર સંભળાવ્યો એના પ્રભાવે સમડીના જીવે રાજકુમારી કુંતી રૂપે જનમ લીધો !

પાંડુપત્ની કુંતીજીએ અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધના કરી મુક્તિ મેળવી !!

તિર્યંચમાંથી મનુષ્યજન્મ ! અને મનુષ્યગતિથી મુક્તિ મેળવી....

વાહ રે ! નવકાર મંત્રનો જે જીવાત્મા શુદ્ધ ચિત્તે જાપ જપે તેના ભવદુઃખ ભાંગી જાય!!!

સુજ્ઞેષુ કિં બહુના ???

ઉપસંહાર

અંધકવિષ્ણુના પુત્રી, દશદશાર્હના બહેન અને શ્રીકૃષ્ણના ફઈબા સતી કુંતીજીએ રોગિષ્ટ જાણ્યા પછી પણ પાંડુ સાથે લગ્ન કર્યા !

સતી સ્ત્રીને પતિ એક હોય છે એ સિદ્ધાંત કદી કોઈએ ભૂલવો જોઈએ નહીં.

જગ વિખ્યાત પરાક્રમી પાંડવોને જન્મ આપવા છતાં કુંતીજી કેટલા નિરાભિમાની હતા ?

એ નમ્રતાનો ગુણ સૌએ ખીલવવો જરૂરી છે "નમે તે સૌને ગમે" ન નમે તે ચોરાશીમાંભમે .

કૌરવોએ પાંડવોનો નાશ કરવા અનેક ઉપાયો કર્યા છતાં કૌરવોના માતાપિતાની સેવામાં જોડાયા,

અપકારો પર ઉપકાર કરેલ એ કુંતીજીના ગુણોની મહત્તા સૌએ અપનાવવા જેવી છે !

શ્રીકૃષ્ણ મહારાજાએ રોષથી પાંડવોને હદબહાર કર્યા ત્યારે કુંતીજીએ ભત્રીજા શ્રી કૃષ્ણ પાસે જઈ યુક્તિપૂર્વક વાત કરી વસવાટ માટે માર્ગ કાઢયો ! વડીલોની


છત્રછાયા કેટલીલાભદાયી હોય છે !!!


પાંડુરાજાના એકાએક મૃત્યુથી વલોપાત નહિં કરતાં વ્યથિત પાંડવોને સાંત્વના આપી


કુંતીજીએ સંયમ સ્વીકારી કર્મનો અંત કરી આત્મ જ્યોત પ્રગટાવી લીધી....

જન્મ થતાં મૃત્યુ તો છે જ ને સમય આવે સૌએ સતી કુંતીજીની માફક સ્થિરતા કેળવવી જોઈએ..

કાળજ્ઞ મહાસતી કુંતીજીને ત્રિકાળ વંદન હો !!!







તેરમે દમયંતી

પૂર્વભૂમિકા

સોળ સતીઓમાં બ્રાહ્મી સુંદરી ચંદનબાળા અને રાજેમતી એ ચાર સતીજીઓ બાળબ્રહ્મચારિણી,

બાકીના બાર સતીજીઓ લગ્નગ્રંથિથી જોડાયેલ હતા.

પૂર્વસંસ્કાર સંપન્ન કોઈ મહાન આત્મા અખંડ બ્રહ્મચર્ય પાળવામાં સમર્થ હોઈ શકે !

ખરેખર ! એવા મહાન આત્માઓ અગણિત ધન્યવાદને પાત્ર હોય છે !!

કિન્તુ બધા જ જીવાત્માઓ સદંતર બ્રહ્મચર્ય વ્રત પાળવા અસમર્થ હોય છે,

ત્યારે મર્યાદિત શીલવ્રત પાળવા ગૃહસ્થાશ્રમે વિવાહિત જીવનમાં રહી,

પુરુષો સ્વપત્ની સંતોષ વ્રત અને બહેનો સ્વપતિ સંતોષવ્રત સ્વીકારી,

અણુવ્રતનું આરાધન કરવા સમર્થ બની શકે છે....

શીલવંતા પુરુષો પરિણીત પત્ની સિવાય પ્રત્યેક સ્ત્રીને માતા અને બહેન સમાન સમજે છે.

શીલવંતી સ્ત્રીઓ પરિણીત પતિદેવ સિવાય પ્રત્યેક પુરુષને પિતા અને ભાઈ સમાન સમજે છે.

સતી દમયંતીએ વિવાહ કર્યો હતો અને વિવાહના વાસ્તવિક ઉદ્દેશને પણ સમજતા'તા.

પતિપત્નીના કર્તવ્ય ધર્મને જીવનયાત્રામાં નિરંતર નજર સમક્ષ રાખી સ્વર્ગીય આનંદ અનુભવી રહ્યા'તા !

દમયંતીએ સંસારી જીવનમાં સતીઓની ગણનામાં આવી ગૌરવમય દરજ્જો મેળવી,

ત્રીજે ભવે મુક્તિના મંગલદ્વાર ખોલી દીધા !!!

સતી દમયંતીનું જીવન જગતના જીવો માટે મહાન આદર્શરૂપ રહેલ છે.

અત્યંત ભયંકર કષ્ટો સહી પોતાના આદર્શને ક્યારે પણ ઢીલો પડવા દીધો નો'તો !

રાજકુમારી અને રાજરાણી હોવા છતાં ત્યાગના કાંટાળા માર્ગપર ચાલતા કદી

ખચકાયા નો'તા !!

ધર્મનું પાલન કરતાં આવતી મુશીબતોથી ભયભીત બની ક્યારે પણ એક કદમ પાછા હટયા નો'તા !!!

એવા સતી દમયંતીના જીવનનું અનુકરણ કરે તો સમાજ સાત્ત્વિક તેજથી ઝળહળતો દેખાય !

વળી જીવન સફળ અને કૃતકૃત્ય બની જાય !!!

અશાંતિ અસંતોષની ડરામણી કાળી ઘટાઓ ક્ષણભરમાં વિલીન થઈ જાય,

અત્ર તત્ર સર્વત્ર પવિત્રતા ભરી આનંદ મંગળની ઘડીઓ ઊભરાતી થાય !!!

યુગો વીતી જવા છતાં વચ્ચે આવેલી ભૌતિક ભૂતાવળોમાં અને વિચારોના વમળોમાં અસંખ્ય પરિવર્તન આવી ગયા.

તો પણ સતી દમયંતીનો દેદીપ્યમાન આદર્શ ભારતીય જનતા સામે આજે પણ ચમકી રહ્યો છે !!

અગર માનો કે ઈશારો કરી રહ્યો છે કે સુખશાંતિ જોઈએ તો આ રસ્તા પર ચાલો....

અશાંતિ અસંયમ સંકુચિતતા ક્ષુદ્રતા અને વિવિધ પ્રકારના પારિવારિક ક્લેશ રૂપ અંધકારથી ઘેરાયેલ જીવોને આગળ વધવા આકાંક્ષા હોવા છતાં માર્ગ સૂઝે નહિ તેના પર સતી દમયંતીનું જીવન પ્રકાશ કિરણો ફેંકી,

અવશ્ય જીવન પથમાં રાહબર બની અનંત આનંદની મંઝિલ સર કરાવી દે !!!

બાલ્યકાળ

ભારતના કુંડિનપુર નગરે રાજા ભીમના પત્ની પુષ્પવતીએ પુત્રી દમયંતીને જન્મ આપ્યો.

આશ્ચર્યજનક ઘટનાએ નવજાત દમયંતીના કપાળે પૂર્વતપને કારણે રત્ન સમાન તેજ રેલાવતું તિલક હતું !

તારાની જેમ ચમકતી ! નદીની જેમ વહેતી ! ફૂલની જેમ ખીલતી દમયંતીનું ચાંદ જેવું મુખ ! કોયલ જેવો સ્વર ! અમૃત સમ વાણી ! નિખાલસ સ્વભાવી કુમારીનું બચપણ લાડકોડથી પસાર થઈ રહેલું

શરીરની વૃદ્ધિ થતાં ગુણોનો વિકાસ વધતાં શીલ સૌજન્ય અને સૌરભ

સાથેયુવાનીમાં પ્રવેશ કર્યો.
નવયૌવન જીવનમાં ચપળતાને વિદાય આપી ગંભીરતા લાવી દીધી !
ભૂપતિ ભીમે શુભ મુહૂર્તે રાજકુમારી દમયંતીના સ્વયંવરનું આયોજન કર્યું.
મનોહર ઉપવન સરીખા સ્વયંવર મંડપમાં રાજા રાજકુમારો દાખલ થયા અને સખીઓ સાથે દમયંતી આવી પહોંચી.
એકેક રાજાની પિછાન લેતા અનુક્રમે અયોધ્યાના અધિપતિ રાજા નિષધના વડાપુત્ર સ્વરૂપે સુશોભિત અનેક ગુણ વિભૂષિત રાજકુમાર નળના ગળામાં દમયંતીએ વરમાળા આરોપણ કરી.
ત્યાં રહેલા ઘમંડી કૃષ્ણ રાજકુમાર આ સહી ન શકતા બોલી ઊઠયા,
નળના ગળામાં માળા આરોપી દમયંતીએ મોટી ભૂલ કરી છે,
અરે મૂર્ખ નળ ! ઉતાર વરમાળા ! એને મારી પત્ની બનાવીશ.
અગર તારામાં શક્તિ હોય તો આવી જા મારી સામે,
આ શબ્દોથી નળકુમાર આવેશમાં આવી જતાં પરસ્પર યુદ્ધ શરૂ થઈ ગયું.
આનંદ વચ્ચે શોકજનક બનાવથી દમયંતીને બહુ દુઃખ લાગ્યું હું કેવી હતભાગિની.
જો આરાધેલ ધર્મનો પ્રભાવ હોય તો આ જળ ભરી અંજલિના પ્રતાપે ક્લેશ શાંત થઈ જાય !
જળના છંટકાવથી ચાલતું યુદ્ધ પલકારામાં શાંત થઈ ગયું !!!
કૃષ્ણરાજે શસ્ત્ર છોડી ઈર્ષાથી થયેલ મોટી ભૂલ માટે નળના પગમાં પડી માફી માગી,
પિતા ભીમે આવેલા રાજા મહારાજાઓનો આભાર માની કુમાર નળ સાથે પુત્રી દમયંતીનું પાણિગ્રહણ કરાવ્યું.
આગંતુક રાજા મહારાજાઓ સૌ પોતાને સ્થાને ગયા મહારાજા નિષધ પણ નળ દમયંતીને લઈ અયોધ્યા પધાર્યા,
જયેષ્ઠ પુત્રના વિવાહના ઉપલક્ષે રાજા નિષધે પોતાની રાજધાનીમાં મહોત્સવ મનાવ્યો !
પ્રાચીન કાળનો એવો રિવાજ કે પુત્ર યોગ્ય બની જતાં પિતા આત્મકલ્યાણના

માર્ગે ચાલી નીકળતા,

મહારાજા નિષધ પણ પુત્રને રાજગાદી પર સ્થાપી કુબેરને યુવરાજ પદ સોંપી પોતે ઉપકારી પૂ. ગુરુદેવની પાસે જઈ સંયમ સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું !

ભાઈની ઈર્ષા

સ્વાર્થાંધ મનુષ્યના અંતરમાં ઈર્ષાની આગ પ્રગટે છે ભૌતિક સુખ સામગ્રી પર તીવ્ર લોભનો આવિર્ભાવ થતાં નીતિ-ધર્મ, ઉચિત-અનુચિત, કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક વીસરી જાય છે.

અરે ! સન્માન કરવા યોગ્ય ગુરુજનોની સાથે છળકપટ આચરે છે લોક લાજને પણ તજે છે !

કુબેર નળનો નાનો ભાઈ, બંને એક માતાના સંતાનો હતા,

પરંતુ નળને રાજ્ય મળતાં ! કુબેરના મનમાં ઈર્ષાની આગ સળગી ઊઠી !

ભલે નળ મોટો છે હું છોટો છું. આગળ પાછળ જન્મ લેવાથી આટલી બધી વિષમતા કેમ ?

ઈર્ષા અને લોભના ઉદયે સરળ ચિત્ત કુબેરની વાણીમાં વક્રતા આવી ગઈ !

પિતાની સંપત્તિ પર પુત્રોનો સમાન અધિકાર હોવો જોઈએ. કુબેરના દિલમાં સ્નેહના સ્થાને દ્વેષ વૃત્તિ પેદા થઈ !

સિદ્ધાન્ત કહે છે લોભ સર્વ ગુણોનો વિનાશ કરે છે. કુબેરના બધા ગુણોને લોભે દબાવી દીધા !

કુબેરે વિચાર્યું નળ સારાયે રાજ્યનો માલિક બની બેઠો છે અને લોકો મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે.

હું એક ખૂણામાં પડયો છું. માન સન્માન કોઈ આપતા નથી. મારામાં શું કમીના છે ?

કોણ મને કહે છે નળ સ્વામી અને હું સેવક છું ! હું પણ રાજપુત્ર છું અને રાજા બની રહેવા ચાહું છું...

શું સેવક રૂપે સારુંય જીવન પસાર કરવું ? નહીં નહીં. જીંદગીભર ગુલામ નહીં રહી શકું !!!

પ્રજા એના પક્ષમાં, સેના એને આધીન. બધી જ સત્તા મુઠ્ઠીમાં તો મારે અધિકાર

મેળવવાનો માર્ગ કયો ?

ખરે ત્રીજો જ માર્ગ પકડું ...

મોટાભાઈ નળ જુગાર રમવામાં કુશળ અને શોખીન છે,

બીજી બધી વાતોમાં નળ મારાથી શ્રેષ્ઠ છે પણ જુગાર રમવામાં મારી તુલનાએ આવી શકે તેમ નથી !

નળ હારે તો વનવાસ ભોગવે અને હું રાજ્યનો ઉપભોગ કરું એ શરતે જુગાર રમવું યોગ્ય છે.

જો જીતીશ તો મારું કાર્ય સિદ્ધ થશે. કદાચ હારી જઈશ તો મારું શું જવાનું છે ?

રાજ્યનો પરિત્યાગ

રાજા નળ ઉદાર અને વિશાળ હૃદયનો સ્વામી હતો.

પોતાના ભાઈ પ્રત્યે સારો ભાતૃભાવ હતો. એમના મનમાં કોઈ દુર્ભાવના હતી નહીં.

સરળ હૃદયના નળને કોઈ કલ્પનાયે નો'તી કે નાના ભાઈના દિલમાં કંઈ ઉંખ હશે !

વિશ્રાંતિના સમયે બંને ભાઈ શેતરંજ ખેલતા તેમ આજે કુબેરને રમવા કહ્યું.

કિન્તુ કુબેર હવે પહેલા જેવો કુબેર રહ્યો નથી. અંતરમાં મતલબ સાધવા રમવા ઉત્કંઠા છતાં ઉપરથી અનિચ્છા દર્શાવી.

કુબેર કહે જે હારથી કંઈ જાય નહિ અને જીતથી કંઈ આવે નહિ એવી રમતથી શું ?

નળ કહે શેતરંજ રમવું એ બુદ્ધિનો વ્યાયામ છે એથી સુસ્તી જાય અને મસ્તી આવે.

છતાં એટલેથી સંતોષ ન થાય અને લાભનો લોભ સતાવતો હોય તો હું દાવ પર રાજ્ય રાખી દઉ.

અરે નળ ! દાવ પર રાજ્ય રાખવું કઠિન નથી પણ ત્યાગવું કઠિન થઈ પડશે ! રહેવા દો એ વાતને એમાં કંઈ ફાયદો નથી...

નળ કહે પોતાના ભાઈના હક્કમાં પણ રાજ્ય ત્યાગ ન કરી શકે એ કોઈ

બીજા હશે
અને વળી અયોધ્યાના રાજવંશી માટે એ કંઈ કઠિન નથી ...
આજ અયોધ્યાના રાજવંશી હરિશ્ચંદ્રે અને શ્રી રામે પણ રાજ્ય છોડી વનવાસ સ્વીકાર્યો હતો....
કુબેરે નળને ઉપરની રીતે વાત દોહરાવી નક્કી કરી.
શેતરંજ બિછાવી બંને ભાઈઓ આમને સામને બેસી રમત શરુ કરી દીધી,
રમત રમતાં રમતાં રાજા નળ રાજ્ય હારી ગયા અને સ્ત્રી દમયંતી પણ હારી ગયા.
ખેલ ખતમ !!! કુબેરના મનોરથો પૂર્ણ થયા એના આનંદની સીમા ના રહી,
નળે કહ્યું ભાઈ ! બહુ સારું થયું. હવે હું મારી ઈચ્છા અનુસાર રહીશ રાજ્યને તું બરાબર સંભાળજે.
સત્ય જ છે નિસ્પૃહ પુરુષને રાજ્ય આવે કે જાય તો પણ સમાન સ્થિતિમાં રહી શકે છે !!!
"સંપત્તિમાં હર્ષ નહીં વિપત્તિમાં વિષાદ નહીં "
મહાપુરુષોને સંસારની કોઈપણ પરિસ્થિતિ દુઃખી બનાવી શકે જ નહીં !
રાજ્યમાટે યુદ્ધમાં ધમસાણો વળે તે રાજ્ય નળરાજાએ સહજતાથી ત્યાગી દીધું કેવો નિર્મમત્વ ભાવ !!!
નળે પત્ની દમયંતીને સઘળો વૃત્તાંત જણાવી કહ્યું,
હું રાજ્ય હારી ગયો હોવાથી તમારો અને મારો હક્ક લૂંટાઈ ગયો છે,
અહીં અનાદર ભાવે રહી શકાય તેમ નથી, હું હમણાં જ વનવાસ જવા ચાહું છું,
તમે પિયરમાં ચાલ્યા જાઓ. સમય પલટી જતાં ફરીથી મળીશું....
નહીં પ્રાણનાથ ! હું રાજ્ય માટે ક્યાં આવી છું ! આપની સેવાનો લાભ મળતો રહે એ સૌથી મોટું સુખ છે.
પ્રિયતમ ! આપ અયોધ્યાના રાજ્યને હાર્યા છો જીવન તો નથી જ હાર્યાને ?
સંસારમાં બધાય રાજા ન હોવા છતાં સુખે પોતાનું જીવન વ્યતીત કરી શકે તેની ચિંતા ક્યાં છે ?

હું તો પરમેશ્વર પાસે એ જ પ્રાર્થના કરું છું કે મારું જીવનધન સદા મારી સાથે રહે !

પ્રિયે ! પતિવ્રતાને યોગ્ય વાત કરો છો પણ પરિસ્થિતિનો વિચાર કરો. હું ક્યાં જઈશ ક્યાં રહીશ કંઈ જ ખબર નથી !

ભયંકર જંગલમાં જ્યાં ત્યાં પડયા રહેવું, ધરતી બિછાનું અને આકાશ આચ્છાદાન ! નહિ ષટરસ ભોજન !

કાંટા કાંકરાવાળા વિષમ માર્ગો પાર કરવા, દેવી ! કહ્યું માની પિયર પધારો તો હું ચિંતા મુક્ત બની જઉં.

જે વાત મારા માટે તે વાત આપના માટે પણ છે હું આપને ઉપાધિરૂપ નહિ બનું. આપ વનમાં રઝળતા હો અને હું મહેલમાં કેમ રહી શકું ! સુખમાં ભાગ લીધો હવે દુઃખમાં પરિત્યાગ કરી દઉ ?

વિશ્વાસ રાખો નાથ ! હું આપને બોજરૂપ નહિ બનું ! સહાયક બનવા કોશિષ કરીશ નાથ! મારો પરિત્યાગ ના કરો.

નળ દમયંતીનું વનમાં જવું !

વિવશ બની નળે દમયંતીને સાથે લઈ વન તરફ પ્રસ્થાન કર્યું.

ત્યાં કુબેરે આવી દમયંતીને કહ્યું, નળ તને જુગટું રમતાં હારી ગયેલ છે,

જેથી તારા પર મારો હક્ક છે તું ચાલ મારી સાથે !

ત્યાં મંત્રીઓએ કહ્યું અરે દુષ્ટ ! કુબેર આ તું શું બોલી રહ્યો છે ?

દમયંતી તો સતી છે એ પરપુરુષનો પડછાયો પણ ના લે,

તો તારી સાથે અંતઃપુરમાં ક્યાંથી આવે ? માટે છોડી દે એ વાતને.

મંત્રીઓના ધિક્કારવાથી કુબેર નગર તરફ પાછો વળ્યો.

પોતાના હિતેચ્છુ રાજા અને રાજપત્નીને વનવાસી વેશમાં જોઈ સ્વામી ભક્ત પ્રજા રડી પડી.

દાસ દાસીઓ સ્વજન અને પરિજનોનો વિલાપ જોઈ દૃઢપ્રતિજ્ઞ રાજા નળ લેશમાત્ર પીગળ્યા નહીં !

નાગરિકો ! તમે પાછા વળો. જુગાર રમતાં રાજ્ય હારી ગયો છું. તમે સૌ કુબેરને રાજા માની કર્તવ્યનું પાલન કરજો,

એમાં તમારું તેમજ જનની અને જન્મભૂમિનું ગૌરવ રહેલું છે. મારો આ અંતિમ આદેશ છે.

સ્વામીના આદેશને શિરોધાર્ય કરી લોકો અયોધ્યા તરફ પાછા વળ્યા પણ ચિત્ત તો નળ દમયંતીમાં જ ભમવા લાગ્યું !!!

દમયંતીનો ત્યાગ

લોકો ગયા પછી નળ દમયંતી લક્ષ વગર આઘે આઘે જઈ રહ્યા'તા.

ક્યાં જવું ? ક્યાં વસવું ? શું કરવું ? પોતાને કંઈ ખ્યાલ જ નથી,

ચાલતા સાંજ સમયે બંને જણાએ ફળાહારથી ભૂખ શાંત કરી વૃક્ષ નીચે બેઠા.

કાળ અપ્રતિહત ગતિએ વહ્યો જાય છે. સૂર્યદેવે વિદાય લીધી રાત્રિનું આગમન થયું.

અંધારી રાત્રિએ આકાશમાં સંખ્યાબંધ તારાઓ ટમટમી રહ્યા'તા.

લીધેલા શ્રમને કારણે રાણી દમયંતીને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ,

પત્ની દમયંતીના દુઃખને જોઈ પોતાનું દુઃખ ભૂલી ગયેલા રાજા નળને નિંદ્રા ન આવી !!

નળ બેઠા બેઠા વિચારવા લાગ્યા દમયંતી પતિ પરાયણા સ્ત્રી હોવાથી મને છોડી ઘેર સુખે રહેવા ઈચ્છતી નથી,

પરંતુ વનવગડાના વિકટ માર્ગે સાથે રાખવામાં જોખમ છે. હું તેણીના દુઃખોને જોઈ શકવા અસમર્થ છું.

આ બાજુ વાઘ પેલી બાજુ નદી શું કરવું ?

આ વેળાએ દમયંતી ને પિયરમાં પહોંચાડનાર પણ કોણ મળે ?

આથી ભરઉંઘમાં સૂતેલ પત્ની દમયંતીને છોડી જવી એ યોગ્ય જણાય છે,

વિચારોના વહેણમાં ઉતાર ચઢાવ થતાં રાતના ત્રણ પહોર પસાર થઈ ગયા,

આખર ચોથા પહોરે નળે દમયંતીની સાડીના છેડા પર લખ્યું કે ડાબી બાજુનો કુંડિનપુરનો માર્ગ છે.

ત્યાં પિયરમાં શાંતિથી રહેજે. સમયે આવી પહોંચીશ પુનર્મિલન અવશ્ય થશે...

પથ્થર જેવું હૃદય બનાવી રાજા નળ આગળ આગળ ચાલ્યા જાય છે,

મનમાં વિચારે છે પાણિગ્રહણ સમયે જીવનપર્યંત સુખદુઃખમાં સાથે રહેવા

પ્રતિજ્ઞા કરેલી,
શું આજે એ પ્રતિજ્ઞાનો ભંગ નથી થઈ રહ્યો ?
ના....ના પોતાના સ્વાર્થ ખાતર ત્યાગ નહિં પણ દમયંતીના સુખની ખાતર ત્યાગ કર્યો છે,
એમની સાથે કંઈ વિશ્વાસઘાત કર્યો નથી.
સંકલ્પ વિકલ્પોના તરંગોમાં રાજા નળ આગળ જઈ રહ્યા હતા...

એકાએક ચમત્કાર

ભૂખ તરસની ચિંતા નથી ચાલવાનો થાક નથી ક્યાં જઈ રહ્યા'તા કેમ જઈ રહ્યા'તા કોઈ નિર્ધાર નહિ.
હિંસક પ્રાણીઓથી વ્યાપ્ત એ જંગલમાં કોઈ મનુષ્ય ભાગ્યે જ આવે !
નિર્જન વનમાં આઘે જતાં અવાજ આવ્યો . બચાવો બચાવો ઈક્ષ્વાકુવંશના રાજા નળ બચાવો !!!
પાસે જઈ જોયું તો જવાલા નીકળતી આગમાં અટવાઈ ગયેલો વિષધર સર્પ !
પરદુઃખભંજન રાજા નળે ગભરાયા વિના આગમાં કૂદી પડી સર્પને બહાર કાઢયો !!!
ડંખ આપી સર્પ અદૃશ્ય થઈ ગયો !
સર્પ ડંખથી સારાયે શરીરે વિષ પ્રસરી જતાં નળ કૂબડારૂપે બની ગયા !!!
પોતાનું બિભત્સરૂપ જોઈ નળે વિચાર્યું આ બેકાર જિંદગીની કોઈ કિંમત નથી.
એમ કહી આપઘાત કરવા જાય ત્યાં એકાએક ચમત્કાર સર્જાયોને દેદીપ્યમાન દેવની મૂર્તિ ખડી થઈ ગઈ !
દેવે કહ્યું વત્સ ! મનુષ્યભવમાં સંયમ આરાધના કરી ઋદ્ધિશાળી દેવ બનેલ હું તારો પિતા છું
ઉદારતા પરોપકારાદિ તારા ગુણો જોઈ પ્રસન્ન થયો છું. બાર વર્ષ સુધી તારા પર કષ્ટ રહેવાનું છે.
પૂર્વ કર્મ પલટાવવા કોઈનીયે તાકાત નથી પણ સહાનુભૂતિ દર્શાવવા કૂબડાના રૂપે તને મૂકું છું.
જેથી તને કોઈ નહિ ઓળખી શકવાથી મજુરી મેળવવામાં તકલીફ રહેશે નહિ,

અસલી રૂપમાં આવવા શ્રીફળ અને પેટી એમ બે વસ્તુ આપું છું. જરૂર પડે ઉપયોગ કરવાનો.

શ્રીફળમાંથી વસ્ત્ર અને પેટીમાંથી આભૂષણ નીકળશે તે પહેરવાથી મૂળ સ્વરૂપમાં આવી જઈશ.

હાલે ઉદયમાં આવેલ કર્મો અવશ્ય ભોગવવા પડશે...

હે નળ ! આત્મા શુભ અધ્યવસાયોથી ઘનિષ્ટ કર્મબંધનોને શિથિલ બનાવે છે, દીર્ઘકાળની સ્થિતિને ટૂંકી બનાવે છે તીવ્ર રસવાળા કર્મોને મંદ રસવાળા બનાવી શકે છે,

એ રીતે કર્મોના સ્વભાવમાં કંઈ પરિવર્તન કરી શકાય,

જ્યારે નિકાચિત કર્મો અવશ્ય ભોગવવા પડે છે.

પરંતુ આર્ત રૌદ્ર ધ્યાને વલોપાત કરવાથી કે ભયભીત બનવાથી કર્મો ઘટી જવાને બદલે વધી જાય છે.

વીરતા અને ધીરતાપૂર્વક શાંતિ સમાધિભાવે કર્મો ભોગવાય તો અશુભ કર્મો છૂટી જશે.

સમય જતાં સતી દમયંતીનું મિલન થશે અને ગયેલું રાજ્ય પાછું મળી જશે.

સુખના દિવસો પ્રાપ્ત થશે એમ કહી નળને સુસુમાર નગરે મૂકી દેવ અંતર્ધાન થઈ ગયા !!!

મદોન્મત હાથી રાજ સન્માન

સુસુમાર નગરે ભીષણ કોલાહલ મચાવતા મદોન્મત્ત હાથીએ નગર જનોની શાંતિનો ભંગ કરી દીધો !

રાજાએ હાથી પકડવા ઈનામ જાહેર કર્યું પણ મોતના મુખમાં જવા કોણ તૈયાર થાય ?

હાથી સાક્ષાત્ યમરાજની યાદ અપાવતો નગરમાં ચક્કર લગાવી રહ્યો હતો !

એ સમયે કૂબડા રૂપે નળ ત્યાં આવી પહોંચ્યો.

સશસ્ત્ર દ્વારપાળે કૂબડાને કહ્યું ખડે રહો ! મોતની સામે શું ધસી રહ્યો છે ?

ખબર નથી સારાયે નગરમાં પાગલ બનેલ હાથીથી લોકો ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યા છે !

પ્રાણ પ્યારા હોય તો ભાગી જાઓ કોઈ પણ ઊંચી જગ્યા પર ચઢી જાઓ.
અજાણ્યા મુસાફરને દ્વારપાલ અટકાવી રહ્યો'તો !
વિકરાળ દૈત્ય જેમ આવી રહેલ ઉન્મત્ત હાથી વૃક્ષની શાખા તોડી સૂંઢમાં લઈ ઝંડીની જેમ ફરકાવતો સામેથી આવી રહ્યો હતો,
હાથીને વશ કરવાની કળા વિના આ હાથી કોઈ રીતે કાબૂમાં આવી શકે તેમ નો'તો!
કદાચ આ ગાંડો હાથી ગામને ઉજજડ બનાવી દે એવી પરિસ્થિતિમાં નિડર નળ રાજપથ વચ્ચે ઊભો રહ્યો,
સામનો કરતાં નળને જોઈ આવેશમાં આવી પ્રબળ વેગથી પે'લો હાથી નળ પર તૂટી પડયો !
નળ ગયો જ ગયો માની લોકોએ બૂમરાણ મચાવી દીધી !
હાથી નજીક આવતાં નળ સ્ફૂર્તિ સાથે કળા બળે છલાંગ મારી હાથીની પીઠ પર આરૂઢ થઈ ગયો !
મર્મસ્થળ પર પ્રહાર કરતાં હાથીનો ઉન્માદ શાંત થઈ ગયો !
ડાહ્યો બની ગયેલ હાથી ધીમે ધીમે પોતાના સ્થાન તરફ જવા લાગ્યો,
પાછળ આવી રહેલું લોકોનું ટોળું જાણે રાજાની સવારી નીકળી હોય નહિ!!!
ભયમુક્ત બની જતાં સૌ લોકો આમોદ પ્રમોદમાં આવી કૂબડાના પરાક્રમની પ્રશંસા કરવા લાગ્યા!!!
દધિપર્ણ રાજાએ બોલાવી કહ્યું વીરતાથી પ્રજાનું રક્ષણ કરનાર અહો ઉપકારી ! તમારો પરિચય આપો,
રાજાની દૃષ્ટિમાં કૂબડો ગૌણ અને તેની શક્તિ પ્રધાન હતી.
કારણ કે મોટા સરદારો જે કામ ન કરી શક્યા તે કામ કૂબડાએ કર્યું !
મહારાજા ! આપે સાંભળ્યું હશે રાજા નળ જુગાર રમતાં રાજ્ય હારી જઈ ગુપ્ત વેશે નાસી ગયા છે,
તેનો હું રસોઈયો છું...
રાજા નળ સૂર્યપાક બનાવવામાં બહુ કુશળ હતા તેમના અનુગ્રહે સૂર્યપાક બનાવતાયે મને આવડે છે !

પરિચય પામી પ્રસન્ન થયેલ રાજા દધિપર્ણે નળને રસોઈયા સ્થાને રાખી લીધો.

નળના દિવસો આરામથી પસાર થઈ રહ્યા'તા પરંતુ દમયંતીના વિયોગે મન ઉદ્વેગમાં રહેતું !!!

દમયંતીની દૃઢતા

દિવસભરના થાકથી ઊંઘી ગયેલી દમયંતી ઊગતી ઉષાએ જાગતા પતિ નળને જોયા નહિ!

ત્યારે મીઠા મધુરા શબ્દોથી કહ્યું સ્વામી ! પ્રભાતના પહોરમાં હાંસી નહિ કરતાં દર્શન આપો,

અત્યંત આકર્ષક ભાવે અમૃત વચન સાંભળવા ઉત્કંઠા હતી પણ પ્રત્યુત્તર કોણ વાળે !

કંપિત હૃદયે દમયંતી એકદમ ઊઠી આસપાસ તપાસ કરવા લાગી પણ ક્યાંય નળ નજરે ચડ્યા નહિ !!

દમયંતીનું અંતઃકરણ ભયભીત બની રહ્યું સ્વામીને શું થયું હશે ? અચાનક ક્યાં ગયા હશે ?

વિપત્તિમાં વળી મહાન વિપત્તિ ક્યાંથી આવી પડી ?

અહીં તહીં ભટકતા રાજા નળનો ક્યાંય પત્તો મળ્યો નહિ,

તેમ તેમ નિરાશ નિરુપાય બનેલ દમયંતીની ચિંતા વધતી ગઈ !!

દમયંતીએ પાછલી રાત્રે સ્વપ્ન જોયેલું !!

ફળફૂલથી સમૃદ્ધ આમ્રવૃક્ષ પર ચઢી દમયંતી મીઠા મધુરા ફળોનો આસ્વાદ લઈ રહેલ,

ત્યાં ઉન્નત હાથી આવી સૂંઢથી વૃક્ષ ઉખેડી નાંખતાં પોતે જમીન પર પડી ગઈ !

આવું સ્વપ્ન જોતાં જાગૃત થયેલ દમયંતી ઝાડ નીચે બેસી સ્વપ્ન ફળ વિચારવા લાગી !!

પતિદેવ રૂપ આમ્રવૃક્ષ પર બેસી સુગંધિત પુષ્પો અને મધુર ફળ સમાન રાજ્યસુખને ભોગવી રહી હતી.

પરંતુ દુર્દૈવ રૂપ ગજરાજે મારા પતિરૂપ વૃક્ષને ઉખેડી નાખતા હું વિખૂટી પડી ગઈ !

હા... પ્રારબ્ધ... ! હા.... પ્રારબ્ધ ! હતભાગિની એવી મને પતિદર્શન થવા દુર્લભ છે !!!

હે પ્રભો ! હે પ્રભો ! કહેતાં છાતીફાટ રૂદન સાથે કારમો વલોપાત કરવા લાગી !!!

માનસિક શારીરિક થાકથી શ્રમિત થયેલ દમયંતીએ સાડીના પાલવ પર આળોટવા વિચાર્યું,

ત્યાં પાલવ પર નળનો લેખિત સંદેશો વાંચ્યો કે ડાબી બાજુનો કુંડિનપુરનો માર્ગ છે,

ત્યાં પિયરમાં શાંતિથી રહેજે. સમય આવતા પુનર્મિલન અવશ્ય થશે...

આ સંદેશાથી પોતાનું દુઃખ ભૂલી જઈ પતિદેવનું ક્ષેમકુશળ જાણી સતી દમયંતીને હર્ષ સંતોષ થયો !

રાજ્ય છોડતા જે વેદના નહિ તેનાથી વધુ વેદના મારા ત્યાગથી પતિદેવે અનુભવી હોય એવો મને વિશ્વાસ છે.

હું ધન્ય છું. દેવ જેવા નિસ્પૃહ પ્રેમમૂર્તિ પ્રતિભાસંપન્ન પતિની અર્ધાંગના બનવા સૌભાગી થઈ છું !

મારા શરીર પરનો અધિકાર પતિદેવનો છે. એમના આદેશે આ શરીરનું મારે રક્ષણ કરવું જઈએ.

પતિદેવની આજ્ઞા પાળવી પત્નીનું પરમ કર્તવ્ય છે...

પૂર્વકૃત પાપના ઉદયે પતિનો વિરહ સહેવો પડયો. આજ હું એકાકિની હોવાથી મારા સામર્થ્યની કસોટી થઈ રહી છે !

હું મારા બળ કળ કઈ રીતે અજમાવી શકું છું કેટલી ક્ષમતા છે એ જાણવા સમજવા આ અવસર આવ્યો છે !

આટલા વખતથી પિતા-પતિની છાયામાં જીવન જીવી રહેલ હવે મારા ભાગ્ય અને પુરુષાર્થ પર જીવવાનું છે.

દુઃખને જીતવા સર્વશ્રેષ્ઠ ઉપાય એ કે ગભરાટને છોડી હૃદયને મજબૂત બનાવી

દુઃખનો સામનો કરવો જોઈએ.
મનુષ્યના ધીરજથી દુઃખ વધે છે અને દૃઢતાથી દુઃખ ઘટે છે.
દમયંતીની સામે દુઃખનો પહાડ હતો. સૂમસામ જંગલમાં કોઈ જ સાથી નહિ !
કિન્તુ દમયંતીએ નિશ્ચય કરી લીધો ગમે ત્યારે ગમે તેવા સંકટો આવે હું મારી સંપૂર્ણ શક્તિથી સામનો કરીશ...
હું સંકટોથી પરાજિત નહિ થઉં પણ સંકટોને પરાજિત કરીશ એવી દૃઢતા ધારણ કરવાથી ખરેખર! દમયંતીમાં અપૂર્વ બળ આવી ગયું એની શક્તિ અજેય બની ગઈ !!

દમયંતીની સેવા

પિતૃગૃહ તરફ જવા દમયંતી માર્ગ પસાર કરતાં રસ્તામાં વિફરેલ પશુઓ,
વ્યાઘ્ર સર્પ અને ગજરાજ સામેથી આવી રહ્યા છે,
પરંતુ દમયંતીના ધર્મતેજ પ્રભાવથી બધા શાંત થઈ દૂર ખસી જાય છે.
આગળ ચાલતાં દમયંતીના ભાગ્યયોગે એક વસંત નામે સાર્થવાહ મળે છે:
મૃત્યુ લોકે અપ્સરા જેવી રમણીને જોઈ સાર્થવાહ આશ્ચર્ય ચકિત બની ગયો !
તે સ્ત્રીના ચહેરા પર પરેશાનીના ભાવ તરવરી રહ્યા હતા,
શૂન્ય જંગલમાં મનુષ્યોને જોઈ દમયંતીના દિલને સાંત્વના મળી,
શાંત અને મૌન રહેલ દમયંતીની નિકટ જઈ સાર્થવાહે પૂછયું દેવી ! તમે જંગલમાં એકાકિની શું ચિંતવી રહ્યા છો ?
દમયંતી કહે તમે સેંકડો યાત્રિકો સાથે લાંબી અને વિકટ યાત્રા શા માટે કરી રહ્યા છો ?
સાર્થવાહ કહે જે જીવે છે તે પ્રવૃત્તિ કરે જ છે. પ્રવૃત્તિ જીવનનું લક્ષણ છે,
તો તમે પણ જે ગમે તે પ્રવૃત્તિ બીજા માટે ચાલુ કરો !
સાર્થવાહ! તમારી નિષ્કામ પ્રવૃત્તિ મને પ્રભાવિત કરે છે,
પણ પ્રશ્ન એ છે કે શું હું આવશ્યકતાઓની પૂર્તિ કરી શકીશ ?
સાર્થવાહ કહે એવો પ્રશ્ન ઊઠવો જ ના જોઈએ બેટી ! મારે ત્યાં ખોડખાંપણવાળાઓ પણ કામ કરે છે
જ્યારે તમે તો પાંચે અંગે પરિપૂર્ણ છો.

સાર્થવાહ ! તો હું શું કરી શકીશ ?

સતીજી ! તમારાથી થાય તે કાર્ય કરો. સાથે ધર્મઆરાધના પણ કરો.

સાર્થવાહ ધર્મનિષ્ઠ નિર્વિકારી હોવાથી બંને વચ્ચે ધર્મ લાગણી સારી જામી ગઈ અને

દમયંતીની આંતરિક સેવા અને પરમ પવિત્રતાથી સાર્થલોકના દિલમાં હાર્દિક ભક્તિ જાગી.

બધાય તેમને ધર્મમાતા તરીકે ઓળખવા લાગ્યા !

તન મનથી સેવામાં ઓતપ્રોત રહેલ દમયંતી સાર્થની સુખ સુવિધાઓનો ખ્યાલ રાખતા.

રાજપુત્રી કે રાજપત્ની છું એનુંય ભાન ભૂલી ગયેલી !!! ખરે જ સદ્‌ગુણી આત્માઓ પરાયાને પોતાના બનાવે છે !

ત્યાં અચાનક ડાકુઓ આવી ઘેરી લેતાં સાર્થવાહ ભયભીત બની જાય છે,

આશ્વાસન આપતાં દમયંતીએ કહ્યું, બંધુઓ ! નિર્ભય રહો. ડાકુઓ કંઈપણ કરી શકશે નહિ,

દમયંતી ડાકુઓને કહે અરે ડાકુઓ ! તમારું હિત ચાહતા હો તો ચાલ્યા જાઓ અહીંથી,

સતીના વચનની અવગણના કરી સશસ્ત્ર ડાકુઓએ ધસારો કર્યો !

દમયંતીએ એકાગ્ર બની નવકારમંત્રનું સ્મરણ કર્યું ત્યાં ડાકુઓના શરીરે તીવ્ર વેદના થઈ!!!

ભયભીત થઈ ડાકુઓ ભાગી છૂટ્યા. આ બનાવથી દમયંતીને સાર્થવાહે કુળદેવીનું બિરૂદ આપ્યું !!!

ચાતુર્માસની ઋતુ આવતા ત્રણ દિવસ-રાત જોરદાર વરસાદ વરસી પડયાં !

કાદવ કીચડથી રસ્તા વ્યાપ્ત બની ગયેલા. વરસાદ બંધ થતાં દમયંતી તંબૂમાંથી બહાર નીકળી ગઈ !

પુરુષવૃંદમાં રહેતી સતી કોઈનેય કહ્યા વિના આગળ ચાલી ત્યાં યમરાજ જેવો વિકરાળ રાક્ષસ મળ્યો.

વૈદર્ભીને જોઈ બોલ્યો અહાહા ! કેવું સરસ ભોજન મળ્યું ! આજે તો ખૂબ જ

તૃપ્તિ થશે !

સતી ક્ષણિક ભયભીત બની જતાં તુરત જ ધીરજ ધરી બોલી મેં જૈનધર્મનું સેવન કર્યું છે,

જેથી મૃત્યુનો લેશમાત્ર ભય નથી પણ નિર્દય હૃદયના તમારા જીવનનું પરિણામ તો દુર્ગતિ જ ને !

મારા પર તમારી શક્તિ બિલકુલ નહીં ચાલે. ધારું તો હમણાં જ તમને ભસ્મીભૂત કરી દઉં.

શું છે વિચાર ? સતીની ઓજસ ભરી વાણીથી રાક્ષસ પ્રસન્ન થઈ બોલ્યો. બતાવો તમારી શું સેવા કરું ???

પ્રસન્ન હો તો કહો મારા પતિદેવનો સંયોગ ક્યારે મળશે ? જ્ઞાનોપયોગથી રાક્ષસે કહ્યું બાર વર્ષે ભેટો થશે.

રાક્ષસ અપરાધની માફી માગી પોતાના સ્થાને ગયો.

દમયંતી સુરક્ષિત રહેવા પર્વતની ગુફામાં જઈ સાદા વેશે તપ જપ કરતાં ફળફૂલથી જીવન નિર્વાહ ચલાવે છે,

પે'લો સાર્થવાહ તંબૂમાં સતીને ન જોતાં ચિંતિત ચહેરે સતી ચરણને અનુસરતા ગુફામાં આવી પહોંચે છે !

ધ્યાનમગ્ન સતીને જોતાં આનંદમાં આવી સતીને લઈ જવા તેની સાથે વાર્તાલાપ કરવા લાગ્યા.

અવાજ સાંભળી બાજુમાં રહેલા તાપસો ત્યાં આવી દમયંતીની આધ્યાત્મિક વાણી સાંભળવા લાગ્યા !

ત્યાં વરસાદ જોરથી વરસી પડયો. સારીએ જગ્યા જળબંબાકાર રૂપે દેખાઈ રહી હતી.

દમયંતી કહે બંધુઓ ! નિર્ભય રહો.... મારું જીવન નિર્દોષ હોય તો ધર્મ પ્રભાવે જલધારા અમારી ભૂમિ છોડી વરસે !

સતીત્વના પ્રભાવે વરસાદ બંધ થઈ જતાં સૌ આશ્ચર્યમાં !!

દમયંતીએ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું.

સાર્થવાહ અને તાપસો પ્રતિબોધ પામી જૈનધર્મ સ્વીકારી નગર વસાવી ત્યાં

રહેવા લાગ્યા.

ધર્મ આરાધના કરતાં એકદા મધ્યરાત્રિએ પર્વત પર સૂર્યસમાન પ્રકાશ દેખાયો !

વિમાન દ્વારા અનેક દેવો પેલા પર્વત પર આવી રહ્યા હતા !

ત્યાંના લોકો આશ્ચર્યસહિત દમયંતી સાથે પર્વત પર આવ્યા !

સિંહ કેસરી મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી દેવો કેવળ મહોત્સવ કરી રહ્યા હતા !!!

જ્ઞાની મુનિને વંદન નમસ્કાર કરી દમયંતી વગેરે ત્યાં બેસી ગયા !

કેવળજ્ઞાની મુનિને તાપસોએ પૂછયું કે દમયંતીએ ધર્મ બતાવ્યો તે યથાર્થ છે ?

હા.. એ મહાન સતીના સાનિધ્યમાં દેવો રહે છે. માર માર કરતો રાક્ષસ પણ આધીન થઈ ગયો છે !

ત્યાં એક મહર્ધિક દેવે આવી કેવળી ભગવાનને વંદન કરી દમયંતીને કહ્યું,

ઓ પૂજનીય માતા ! હું કુલપતિ તાપસનો શિષ્ય પંચાગ્નિ તપ તપતાં તપશ્ચર્યાની કોઈએ પ્રશંસા ના કરી.

ક્રોધથી તપોવન છોડી ભાગ્યો ભયંકર અંધારામાં ખાડામાં પડતાં પથ્થર સાથે મસ્તક અથડાયું !

મૂર્છિત દશામાં અસહ્ય પીડા અનુભવવા છતાં ઉપેક્ષાભાવે કોઈ તાપસે મારી પૂછા ના કરી !

ક્રોધાવેશમાં સાતમે દિવસે મારું મૃત્યુ થતાં એજ તપોવનમાં વિષધર રૂપે ઉત્પન્ન થયો !

તમે અહીંથી પસાર થયા ત્યારે હું તમને ડંખ દેવા ધસ્યો પણ તમારા નવકાર મંત્રના ઉચ્ચારે આગળ વધી શક્યો નહીં.

દેડકા વગેરેનું ભક્ષણ કરી અહીં રહેતો હતો ત્યાં તમારો ધર્મોપદેશ સાંભળ્યો. અને મને મારા હિંસાપ્રધાન જીવન પર ખેદ થયો. તાપસોને જોઈ પૂર્વભવનું સ્મરણ થયું !

મારી દુષ્ટ વૃત્તિનું ભાન થતાં આલોચના પૂર્વક વ્રત સ્વીકારી અંતે અનશનવ્રત

ધારી પ્રથમ દેવલોકે દેવ થયો છું !
ધર્મપંથે દોરનાર ઉપકારી ઓ માતા ! આપના દર્શનાર્થે આવ્યો છું,
અહો તપસ્વી તાપસો ! મેં તમારા પર ક્રોધ કર્યો છે. મારા થયેલ અપરાધને ક્ષમ્ય કરો.
ક્રોધના પરિણામે તાપસ મરી વિષધર થયો. સમતાભાવે ધર્મ આરાધના કરતાં વિષધર મરી દેવ થયો !!!
આવું સાંભળતાં કુલપતિ નિર્વેદ પામી સિંહકેસરી મુનિને લઘુવયે દીક્ષિત થવાનું કારણ પૂછ્યું,
કુબેરપુત્ર હું લગ્ન કરી ઘેર જઈ રહ્યો'તો વચ્ચે યશોભદ્રમુનિને સાંભળ્યા,
મારું આયુષ્ય કેટલું ! એવો મેં પ્રશ્ન કર્યો, દિવસ પાંચનું આયુષ્ય છે...
આયુ અલ્પ જાણી આત્મલક્ષે સંયમ સ્વીકારી અહીં આવી શુક્લધ્યાને ક્ષપકશ્રેણિએ ચઢતાં કેવલી બન્યો છું !!!
ત્યાં જ યોગ નિરોધ કરી કર્મમુક્ત થઈ સિંહકેસરી ભગવાન નિર્વાણ પધાર્યા.
વૈરાગ્ય વૃદ્ધિ થતાં કુલપતિએ ત્યાં યશોભદ્ર મુનિ સમીપે દીક્ષિત બની આત્મકલ્યાણ સાધ્યું.
નળની શોધમાં દમયંતી આગળ જાય ત્યાં તૃષાતુર થતાં સતીએ વિચાર્યું,
જો હું નિર્દોષ અને ધર્મનિષ્ઠ હોઉ તો નિર્જલા નદી સજલા બની જાય !
એટલું કહી ધરતી પર પાદ પ્રહાર કરતાં જ શીતળ સ્વાદિષ્ટ પાણીનો પ્રવાહ નીકળી પડ્યો !
મીઠા મધુરા જળથી સંતૃપ્ત થઈ આગળ વધતાં મોટા સાર્થ સાથે ધનપતિ સાર્થવાહને જોયા!
સામેથી આવતી એકલી સ્ત્રીને જોઈ સાર્થવાહે અચંબા સાથે વિચારો ઉદ્ભવતા ખબર પૂછ્યા,
સાથથી વિખૂટી પડેલ મને રસ્તો નહિ મળતાં વનમાં આમ તેમ ભટકી રહી છું !
બહેન ! અમે અચલપુર નગરે જઈએ છીએ ચાલો અમારી સાથે,
બહુ સારું ! કહી ધનપતિ સાર્થવાહ સાથે અનુક્રમે અચલપુર નગરે

જઈ પહોંચ્યા,
સાર્થ અચલપુરથી આગળ ગયો. દમયંતી પાણી પીવા વાવડીમાં જાય ત્યાં ચંદન ઘો પગ પકડી ખેંચવા લાગી !
તરત જ દમયંતિ નવકાર મંત્રનું સ્મરણ કરતાં ચંદન ઘો ચાલી જાય છે.
અચલપુરનું અવલોકન કરતી દમયંતી વૃક્ષની છાયામાં વિશ્રાન્તિ લઈ રહેલ,
ત્યાં રાજ્યની દાસીઓ પાણી ભરવા આવતા સ્વરૂપવતી સુંદરીને જોઈ !
ઘેર જઈ રાજરાણી પાસે વિપત્તિમાં વીંટળાયેલ વૃક્ષ નીચે બેઠેલી કુલીન સ્ત્રીની વાત કરી,
રાણી ચંદ્રયશાની આજ્ઞાથી દાસીઓ દમયંતીને રાજમહેલમાં લઈ આવી !
શિષ્ટાચાર પૂર્વક રાણીના ચરણમાં નમન કર્યું પણ રાજરાણી માસીબાને દમયંતીએ પોતાનો પરિચય આપ્યો નહીં.
સંકટોથી પરિવર્તન પામેલ દમયંતીને રાણી ચંદ્રયશા માસીબા હોવા છતાં ઓળખી શકયા નહિ,
પરંતુ દમયંતીએ માસીબાને સારી રીતે ઓળખી લીધા,
ભોગસુખોની જેને ભૂખ નથી એવી દમયંતીએ બિલકુલ ઓળખ આપી જ નહિ,
ઝેરના ઘૂંટને પી જનાર ગંભીર હૃદયી દમયંતી કોઈની સામે દીનતા બતાવે ખરી ?
રાણી ચંદ્રયશા કહે તમને નહિ ઓળખવા છતાં અત્યંત લાગણી ઉદ્‌ભવે છે !
તેમજ તમારા તરફનું આંતરિક આકર્ષણ રહે છે !!!
મને એક નિસ્પૃહ સેવિકાની ખૂબ આવશ્યકતા છે તો તમે દાનશાળા સંભાળી લો !
દીન દુઃખિયાજનોની સેવા કરી પુણ્યોપાર્જન ના લ્હાવા લો. મહારાણી મારા જીવનમાં સેવાની જ રુચિ છે એ કાર્ય પ્રસન્નતા પૂર્વક કરી શકીશ !
દમયંતીએ વિચાર્યું મને પ્રિય કાર્ય મળી રહ્યું છે. સેવામાં સમય વીતતા શક્તિનો સદ્‌વ્યય થશે...
આખરે દાનશાળાના કામમાં સતી દમયંતી ગોઠવાઈ ગયા. દિવસો મહિનાઓ અને વર્ષો વીતવા લાગ્યા,

પથિકોને પૂછતાં નળનો પત્તો ના મળતા વિયોગી સતી દમયંતી ઉદ્‌વેગમાં સમય વીતાવી રહ્યા'તા !

નળ દમયંતીની શોધ

જમાઈ રાજા નળ રાજ્ય હારી છૂપી રીતે ચાલી નીકળ્યા,
વળી ઘોર જંગલમાં દમયંતીનો પરિત્યાગ કરી દીધો છે !
એવું જાણવા મળ્યું ત્યારે શ્વસુર રાજા ભીમ રાણી પુષ્પવતી શોકસાગરમાં ડૂબી ગયા !!!
અને ખાવું પીવું સૂવું બધું હરામ થઈ ગયું !
એજ સમયે નળ દમયંતીની શોધ કરવા ચોમેર દૂત દોડાવી દીધા,
રાજા ભીમના મોકલેલા દૂતોએ પસીના પાડી શોધ કરી પણ હજુ સુધી ક્યાંય પત્તો લાગ્યો નહિ,
એક દિવસ રાજા ભીમનો પુરોહિત નળ દમયંતીની શોધ કરતાં અચલપુર આવી પહોંચ્યો.
મહારાણી ચંદ્રયશાના આશીર્વાદ લઈ યોગ્ય આસન પર બેસી ગયા.
નળ દમયંતીની ચર્ચા કરતા પુરોહિતે કહ્યું રાજમાતા ! ગામેગામ વનેવન શોધ કરતા પગમાં છાલા પડી ગયા !
પણ આજ દિવસ લગી નળ દમયંતીનો ક્યાંય પત્તો લાગ્યો નથી.
નિરાશ બની કુંડિનપુર પાછો જઈ રહ્યો છું પરંતુ માતા પુષ્પવતીને જવાબ શું આપીશ ?
ચંદ્રયશાએ કહ્યું નિરાશાના ઝાટકાથી હૃદય વલોવાઈ જાય છે આહ ! આથી વધુ દુઃખ કયું હોઈ શકે ?
માતાજી ! આશાની દોરી તૂટી જતાં રાણી પુષ્પવતી કેમ જીવી શકશે ? કેવો આઘાત લાગશે ???
પુરોહિતજી ! ધૈર્ય છોડવું નહિ... હાં... મારી દાનશાળાની સંચાલિકા હજારો માનવોની સેવા કરી રહેલ છે.
તમે એને પૂછી તો જુઓ કંઈ બાતમી મળી જાય !
રાજમાતાના કહેવાથી પુરોહિત દાનશાળામાં પહોંચ્યા કે તુરત દમયંતીને

ઓળખી લીધી !!!

દમયંતીની કૃશકાયા ગ્લાની ભર્યું મુખ મુરઝાયેલ શરીર જોઈ ગ્લાન થઈ ગયેલ પુરોહિતનું હૃદય રોવા લાગ્યું !!!

વિષાદના વાદળમાં સતી દમયંતીનું મુખ છુપાઈ રહ્યું હતું !

વાદળાઓ તાપને ઢાંકી શકે પણ સૂર્યને છુપાવી શકે નહિ તેમ સતી દમયંતી મૂળરૂપમાં પરખાઈ ગયા !!!

જતાં જતાં પુરોહિતના પરિશ્રમનું પરિણામ પ્રાપ્ત થતાં આનંદની અવધિ ના રહી !!!

પુરોહિત પાસેથી વાત સાંભળી હર્ષિત હૈયે રાણી ચંદ્રયશા દાનશાળામાં જઈ ચકાસી જોતાં દમયંતીને ભેટી પડયા !

અને ઉપાલંભ આપતાં કહ્યું, બેટી ! હું તો અવસ્થાને કારણે ઓળખી ના શકી, પરંતુ તું તો પરિચિત જ હતી, ઓળખાણ કેમ ના આપી ?

દમયંતીની આંખે શ્રાવણ ભાદરવો વરસી પડયો !

ગદગદ શબ્દે કહ્યું માસીબા ! તમારી ઓળખાણે જ સાર્થ છોડી અહીં આવી છું.

ભૂખ તરસથી પીડિત મારા પતિદેવ જ્યાં ત્યાં ભટકતા હોય,

ત્યારે પતિ વિયોગિની હું ઓળખાણ આપી રાજસુખ કઈ રીતે અનુભવી શકું ???

રાજવૈભવ ઝૂંટવાઈ ગયો. પતિદેવ વનમાં ભરનીંદમાં છોડી ગયા !

ત્યારે માતુશ્રીની આપેલી શીખ મુજબ રહેવાથી આજે પશ્ચાત્તાપ કે રંજ વિના બધાને સ્વજનો બનાવી શાંતિથી રહું છું.. !!!

દમયંતીના માસાએ પણ ક્ષમાયાચના કરતાં કહ્યું તમે સતી સાધ્વી નારી આજ સાદાઈથી આઝાદીનું રસપાન કરી રહ્યા છો !

એવા ગુણવતી સતી સમીપમાં છતાં ઓળખી શક્યા નહિ. મારી આ ભૂલ આજે ભારરૂપ બની રહી છે !!!

દમયંતી બોલી માસા! તમે બિલકુલ પસ્તાઓ નહિ. મને આપના રાજ્યમાં સંબંધીની જેમ બધી સુવિધાઓ મળી જ છે...

માતા પિતાનું મિલન

મહારાણી ચંદ્રયશાને અસીમ આનંદ ઉત્પન્ન થયો !
પુરોહિતે કહ્યું મહારાણીજી ! દમયંતીને મેળવી લેવાનું સંપૂર્ણ શ્રેય તમારે ફાળે જાય છે.
આપે મહારાણી પુષ્પવતી અને મહારાજા ભીમને નવું જીવન આપ્યું છે !
આપની આજ્ઞા હોય તો હું ઈચ્છું છું રાજકુમારીને શીઘ્ર કુંડિનપુર લઈ જઉં,
એમના માતા પિતા પાણી વિના માછલીની જેમ તરફડે છે તેમને સંતોષ થાય...
આ અવસરે રોક્યા વિના રાણી ચંદ્રયશાએ સંતોષ અને પ્રસન્નતાપૂર્વક
દમયંતીને માતા પિતા પાસે લઈ જવા અનુમતિ આપી.
સુંદર સુસજ્જિત રથમાં બેસી દમયંતી પુરોહિત સાથે રવાના થઈ કુંડિનપુરે પહોંચ્યા !!!
પુત્રી દમયંતીનું હાડપિંજર જેવું શરીર જોઈ માતા પિતાને ખૂબ જ દુઃખ લાગ્યું !!!
બીજી બાજુ દમયંતીના મિલનથી અપૂર્વ હર્ષ થયો !!!
દમયંતીના કષ્ટોનો અંત આવી ગયો પરંતુ એનું હૃદય હજુ શાંત થયું નથી,
પતિદેવ ક્યાં હશે ? કેવી પરિસ્થિતિમાં હશે ? ક્યારે દર્શન થશે ?
એજ વિચારો દમયંતીને વિહ્વલ બનાવી રહ્યા'તા !!!
મહેલમાં રહેવા છતાં દમયંતી સંન્યાસિની જેમ સમય નિર્ગમન કરી રહેલ !

રાજા નળની શોધ

દમયંતીના માતા પિતાએ નળની શોધ કરવા પ્રયુક્તિ શોધી કાઢી.
આવતા જતાં પ્રવાસીઓને રહેવા જમવાની સુંદર વ્યવસ્થા કરી,
ઘણા સમય પછી સુસુમારપુરના એક વેપારી ત્યાં આવી ચડયા.
દમયંતી સાથે વાતચીત કરતાં કહ્યું કે નળ રાજાને જોયા નથી,
પરંતુ તેના કાળા કૂબડા રસોઈયાને જોયા છે તેઓ બહુ ગુણિયલ ને સાહસિક છે.
દમયંતીએ પૂછયું તેના જીવનમાં કોઈ વિશેષતા ખરી ?
વ્યાપારીએ કહ્યું તે ગજદમની કળામાં પ્રવીણ છે !

એકવાર મદોન્મત હાથીને વશ કરી લોકોને મોટી મુસીબતમાંથી બચાવેલ.
રાજાએ પ્રસન્ન થઈ સુભટ શિરોમણિની પદવી સાથે પ્રચુર ધન આપેલું.
દમયંતીએ પૂછયું બીજું કંઈ જાણવા જેવું ?
હા.. તે અત્યંત સાદાઈથી રહે છે અને સૂર્યપાક બનાવવાની કળા પણ જાણે છે.
એમને સૂર્યપાક બનાવતાં જે મળે તે ગરીબોને વેચી દે એવી વિરક્ત વ્યક્તિ કોઈ વિરલ જ મળે !
દમયંતીએ વિચાર્યું ગજદમની અને સૂર્યપાક બનાવવાની કળા એમની પાસે હતી જ,
પણ કૂબડા કેમ થઈ ગયા હશે ?
વ્યાપારી પાસે પૂછપરછ ઘણી કરી કિન્તુ કંઈ તે સંબંધમાં અધિક જાણવા ના મળ્યું...

દમયંતીનો પુનઃ સ્વયંવર

રાજા ભીમને નળની યાદ શૂળની જેમ ખટકી રહી હતી !
થોડી વાત જાણવા મળતાં રાજા ભીમે નળને મેળવવા કપટજાળ રચી પુરોહિતને બોલાવી કહ્યું,
તમે સુસુમાર પુરે જઈ દધિપર્ણ રાજાને સમાચાર આપો કે રાજા નળનો પત્તો નહિ મળતાં દમયંતીએ સ્વયંવરમાં બીજો પતિ પસંદ કરવા વિચાર્યું છે,
એ સ્વયંવરમાં તમે પણ પધારવા કૃપા કરજો.
રાજા ભીમે એ પણ કહ્યું જે દિવસે તમે સુસુમાર નગરે પહોંચો,
તેને બીજે જ દિવસે સ્વયંવર હોવાનું જણાવજો.
પુરોહિત કહે મહારાજા ! શું દમયંતી ફરી લગ્ન કરશે ?
રાજા કહે નહિ પુરોહિતજી,
તો પછી આ વાતથી સતી દમયંતીની અપકીર્તિ થશે નહિ ?
પુરોહિતજી ! અપકીર્તિ દૂર કરી શકીશું.
જો વાસ્તવમાં કૂબડારૂપે નળ હશે તો આ સમાચાર સાંભળી જરૂર દુઃખી થશે !
એના ચહેરા પરથી એ વાતો જાણવા મળી શકશે, તે સમજવા પ્રયત્નો કરશો.

બીજી વાત એ છે કે સુસુમાર પુરનો ચાર દિવસનો રસ્તો છે,
એક દિવસમાં જે અશ્વવિદ્યા વિશારદ હોય તે જ આવી શકે,
અશ્વવિદ્યા નળ સિવાય કોઈ જાણી શકતા નથી.
અગર રાજા દધિપર્ણ બીજે જ દિવસે આવી પહોંચે તો સમજી લેવું કે,
કૂબડો રસોઈઓ નહિ પણ રાજા નળ છે.
રાજાએ પુરોહિતને પૂછયું હવે બધું સમજાઈ ગયું ?
હા... મહારાજા ! આપની કુશળતા અદ્‌ભુત રહેલી છે !!!
પુરોહિતજી બહુ હોંશિયારીથી કામ લેશો ક્યાંય ચુકાય નહિ નહિતર મહેનત વ્યર્થ જશે,
નહિ પૃથ્વીનાથ ! એવું નહિ બને એમ કહી પુરોહિત સુસુમાર નગર ભણી રવાના થયા.
ત્યાં પહોંચી શિષ્ટાચાર પૂર્વક કુશળક્ષેમ નિવેદન પછી રાજા દધિપર્ણને સમાચાર આપ્યા,
ચિરકાળ શોધને અંતે રાજા નળનો પત્તો નહિ મળતાં દમયંતીએ ફરી સ્વયંવર વરવા વિચાર્યું છે.
નૃપતિ દધિપર્ણ ! આપને સ્વયંવરમાં પધારવા આમંત્રણ આપવા આવ્યો છું.
પુરોહિતજી ! સ્વયંવર ક્યારે છે ?
અરે મહારાજ ! "શુભસ્ય શીઘ્રમ" સ્વયંવર કાલે જ છે.
પુરોહિતજી ! કાલ સ્વયંવર અને આજ નિમંત્રણ. વળી લાંબો રસ્તો ! કેમ પહોંચી શકાય ?
મહારાજા ! મોડું તો થયું છે માફ કરશો ! તમારા પવનવેગી ઘોડાઓથી ઈચ્છશો તો આવી શકશો.
પ્રથમ તો દમયંતીના લાભનો લોભ અને વળી બીજું સ્વયંવરનું કુતૂહલ રાજાને ઉત્તેજિત કરી રહ્યું'તું
રાજા દધિપર્ણે કોઠાસૂઝ કૂબડાને બોલાવી જણાવ્યું,
નળનો પત્તો ના મળતાં નિરાશ બનેલ દમયંતીનો કાલે બીજો સ્વયંવર છે ત્યાં પહોંચવું કઈ રીતે ?

એ સાંભળી કૂબડાના મુખ કમળ પર વિસ્મય સાથે ઉદ્‌વેગ ઉત્પન્ન થયો !
દમયંતી અને પુનઃ સ્વયંવર ! સંભવે જ નહીં...
અગ્નિ શીતળ બને. સૂર્ય અંધકાર પ્રસારે કદાચ પાણી જલાવે તો પણ દમયંતી બીજો પતિ સ્વીકારે જ નહીં...
"હાથ કંગન ત્યાં આરસીની શી જરૂર?"
ખુદ રાજા ભીમનો પુરોહિત દમયંતીના સ્વયંવરનું નિમંત્રણ કરે છે પછી એમાં સંશય શો ?
એમાં અવશ્ય કંઈ પણ રહસ્ય હોવું જોઈએ...
રાજા દધિપર્ણે કહ્યું કહો સુભટ શિરોમણિ ! પુરોહિતને શું ઉત્તર આપવો ?
જેવી આપની ઈચ્છા હા... તમે જવા ઈચ્છતા હો તો સમયસર પહોંચાડવા જવાબદારી મારી !
શ્રેષ્ઠતમ અશ્વો મંગાવો. અશ્વવિદ્યાના પ્રભાવથી તમને પહોંચાડી આપીશ.
મહારાજા દધિપર્ણ કહે તો વિલંબ કરવો યોગ્ય નથી કરો જલ્દી તૈયારી.

દમયંતી નળ સંયોગ

વીજળી વેગે ઊડતો રથ કુંડિનપુર આવી પહોંચ્યો !
રાજા દધિપર્ણ અને કૂબડાએ જોયું તો સ્વયંવરના કોઈ ચિન્હો દેખાતા નથી !
મહારાજા દધિપર્ણનું હાર્દિક સ્વાગત થતાં સ્વયંવરની વાત કહેવા સાહસ કરી શક્યા નહિ,
કૂબડાએ અશ્વોને અશ્વશાળામાં લઈ જઈ જોયું ત્યાં અચાનક દૃષ્ટિ દમયંતી પર પડી,
પતિ વિયોગથી નિષ્પ્રભ બનેલી દમયંતી ગરીબોને ભોજન કરાવી રહી હતી !
પ્રાણપ્રિયાની દશા દેખી પોતાનું દુઃખ ભૂલી જઈ નળનું હૃદય રડી રહ્યું !
અશ્વ છોડી દમયંતી પાસે જઈ કૂબડાએ કહ્યું રાજકુમારી ! આજ તમારો સ્વયંવર હોઈ શૃંગાર કેમ સજ્યા નથી ?
દમયંતી ક્ષણવાર આવેશમાં આવી આકુળ વ્યાકુળ બની ગઈ ફરી સંયમી બની બોલી,
ઓ કૂબડા ! આર્યબાળા જેને આત્મસમર્પણ કરે છે જીવનભર એની જ

થઈ રહે છે.

સર્વસ્વ સમર્પણ કર્યા પછી બાકી જ શું રહે છે કે બીજાને આપું ???

કૂબડાને એટલું જ સાંભળવું હતું. લાખ પ્રયત્ન કર્યા છતાં આંસુ રોકી શક્યા નહિ !

આ જોઈ દમયંતીને પેલા વ્યાપારીની વાત યાદ આવી ગઈ અને જમણું અંગ ફરકવા લાગ્યું!!

દમયંતીએ આશાભર્યા સ્વરે પૂછ્યું તમે કોણ છો ? અહીં કયા પ્રયોજને તમારું આવવું થયું છે ?

હું દધિપર્ણ રાજાનો સારથિ દમયંતીના સ્વયંવરમાં આવવાનું થતાં તેમની સાથે આવ્યો છું.

પિતાજીએ ષડયંત્ર રચેલ છે એવો કંઈ ખ્યાલ ન હોવાથી દિગ્મૂઢ બની દમયંતી બોલી કહો છે શું ?

એ સમયે રાજા ભીમે આવીને કહ્યું અમે તમને ઓળખી ગયા છીએ !

ઘણા દિવસ છુપાઈ રહ્યા હવે તમારું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કરો !!!

તમારા સ્વજનો ખૂબ જ સંતપ્ત બની ગયા છે હવે અધિક સંતાપો નહિ !!!

ઓ માનનીય રાજા ભીમ ! ક્યાં રાજા નળ અને ક્યાં હું કૂબડો ? તમે શું સ્વપ્ન નિહાળી રહ્યા છો ?

રાજા ભીમ કહે હા... હું સ્વપ્ન નિહાળી રહ્યો છું અને સ્વપ્ન સાકાર બને તેવી પ્રતિક્ષામાં છું.

અરે મહારાજા ! શું બોલી રહ્યા છો ?

રાજા ભીમ કહે હાથીને વશ કરવા અને સૂર્યપાક રસવતી બનાવવા કૂબડાનું સામર્થ્ય હોય જ ક્યાંથી ?

વળી નળની અશ્વવિદ્યાએ જ એમને પ્રગટ કરી દીધેલ છે.

કૂબડાએ કહ્યું દમયંતીનો તો ફરી સ્વયંવર મંડપ રચવાનો છે ને ?

રાજા ભીમ કહે અરે ! શું કહો છો આપ ? આ તો માત્ર તમને ઓળખી કાઢવા

રાજા દધિપર્ણ પાસે મેં સંદેશો મોકલેલો.

મહારાજા ભીમનું હૃદય ભરાઈ આવ્યું !!!

નળે રૂપ પરિવર્તન વિદ્યા બળે પોતાનું અસલી સ્વરૂપ પ્રગટ કર્યું !

અને સસરા ભીમના ચરણોમાં મસ્તક નમાવી દીધું. પળભરમાં આ સમાચાર સર્વત્ર ફેલાઈ ગયા !

અજાણપણે નળ પાસે કામ કરાવવા બદલ રાજા દધિપર્ણે તેમની ક્ષમા માંગી...

માતા પુષ્પવતી અને દમયંતીના હર્ષ માટે કહેવું જ શું ???

બધાને જાણે નવું જીવન પ્રાપ્ત થયું હોય નહિ !!!

સર્વત્ર ઉત્સાહ ઉમંગ અને ઘરઘરમાં મંગલાચાર વર્તાઈ રહ્યો !

ફરી રાજ્ય પ્રાપ્તિ

રાજા નળ સતી દમયંતીના પ્રગટ થયાના સમાચાર અયોધ્યામાં વાયુ વેગે પ્રસરી ગયા.

દધિપર્ણ ઋતુપર્ણ ભીમ વગેરે બળવાન મહારાજાઓ સૈન્ય સહિત શુભમુહૂર્તે અયોધ્યા તરફ પ્રયાણ કરે છે.

આ સમાચાર સાંભળતાં રાજા કુબેર ગભરાવા લાગ્યો.

રાજા નળે કુબેરને જુગાર રમવા આમંત્રણ આપવા દૂત મોકલ્યો.

જે પરાજય પામે તે સર્વસ્વ સમર્પણ કરી દે એ શરત...

કુબેરને જુગાર રમવાનો ઉપાય સરળ સમજાયો !

આ જગતમાં પુણ્ય પાપની લીલા કોઈ અજબ રહેલી છે. છદ્મસ્થ આત્માઓ એને કળી શકે જ નહીં !

રમત રમતાં કુબેર પરાજય પામે છે અને પ્રબળ પુણ્યોદયે નળ વિજય પામે છે !

ઉદાર હૃદયી રાજા નળે કુબેરને ક્ષમા પ્રદાન કરી યુવરાજ પદ આપ્યું !!!

અયોધ્યાવાસી પ્રજા સહૃદયી નીતિ નિપુણ રાજાને પામી અત્યંત પ્રસન્ન થઈ !

ફરી નળ રાજા અને દમયંતી રાણી બની ગયા પરંતુ રાજા રાણી પોતાને પ્રજાના

પ્રતિનિધિથી, અધિક માનતા નો'તા !

પોતાનું કર્તવ્ય સમજી પ્રજાની સેવામાં તલ્લીન રહેતા'તા !

સંયમ સાધના

કેટલાક કાળ પછી ત્યાં કેવળી ભગવાન પધાર્યા,

બાગના માળીએ કેવળી ભગવાન પધાર્યાની વધામણી આપી,

રાજા નળ દમયંતી સહિત ચતુરંગી સેના સાથે દર્શનાર્થે ગયા.

ધર્મોપદેશ સાંભળી ઈંતેજાર રાજા નળે પતિ પત્નીના વિયોગનું કારણ પૂછયું !

કેવળી ભગવાને એમને પૂર્વભવ કહી બતાવ્યો.

રાજન્ ! પૂર્વભવે તમે મમણ નામે રાજા હતા અને દમયંતીનો જીવ તમારા પત્ની હતા જેનું નામ હતું વીરમતિ,

એકદા રાજા રાણી બંને આનંદ પ્રમોદ માટે ફરવા નીકળ્યા. સામે સંત મળ્યા,

રાજાએ અપશુકન સમજી આવેશમાં આવી સંત મહાત્માને કેદમાં પૂરી દીધા !

ક્રોધ શાંત થયા પછી રાજાને પોતાની ભૂલ સમજાઈ. બાર કલાક બાદ મુનિને બંધનથી મુક્ત કર્યા !!!

સમતાશીલ મુનિશ્રી પાસેથી ધર્મોપદેશ સાંભળી રાજા રાજપત્ની સહિત શુદ્ધભાવે ધર્મારાધના કરવા લાગ્યા;

પરંતુ બાર કલાક નિર્દોષ મુનિને કેદમાં રાખવાથી બાર વર્ષ સુધી પત્નીનો વિયોગ વેઠવો પડયો !

સોળ ઘડી લગી મોરલીએ ઈંડા નહિ સેવવાથી રાણી રૂકમણિના જીવે પૂર્વભવમાં કર્મ બાંધ્યા,

તેનો ઉદયકાળ થતાં સોળ વર્ષ લગી પુત્ર વિયોગ ભોગવવો પડયો !!!

વાહ કર્મ રાજા ! જ્ઞાની વિના તારી કરામતને કોણ કળી શકે ???

મુનિના મુખેથી પૂર્વભવની ઘટના જાણી નળ દમયંતીને સંસાર અસાર સમજાયો,

યુવાન પુત્ર પુષ્કરને રાજ્ય કારભાર સોંપી બંનેએ જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરી

સંસાર કારાગૃહમાં કર્મરાજાએ કેદ કરી અનંતાનંત કષ્ટો આપ્યા એનો સમૂલ નાશ કરવા સતી દમયંતી ઝઝૂમી પડયા !!!

આરાધનાને અંતે સમાધિ મરણે સ્વર્ગે પહોંચ્યા.

ત્યાંની આયુષ્ય સ્થિતિ પૂર્ણ કરી મનુષ્યભવ મેળવી સંપૂર્ણ કર્મોનો અંત કરી મોક્ષે પહોંચ્યા...

આવા ઉત્તમ આત્માઓ સૌને અનુકરણીય બની જાય છે !

નિત્ય નમસ્કાર હોજો એવા મહાન આત્માઓને !!!

ઉપસંહાર

ભારોભાર સદ્‌ગુણોને કારણે સતી દમયંતીએ નારી જગતમાં આદરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે !

સતી દમયંતીનો કેવો ઉચ્ચ ત્યાગ ! કેવો ઉચ્ચ ભાવ ! કેવો ઉચ્ચ સ્વભાવ !!

ઘોર ભયંકર સંકટમાં એક ક્ષણ પણ મન મલિન કર્યું નથી !!!

પળભર પણ પતિત થવા વિચાર્યું નથી !

કેટલી દૃઢતાથી યુક્તિઓ કેળવી વિપત્તિઓ સામે સામનો કર્યો !!!

દમયંતીની ધર્મ દૃઢતાએ અપૂર્વ બળ અને દૈવી શક્તિ આપી,

જેથી બધા જ સંકટોનો પાર પામી શક્યા,

પરિણામે ફરી મહારાણી પદ પ્રાપ્ત કર્યું,

મહારાણી બન્યાનું ગૌરવ અનુભવ્યું નહિ પણ સેવિકા જ બની રહ્યા એ કેટલો નમ્રભાવ !!!

સેવા ધર્મનો અનોપમ ચમત્કાર છે. સેવાથી જીવન પવિત્ર બની ફૂલ જેમ ખીલી ઊઠે છે. દમયંતીના જીવનમાં પતિ પ્રત્યે અપૂર્વ નિષ્ઠા દેખા દે છે.

રાજા નળ જંગલમાં અસહાય અવસ્થામાં છોડી ચાલ્યા ગયા !

તો પણ સામાન્ય નારીની જેમ પતિદેવ પ્રત્યે કોઈ કચપચ નહિ, કોઈ

ફરિયાદ નહિં !!

એ તો પતિના પ્રેમનું જ પ્રતિબિંબ જોઈ રહી'તી.


સતી દમયંતીનો એ આદર્શ કેટલો ઈચ્છનીય અને મનનીય રહેલો છે !

નળ દમયંતીના જીવનનું કોઈ પણ યુગના દંપતી અનુકરણ કરશે

એમનું ગૃહસ્થ જીવન સ્વર્ગમય બની જશે અને પરલોકમાં પણ કલ્યાણના

ભાગી બનશે..

અનેકવાર બોલો સતી દમયંતીની જય !!!



ચૌદમે પુષ્પચૂલા

પ્રવેશ

માનવજીવનની મહત્તા સંવત જન્મ તારીખ તિથિ કે વાર પર નહિ જીવનકાર્યો પર નિર્ભર હોય છે !

સંવત કે જન્મ તારીખ નહિ છતાં મહાન આત્માઓની જીવન મહત્તા જેમની તેમ અક્ષય રહે છે,

એટલું જ નહિ પણ એ મહાન આત્માઓને યાદ કરીએ ત્યારે તેમની સાત્ત્વિક પ્રતિભાનો પ્રસંગ ખડો થઈ જાય છે.

એવો જ બની ગયેલ મહાન સતી પુષ્પચૂલાનો ઐતિહાસિક અનોપમ અહેવાલ !!!

ગંગા નદીના તટ પર પુષ્પભદ્રનગરે રાજા પુષ્પકેતુ અને રાણી પુષ્પવતી રહેતા'તા,

સુખમય જીવન પસાર કરતાં રાણી પુષ્પવતીએ પુત્ર પુત્રીને જોડલે જન્મ આપ્યો !

ભાઈ બહેનનો પ્રેમ નસેનસમાં વ્યાપક હતો અનુક્રમે પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામ આપ્યા.

મોટા થતાં બંને સાથે રમે સાથે જમે સાથે ભણે સાથે હરે ફરે તમામ કાર્યો સાથે જ કરે !

વિજળીના બે તારની જેમ યુગલબાળની જીવન જ્યોતિ ચમકી ઊઠી !!

કેટલાક લોકોની એ સમજ હોય છે કે યુગલનો જન્મ થાય છે તેમ મૃત્યુ સાથે જ થાય છે કિંતુ એકાંતે તેમ નથી હોતું.

પુષ્પચૂલ પુષ્પચુલા અભ્યાસ કરી યુવાનીમાં પ્રવેશતાં માતાપિતાને ચિંતા થવા લાગી !

સમાજમાં પ્રચલિત લોક વ્યવહારના વિધિ વિધાનો અનિવાર્ય હોય છે !

વ્યક્તિ સમાજનું અંગ બની રહેવા ચાહે તો એને સમાજની મર્યાદાઓ અંગીકાર કરવી જ પડે...

સમાજમાં રહેલ વ્યક્તિ પોતાને જ સર્વસ્વ ના સમજી લે. વ્યક્તિને એવી

સ્વતંત્રતા મળી જાયતો સમાજ છિન્ન ભિન્ન થઈ જાય, મહારાણી પુષ્પવતી પણ સામાજિક મર્યાદાને સર્વોચ્ચ સમજતા હતા,

માતાએ વિચાર્યું પરઘર શોભાવવા યોગ્ય યુવાન પુત્રી પુષ્પચૂલાનો વિવાહ થઈ જવો જોઈએ,

યુવાન પુત્રીને બાપની સાથે પણ એકાંતમાં વાસ કરવો વાત કરવી ઉચિત નથી, ભાઈ બહેનનો સંબંધ હાલે અંકુર રૂપે છે આગળ વૃક્ષરૂપે બની જતાં વાળવા બહુ મુશ્કેલ થશે,

બચપણની વાત જુદી હતી. હવે તો યુવાન થઈ ગયા. બંનેને સાથે બેસવું ઊઠવું સમાજની આંખે યોગ્ય નથી.

જો કે એમના દિલમાં કોઈ અશુદ્ધ ભાવ નથી. જન્મથી પ્રાપ્ત સ્વતંત્રતાનો ઉપભોગ કરતા આવ્યા છે.

પુષ્પચૂલ પુષ્પચૂલા બંને એક બીજા સિવાય અવર કોઈની ચાહના રાખ્યા વિના વાસના રહિત રહેતા'તા.

જનમ જનમના સંસ્કારો

કામવાસના જીતવી દુષ્કર છે. કોઈ કહે અજેય છે પરંતુ ભારતનો ઈતિહાસ એ ભ્રમને દૂર કરી દે છે !!!

આ દેશમાં અનેક વીરપુરુષો વીરાંગનાઓએ આજીવન અખંડ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું છે,

પોતાની આત્મશક્તિથી કામવાસનાને બ્રહ્મચર્યના અસાધારણ તેજથી જીતી વિશ્વવિખ્યાત બની ગયા છે.

એ કામવિજેતા મહાન આત્માઓની સૂચિ કરવા જાય તો સિર્ફ જૈન પરંપરામાં જ હજારો નામો મળી શકે !

કામવાસના આત્મા માટે સ્વાભાવિક નહિ પણ આત્માની અશુધ્ધ અવસ્થાનું પ્રતીક છે.

કામવિકારને વશ થઈ જવું એટલે આત્મસ્વભાવથી વિમુખ રહેવું !

આત્માના અસલી સ્વરૂપમાં આવવું એ જ વિકાર પર વિજય કર્યો કહેવાય !

બાહ્યપ્રભાવમાં સહેજ પણ નહિ ખેંચાતા પોતાના આત્મ સ્વભાવમાં રહેવું એ

નિર્વિકારી દશા હોય છે !

નિર્વિકારી દશા ઐહિક સાધનાએ ઓર પૂર્વજન્મના સંસ્કારે પ્રાપ્ત થાય છે.

અનેક મહાપુરુષો આ જન્મમાં તપ સંયમની સાધનાએ વિકારી ભાવોને જીતે છે.

તો કેટલાક આત્માઓ પૂર્વજન્મમાં જ મોટા ભાગની સાધના કરી આવ્યા હોય છે,

એટલે જનમથી જ વિકારવિજયી હોય છે જેમ કે અરિષ્ટનેમિ ગજસુકુમાર અતિમુક્તકુમાર વગેરે...

શાશ્વત એવા આત્માને હૃદયસ્પર્શી રીતે ઓળખવા આવશ્યકતા રહેલી છે.

પૂર્વ સંસ્કારોની ઉપાર્જેલ ધર્મમૂડી આત્મા સાથે લઈ આવે છે.

વળી અહીં કરેલ ધર્મ આરાધના આગામી જન્મને તેજસ્વી બનાવે છે !

હાં... તો પુષ્પચૂલ પુષ્પચૂલાના પૂર્વ અભ્યાસથી પરમ પવિત્રતાના નિર્વિકારી સંબંધમાં કોઈનેય સંદેહ નો'તો...

અસહાયકને સહાય કરવામાં દર્દીઓની સેવા કરવામાં દુઃખિયોના દુઃખમાં ભાગ લેવામાં પોતાના સુખોની પરવા કર્યા વિના ભાઈ બહેન બંને નિર્દોષ નિરભિમાન અને નિસ્વાર્થ ભાવે સેવા કરતા ઘણા લોકોમાં પ્રશંસનીય બન્યા !

આજે દેશમાં અપરાધોની અભિવૃદ્ધિ અને અશાંતિની આગ ભભૂકી રહી છે.

બધી જ દુર્દશાનું મુખ્યકારણ વાસના અને લાલસાનું અનિયંત્રણ જ રહેલ છે.

મનુષ્યો વાસના પર નિયંત્રણ નહિ મૂકે ત્યાં લગી સામ્યવાદ કે સમાજવાદ અથવા કોઈપણ વાદ વિશ્વમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકશે નહિ એક સિર્ફ સંયમવાદ જ વિશ્વશાંતિનો ઉપાય છે !

પુષ્પચૂલ પુષ્પચૂલા રાજવંશમાં જન્મેલા સહજતાથી પ્રાપ્ત થયેલ રાજવૈભવની પ્રચુર સામગ્રી છતાં ક્ષણમાત્ર ભોગ ઉપભોગની ઈચ્છા વાંચ્છા વિના જળકમળ જેમ નિર્લેપ જીવન જીવી રહ્યા'તા !

રાજા પુષ્પકેતુએ બંને યુવાન બાળકોને જોઈ વિચાર્યું

લગ્નને કારણે બહેન ભાઈ જુદા પડશે તો એક બીજાના વિયોગે શૂન્ય બની જઈ મૃત્યુ પામશે.

મારાથી પણ તેઓનો વિયોગ સહી શકાશે નહિ એના કરતાં તેમના પરસ્પર લગ્ન કરવા યોગ્ય જણાય છે.

જ્યારે મહારાણી પુષ્પવતીના એ વિચારો કે ભગવાન ઋષભદેવના વખતથી જે વિધિ ચાલુ છે કે સ્વગોત્રી સાથે સગપણ અને લગ્ન કરવા નહિ એ સમાજના નિયમને અનુસરવું જોઈએ.

પ્રિયે ! પુષ્પચૂલ પુષ્પચૂલા અન્ય કોઈની સાથે સંબંધ જોડવા તૈયાર ના હોય તો આપણે દબાણ કરવું યોગ્ય નથી.

નાથ ! યુવાની દીવાની હોય છે. ચંચળ મન પલપલમાં પલટાતું રહે છે એની સ્થિરતા પર ભરોંસો રાખી શકાય નહિ.

પ્રિયે ! સમાજની પરંપરા ખાતર એમના વિચારોમાં હું બાધક નહિ બનું.

પિતાજી પુષ્પકેતુએ પુત્ર પુત્રી બંનેના વિવાહ બાબતમાં વિચારો જાણવા પૂછયું.

અરે પિતાજી ! કુદરતે અમારી સમસ્યા ઉકેલી દીધી છે સાથે જન્મ થવાથી અમે સહેજે જ સાથી બની ગયા છીએ.

રાજા પુષ્પકેતુએ બહેન ભાઈનો પરસ્પર વિવાહ કરી નાખ્યો....

ભાઈ બહેને લગ્ન કર્યા પણ કાયમ નિર્મળ સુવિશુદ્ધ બ્રહ્મચારી રહ્યા. કદી મનથીયે વિકારવૃત્તિ જાગી નો'તી !!!

લોકવિરુદ્ધ કર્તવ્યથી રાણી પુષ્વવતીને બહુ ખેદ થયો !

દુનિયામાં પ્રતિકૂળ નિમિત્તો મળતાં આસક્ત ભાવો છૂટી જઈ જીવન વિરક્ત બની જાયછે

રાણી પુષ્પવતી પણ વૈરાગ્ય ભાવે સંયમી બની મહાવ્રતની આરાધના સાથે તીવ્ર તપ તપવા લાગ્યા !!!

રત્નત્રયીની સુંદર આરાધનાએ અંતે અનશન આદરી સમાધિભાવે કાળ કરી સાધ્વી પુષ્પવતી સ્વર્ગે ગયા..

નિસ્પૃહતા

કાળક્રમે રાજા પુષ્પ કેતુ મૃત્યુ પામવાથી રાજ્યનો કારભાર પુષ્પચૂલ પર આવી ગયો.

રાજા પુષ્પચૂલ રાજ્ય લિપ્સારહિત કર્તવ્યપરાયણ બની ફરજ બજાવી રહ્યા'તા.

પુષ્પવતીનો જીવ દેવભવમાં એકદા અવધિજ્ઞાનથી પોતાના પુત્ર પુત્રીનો અઘટિત સંબંધ જોઈ તેને નિવારવા રાતે ઊંઘમાં સૂતેલ પુષ્પચૂલાને સાતે નરકના નારકીના ભયાનક દુઃખભર્યા દૃશ્યો બતાવ્યા.

પુષ્પચૂલા ભયભીત થઈ જાગી. પતિ પુષ્પચૂલ પાસે છેદન ભેદન તાડન તર્જન આદિ નારકીની ભયંકર વેદનાની વાતો કહી.

જવાબમાં પુષ્પચૂલે કહ્યું સ્વપ્ન થોડા જ સાચા હોય ભૂલી જાઓ એ વાતને !

પુષ્પચૂલા જન્મથી જ સંયમશીલ સાદું જીવન તેમજ અનાસક્તિની મૂર્તિ હતા !

કિન્તુ આજે તો ખાવાપીવાની પરવાહ વિના ગંભીર હાલતમાં જીવન બેસ્વાદ બની ગયેલું !!

બીજી રાતે દેવે બારે દેવલોકના વૈભવસુખોના અનેકજાતના દૃશ્યો દેખાડયા !

પુષ્પચૂલા આનંદિત થઈ જાગી રાતે પતિ પાસે બધી વાત કહી સંભળાવી.

પ્રભાતે જ્યોતિષીને બોલાવી સ્વપ્નના અર્થ જાણવા રાજા પુષ્પચૂલે પૂછયું પરંતુ સંતોષકારક જવાબ મળ્યો નહિ.

રાજાએ અનુક્રમે બધા જ ધર્મના ધર્મગુરુઓને બોલાવી સ્વપ્નની વાતને જાણવા પ્રયત્ન કર્યો.

બધાના ધર્મગુરુઓએ પોતાની માન્યતાનુસાર ઉત્તરો આપ્યા પણ સંતોષ થયો નહિ.

છેલ્લે અન્નિકાપુત્ર જૈનાચાર્ય પાસે પ્રશ્ન પૂછયો અને સંતોષકારક જવાબ મળ્યો.

પહેલી ત્રણ નરકમાં પરમાધામીકૃત, વેદના અન્યોન્યકૃત વેદના અને દશ પ્રકારની ક્ષેત્રવેદના હોય છે.

ચોથીથી સાતમી નરક સુધા અન્યોન્યકૃત વેદના અને દશ પ્રકારની ક્ષેત્રવેદના હોય છે.

પુષ્પચૂલાએ વંદન કરી પ્રશ્ન કર્યો પૂ ગુરુદેવ ! કયા કર્મથી જીવો નરકગતિનું આયુષ્ય બાંધે છે ?

છકાય જીવોનો મહારંભ કરવાથી , નવ પ્રકારના પરિગ્રહ પર અત્યંત મૂર્છા રાખવાથી કૂણા માસ માદરા ખાવાથી પંચેંદ્રિય જીવોનો ઘાત કરવાથી આ ચાર

કારણે જીવો નરકગતિનો બંધ પાડે....

પૂ. ગુરુદેવ ! કયા કાર્યથી જીવો દેવગતિનું આયુષ્ય બાંધે છે ?

શ્રાવકના બારવ્રત શુદ્ધ પાળવાથી, સાધુના પાંચ મહાવ્રત પાળવાથી, બાળભાવે તપ કરવાથી મન વિના સમતાભાવે કષ્ટો ભોગવવાથી આ ચાર કારણે જીવો દેવગતિનો બંધ પાડે...

પુષ્પચૂલ રાજાએ પૂછયું, આપ આ બધું શા પરથી કહી રહ્યા છો ?

પૂ. અન્નિકાચાર્યે કહ્યું શ્રી જિનેશ્વર ભગવાનના ભાંખેલા આગમના આધારે કહી શકું છું !

વિરક્ત વૃત્તિ

વૈરાગી પુષ્પચૂલાએ આત્મકલ્યાણ કરવા સંયમ માર્ગ પર જવા નિશ્ચય કરી લીધો !!!

અત્યંત રાગને કારણે ભાઈ પુષ્પચૂલ સંયમની આજ્ઞા આપવા તૈયાર થતા નથી.

પુષ્પચૂલ કહે બહેન ! તમે નારી શક્તિનો અવતાર છો. તમારા સંકલ્પમાં સુમેરુ જેવી અચલતા હોઈ શકે !

તમે જે ઈચ્છશો તે કાર્ય પૂર્ણ કરી દમ લેશો પરંતુ તમારો વિરહ મારાથી કેમ સહી શકાશે ?

વિયોગની કલ્પના માત્રથી મારું કલેજું કંપી ઊઠે છે !

તમે જાણો છો આ વિશાળ વિશ્વમાં કોઈ નથી જેને મારા કહી શકું !!!

માતા પિતા તો ચાલ્યા ગયા. મેં તમારામાં જ સંતોષ માની લીધેલ !

આજ તમે પણ તજી જવા તૈયાર થયા છો હવે હું કોના સહારે જીવન પસાર કરીશ ?

ભાઈની વાત સાંભળી પુષ્પચૂલાનું હૃદય એકવાર ભીંજાઈ ગયું પરંતુ બીજી જ પળે સાવધાન બની કહ્યું,

ભાઈ ! આ બધા મોહનીયકર્મના તમાશા છે ક્યારેક પણ એક બીજાનો વિયોગ સહન કરવો જ પડશે.

જન્મ ન પામ્યો સાથકો, સાથ ન મરશે કોય,
દુઃખ વેચાઉ કોઈ નહીં, ક્ષણભંગુર સહુ લોય.

એ જગતનો નિયમ છે માટે જ્ઞાનીના ચિંધેલા રાહ પર ચાલવા દો !
મારી જીવન નૈયા સંસારના કામભોગના કીચડમાં ફસાઈ જશે તો ભાવિ સંકટમય બની જશે !
માટે સમયે સાવધાન થવામાં આપ સહાયક બની સંયમની અનુજ્ઞા આપો.
પુષ્પચૂલ ભાઈ કહે ખુશીથી અનુજ્ઞા આપું પણ એક શરત કે અહીંથી કદી વિહાર કરવો નહીં.
તમારું મનોબળ પ્રબળ છે. હું તમારા સંયમમાં બિલકુલ બાધક બનીશ નહિ,
જ્યારે જ્યારે તમારી યાદ આવશે ત્યારે ત્યારે આપના દર્શન કરી હૃદયના ઊભરાને શાંત કરીશ,
તો ચાલો આપણે મહાસતીજીઓ સાથે વયોવૃદ્ધ પૂ. ગુરુદેવ અન્નિકાચાર્ય પાસે વિનંતિ કરીએ...
પૂ. ગૂરુજી પાસે જઈ વંદન કરી કહ્યું ઓ પૂ. ગુરુદેવ ! મારા બહેન પુષ્પચૂલા સંયમ લેવા તત્પર બન્યા છે !!!
પરંતુ મારી એક વિનંતિ છે કે પુષ્પચૂલાજી સંયમ લઈ અહીં જ બિરાજે જેથી મને દર્શનનો લાભ મળતો રહે !!!
જો આપ આ વાત માન્ય રાખો તો સંયમ લેવા અનુમતિ આપું !!!
જ્ઞાની ગુરુજીએ લાભનું કારણ જાણી અપવાદરૂપે સંમતિ આપી.

સંયમ સાધના

રાજા પુષ્પચૂલે વિશુદ્ધભાવે અનુજ્ઞા આપતાં પુષ્પચૂલા જૈન સાધ્વી બની ગયા !!!
સૂર્ય ઉદય પામી અસ્ત થઈ જાય ! ફૂલ ખીલી કરમાઈ જાય ! જન્મ લે તે મૃત્યુ પામી જાય !
આવવું જવું અનાદિ કાલથી ચાલી રહ્યું છે કિન્તુ ધન્ય છે તે નરનારીઓને
જે આત્મસ્વરૂપ પ્રગટ કરવા મોક્ષ માર્ગ પર ચાલતા પાછા પડ્યા વિના આગેકૂચ કરી રહ્યા હોય છે !!!
સાધ્વી પુષ્પચૂલાએ સંયમ સ્વીકારી સંવર ધર્મની આરાધનાના ફળ સ્વરૂપે ઘાતી કર્મોને દૂર કરી નિરાવરણ કેવળજ્ઞાન કેવળદર્શનની જ્યોત જલાવી દીધી !!!

મહાસતી ભગવતી પુષ્પચૂલાનો આત્મા નિરંજન નિર્વિકાર વીતરાગી સર્વજ્ઞ સર્વદર્શી બની ગયો !!!

ભગવતી પુષ્પચૂલાજી કેવળી બની ગયાનો ખ્યાલ છદ્મસ્થ આત્માને તો ક્યાંથી આવી શકે ?

કેવલજ્ઞાનના યોગે સર્વજ્ઞ બનેલા શ્રી પુષ્પચૂલાજી વયોવૃદ્ધ પૂ. ગુરુદેવને અનુકૂળ નિર્દોષ ગૌચરી વહોરી આપવા લાગ્યા !

એકદા પૂ. ગુરુદેવે કહ્યું અરે પુષ્પચુલાજી ! વરસાદમાં ગૌચરી કેમ લાવ્યા છો ? એથી કેટલાય પાણીના જીવોની વિરાધના થાય આવું તમારે કરવું જોઈએ નહિ !

સિદ્ધાંત વિરુદ્ધ કાર્ય કરવું યોગ્ય નથી એમ ઠપકો આપતાની સાથે પ્રાયશ્ચિત્ત લેવા જણાવ્યું !

એટલે પુષ્પચૂલાજી બોલ્યા પૂ. ગુરુદેવ ! જ્યાં જ્યાં અચેત પાણી હતું ત્યાંથી યતનાપૂર્વક ચાલી છું.

એ રીતે પાણીના જીવોની બિલકુલ વિરાધના કરી નથી.

શું પુષ્પચૂલાજી ! તમે કેવળી બની ગયા છો ??

અહો પૂ. ગુરુદેવ ! આપની જ કૃપાએ !!!

આપે ચારિત્ર પાલનમાં મને પ્રેરણાઓ આપી સાવધાન રાખી છે !

જ્ઞાન દાન આપી મહાન ઉપકાર કર્યો છે. આપે કરેલ સહાયથી મારું ધ્યેય પૂર્ણ થયું છે !!!

શ્રી પષ્પચૂલા પાસેથી આ વાત જાણી પૂ. ગુરુદેવને ખૂબ જ આનંદ થયો !!!

કવળી પુષ્પચૂલા પાસેથી આહાર પાણી આદિ લેતાં અને ઠપકો આપવાથી કેવળીની થયેલ આશાતનાનો પશ્ચાત્તાપ કરતાં અન્તિકાચાર્યે નિર્મળ ભાવે ક્ષમા યાચના કરી !!!

અન્તિકાચાર્યે પોતાના ભવો પૂછતાં પુષ્પચૂલાએ કહ્યું,

પ્રભુજી ! આપનો આ ચરમભવ છે આ દેહથી જ આપની મુક્તિ છે !

સાશ્ચર્ય બની ગયેલ શ્રી અન્તિકાચાર્યે ફરી પૂછ્યું, મારી આત્મમુક્તિ ક્યારે અને કઈ રીતે ?

અહીંની ગંગાનદી ઊતરતાં વ્યંતરીદેવીનો ઉપસર્ગ થશે ત્યારે પાપનો પશ્ચાત્તાપ કરતાં આપને કેવળજ્ઞાન કેવળદર્શન પ્રગટ થશે !!!

આત્મસ્વરૂપ

સમસ્ત કર્મરહિત શુદ્ધાત્મા પરમબ્રહ્મ જિનોત્તમ પરમગુરુ પરમજ્ઞાન સ્વરૂપ પરમકલ્યાણમય પરમાનંદમય પરમ જ્યોતિર્મય સચ્ચિદાનંદ આનંદઘન ચૈતન્ય અનંત ગુણોનો સાગર આત્મા છે !!!

પ્રત્યેક આત્માનું વાસ્તવિક એજ સ્વરૂપ છે ! પુષ્પચૂલાની જેમ જ્ઞાન ચારિત્રની આરાધના કરી સૌ જીવો પોતાના આત્મસ્વરૂપને પ્રગટ કરી શકે છે..

આ અવસ્થાને પ્રાપ્ત કરવી એ મનુષ્ય જીવનનો પરમ ચરમ પુરુષાર્થ છે.

જ્ઞાની જ્ઞાનની, ધ્યાની ધ્યાનની, યોગી યોગની, તપસ્વી તપની,

મૌની આત્મા મૌનની સાધના કરી રહ્યા હોય છે !!!

એમનું એકમાત્ર લક્ષ શુદ્ધાત્મ તત્ત્વની ઉપલબ્ધિ કરવાનું હોય છે !

સંપૂર્ણ આત્મસ્વરૂપ ઉપલબ્ધ થયા પછી અવશેષ કંઈ જ કરવાનું રહેતું નથી.

ભગવતી પુષ્પચૂલાએ જે ઉદ્દેશે વિશ્વવિભૂતિનો પરિત્યાગ કર્યો હતો તે સિદ્ધ કરી લીધો !!

તેઓશ્રી સિદ્ધ બુદ્ધ અને સર્વ પ્રકારના દુઃખથી મુક્ત થઈ ગયા કે

જે અચલ સુખને ચાહે તે જિનેશ્વર ભગવંતની આજ્ઞામુજબ સંયમી જીવન વિકસાવે...

ઉપસંહાર

જોડલે જન્મેલ ભાઈ બહેન યુવાન વયે પણ નિર્વિકારી પ્રેમે વસી રહેલા જે સૌને પ્રેરણાત્મક બની રહે છે !

રાજસુખમાં નિર્લેપ રહેલા ભાઈ બહેન દુઃખિયોના દુઃખોને દૂર કરવા સદા મગ્ન રહેતા.

એવું સેવામય જીવન આપણે પણ બનાવી દેવું જોઈએ...

ભાઈ બહેનની ઈચ્છા મુજબ પિતાએ લગ્ન કરી આપ્યા પરંતુ જીવનભર મનથી એ વિકાર ભાવ જાગ્યો નહીં !


એવો નિર્વિકારીભાવ આપણે ક્યારે પ્રગટાવીશું ???


પુષ્પચૂલ પૂષ્પચૂલાના લગ્નનો અઘટિત સંબંધ જાણી સ્વર્ગે ગયેલ માતાએ પુષ્પચૂલાને સ્વપ્નમાં નરકના દુઃખો અને સ્વર્ગના સુખો બતાવી સંસારથી વિરક્ત બનાવી દીધી.


તો નરક સ્વર્ગની તત્ત્વદૃષ્ટિએ જીવનદૃષ્ટિ બદલી આ સૃષ્ટિ પર આપણે ગુણસર્જન કરી લઈએ.

સ્વાધ્યાય શક્તિ - ગુરુભક્તિ - સ્યાદ્વાદ યુક્તિથી જિનેશ્વર ઉક્તિએ આરાધના કરી મુક્તિ હાંસલ કરી લીધી.

જિનવાણી જળનું પાન કરો, શ્રી જિનવરજીનું ધ્યાન ધરો !
જિનવાણી જળનું પાન કરો, શ્રી જિનવરજીનું ધ્યાન ધરો !!!
પુણ્ય પાપ પારગામી પ્રકૃષ્ટ પરિણામી સતી પુષ્પચૂલાને પળે પળે પ્રણામ હો !!!







પંદરમે પ્રભાવતી

પ્રવેશ

ભારતની સંસ્કૃતિ અત્યંત પ્રાચીન અને ધર્મપ્રધાન રહેલી છે.
પ્રાચીનતા નવીનતાની કોઈ વિશેષતા નહિ,
પરંતુ જે રીતરશ્મો આપણને વ્યક્તિને કે સમાજને આદર્શ બનાવે તે આદરણીય હોય છે.
ભારતીય સંસ્કૃતિમાં એવી અનેક ખૂબી ભરી વિશેષતાઓ હોવાથી સૌને ગ્રાહ્ય થઈ પડે છે !
પ્રાચીનતમ મહારથીઓની સૂઝથી સમાજ રચના અત્યંત સાવધાનીપૂર્વક સ્વીકારાયેલ છે.
ભારતીય આદર્શ અનુસાર આત્માની પૂર્ણ નિષ્કામ અવસ્થા એ આત્મવિકાસની પરાકાષ્ટા છે.
પણ એ અવસ્થા સૌને એકાએક પ્રાપ્ત થઈ શકતી નથી.
અનાદિકાળથી વાસનાની છાયામાં આત્મા મલિન બની ગયેલ છે !
જામ થયેલ વાસનાને વિખેરવા અભ્યાસ કરવો જરૂરી છે,
માનવ જાતિમાં કામવાસનાને સીમિત કરવા વિવાહ વ્યવસ્થા રહેલ છે.
કોઈ લોકો વિવાહ મર્યાદાને તોડી વાસનાના ગુલામ બની જીવનને બરબાદ બનાવી રહ્યા હોય છે.
ભારતીય વિવાહ વાસ્તવમાં ભોગને સીમિત કરવા એક સીડીરૂપે રહેલ છે !
અને તે ધર્મ આરાધનાની એક પા પગલી છે !!!
જેમણે પોતાના જીવનને ધર્મમય બનાવેલું એવા સતી પ્રભાવતીનું જીવન આલેખીશું !!
તેણીએ પોતાના જીવનમાં ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જિનાજ્ઞા મુજબ
ઉચ્ચ આદર્શો કેળવી અજબ સમાધિ પ્રાપ્ત કરી,
છેવટે એ ધર્મ આરાધનાએ મહાસતી પ્રભાવતી દેવગતિ પામ્યા !!!
તે દેવ સ્વર્ગલોકથી અહીં આવી પોતાના પતિદેવને સહાયક બન્યા છતાં ભાવિની ઘટના પ્રબળ હોય છે.

આ કથામાં સતી પ્રભાવતીની જીવનચર્યા અદ્‌ભુત બોધપાઠ આપી જાય છે અને ખરેખર મનનીય છે...

શિક્ષા અને સંસ્કાર

વિશાલાના ગણતંત્રના પ્રધાન મહારાજા ચેટકનો પરિચય અગાઉ અપાઈ ગયેલ છે.

ભગવાન મહાવીરના પરમભક્ત પૃથ્વીપતિ ચેટક.

જેઓ અહિંસાના પુજારી નીતિધર્મની રક્ષા કરવામાં સમર્થ વીર પુરુષ હતા !!

જેમનો જીવનસંગ્રામ લોક પ્રસિદ્ધ શાસ્ત્રમાં પણ તેનો ઉલ્લેખ કરાયેલ છે.

મહારાજા શ્રેણિકે પોતાની હૈયાતીમાં પુત્ર કોણિકને યુવરાજ પદ અને વિહલને હાર હાથી આપેલા,

પિતાના મૃત્યુ બાદ સમ્રાટ રાજા કોણિક પત્નીના કહેવાથી વિહલકુમાર પાસેથી હાર હાથી છીનવી લેવા તૈયાર થયા !

ભયભીત થયેલ વિહલકુમાર હાર હાથી લઈ સપરિવારે નાના(દાદા) ચેડારાજાને શરણે ગયા.

રાજા ચેડાના પુત્રી ચેલણા એ રાજા શ્રેણિકના પત્ની હતા,

ચેલણાપુત્ર કોણિકે જાણ્યું કે ભાઈ વિહલ ચેડારાજાને શરણે ગયેલ છે.

એથી કોણિકના ક્રોધનો પારો ચડી ગયો.

અને રાજા ચેટકને દૂત દ્વારા સંદેશો પહોંચાડ્યો કે વિહલકુમાર મને પૂછ્યા વિના રાજ્યના બહુમૂલ્ય દિવ્યરત્ન હાર અને સેચનક હાથી લઈ ગયેલ છે,

તો આપશ્રી બંને રત્નો પાછા મોકલી આપો...

ન્યાયપરાયણ રાજા ચેડાએ પ્રત્યુત્તર પાઠવ્યો કે

શ્રેણિક મહારાજાએ પોતાની હૈયાતીમાં હાર હાથી બંને આપેલા છે,

આપ એ લેવા ઈચ્છો તો ખુશીથી પરંતુ એના બદલે કુમારને રાજ્યનો ભાગ મળવો જોઈએ.

દૂતે ચેડારાજાનો સંદેશો કોણિકને કહી સંભળાવ્યો.

પ્રજ્જ્વલિત થયેલા કોણિકે ચેડા રાજા સમીપે ફરી દૂત મોકલી કહેવડાવ્યું

ભાઈ ભાઈની વાત આપસમાં અમે સમજી લેશું આપને વચ્ચે પંચ બનવાની

કંઈ જરૂરત નથી.
આપ હાર હાથી સહિત વિહલને શીઘ્ર મારી પાસે મોકલી દો,
નહિતર આપ જાણો જ છો કે મગધનું સૈન્ય જબરદસ્તીથી હાર હાથી છીનવી લઈ જશે.
કોણિક અભિમાનના નશામાં ચકચૂર છે એમ ચેટક સમજી ગયા.
રાજા ચેડાએ પોતાના મંડળના રાજાઓની સભા બોલાવી ઘટના જણાવી કે ભાઈ કોણિક હાર હાથી છીનવી લેશે એ ભયથી વિહલકુમાર અહીં આવેલ છે !
વિહલકુમાર મારો દોહિત્ર છે એમ નહિ વિચારતાં માત્ર શરણાગત પ્રત્યે આપણે શું કરવું જોઈએ ?
બધા રાજાઓ એકી અવાજે બોલી ઊઠ્યા અનીતિનો ઉચ્છેદ કરવા તો આપણું ગણરાજ્ય છે,
શરણાગત વિહલકુમારને આશ્રય આપવો રક્ષા કરવી એ આપણું કર્તવ્ય છે.
કર્તવ્યપાલન કરતા જે કોઈ આપત્તિઓ આવશે તેનો સામનો કરીશું.
ગણતંત્ર તરફથી સર્વાનુમતે કરાયેલ નિર્ણય રાજા કોણિકને જણાવી દીધો.
રાજા કોણિકે કાલિ આદિ દશે ભાઈઓને સાથે લઈ મહારાજા ચેટક પર ચઢાઈ કરી.
આ બાજુ રાજા ચેડાએ પણ સૈન્યને સુસજ્જ કરી લીધેલું.
બંને પક્ષે યુદ્ધ થતાં આખરી અંજામે એક કરોડ એંસી લાખ પ્રાણીઓનું ધમસાણ વળી ગયું !!!
એમાંથી સેનાપતિ વરુણનાગનતૂઓ સંથારો કરી પ્રથમ દેવલોકે પહોંચ્યા.
વરુણનાગનતૂઆના મિત્રે એ ભાવના ભાવી કે જે મારા મિત્રને તે મને હોજો.
તે મરી મહાવિદેહે મનુષ્ય થયા.
દશ હજાર યોદ્ધા મૃત્યુ પામી માછલીના ઉદરે ઉત્પન્ન થયા બાકી બધા નરકે ગયા,
કાલિ આદિ દશે ભાઈઓ મૃત્યુ પામી ચોથી નરકે ગયા ત્યાંથી નીકળી મનુષ્ય જન્મ પામી મોક્ષે જશે !!!

પોતાનું સૈન્ય પરાજિત થતા કોણિકે અઠમ તપ કર્યું અને પૂર્વમિત્ર શક્રેન્દ્ર ચમરેંદ્ર સહાય કરવા આવ્યા,

હારી જતાં ચેડા મહારાજાએ સંથારો કરી કૂવામાં પડતું મૂક્યું !

ત્યાં ભવનપતિ જાતિના ધરણેંદ્ર આવી રાજાચેડાને પોતાના ભવનમાં લઈ ગયા !

પંદર દિવસના અનશને અવસાન પામી ચેટક આઠમા દેવલોકે પહોંચ્યા !!!

સેચનક હાથી મરી પ્રથમ નરકે ગયો ! હાર દેવ લઈ ગયા !!!

રાજા કોણિક હાથ ઘસતો વિલે મુખે પાછો વળ્યો...

મહારાજા ચેટક ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા કિન્તુ અનીતિનો પ્રતિકાર કરવા ફરજ બજાવી હતી...

ભગવાન મહાવીરના શ્રીમુખેથી ધર્મોપદેશ સાંભળતાં ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજનાર હતા !

એ કારણે એમની સંતતિ પણ નિષ્ઠાવાન હતી...

તેમના સાતે પુત્રીઓના જીવન અત્યંત નિર્મળ અને આદર્શ હોવાથી નારી સમાજ માટે બહુ ઉપયોગી રહેલ છે.

તેમાંના પુત્રી પ્રભાવતીનું જીવન વૃતાંત અહીં બતાવીશું.

મહારાજા ચેટકે પોતાની સાતે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ કરાવ્યો'તો, જેથી આચાર વિચારની પ્રધાનતા જોવા મળતી !

માત્ર જ્ઞાનનો જ વિકાસ નહિ પણ જીવનનો વિકાસ એ અનિવાર્ય અંગ ગણાય છે !!!

આ પ્રકારનું સર્વાંગી શિક્ષણ મળેલું હોવાથી પ્રભાવતીનું જીવન,

નારી ઉચિત સર્વ સદ્‌ગુણોથી સંપન્ન શીલવાન ધર્મમાં રુચિ રાખનાર કરુણાશીલ હતું,

એ રીતે ભાવિ જીવનનું ઘડતર કરતી બાલ્યકાળ વિતાવી રહી હતી....

પોતાના સંતાનોને સદગુણો અને સુસંસ્કારો દ્વારા સત્‌શિક્ષાએ આગળ લઈ જવા જરૂરી છે.

સુંદર બગીચો બનાવવા પુષ્કળ પરિશ્રમો વેઠવા પડે તો બાળકોનું જીવન ઘડતર

કરવા કેટલા પરિશ્રમો કરવા જોઈએ ?

યાદ રાખો કે બચપણના સંસ્કારો જીવનના અંત લગી ચાલુ રહેશે...

કયા વડીલો ના ઈચ્છે કે અમારા બાળકો ભાવિમાં આદર સત્કાર પ્રાપ્ત કરે ?

કયા વડીલો ના ચાહે કે અમારા સંતાનો અમારા કુળમાં ચાર ચાંદ લગાવે ?

કયો સદ્‌ભાગી આશા ના રાખે કે સંતાનોની કારકિર્દીએ અમારી યશકીર્તિ બઢે ?

પોતાના કુળ અને પૂર્વજોની પ્રતિષ્ઠા વધારે એવા શુભેચ્છક રાજા ચેડાના સુપુત્રીઓએ જૈનશાસનમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું.

આજે અઢી હજાર ઝાઝેરા વર્ષો વીતી ગયા છતાં ઈતિહાસના પાને તેમના જ્વલંત ઉદાહરણો ઝળકી રહ્યા છે !!!

વિવાહ

જીવન અને જગત પરિવર્તનશીલ છે ! નદીના નીરની જેમ પળપળમાં ઉમ્ર પસાર થઈ રહી છે !

નૈસર્ગિક નિયમાનુસાર પુત્રી પ્રભાવતીએ યુવાવસ્થામાં પ્રવેશ કર્યો જાણી, માતાએ રાજા ચેડાને વાત જણાવી.

મહારાજા ચેડાએ કહ્યું એ વાત મારા ધ્યાન બહાર નથી હું પણ યોગ્ય વરની ખોજમાં જ છું !

મહારાણી કહે વારુ બહુ સારું !!!

ચેડા મહારાજા બોલ્યા - પ્રભાવતી ધર્મપ્રિય પુત્રી છે.

એ એવા પરિવારમાં સુખ પામી શકે કે જ્યાં ધર્મમય વાયુમંડલ હોય !

રગડા ઝઘડા કલેશ કદાગ્રહની ઝંઝટ બિલકુલ ના હોય. વાત્સલ્યના ઝરણા સદાય વહેતા હોય !!!

વિચાર કરતાં કરતાં રાજા ચેડાનું ધ્યાન સિંધુ સૌવીર દેશના રાજા ઉદાયન તરફ આકર્ષાયું !

પુત્રી પ્રભાવતીની જેમ રાજા ઉદાયન પણ ધર્મનિષ્ઠ રાજા હતા.

વળી રાજા ઉદાયન પ્રભુ મહાવીરના પરમ ભક્ત હતા.

ઉદાયનની સાથે પુત્રી પ્રભાવતીનો વિવાહ થતાં બંનેના જીવનનો શાંતિપૂર્વક

પસાર થશે,
વિશાળા નગરીથી સિંધુ સૌવીર દેશ બહુ દૂર છતાં પુત્રીના સુખને જ પ્રધાનતા આપવી જોઈએ,
વાસ્તવમાં કન્યા માટે વર પક્ષની તપાસ કરતાં કેટલી સાવધાની રાખવી જોઈએ !
વિવાહ જિંદગીભરનો સંબંધ છે એકવાર સંબંધ જોડાયા પછી ફેરફાર થઈ શકે નહિ "ખાનદાનીના ખેલ છે"...
રાજા ઉદાયન ન્યાયપ્રિય પ્રજાપ્રિય ધર્મપ્રિય નવયુવાન રાજા હતા !
રાજા ચેડાને બધી જ રીતે બહુ પસંદ પડી જવાથી હોંશિયાર દૂતને વીતીભય નગર તરફ મોકલ્યો,
દૂતે રાજા ઉદાયનને આગમનનું કારણ જણાવ્યું કે ચેટક રાજાએ આપને સંદેશો પાઠવ્યો છે.
આપશ્રીને યોગ્ય મારી પુત્રી રાજકુમારી પ્રભાવતીને અંગીકાર કરી મારા પર ઉપકાર કરો.
રાજા ઉદાયન રાજા ચેટકના સારી રીતે પરિચિત હતા,
મોટા મોટા રાજાઓ સાથે રાજા ચેડાના સંબંધો હતા.
એમની સાથે સંબંધ સ્થાપવામાં કોઈપણ રાજા પોતાને ભાગ્યશાળી સમજતા'તા સિવાય તેમની બધી કન્યાઓ ઉચ્ચ સંસ્કારો તેમજ દિવ્ય ગુણોથી પ્રખ્યાત હતી !!
આજુબાજુના વિચારો કરતાં રાજા ઉદાયને પ્રભાવતીની પ્રાપ્તિમાં પોતાનું અહોભાગ્ય માન્યું !!!
આવેલા દૂતને મહારાજા ઉદાયને જવાબ આપ્યો કે
યોગ્ય તેમજ કુશળ જીવન સહચારિણી પ્રદાન કરી ચેડારાજાએ મારા પર મહાન ઉપકાર કર્યો છે,
તમે મહારાજા ચેડાને કહેજો કે હું એમનો કૃતજ્ઞ છું !!!
મહારાજા ઉદાયને અત્યંત સન્માન સાથે દૂતને વિદાય આપી.
દૂતે વિશાળા નગરીએ પહોંચી મહારાજા ચેટકને બધા સમાચાર સંભળાવ્યા,

વિશાળા નગરીમાં રાજકુમારી પ્રભાવતીના વેવિશાળની વાત ફેલાઈ ગઈ !
રાજા અને પ્રજાને બહુ હર્ષ થયો ! કુમારી પ્રભાવતી પણ એ સંબંધથી સંતુષ્ટ અને પ્રસન્ન હતી !!!
બહુ ધામધૂમથી પ્રભાવતીના વિવાહની તૈયારીઓ થવા લાગી.

લગ્નોત્સવ અને વસમી વિદાય

લગ્ન દિવસે રાજા ઉદાયન વરરાજા રૂપે મોટા મોટા મહારાજાઓ પ્રધાનો પંડિતો અધિકારીઓ સંબંધીજનો સાથે જાન લઈ મહાન આડંબરે વિશાળા નગરીએ આવી પહોંચ્યા.
સારી યે નગરીમાં અત્યંત ઉત્સાહ અને ઉમંગભર્યું વાતાવરણ પ્રસરી રહ્યું હતું !
એ વખતે વિશાળા નગરીના રાજા અને પ્રજા વચ્ચે પૂરા સહયોગની ભાવના દેખા દે રહી'તી !!!
એ વખતના રાજા પોતાની પ્રજાને સંતાન સમાન સમજતા'તા !!!
પ્રજાની સુખશાંતિ ખાતર પોતાની સમસ્ત શક્તિ ખર્ચી દેતા'તા !!!
પ્રજાની સેવામાં જ પરમ કર્તવ્ય માનતા'તા !!!
વાસ્તવમાં પ્રજાના સુખમાં જ પોતાનું મહત્ત્વ અને શાસનની સફળતા સમજતા'તા !!!
એવા મહારાજાને પ્રજા અંતઃકરણથી ચાહતી'તી !
આમ પરસ્પર રાજા પ્રત્યે પ્રજાના દિલમાં પૂર્ણ શ્રદ્ધા અને અતૂટ ભક્તિભાવ હતા !!
એમાંય વળી અનુકંપાશીલ ચેટક તા એક અનોખા રાજા હતા !
તેઓ પ્રજાના દિલમાં આસન જમાવી એકાકાર બની ગયા'તા !!!
ઉદાર દિલના ચેટકરાજા પ્રજાને પોતાનો જ પરિવાર માનતા'તા !!!
એથી જ પ્રભાવતીનો વિવાહ મહોત્સવ સંપૂર્ણ નગરીનો મંગલ મહોત્સવ બની ગયો !!
સારીયે નગરી ધ્વજા પતાકાઓથી સુશોભિત બની ગયેલી !
મંગલ ગીતો ઓર મંગલ વાજિંત્રોના સુરીલા ધ્વનીઓએ આનંદમય વાતાવરણ

ગુંજતું કરી દીધું !!!

આબાલ વૃદ્ધ ગરીબ તવંગર સૌના હૈયા આનંદના ઝૂલે ઝૂલવા લાગ્યા !

એવું જણાઈ રહ્યું'તું જાણે આખીયે નગરીમાં કોઈ મોટો મહોત્સવ હોય નહિ !

પ્રત્યેક નાગરિકના મુખ પર પ્રસન્નતાના પૂરો ઊમટી રહ્યા'તા !!!

પ્રજાજનોની સાથે રાજા ચેટકે વિવિધ સામગ્રીઓ દ્વારા ઉમળકાભેર જાનનું સામૈયું કર્યું !!!

સન્માનભેર લગ્નવિધિ પૂર્ણ થતાં પુત્રી પ્રભાવતીને વિદાય આપવાનો સમય આવી ગયો !

વિવાહ બાદ કન્યા વિદાય આપવાનો પ્રસંગ મમતાળુ માતા પિતાના હૃદયને હચમચાવી મૂકે છે !

કારણ જન્મ આપી પાલન પોષણ સંવર્ધન કર્યું એ બેટીનો વિયોગ થતાં કોનું હૈયું હાથમાં રહે ?

પ્રભાવતીના માતા પિતાએ વિનય વિવેક ભરી બહુમૂલ્ય શીખ વડે વસમી વિદાય આપી !!!

આદર્શ ગૃહિણી

સોળ સોળ દેશના રાજા ઉદાયનના પટરાણી બનવા છતાં સતી પ્રભાવતી સાદગીભર્યું જીવન જીવી રહ્યા'તા

ભોગસુખનો ઢેર હોવા છતાં પ્રભાવતીનો ઠીક સમય ધર્મ આરાધનામાં પસાર થઈ રહ્યો'તો !!!

નિયમિત સામાયિકમાં રહી સમભાવની વૃદ્ધિ કરવા વિશેષ અભ્યાસ કરી રહ્યા'તા

ઉદયકાળને મોખરે રાખી સમભાવે રાગદ્વેષ સમાવવા એજ સાચા સુખનો માર્ગ છે !!

લક્ષપૂર્વકનું સામાયિક આપણને સુખશાંતિ તરફ લઈ જાય છે.

જેના અંતઃકરણમાં સમભાવ પ્રગટ્યો હોય તે અનુકૂળ સંયોગોમાં છલકાય નહિ પ્રતિકુળ સંયોગોમાં મુંઝાય નહિ.

હરકોઈ અવસ્થામાં માધ્યસ્થ ભાવે રહી પોતાના ચિત્તને શાંત રાખી

શકે છે !!!

જેના જીવનમાં સમભાવ હોય તે બીજાની નાની મોટી ભૂલ થઈ જતાં અકળાય નહીં.

છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર એમ વિચારી ભૂલને ચગાવે નહિ પરંતુ ફરી ભૂલ ન થવા શાંતિથી સમજાવે.

વળી મહત્ત્વની વાત તો એ કે પોતાનું જીવન કેવું સુખમય પસાર કરતાં હોય છે !

એવી જ રીતે પ્રતિક્રમણ જીવનને સાવધાન બનાવવાની એક કળા છે.

પ્રતિક્રમણથી પોતાની ભૂલોનું સંશોધન કરાય છે,

પ્રતિદિન આત્મનિરીક્ષણ કરતાં ભૂલોને શોધી શોધી પાપોની નિંદા ગર્હા દ્વારા જીવનશુદ્ધિ થાય છે,

પ્રતિક્રમણ કરનારને કોઈ ભૂલ બતાવે તો તેનો ઉપકાર માનશે,

અને કહે શું કરું બહેન ! સાવધાની રાખવા છતાંય ભૂલ થઈ જાય છે !

આગળ જરૂર ધ્યાન રાખીશ તમે ભૂલ બતાવી મારા પર ઉપકાર કર્યો છે.

ખરેખર આવી મહિલાઓ જ્યાં હશે ત્યાં લડાઈ ઝઘડા ઊભરાશે નહિ,

ક્લેશની આગને બદલે શાંતિના વરસાદ વરસશે. વાત્સલ્યની નદી વહેશે.

સુખનું સામ્રાજ્ય સર્જાશે !!!

શ્રીમતી પ્રભાવતીનું આવું પ્રતિભાસંપન્ન જીવન હોવાથી જીવન વ્યવહાર ઝળહળી રહ્યો'તો !

એમની સેવામાં બહુ દાસીઓ ઉપસ્થિત છતાં કટુવચન કહી કદી કોઈના દિલ દુભવ્યાજ નો'તા !

એથી બધી જ દાસીઓ રાણી પ્રભાવતીને દેવી ગણી એમની કહેલી શિક્ષાઓ આદરપૂર્વક ગ્રહણ કરતી હતી !

વડીલો પ્રત્યે ભક્તિ નાના પ્રત્યે વાત્સલ્યભાવ

અને પોતાના સમાન વ્યક્તિ પ્રત્યે મૈત્રી રાખવી એ રાણી પ્રભાવતીનો જીવન મંત્ર બની ગયો'તો...

આ બધા સદ્‌ગુણોને કારણે સતી પ્રભાવતી પતિદેવને અતિપ્રિય બની ગયેલા.

એમના શીલ અને સૌજન્યની સુવાસ દૂર દૂર ફેલાઈ ગઈ હતી !
એથી પ્રભાવતીની કીર્તિ ચોમેર પ્રસરી રહી હતી !!!
તો પણ પ્રભાવતી પોતાની ક્ષતિઓ તરફ જ ધ્યાન આપતા જીવન ઉચ્ચતમ બનાવવા સદા પ્રયત્નશીલ રહેતા !!!
સતી પ્રભાવતીની જેમ સૌની સાથે સરળતાથી હળીમળી રહે તેનું જીવન સફળ બની જાય !!
જે કોઈ મહિલાઓ આદર્શ જીવન જીવવા ચાહતા હોય તેમણે પ્રભાવતીના જીવનનું અધ્યયન મનન કરવું જોઈએ !
તેઓ જે પથ પર ચાલ્યા તે પથ પર ચાલવાથી જીવન ધન્ય ધન્ય બની જશે !!!

પુત્ર પ્રાપ્તિ

સુખમાં સમય નિર્ગમન કરતાં પુણ્યશાળી પ્રભાવતીએ પુત્રરત્નને જન્મ આપ્યો.
રાજકુમારના જન્મથી વીતીભય નગરમાં સર્વત્ર હર્ષોલ્લાસ વ્યાપી રહ્યો !!!
રાજા ઉદાયનના આનંદની સીમા ના રહી !!!
પુણ્યશાળી રાજકુમારના જન્મથી કારાગારમાં રહેલા કેદીઓને મુક્ત કર્યા,
યાચકોને મુક્ત હાથે દાન મંગલગાન તેમજ નૃત્ય વાજિંત્રોથી આનંદ મહોત્સવ મનાવ્યો !
રાજા પ્રજા હર્ષવિભોર બની ગયા ! ખરેખર પુણ્ય પોતાનો પ્રભાવ પ્રગટ કર્યા વિના રહેતું નથી...
નામકરણ વિધિમાં સ્વજન પરિજન સંબંધિજન એકત્ર થયા,
મહારાજા ઉદાયને બધાનું ભોજન વસ્ત્ર વગેરેથી સ્વાગત કરી પુત્રનું અભિચિકુમાર નામ આપ્યું,
આગંતુક મહેમાનોએ નવજાત શિશુને ધીર વીર ગંભીર યશસ્વી દીર્ઘજીવી બનવા આશીર્વાદ વરસાવ્યા.
અભિચિકુમાર દિન પ્રતિદિન બીજના ચંદ્રમાની જેમ ખીલતા,
અનુક્રમે વિવિધ કળાઓનો અભ્યાસ કરી બાળભાવથી મુક્ત થઈ યુવાનીમાં પ્રવેશ કર્યો...

જીવનના સમયો નદીના પુર અને વીજળીના વેગથી પણ શીઘ્ર સરકી રહ્યા હોય છે !!!

ત્યાં ગ્રામાનુગ્રામ વિચરતા ભવ્યાત્માઓને પ્રતિબોધતા શ્રમણ ભગવાન મહાવીર શિષ્યોના પરિવારે વીતીભય નગરની બહાર ઉદ્યાને પધાર્યા.

પ્રભુ આગમનના શુભ સમાચાર ઉદ્યાનપાલકે રાજા ઉદાયનને આપ્યા !

પ્રભુ પધરામણીના સમાચારે ભુખ્યાને ભોજન તરસ્યાને પાણી મળતાં જે આનંદ થાય,

તેથી વિશેષ આનંદ રાજા ઉદાયને અનુભવ્યો !!!

આનંદના ઉભરામાં મહારાજાએ શરીર પર રહેલા તમામ દાગીના વનપાલકને આપી દીધા.

મહારાજા ઉદાયન સપરિવારે ચતુરંગિણી સેના સહિત પ્રભુ દર્શનાર્થે પધાર્યા.

નગરના નરનારીઓનો સમૂહ પણ એજ દિશા તરફ ગયો.

ભગવાન મહાવીરે આવેલ પરિષદને ધર્મોપદેશ સંભળાવ્યો.

પ્રભુ પ્રકાશિત વૈરાગ્ય વાણીએ વિરક્ત બનેલ મહારાજા ઉદાયન સંયમ લેવા સુસજ્જ બન્યા !

પુત્ર અભિચિકુમાર રાજ્યમાં આસક્ત બની જાય તો એના આત્માનું શું થાય ?

એના કરતાં પરિપક્વ બુદ્ધિશાળી ભાણેજ કેશીકુમારને રાજ્ય આપવા યોગ્ય પસંદગી કરી.

ભાણેજ કેશીકુમારને રાજ્ય સોંપી મહામહોત્સવે રાજા ઉદાયન ઉદ્યાન તરફ આવ્યા.

પ્રભુ મહાવીરને પુલકિત હૈયે વંદન નમસ્કાર કરી ઈશાન ખૂણે જઈ અલંકારો ઉતારી પંચમુષ્ઠિ લોચ કર્યો !!!

હંસ લક્ષણવાળા પટાંબરમાં બાલ ઝીલી સતી પ્રભાવતી બોલ્યા,

"જાઈ સદ્ધાએ નિક્ખંતો તમેવ અણુપાલિજજા"- આપ જે શ્રદ્ધાએ સંયમ સ્વીકારો છો,

તેમાં યાવજ્જીવ પ્રયત્નશીલ રહેજો યાવત્ અપ્રમત્તભાવે સંયમનું પાલન કરશો...

ધન્ય આત્મહિતેચ્છુ પત્ની પ્રભાવતીને કે સંયમમાર્ગે જતા પતિદેવને પ્રેરણાત્મક શબ્દોએ પ્રોત્સાહિત કર્યા !!!

સતી પ્રભાવતી આદર્શ જીવન જીવી ધર્મ આરાધનાએ સદ્ગતિ પામ્યા !

મહીમંડળે વિચરતાં વિવિધ તપને પારણે અરસ નિરસ આહાર કરતાં મહામુનિ ઉદાયનના શરીરે કુષ્ટરોગ ઉત્પન્ન થયો !

ઉપચારમાં વૈદે દહીંનું સવિશેષ સેવન કરવા સૂચવેલું.

એકદા મહામુનિ ઉદાયન વીતીભય નગરે પધારતાં રાજા કેશી આનંદિત થયા !!

પરંતુ પૂર્વકર્મના યોગે મલિન બુદ્ધિથી મંત્રીએ ભદ્ર પરિણામી કેશી રાજાને ભરમાવ્યા કે સંયમથી ચલિત થઈ ઉદાયન મુનિ રાજ્ય પાછું લેવા આવ્યા છે, તો કોઈ પણ ઉપાયથી ઉદાયનને અહીંથી પલાયન કરી દેવા જોઈએ !

કેશી રાજાએ મંત્રીનું કહેણ માન્યું નહિ. રાજ્ય એમનું છે અને લઈ લે એમાં મને કંઈ હરકત નથી.

નહીં મહારાજા ! એમ જ રાજ્ય પાછું સોંપવું એ તો કાયરતા કહેવાય એમ વિવિધ યુક્તિથી સમજાવી મંત્રીએ જાહેરાત કરાવી.

મુનિ ઉદાયનને જે કોઈ મારી નાંખશે તેને રાજ્ય તરફથી ઈનામ આપવામાં આવશે.

ગોકુળમાં દહીંની ગવેષણા કરતાં ઉદાયન મુનિને ગોવાળિયાએ ઝેર મિશ્રિત દહીં વહોરાવ્યું !!!

દેવગતિમાં ગયેલ રાણી પ્રભાવતીના જીવે અવધિજ્ઞાનના ઉપયોગે વાત જાણી ઝેર સંહરી લીધું !!!

ત્રણ ત્રણ વાર અપાયેલ ઝેર સંહરી દેવે મુનિને ચેતવણી આપી,

અહો મુનિરાજ ! તમને મારવાના પ્રયાસો ચાલુ છે તમે અહીંથી વિહાર કરી અન્યક્ષેત્રે પધારો !!!

છતાં ભાવિ પ્રબળ હોય છે ! ચોથી વાર ઝેર આપ્યું ત્યારે દેવને કોઈ ઉપયોગ


રહ્યો નહીં,
ઝેર શરીરે વ્યાપતાં મુનિને અસહ્ય વેદના થવા લાગી !
નિર્મોહી ઉદાયન મુનિ સમભાવે શુક્લધ્યાને ચડતાં પરિણામે અષ્ટ કર્મનો ક્ષય કરી,
નિર્વાણ - મોક્ષ પધાર્યા...
ચોથીવાર અપાયેલ ઝેર વખતે બેદરકાર રહી જવા બદલ દેવને ખૂબ જ પશ્ચાત્તાપ થયો પણ ભાવિ પ્રબળ હોય છે.
સતી પ્રભાવતીનો આત્મા અલ્પકાળે સમસ્ત કર્મનો ક્ષય કરી પરમાત્મ દશા પ્રગટાવી,
અનંત અવ્યાબાધ આત્મિક સુખમાં અનંત જ્યોતમાં જ્યોત મિલાવી શાશ્વત સ્થાન મેળવશે !!!


ઉપસંહાર


સતી પ્રભાવતીના જીવનમાંથી શું જાણવા મળે છે ?
એ સમાધાન મહાસતીના જીવનમાં વિહંગાવલોકન કરવાથી થઈ શકશે...
સતી પ્રભાવતીના જીવનમાં દૃષ્ટિ દેતાં એક વાત સ્પષ્ટ સમજાય છે કે
મનુષ્ય ગૃહસ્થાવસ્થામાં રહે કે નિર્ગ્રંથ અવસ્થામાં રહે,
પણ પોતાનું જીવન સ્થાન અનુસાર સદાચાર અને સાવધાનીની સાથે કર્તવ્યશીલ કેળવવું જોઈએ !
શ્રી જિનેશ્વર ભગવાને ગૃહસ્થોને પણ સંઘમાં સ્થાન આપેલ છે.
ભગવાનના ઉપદેશ અનુસાર જીવન વ્યતીત કરે તો આત્મ ઉત્થાનના માર્ગે આગળ જઈ શકે છે...
સતી પ્રભાવતી બાલ્ય વયે એક આદર્શ બાલિકા ! યુવાવયે આદર્શ ગૃહિણી !!
અને ઢળતી વયે આદર્શ ઉપાસિકા બની જીવન સફળ બનાવી ગયા !!!
સંયમ પંથે પ્રયાણ કરતા પતિદેવને નિસ્પૃહભાવે ઉમળકાભેર અનુજ્ઞા આપી નારી જીવનની વીરતા બતાવી છે !!!
વાસ્તવમાં સતી પ્રભાવતીનું સમગ્ર જીવન મહાન રહેલું હતું,
એમના જીવનમાં કોઈ દૈવી ઘટના દિવ્ય ઘટના નહીં બનવા છતાં,

સતીત્વના આદર્શોથી ઓતપ્રોત રહેલ !
એમાં નારી જીવનની પરમ ચરમ સાત્ત્વિકતા દેખાય છે !
સોળ સોળ દેશનો બહોળો વૈભવ કિન્તુ
ઉચ્ચ શ્રેણીની કર્તવ્ય નિષ્ઠા, વળી આદિથી અંત લગી ધર્મ રંગે રંગાયેલ હોવાથી
સતી પ્રભાવતીને સોળ મોટા સતીઓમાં સ્થાન મળેલું. હા... એટલે જ પ્રભાવતી મહાસતી કહેવાયા...

જય જિનેંદ્ર ! જય જિનેંદ્ર !! જય જિનેંદ્ર !!!







સોળમે પદ્માવતી

પ્રારંભ

માનવ શરીર કદલીવૃક્ષ સમાન રહેલ છે,

ફળદ્રુપ ભૂમિમાં માળી ખાતર અને પાણી વડે ખૂબ જ માવજતપૂર્વક કદલીવૃક્ષનો યોગ્ય રીતે ઉછેર કરે,

તો પણ કલમ ઉગાડ્યા વિના કદલીવૃક્ષમાં ફળ આવે નહીં.

કારણ કદલીવૃક્ષની પ્રકૃતિ જ એવી છે કે જેટલીવાર કલમ વાવવામાં આવે તેટલીવાર તેમાં ફળ આવે !!!

કદલીવૃક્ષની જેમ માનવ ભવમાં શાશ્વત સુખો પ્રાપ્ત કરવા,

વ્રત નિયમ તપ ત્યાગ રૂપ કલમ ઉગાડી ધર્મરૂપ વૃક્ષમાં મોક્ષરૂપ ફળ લાવવા જરૂરી છે.

"દેહે દુક્ખં મહાફલં"

જિનાજ્ઞાનું પાલન કરતાં સ્વલ્પ કષ્ટો સહેવાથી અનંત જ્ઞાન-દર્શન રૂપ સિદ્ધિના શિખરો સર કરાય છે.

હાથીના શરીરે જ્યારે તીર બરછી અને ભાલાના ઘાથી લોહીની ધારા વહે છે.

ભૂખ તરસથી કંઠ સુકાય તો પણ શરીરની મમતા છોડી ભયંકર રણક્ષેત્રમાં મેરુની જેમ અડગ રહે છે.

ત્યારે જ મહાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી પૂજાપાત્ર બની શકે છે !!!

સમુદ્રમાં મગર આદિ ભયાનક જંતુઓ મોઢું ફાડી રહ્યા હોય !

પ્રચંડ વાયુના તોફાને પર્વત પ્રમાણ મોટાં મોજાં ઊછળતાં હોય !

અને ઘૂઘવતા સાગરના ઘોર ઘૂઘવાટમાં કાયાની માયા છોડી મરજીવા બની શોધ કરે,

ત્યારે જ મૂલ્યવાન મોતીઓ મેળવી શકે છે !!!

સોનું પ્રાપ્ત કરવા સેંકડો ફૂટ નીચે અંધકારમય નરકકુંડ સમાન પૃથ્વીની અંદર જવું પડે,

જ્યાંની એક જ શિલા લાખો માણસોના ચૂરા કરી નાખે એવા બિહામણા સ્થાનમાં

પ્રાણોની પરવાહ કર્યા વિના પ્રવેશ કરે તેને જ સોનું સાંપડી શકે !!!
સોનું વાસ્તવમાંતો તે માટી જ છે પરંતુ લોકોએ તેનું મૂલ્ય વધારી દીધું છે...
વળી સિદ્ધાંત દૃષ્ટિએ વિચારતાં તે નાશવંત હોવાથી કોઈ કિંમત નથી,
તો પણ તેને મેળવવા લોકો કેટલા સાહસ સાથે કષ્ટો ભોગવવા ઉત્સુક રહેતા હોય છે !!
તો આત્મિક સદ્‌ગુણોની શાશ્વત સંપત્તિને પ્રાપ્ત કરવા કેંક કષ્ટ સહેવા આવશ્યક રહેલ છે...
વિદ્યાભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વર્ષો સુધી પુષ્કળ પરિશ્રમો વેઠે છે !
જ્યારે આત્માના અનંત ગુણો પ્રગટાવવા કષ્ટોના કેટલાય દુર્ગમ પહાડોને ઓળંગવા જરૂરી છે !!!
આત્મ સ્વરૂપના નિર્મળ સરોવરે અવગાહન કરતાં અક્ષય અનંત શાંતિ પામવા વિષય કષાયરૂપ મગરોથી આત્મલક્ષી આત્માએ સાવચેત રહેવું જોઈએ....
ખરેખર ! આત્માના શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિ માટે અગાધ ઉપાયો જારી રાખવા જરૂરી છે !
આર્યાવર્તના ઋષિમુનિઓ મહર્ષિઓ આત્મોપલબ્ધિને જ પરમ પુરુષાર્થ માનતા આવ્યા છે,
મનુષ્ય જીવનની સાર્થકતા પોતે પોતાને પામવામાં જ બતાવી છે !!!
પોતે પોતાની જાતને પિછાણે નહિ તે કદાચ દેવોના ઈંદ્ર હોય - સાર્વભૌમ ચક્રવર્તી હોય કે વિજ્ઞાનવેતા હોય તો પણ પામરની પંક્તિમાં ગણાશે !
પોતાની જાતને જાણનારા અસીમ અનંત અનિર્વચનીય આત્મશક્તિ પ્રગટાવે છે,
તેઓ કદી કોઈથી દબાતા નથી તેમ કોઈને દબાવતા નથી. સદા આત્મભાવમાં જ મસ્ત હોય છે !!!
વળી નિસ્પૃહ ઓર નિર્મળ બની જતાં એ આત્મા માટે દુનિયાની લોભામણી ચીજો ઉપેક્ષણીય બની જાય છે !
નાળિયેર દ્વીપના નિવાસી ધાન્યને જોઈ ન લલચાય, ન ઘૃણા કરે માધ્યસ્થ વૃત્તિમાં રહે છે.

તેમ આત્મજ્ઞાની પણ વિશ્વ વિભૂતિને જોઈ માધ્યસ્થ ભાવ ના અવલંબને હર્ષ કે વિષાદ અનુભવતા નથી.

આત્મજ્ઞાનથી એવી નિર્ભયતા અને અનાસક્ત ભાવ વિકસે છે કે અત્યંત કઠિન પ્રસંગોમાં પણ દુઃખોનો અનુભવ થતો નથી.

સુખ સામગ્રીના અભાવમાં પણ આત્મજ્ઞાનીઓ આત્મિક આનંદનો અનુભવ કરતા હોય છે !!

અહીં જે મહાસતીની જીવન રેખાઓ અંકિત કરવામાં આવશે તે સતી પદ્માવતી એવા આત્મજ્ઞાનીઓમાંના એક નમૂના રૂપ બની ગયા !!!

જેઓ આ જગતમાં જન્મી સોનાના પારણે ઝૂલી આખરે વૈભવ છૂટી જવા છતાંય દિગ્મૂઢ નહિ થતાં એમના ઓજ તેજ અને સાહસ પ્રતિપળે વધતા જ ગયા ! આત્મબળમાં થોડી પણ ન્યૂનતા આવી નહીં !!

સંકટે ઝૂક્યા નહીં, મુસિબતોમાં ચૂક્યા નહીં કિન્તુ બહુ દૃઢતાથી પરિસ્થિતિઓ પર વિજય પ્રાપ્ત કરતાં પાર પામી ગયા !!

સતી પદ્માવતીનું આદર્શ જીવન જનતા માટે હરેક સમયે અત્યંત ઉપયોગી બની જશે...

આદર્શ જીવન

જગતની નથી આદિ તેમ નથી આવવાનો કદી અંત !

સૃષ્ટિનો આ પ્રવાહ અનાદિ કાળથી ચાલ્યો આવે છે અને અનંત કાળ લગી ચાલુ રહેશે.

જગતમાં જીવો જેટલા છે તેટલા જ રહેવાના. ત્રણે કાળમાં વધઘટ થવાના નથી. જીવો ફક્ત સ્વકર્માનુસાર સ્થાન અને રૂપ પલટ કર્યા કરે છે.

કર્મોની કેવી છે કમાલ ! પોતાના આત્મીયજનોને પણ ભૂલી જાય છે. નિકટ ઉત્પન્ન થયા છતાં કોઈ કોઈને ઓળખે નહીં !

જ્યારે કોઈ કોઈ અસાધારણ વ્યક્તિ આવા મહત્ત્વભર્યા કાર્યો કરી પોતાના વ્યક્તિત્વની અદ્‌ભુત છાપ લગાવી જાય છે.

સતી પદ્માવતીનું જીવન કંઈક એવું જ છે. આજથી અઢીહજાર વર્ષ ઝાઝેરા વીતવા છતાં આજે હજારો નરનારીઓ પ્રભાતે એમના નામનું સ્મરણ કરતાં

આનંદ સાથે ધન્યતા અનુભવે છે !

પદ્માવતીના જીવનમાં એવું તે કયું આકર્ષણ હતું કે મરવા છતાં અમર થઈ ગયા !

એમના જીવનની વિશેષતાઓ પ્રગટ કરવા પ્રયત્ન કરવામાં આવે છે.

પદ્માવતી વીરાંગના ઓર રાજવંશી રમણી હતા,

વિશાળા નગરીના પ્રસિદ્ધ રાજા ચેટકના સાત પુત્રીમાંના એક પુત્રી હતા.

રત્નોની ખાણમાં રત્નો જ ઉત્પન્ન થાય,

તેમ સંસ્કાર સંપન્ન ધર્મનિષ્ઠ સદાચારી પરિવારમાં સંતાનો પણ એવા જ ઉત્પન્ન થાય છે.

પદ્માવતીના જીવનમાં કળા કુશળતા વિશિષ્ટ ગુણ સમુદાય તેમજ અસાધારણ શરીર સૌંદર્ય હતું !

ચંપાપુરીના ગુણસંપન્ન રાજા દધિવાહન સાથે પદ્માવતીના રાજશાહી ઠાઠમાઠથી લગ્ન કરાયા,

પદ્માવતી રાજા દધિવાહનને સમર્પણ થઈ સુખચેનથી સમય પસાર કરવા લાગ્યા,

પતિપત્નીનો ઐક્યતાનો ભાવ "દિને-દુગુણા-રાતે ચૌગુણા'ની કહેવત અનુસાર નિરંતર વધતો જતો'તો !!!

ભારત દેશમાં દાંપત્ય સંબંધમાં નહિ અધિકારોની રસાકસી ! નહિ હક્કોની માંગણી !

નહિ એક બીજા વચ્ચે સ્વાર્થ સાધવાની મનોકામના ! કિન્તુ ત્યાગની પ્રધાનતા હોય છે !!

પતિ પત્ની પરસ્પર સમય આવે પોતાની જાતને ન્યોછાવર કરવા તત્પર હોય છે,

એટલું જ નહિ જીવનના વાસ્તવિક વિકાસ દૃષ્ટિએ પણ તેઓ અત્યંત પ્રશસ્ત હોય છે,

ધીમે ધીમે બીજાના સુખ દુઃખને પોતાના જ સુખ દુઃખ સમજવા લાગે છે,

એ રીતે અનુક્રમે પોતાના પરિવાર કે પ્રાણીમાત્ર પ્રત્યે સહાનુભૂતિ સમવેદનાદિ

ઉચ્ચ સંસ્કારોનો પ્રાદુર્ભાવ થાય છે.
"સત્ત્વેષુ મૈત્રીમ્" જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવતાં વિચારશીલ વ્યક્તિઓનું ગૃહસ્થજીવન ધન્ય બની જાય છે.
કેટલાક લોકો બાપ-બેટા ભાઈ ભાઈ સાથે રહેવા સંયુક્ત કુટુંબ-પ્રથા પસંદ કરતા નથી,
પરંતુ વિભક્ત કુટુંબ પ્રથાવાળાના વિચારોમાં સંકીર્ણતા સ્વાર્થ પરાયણતા અને તુચ્છતા પ્રવેશી જાય છે !
જેઓ પુત્ર પિતાને ભાઈ ભાઈને પોતાના નથી સમજતા તેઓ એના સુખ દુઃખને પોતાના ક્યાંથી સમજી શકે ?
પોતાના પરિવાર પ્રત્યે પણ આત્મીયભાવ ન બતાવી શકે તેઓ પડોશી પ્રત્યે સહાનુભૂતિ ક્યાંથી બતાવી શકે ?
વળી તેઓ પ્રાણીમાત્રને પોતાના કઈ રીતે સમજી શકે ?
સ્વાર્થનો ઘોર અંધકાર વ્યાપ્ત હોય ત્યાં ઉદારતા વિશાળતા મૈત્રીભાવ ના દીવડા કઈ રીતે ચમકાવી શકે ?
પશ્ચિમની વિભક્ત પરિવાર પ્રથા, ભારતની સંયુક્ત પરિવાર પ્રથાને પ્રત્યાઘાત પહોંચાડે છે !
ભારતની સંયુક્ત પરિવાર પ્રથા બહુ આનંદદાયક ગૌરવવંતી સંસ્કૃતિ છે.
આદર્શ માનવનું એ કર્તવ્ય છે કે પરિવારને પોતાના માની સૌની સાથે ક્ષીર નીરની જેમ હળી મળી રહે,
એના સુખ દુઃખને પોતાના જ સુખ દુઃખ સમજી નિષ્પક્ષ ભાવે સૌની સાથે વર્તન રાખે,
પક્ષપાતની દુષ્ટ ભાવનાને ચિત્તમાં સ્થાન જ ન આપે તેનું જીવન ધન્યાતિધન્ય !!!
જે પરિવારમાં વ્યક્તિ માત્રની ઉચ્ચ અને ઉદારભાવના કેળવાયેલ હશે તે પરિવાર બધી જ રીતે શ્રેષ્ઠ દેખાશે !
અને એવા પરિવારમાં ધર્મ આરાધનાનો પાયા રૂપ વિકાસ જોવા મળી શકશે...
સંભવ છે કે વ્યક્તિ વ્યક્તિના વિચારોમાં મતભેદ થઈ જાય તો એ અવસરે

સહનશીલતાથી કામ પૂર્ણ કરે.

મિત્રભાવે મતભેદો ટાળવા કોશિષ કરે તેમ છતાં એક મત ન થાય તો કોઈના પર જબરદસ્તી લાદે નહિ.

બંને પોત પોતાના વિચારો રાખે તેમાં કોઈ હઠાગ્રહ બતાવે નહિ.

સતી પદ્માવતી અને રાજા દધિવાહન વચ્ચે મલિનતા ન હોવાથી હૃદયમાં મતભેદને સ્થાન જ નો'તું.

ખરેખર ! દાંપત્ય જીવનમાં તેમજ દેશ કે જાતિ માટે ઉપરના વિચારો અનુસરણીય છે...

દોહદકાળ

દુનિયામાં તદ્દન ગરીબોને પણ પુત્ર પ્રાપ્તિની ઝંખના હોય છે. પુત્ર જન્મ થતાં તેના હર્ષનો પાર રહેતો નથી !

તો સંપત્તિ સંપન્ન લોકોની તો વાત શી કરવી ?

વિપુલ વૈભવસંપન્ન નૃપતિ દધિવાહન જેઓ વિશાળ રાજ્ય પર અનુશાસન ચલાવી રહ્યા'તા.

જેની યૌવન અવસ્થા ! સ્વસ્થ શરીર ! નિશ્ચિંત જીવન ! પદ્માવતી જેવા અનુરાગિણી પત્ની !

તેણીનો અઘરણી પ્રસંગ જાણી દધિવાહનના હર્ષની કોઈ સીમા ના રહી !!!

નિમિત્તાઓને પૂછતાં વીરપુત્ર આગમનની ભવિષ્યવાણી ભાંખી !

રાણી પદ્માવતી ગર્ભરક્ષા કરતા સાવધાની પૂર્વક રહેવા લાગ્યા.

૧. અતિ ખાટા મીઠા ! તમતમતા બહુ મસાલાવાળા ભોજનનો ત્યાગ.

૨. પચવામાં ભારે ભોજનનો ત્યાગ.

૩. સાત્ત્વિક હળવા ભોજન પણ પ્રમાણથી અધિક વાપરે નહીં.

૪. અતિ પરિશ્રમ કે એકદમ આળસુ ના બની રહેતા હળવા શ્રમે સ્ફૂર્તિવાળું જીવન જીવી રહ્યા'તા.

૫. ચિંતા શોક ભયથી ગર્ભનો વિનાશ થવા સંભવ જેથી ત્રણે કારણોથી દૂર રહેતા'તા.

૬. ગર્ભમાં રહેલ જીવ પર સુંદર સંસ્કારો પાડવા સાત્ત્વિક પુસ્તકોનું વાંચન

સત્સમાગમ અને પ્રભુભક્તિમાં સમય નિર્ગમન કરતા હતા.

૭. ગર્ભ પુષ્ટિ માટે સદંતર બ્રહ્મચર્યનું પાલન કરતા હતા.

ગર્ભસ્થ બાળકની અસર માતાના વિચારો પર પડતી હોય જેને દોહદ કહેવામાં આવે છે.

એ દોહદના આધારે પુત્રના ભાવિ વ્યક્તિત્વનો સંકેત મળી જાય કે પુત્ર કેવો પાકશે ?

મહારાણી પદ્માવતીને દોહદના કારણે ઈચ્છા થઈ કે હાથીની સવારી કરતાં રાજશાહી ઠાઠથી ચામર ઢોળતા પતિદેવ દધિવાહન સાથે વનક્રીડા કરું.

પરંતુ પતિવ્રતા સતીની દેવની જેમ સન્માનેલા પતિદેવને એ વાત કહેવા જીભ ઊપડતી નથી !

ઈચ્છા પૂર્ણ નહિ થતાં પદ્માવતીનું શરીર કૃશ અને ફીક્કું પડવા લાગ્યું.

એથી એકદા ચંપા નરેશે દેવી પદ્માવતીને પૂછ્યું કે દિવસે દિવસે કયા કારણે તમારું શરીર કૃશ થતું જાય છે ?

પૂર્ણિમાના ચાંદ જેવા તમારા મુખ પર ચિંતા ઘેરાયેલ કેમ જોવા મળે છે ?

દિલની વાત કરો તો કંઈ ખ્યાલમાં આવે.

પ્રાણનાથને ચિંતામુક્ત કરવા સતી પદ્માવતીએ દોહદનું કારણ કહી સંભળાવ્યું.

દેવી ! તમારી આ ઈચ્છા બાળકની તેજસ્વિતાની સૂચક છે, અને તે પૂર્ણ કરવા તમારું ને મારું કર્તવ્ય છે.

તમે વસ્ત્રાલંકારોથી સુસજ્જ થઈ જાઓ હું સવારી માટે આદેશ આપી દઉ છું !

રાણી પદ્માવતીનું હૈયું ખુશી અનુભવતા ચહેરા પર તેજ ચમકવા લાગ્યું ...

સવારી

આજે ચંપાનગરીમાં સર્વ સ્થળે ઉત્સાહ અને ઉમંગ પ્રસરી રહેલો !

મહારાણીની સવારી જોવા લોકોના ટોળેટોળા રાજમાર્ગની બંને બાજુ કિનારા બાંધી ઊભા રહ્યા !!

સવારી તો ઘણીવાર નીકળતી પરંતુ આ સવારી લોકોના દિલને ડોલાવી રહી'તી !

પટહસ્તી પર રત્નજડિત સિંહાસને બેઠેલા રાણી પદ્માવતીના શિર પર મહારાજા ચામર ઢોળી રહ્યા હતા.

આ અપૂર્વ દૃશ્ય જોઈ નરનારીઓ દામ્પત્યજીવનની ઉદારતાને મનોમન પ્રશંસી રહ્યા !

સવારી ધીમે ધીમે નગરમાંથી નીકળી ઉપવન તરફ જઈ રહી હતી.

વનમાં પ્રવેશ કરતાં જ મદોન્મત થયેલ હાથીએ સૂંઢ ઘુમાવી એક જ ઝપાટામાં મહાવત ને

ઘાસના પૂળાની જેમ જમીન પર ફેંકી યંત્રની જેમ દોડતી ચાલે ભાગવા લાગ્યો.

ઘોર સંકટ

રાજા દધિવાહન - રાણી પદ્માવતીના પ્રાણ સંકટમાં આવી પડતા રક્ષા માટે ઉપાયો શોધવા લાગ્યા !

તેવામાં સામેથી દેખાતા વટવૃક્ષને જોઈ મહારાજાએ પદ્માવતીને કહ્યું,

આ વટવૃક્ષ નીચેથી હાથી પસાર થાય તો આપણે વૃક્ષની ડાળીઓને પકડી લટકી રહેવું.

ઉન્મત્ત હાથી ચાલ્યો જશે અને આપણા પ્રાણ બચી જશે !

સંકેત કર્યા મુજબ રાજાએ ઊછળી ડાળ પકડી લીધી કિન્તુ કમભાગ્યે રાણીજી ડાળ પકડી શક્યા નહીં !

લાંબુ પહોળું નિર્જન નિરવ જંગલ ! ઘટાદાર વૃક્ષો સિવાય કંઈ દેખાતું નો'તું જિંદગીમાં કદી ના જોયેલ ઘડીઓ આવી પડી !

ઓ ... હો ! કેવું નીકળશે ભાવિ ! છતાં મન મક્કમ રાખી સતી પદ્માવતીજી જિનેંદ્ર ભગવાનનો જપ કરતાં ભાવિની પ્રતીક્ષા કરવા લાગ્યા.

દિવસ ભર દોડતો હાથી રાતે દૂરથી એક જલાશય જોતાં પાણી પીવા પે'લા જલાશય તરફ વળ્યો કે હિંમતભેર પદ્માવતીજી પાણીમાં કૂદી પડ્યા. જાણે જીવમાં જીવ આવ્યો ! હળવી પ્રસન્નતા અનુભવી.

પાણી પી હાથી હાથીઓના જૂથમાં ભળી ગયો ! મહારાજા રાજધાનીમાં જઈ પહોંચ્યા !!!

એકાકિની પેલા પદ્માવતી સરોવરની પાળે જઈ બેઠા !!!

સુખ સંપત્તિ અને પતિદેવથી વિખૂટા પડેલ પદ્માવતીને દુઃખ અને આપત્તિઓ ઘેરી વળી હતી.

કોમલ શય્યા પર સૂવાવાળી ગાલીચા પર ચાલવાવાળી સેંકડો દાસીઓથી વીંટળાયેલી કાલસુધી ચંપાનગરીની મહારાણીને આજે ખાવા અનાજે નથી. બિછાવવા કપડાનો ટૂકડોય નથી અરે ! આશ્વાસન આપનાર કોઈ વ્યક્તિ નથી !!!

''सब दिन होत न एक समान''

પળે પળે પલટતા સંસારમાં સાચું સુખ છે જ ક્યાં ?

છતાં ક્ષણિક વૈભવોમાં આત્મભાન ભૂલી વિષય કષાયોમાં માનવ કેવો મસ્ત બની જાય છે !!!

ધૈર્યબળ

સૂમસામ ભયાનક વનમાં મહારાણી વિચારી રહ્યા'તા શું થયું હશે પતિદેવનું ? રાજ્યમાં પહોંચ્યા હશે તોય મારા માટે કેટલા વ્યગ્ર હશે ?

વર્તમાન પરિસ્થિતિ પર વિચારતાં મારે ક્યાં જવું શું કરવું ? કંઈ સૂઝ પડતી નથી !

કોમળ કાયા એવી તો શિથિલ બની ગઈ કે ભૂખ પ્યાસ થાકના દુઃખથી જલાશયનું પાણી પીવુંય ભારે થઈ પડ્યું !

તો પણ મહારાજા ચેડાના પુત્રી વીરતાના વાયુમંડળમાં ઊછરેલ હોવાથી રડવાને બદલે ધીરજ ધરી પાણી પી સ્વસ્થ થઈ વિચારે છે !!!

સંસાર પરિવર્તનશીલ છે. એક સરખી જાહોજલાલી કોઈની રહેતી નથી !

સૂર્ય ચંદ્રમાને રાહુ ઘેરી લે છે ! ગુલાબનું સુંદર ફૂલ ધૂળમાં મળી જાય છે !

અગાધ જળમાં ફરતી માછલી પણ જાળમાં ફસાઈ જાય છે ! બનાવવું અને બગાડવું એ સંસારનો સ્વભાવ છે !

ઊપાર્જન કરેલ કર્મફળ સૌને ભોગવવા જ પડે છે એ અચળ સિદ્ધાંત છે..

સુજ્ઞ આત્મા હોકર સુખમેં કભી ના ફૂલે દુઃખમેં કભી ન ગભરાયે"!!!

આ પરિસ્થિતિનો પણ એક દિવસે અંત આવી જશે એમ વિચારી પદ્માવતીએ ધૈર્ય ધારણ કર્યું.

સુખ દુઃખ મનની કલ્પનાઓ જ છે અથવા તત્ત્વજ્ઞ આત્માને સુખ દુઃખ મુંઝવી શકતા જ નથી.

તત્ત્વદર્શી પદ્માવતી દૃઢતા કેળવી સમતા સરોવરમાં અવગાહન કરવા પ્રયત્નશીલ રહ્યા !

દુઃખના વિષડંખ તેણીના હૃદયને સ્પર્શવા અસમર્થ બની ગયા !

ઉચ્ચ વિચારો

જે દેશની માટીથી પદ્માવતીનું શરીર બનેલું તે જ દેશની માટીથી આજની મહિલાઓનું શરીર બનેલું હોવા છતાંય દરેક મહિલાઓ પદ્માવતીના સ્થાનને કેમ પામી શકતા નથી !

આ રહસ્યને સમજવા ખાસ આવશ્યકતા રહેલ છે જો વ્યવસ્થિત રીતે સમજાય તો ભારત દેવભૂમિ બની જાય !

સતી પદ્માવતીનો સમતાભાવ કષ્ટ સહિષ્ણુતા પ્રાપ્તવસ્તુમાં સંતોષ અપ્રાપ્તની અનાકાંક્ષા સમય ચક્ર બદલી જાય તો પણ પર્વતની જેમ અચળતા ધર્મનિષ્ઠા આત્મવિશ્વાસ વગેરે તેણીના જીવનની મૂડી હતી !

ઉમ્મર વધવા સાથે આવા સદ્‌ગુણોની વૃદ્ધિ કરાય તો અનેક પદ્માવતીઓ આ પૃથ્વી પર અવતરિત હોઈ શકે !!!

દેશ રાજ્ય જન્મભૂમિ સ્વજન પરિજન બધું જ છૂટી ગયું ! જીવનગાડી પાટા પરથી ઊતરી ગઈ ! જિંદગી પલટી ગઈ !!!

થોડા જ કલાકોમાં રાજરાણીમાંથી સામાન્ય રંક જેવી સ્થિતિ આવી ગઈ ! જિંદગી બેસ્વાદ બની ગઈ !!

કિન્તુ ધન્ય છે મહા પ્રજ્ઞાવંત પદ્માવતીને ! જેના હૃદયમાં અપાર સાહસ ! અવિચલ ધૈર્ય ! અક્ષય ક્ષમતા !!!

હરકોઈ આપદા સામે સામનો કરવા સમર્થ હોવાથી મનમાં દીનતા કાયરતાને સ્થાન મળે નહિ,

હાય હાય કરે આંસુ વહાવે યા હિંમતપૂર્વક રહે, થવાનું તે જ થવાનું છે. જે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં નિશ્ચિત છે...

પદ્માવતીની એ શ્રદ્ધા પાકી હોવાથી સંકટના સમયે આર્તધ્યાન વલોપાતથી

બચી શક્યા'તા !

જલાશયે બેઠેલા પદ્માવતીએ ચાલવા વિચાર્યું પણ માર્ગના તદ્દન અજાણ, નિશ્ચય કર્યા વિના જવુંયે ક્યાં ? પુરુષાર્થે કંઈ પરિણામ પ્રાપ્ત થશે એમ નિર્ધારી ચાલવા તૈયારી કરી,

રાજસુખમાં રહેલા કોમલાંગી પદ્માવતીને વનની વસમી વાટે જતાં પગે કાંટા કાંકરા વાગતાં લોહીની ટસરો ફૂટવા લાગી !

ઊંચા ઊંચા પહાડો સઘન વૃક્ષોની પંક્તિઓ કાંટાળી ઝાડીઓ ભયાનક વનચર પ્રાણીઓની ગર્જનાઓ !

એવા કપરા કાળમાં સૂર્યાસ્ત થઈ જતાં દુખડાની કોઈ સીમા રહી નહીં !!!

આપત્તિઓના આક્રમણમાં ખાવા પીવાની સૂધબૂધ રહી નહીં !!!

ઘૂનમાંને ઘૂનમાં રસ્તો પાર કરતાં અચાનક કૂતરાઓના ભસવાનો અવાજ સંભળાયો,

પદ્માવતીને એ ખ્યાલ આવી ગયો કે હું હવે વસ્તીની નજીકમાં આવી પહોંચી છું,

જે ભય વનમાં તે વસ્તીમાં નહીં પરંતુ શીલની દૃષ્ટિએ વન કરતાં વધુ ભય વસ્તીમાં રહે !

પ્રાણો કરતાં શીલધર્મ અધિક મૂલ્યવાન સમજી રાત્રિ અહીં જ વસવાટ કરવો શ્રેયસ્કર છે.

સંકટ ગ્રસ્ત પદ્માવતીએ પૂર્વભવે બાંધેલા પાપકર્મોને આત્મ પશ્ચાત્તાપે વોસિરાવી સર્વજીવરાશી ખમાવી સાગારી સંથારો લઈ પૃથ્વી પર શરીર લંબાવ્યું !

શ્રમથી લોથપોથ થયેલ પદ્માવતીને એવી તો ઊંઘ આવી ગઈ કે સૂર્યોદય થઈ ગયો તેની ખબર જ પડી નહીં !

ઉદ્ધારનો માર્ગ

પ્રાતઃકાળ થતાં સૂર્યે સોનેરી કિરણો ફેલાવ્યા ત્યાં રાણી પદ્માવતીજી જાગ્યા અને વસ્તી તરફ ચાલવા લાગ્યા.

ત્યાં ગામમાં ઉપાશ્રયે આવી જૈન સાધ્વીજીઓના દર્શન કરી આનંદ અનુભવ્યો !

સાધ્વીશ્રી ગુણમાલાએ સૌમ્યમૂર્તિ પદ્માવતીને ધર્મોપદેશ આપ્યો,
ઉપદેશ સાંભળી પદ્માવતીએ વિચાર્યું રાજ્યસુખો માણ્યા પતિનો પ્યાર પણ પ્રાપ્ત કર્યો !
બાકી રહ્યું જ શું ? તો સંયમ સ્થાનમાં શેષ જીવન પૂર્ણ કરું એ જ શ્રેયસ્કર છે !
વાસ્તવમાં સંસાર અસાર છે કારણ - વિષયો વિષ સમાન છે. ભોગ ભુજંગની જેમ ભયંકર છે !
કામભોગમાં આસક્ત રહેવાથી પરિણામ દુઃખદાયક જ આવે છે !
તો શાંતિદાયક સંયમી જીવનમાં શીઘ્ર પ્રવેશી તમામ પળોને સફળ બનાવી લઉ !!!
પદ્માવતીજી આમ વૈરાગ્યના વહેણમાં ખૂબ આગળ જતાં એકાએક પોતાની સ્થિતિનો ખ્યાલ આવ્યો !
જ્યારે ગર્ભના લક્ષણો પ્રગટ થશે ત્યારે હાલત ગંભીર બની જશે !
પુત્ર જન્મ પછી જ સંયમ લેવો યોગ્ય જણાય છે પરંતુ કાલનો ભરોસો શું ?
મૃત્યુ સાથે મૈત્રી હોય ! મોત આવતા નાસી છૂટવા શક્તિ હોય ! હજી મરવું જ નથી એવો વિશ્વાસ હોય !
એવા જ મનુષ્યો કહી શકે ધર્મ આજે નહિ કાલે કરીશ, એવી મારી પાસે કોઈ તાકાત નથી !
એમ વિચારી પદ્માવતીએ સંયમ સ્વીકારવા નિર્ધાર કરી લીધો.
સતી પદ્માવતીએ સાધ્વીજીને કહ્યું, સંબંધીઓથી વિખૂટી પડી ગયેલ, મારા પર કૃપા કિરણો વરસાવી સંયમ દાનરૂપ નવજીવન આપો...
અને કરુણાશીલ સાધ્વીજી ગુણમાલાએ વિનંતી સ્વીકારી સંયમ દાન દીધું.
સંયમી બની શાસ્ત્રાધ્યયને નવું જીવન પામી તત્ત્વજ્ઞાનના ચિંતન મનન દ્વારા સાધનામાં પ્રતિદિન પ્રગતિ વધતી ગઈ !
પદ્માવતીજી ક્ષમા નમ્રતા સરળતા લાઘવતા આદિ ગુણો ખીલવતા જીવનમાં તેજ પૂરવા લાગ્યા !
પરંતુ ગર્ભના લક્ષણો પ્રગટ થતાં સાધ્વીજીઓ ચોંકી ઊઠ્યા !!! શાંતિ લુપ્ત થઈ ગઈ !!!

વિચાર વિમર્શ

છત્રીશ હજાર સાધ્વીજીઓમાં મુખ્ય મહાસતી શ્રી ચંદનબાળાજી પૃથ્વી પર વિચરી રહેલ એ સમયની કહાની છે,

પૂ. શ્રી ચંદનબાળા મહાસતીજીની આજ્ઞાએ વિચરતા શ્રી ગુણમાલા આદિ સતીજીઓમાં આ ચિંતા વ્યાપી ગઈ !

સાધ્વી ગુણમાલા આદિ વિચારવા લાગ્યા કે ભૂતકાળ તો ગયો હાલે ભવિષ્યનો માર્ગ જ શોધવો રહ્યો !

પૂ. ગુરુણી શ્રી ગુણમાલા સાધ્વી પદ્માવતીને બોલાવી કડક થઈ કહેવા લાગ્યા, રે કુલીન ! ખ્યાલ નો'તો કે આ કયો માર્ગ છે ? અમારા સાનિધ્યમાં આટલી મોટી વાત છૂપાવી કપટ કર્યું ???

રાજ્યમાં સન્માનપૂર્વક જીવન પસાર કરેલ પદ્માવતીને આ શબ્દો સાંભળી બહુ ગભરાટ થયો !!!

પરંતુ બીજી જ પળે પદ્માવતીજી બોલ્યા કે પૂ. ગુરુણીજી ! આપના ઉપદેશના પ્રભાવે મારા અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને મેં સંયમ સ્વીકાર્યો !!!

પૂ. ગુણમાલાજીએ કહ્યું કે તે સમયે વાત ખૂલી કરી હોત તો પશ્ચાતાપ કરવો પડત નહીં.

ગર્ભવતીને દીક્ષા અપાય જ નહીં. શ્રી વીતરાગદેવની આજ્ઞાનું ઉલ્લંઘન થતાં અમારે તેમજ તમારે પ્રાયશ્ચિત્ત લેવું જોઈશે.

સ્વીકાર છે પૂ. ગુરુણી શ્રી ! પતિ પ્રસંગે રહેલ ગર્ભની વાત મેં જરૂર છુપાવી પણ આપને સત્ય કહું છું કે મેં સ્વીકારેલ સંયમનું અખંડ રીતે પાલન કરેલ છે. સાડાત્રણ કરોડ રોમમાંના એકે રોમમાં અસંયમનો ભાવ પ્રવેશ્યો નથી...

સંયમ પ્રત્યે અતૂટ શ્રદ્ધા છે સંયમ પાસે સંસારી સમૃધ્ધિ તૃણ સમાન ગણું છું. સ્વીકારેલ પાંચે મહાવ્રતોની મન વચન કાયાના યોગથી આરાધના કરી રહી છું. આહાર પાછળ નિહારની જેમ સમભાવથી પ્રસવ થતાં ઘાત ન થાય એ રીતે પરિત્યાગ કરી શકું છું.

સ્વાર્થ કે લાચારીથી નહીં કેવળ આત્મકલ્યાણની ભાવનાથી મેં સાધ્વી વેષ સ્વીકાર્યો છે.

પદ્માવતીની આ વાત ભલે યુગયુગ લગી કહેવાય પણ વિવેકીજનો વિચારશે કે

સાધ્વી પદ્માવતીએ પાપનું આચરણ કર્યું નથી...

મને પાપનો પૂર્ણ ભય છે. નિંદા સહન કરી લઈશ પણ પાપને છુપાવીશ નહીં.

પૂ. ગરુણીશ્રી ! આપની સમક્ષ વાસ્તવકિ બીના રજુ કરું છું.

આપ મારા હિતચિંતક બની આદેશ આપો તો શિરોધાર્ય કરીશ.

ગુરુણીજી ગુણમાલાએ કહ્યું પદ્માવતીજી ! તમારા સ્પષ્ટીકરણથી મને સંતોષ થયો છે,

ભવિતવ્યને ટાળવા કોઈ સમર્થ નથી !!!

તમારી વિચારધારા કર્મનિષ્ઠા તેમજ નિસ્પૃહતાથી મારો આત્મા પ્રભાવિત થયો છે !

ધર્મ અને લોકમતમાં વિરોધ થાય ત્યાં આપણે ધર્મનું જ અનુસરણ કરવું જોઈએ...

પુત્ર જન્મ

અવધિપૂર્ણ થયે પદ્માવતીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો !

પદ્માવતીએ નવજાત બાળકને એવી જગ્યાએ રાખ્યો કે જ્યાં જતાં આવતાં લોકો સહજતાથી જોઈ શકે.

બાળકનો રડવાનો અવાજ સૌ પ્રથમ સ્મશાન ચોકિયાત ચાંડાલના કાન પર અથડાયો.

બાળક પાસે જઈ જૂએ ત્યાં ચાંડાલના હર્ષની સીમા ના રહી !

વિશાળ કપાળ ચાંદ જેવું મુખ ઓર અત્યંત સુંદર અંગોપાંગ જોઈ અપુત્રીઆ ચાંડાલને પુત્ર મમતા જાગી ઊઠી !!!

ચાંડાલ ઝડપી ગતિએ જઈ બાળકને ઉપાડી વિચારે ઓ... હો ! ભાગ્યયોગે જીવનભરની ઈચ્છા આજ પૂર્ણ થઈ ગઈ !!!

અહા...હા ! કઈ દુરાચારિણી નારીઓ તેમજ લંપટ પુરુષો પાપ પ્રવૃત્તિ કરી વળી પાપને છુપાવવા ગર્ભપાત જેવા મહાભીષણ પાપને આચરી ન જાણે નરકમાં પણ સ્થાન પામી શકે કે કેમ ?

મહાદયાળુ પદ્માવતીના રૂંવાડે રૂંવાડે ધર્માનુરાગ કેટલો વ્યાપક હશે ?
ગર્ભવતી હોવા છતાંય પૂર્ણ સંયમ પાળવા તત્પર બની ગયા !!
બાળકની રક્ષા ખાતર નજીકના ઝાડ પાછળ છુપાઈ રહેલ સતી પદ્માવતીજી
ચાંડાલે બાળકને ઉઠાવી પ્યાર કરતો જોઈ નિશ્ચિંત બની ગયા.
ચાંડાલ બહુ યત્નાપૂર્વક બાળકને લઈ પોતાના ઘર તરફ ચાલતો થયો.
પદ્માવતીના અંતઃકરણમાં એ વખતે કયા ભાવો ઉત્પન્ન થયા હશે તે સતીનો
આત્મા જાણે કે જ્ઞાની જાણે !!!

રાજકુમાર ચાંડાલને ઘેર !

તુરત પાછા આવતા ચાંડાલને જોઈ તેમના પત્નીએ સાશ્ચર્ય પૂછ્યું કે
એટલી જ વારમાં સ્વામી ! પાછા કેમ આવ્યા ? અને આ વળી શું લાવ્યા છો ?
ચાંડાલ કહે ચાંડાલણીને અરે ! જિંદગીભરની ફિકર ગઈ સમજી લે. તારા
કિસ્મત ઉઘડી ગયા !
ચાંડાલણી નજીક આવી વસ્ત્ર ઊંચકે ત્યાં બાળક રડવા લાગ્યો !
આશ્ચર્યમાં ડૂબી ગયેલ ચાંડાલણીને હર્ષ વિસ્મય સાથે માતૃસ્નેહે દૂધ
ઊભરાવવા લાગ્યું !!!!
ઓ.. હો ! કેવો તેજસ્વી બાળક ! વિના તકલીફે મારો ખોળો ભરી દીધો !
આ તે કેવું ભાવિ ???
શરીરે ખૂજલી આવતા બાળકનું કરકંડુ નામ સ્થાપન કર્યું !
પુણ્યશાળીને સમગ્ર સંપત્તિ આપોઆપ મળી જાય છે !
લાડકોડમાં ઊછરતો બાળ પતિ-પત્નીના પ્રાણ બની ગયો !
કાળક્રમે કળાઓમાં કુશળ અને સ્વયં અસ્ત્ર શસ્ત્ર વિદ્યામાં પારંગત
બની ગયો !
સ્મશાનમાં રહેલ વાંસની કુંજ કરકંડુને બહુ પ્રિય થઈ પડી,
જાતે પ્રતિદિન પાણી સીંચવાથી લીલીછમ અને ચિત્તાકર્ષક દેખાતી વાંસની
કુંજમાં નિવૃત્તિ મળે કે કરકંડુ ત્યાં જ વિશ્રાંતિ લેતો !
એક બ્રાહ્મણને દેવપૂજનમાં વાંસની સોટીની જરૂર પડી,
જંગલ દૂર હોવાથી બ્રાહ્મણ સ્મશાનમાં રહેલ વાંસની કુંજમાં જઈ રજા લીધા

વિના ડાળીઓ તોડવા લાગ્યો,
અત્યંત પ્રિય વાંસકુંજમાંથી ડાળીઓ તોડતા એ બ્રાહ્મણનો વ્યવહાર પસંદ પડ્યો નહીં,
કરકંડુએ બ્રાહ્મણ પાસેથી વાંસની ડાળીઓ છીનવી લીધી.
ચાંડાલની છાયા પણ બ્રાહ્મણ પર ના પડવી જોઈએ જ્યારે કુપિત થયેલ કરકંડુએ તો એનો સ્પર્શ કરી લીધો !
ડાળીઓ છીનવી લેતા અપમાનિત થયેલ બ્રાહ્મણે રૌદ્રરૂપ ધારણ કર્યું. પરસ્પર વાગ્યુદ્ધ થતાં સામ સામે આવી ગયા !
બંને ફરિયાદી બની રાજા દધિવાહનના દરબારે પહોંચ્યા
નૃપતિ દધિવાહને પૂછ્યું. તમારા બંનેના ઝઘડાનું કારણ શું છે ?
સિંહ ગુફામાં રહે કે પાંજરામાં પણ સિંહ આખર તો સિંહ જ હોય ને !
મહારાજાના શબ્દો રૂચિકર ન જણાતા કરકંડુ ગર્જના કરતો બોલ્યો,
નહિ મહારાજા ! ઝઘડાની કોઈ વાત નથી. આજે હું સ્મશાનનો રાજા છું. કાલે કોઈ દેશનો રાજા પણ બની શકું,
પોતાના અધિકારની વસ્તુ આ રીતે લુંટાવા દઉ તો તો ગજબ કહેવાય ને !
મારી આજ્ઞા વિના કોઈ મારી ચીજ લે એ મને બિલકુલ પસંદ નથી
આ વાંસની ડાળીઓ મારી આજ્ઞા વિના લીધેલ છે તે એને આપી શકીશ નહીં,
આકસ્મિક અદૃશ્ય પ્રેરણાએ રાજાના હૃદયમાં બાળક તરફ આકર્ષણ ભાવ પેદા થયો !
વીરરસથી પરિપૂર્ણ બાળકના વચન પર મુગ્ધ બની જઈ ભૂપતિએ કહ્યું,
અચ્છા કરકંડુ ! તમે રાજા બનો ત્યારે બ્રાહ્મણને એક ગામ આપી દેજો.
તો એમને કોઈ ચીજ લેવી જ ના પડે. બિચારો બ્રાહ્મણ કંઈ બોલી શક્યો નહીં.
રાજા દધિવાહને તો આનંદમાં આવી આ શબ્દો કહેલા કોને ખબર હતી કે તે વચનો સત્ય પણ બની જાય ?
પરિવર્તનશીલ સંસારમાં સમય જતાં એવી ઘટના બની કે કરકંડુ ખરે જ રાજા બની ગયા !
એ બ્યાન - વર્ણન પછીના પરિચ્છેદમાં બતાવવામાં આવે છે.

કરકંડુને રાજ્ય

કંચનપુરના અપુત્રીઆ રાજાનો એકાએક દેહાંત થતાં સૌ વિમાસણમાં પડ્યા. રાજ્ય કોને સોંપવું ?

કંચનપુરના રાજા રાજપાટ પૃથ્વી વગેરે છોડી એકાએક ચાલ્યા ગયા તેમ આપણે પણ જવું પડશે.

આ બોધપાઠ કોઈએ લીધો નહિ ને એકબીજા રાજ્ય લેવા રસાકસીમાં આવી ગયા !

બુદ્ધિનિધાન મંત્રીશ્વરે યુક્તિ શોધી કે પટ્ટહસ્તીની સૂંઢમાં પુષ્પમાલા આપતા. જેના ગળામાં માળા નાખે તે કંચનપુરનો રાજા બને !

બધાને આ યુક્તિ પસંદ પડી ને રાજ્યની વાત વિધાતા - કુદરત પર છોડી દેવામાં આવી.

અચાનક કરકંડુ ત્યાં જઈ પહોંચતા હાથીએ પુષ્પમાલાથી સ્વાગત કરી કરકંડુને પીઠ પર બેસાડી દીધો !!!

મારા ગળામાં માળા નાખે એવી સૌની ઈચ્છા છતાં પુણ્યોદય વિના મનોરથ સિદ્ધ થઈ શકતા નથી.

ઉમેદવાર રહી ગયા અને સ્વપ્નેય કલ્પના નહિ એવા કરકંડુ રાજા બની ગયા !

કરકંડુનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કરાયો. સૌએ તેમની આજ્ઞા શિરોધાર્ય કરી !

બ્રાહ્મણની ગામ યાચના

કરકંડુ રાજા બન્યાના સમાચાર સાંભળતા બ્રાહ્મણના રોમેરોમ ઉલ્લસિત થઈ ગયા !

પેલા બ્રાહ્મણભાઈએ ગામ માંગવાને ઈરાદે કંચનપુર પહાંચી જઈ કહ્યું રાજન ! હું તે જ બ્રાહ્મણ છું.

રાજા દધિવાહનના મુખેથી ભાંખેલી ભવિષ્યવાણી સફળ થતાં આપ રાજા બની ગયા !

તો હવે મને એક ગામ મળવું જ જોઈએ...

રાજા કરકંડુએ કહ્યું, બ્રાહ્મણજી ! આ દધિવાહનનો દરબાર નથી જેમણે ગામ

દેવાનું કહ્યું'તું તેમની પાસે જાઓ,

રાજા કરકંડુનો ઉદ્ધતાઈ ભર્યો જવાબ સાંભળી નિરાશ બનેલ બ્રાહ્મણે રાજા દધિવાહન પાસે જઈ મીઠું મરચું છાંટી વાત કહી.

નૃપતિ દધિવાહને આવેશમાં આવી કહ્યું અરે કાલનો ચંડાલનો છોકરો દધિવાહનથી ટકરાય ! ઠીક રીતે મેથીપાક ચખાડું !!

બ્રાહ્મણજી તમે જાઓ. આરામ કરો. હું કંચનપુર પર અધિકાર મેળવી તમને એક ગામ આપીશ...

પિતા પુત્ર વચ્ચે સંગ્રામ

કંચનપુર અને ચંપાનગરી બંને રાજ્યો સાધન સંપન્ન હોવાથી પરસ્પર યુદ્ધની તૈયારીઓ થવા લાગી !

સાધ્વી પદ્માવતીને આ યુદ્ધના સમાચાર જાણવા મળતાં વિચાર્યું કે

સામાન્ય બાબતમાં પિતા પુત્રવચ્ચે સંઘર્ષ થતાં હજારો યુવાનો ખતમ થશે !

કેટલી માતાઓ પુત્ર વિહોણી બની જશે ! કેટલા બાળકો અનાથ બની જશે !

કેટલાય બહેનોના સૌભાગ્ય લુપ્ત થશે ! ભીષણ હિંસાના તાંડવો મચાશે !!!

ન જાણું કદાચ મારા થોડા પ્રયાસે આ અનર્થો અટકી જશે તો મારે ઉપેક્ષા કરવી જોઈએ નહિ,

એમ વિચારી પદ્માવતીએ કરકંડુને મળવા વિચાર કરી લીધો...

પડદો ઊંચકાયો

કંચનપુરના લશ્કરના પડાવમાંથી પસાર થતાં સાધ્વી પદ્માવતીજી રાજા કરકંડુના કેમ્પ તરફ જઈ રહ્યા'તા,

સૈનિકોએ વિચાર્યું આ યુદ્ધભૂમિમાં સાધ્વીજીને આવવાનું શું પ્રયોજન ?

પરંતુ ગંભીર ગતિએ નિર્ભયતાથી ચાલ્યાં જતાં સાધ્વીજીને મનાઈ કરવા કોઈએ સાહસ કર્યું નહિ,

સાધ્વી પદ્માવતી રાજા કરકંડુના કેમ્પના દ્વાર પર જઈ પહોંચ્યા !

દ્વારપાલે હાથ જોડી નમસ્કાર કરતાં પૂછ્યું, આપનું અહીં કયા નિમિત્તે પધારવાનું થયું છે ?

પદ્માવતીએ કહ્યું રાજા અંદર હોય તો મારા આવ્યાનું સૂચન કરી દો.

દ્વારપાલે અંદર જઈ મહારાજાને કહ્યું અન્નદાતા ! કોઈ સાધ્વીજી આપને મળવા ચાહે છે.

કરકંડુ વિસ્મય પામ્યા આ સમયે આ જગ્યા પર સાધ્વીજી !

સૌમ્ય પ્રકૃતિ ધર્મપ્રિય કરકંડુ સાધ્વીજીનું આગમન સાંભળી તરત જ બહાર આવ્યા,

હાથ જોડી નમન કરી કહ્યું પૂજ્ય શ્રી ! આપના પધારવાનું પ્રયોજન પ્રગટ કરો. શો આદેશ છે આપનો ?

સાધ્વી પદ્માવતીએ કહ્યું રાજન ! જાણો જ છો ને ? રાજપદ શા માટે આપવામાં આવે છે ?

કરકંડુએ કહ્યું જી હા ! પ્રજાની સુખ શાંતિ અને દેશની રક્ષા ખાતર.

પદ્માવતીએ કહ્યું તો પ્રજાના કષ્ટ નિવારવા તમારા યુદ્ધનો કોઈ ઉદ્દેશ છે ?

કરકંડુએ કહ્યું આ પ્રશ્ન તો દધિવાહનને પૂછવાનો. આપ જાણતા જ હશો કે હું આક્રમણ કરનાર નથી,

રાજા દધિવાહને કંચનપુર પર ચઢાઈ કરેલ. હું તો આત્મરક્ષાનો જ પ્રયત્ન કરી રહ્યો છું.

ચંપાનરેશ જબરદસ્તીએ મારું ગામ છીનવી લેવા માંગે છે એમ આપી દઉ તો એક દિ મારું રાજ્ય છીનવી લેવાય.

પદ્માવતીએ કહ્યું ખૂદ તમારી લડવાની ઈચ્છા નથી ને ?

અગર રાજા દધિવાહન આક્રમણ ના કરે તો તમે વિરુદ્ધમાં કોઈ કાર્યવાહી નહિ કરો ને ?

હા હા ! આપના મંતવ્ય મુજબ મારો એ નિર્ણય છે...

પદ્માવતીએ કહ્યું હું ચંપાનરેશ પાસે જઈ કહીશ કે આપ સંકલ્પને બદલી દો. બાપ બેટા વચ્ચે લડાઈ થવી યોગ્ય નથી.

કરકંડુએ કહ્યું પૂ. શ્રી ! કઈ રીતે બાપ બેટા ?

પદ્માવતીએ કહ્યું તને ક્યાંથી ખબર વત્સ ! ચંપાનરેશ તારા પિતા અને તું એમનો પુત્ર છે.

કરકંડુ કહે શું કહો છો પૂ. શ્રી ! કૃપા કરી આપ સ્પષ્ટ રીતે સમજાવો.

પદ્માવતી કહે વાસ્તવમાં તમે ક્ષત્રિયપુત્ર છો ચાંડાલને ઘેર માત્ર ઉછેર થયો છે. મહારાજા દધિવાહનના લાડકવાયા લાલ છો અને તમારી માતા તમારી સામે જ ઉપસ્થિત છે.

કરકંડુ કહે ઓ હો... બહુ આનંદપ્રદ સંવાદ ! પૂ. માઁ ! પણ આ બધું કેમ બન્યું કંઈ સમજાતું નથી !

સાધ્વી પદ્માવતીએ સવારી નીકળી ત્યાંથી પ્રારંભીને સમગ્ર વૃત્તાંત કરકંડુને કહી સંભળાવ્યો.

તેજસ્વી કરકંડુની નસેનસમાં ખુમારી વ્યાપ્ત હતી જ, કિન્તુ આ અહેવાલ સાંભળી પછી વિશેષ ગૌરવ અનુભવવા લાગ્યા !

હકીકતમાં આ વાતને પારખવા પ્રમાણ શું ?

પદ્માવતી કહે સૌથી મોટું પ્રમાણ તો એ કે જૈન સાધ્વી કદી અસત્ય ભાષણ કરે નહીં.

તેમ ચંપાનરેશ અથવા કંચનપુર નરેશ સાથે મારે અંગત કોઈ નિસ્બત નથી. છતાંય વધુ જાણવા ઈચ્છા હોય તો તમારા પાલક પિતાને પૂછી નિર્ણય કરી શકો છો.

આનંદની ઘડીઓ

સાધ્વીજીના કથનનો સ્વીકાર કરતાં કરકંડુ પદ્માવતીના ચરણોમાં ઝૂકી પડ્યા !

ગદગદ હૈયે બોલી ઊઠ્યા કે માતા ! આપે મને મહાન અનર્થ તેમજ ઘોર પાપોથી બચાવી લીધો,

આપ ન પધાર્યા હોત તો પિતા સાથે સંગ્રામ કરતાં ન જાણે કેટલાય પાપોનો ભાગી બની જાત !

આપે પ્રકાશ પાડી કૃપાકિરણો વરસાવી મને નિહાલ કરી દીધો !!

જરૂરથી પિતાજી પાસે પહોંચી મેં કરેલ ઉદ્ધતાઈ ખાતર ક્ષમાયાચના કરીશ,

આનંદની ઘડીઓ આવતાં આજે મારું જીવન ધન્ય બની ગયું !!!

આ બાજુ સાધ્વીજી પદ્માવતી દધિવાહનના લશ્કરને પાર કરી કેમ્પ પર પહોંચી ગયા.

મહારાજાને સૂચન થતાં તરત જ બહાર આવી ગયા.

આ સ્થળ પર જૈન સાધ્વીજીને જોઈ આશ્ચર્યચકિત બની ગયા !

પદ્માવતીએ કહ્યું રાજન ! આપ વિચારી રહ્યા છો કે યુદ્ધભૂમિ પર વળી સાધ્વીજી કેમ ?

પરંતુ નગ્ન અધર્મ સેવાતો હોય ત્યાં ધર્મની રક્ષા કારણે જ મારું આગમન થયેલ છે.

રાજા દધિવાહને કહ્યું તો કહો ભગવતીજી આપની શી આજ્ઞા છે ?

સાધ્વી પદ્માવતી કહે આજ્ઞા આપવી મારું કામ નથી. મારું કામ કેવળ પથ પ્રદર્શન કરવાનું છે,

સિદ્ધાંત એ સમજવાનો છે કે યુદ્ધ તો કોઈ અવસ્થામાં શ્રેયસ્કર નથી,

એમાંય બાપ બેટા વચ્ચેનું યુદ્ધ તો વિશેષરૂપે શોભાસ્પદ નથી.

પિતા-પુત્ર વચ્ચેનો સંગ્રામ એટલે એક વ્યક્તિની બે ભુજાઓમાં ખેલાતો સંગ્રામ !

એક ભુજા બીજી ભુજાને છેદવા તૈયાર થાય તો પરિણામ શું આવશે ???

અરે ! કોઈપણ ભુજા છેદાય તો પરિણામ પોતાને જ હાનિકારક છે.

દધિવાહન કહે આપનો અભિપ્રાય એ છે કે કરકંડુ મારો પુત્ર છે ? નહીં નહીં એ તો ચાંડાલપુત્ર છે.

પદ્માવતીએ કહ્યું આપ ભ્રમમાં છો, પિતા કરતાં આ વિષયમાં માતાથી અધિક અવર કોઈ હોઈ શકે નહીં.

કરકંડુની માતા જાણે છે કે આપનો જ પુત્ર છે.

દધિવાહન કહે કરકંડુની માતા પદ્માવતી આપ જ છો ?

પદ્માવતીજી નીચી દૃષ્ટિ રાખી મૌન રહી ગયા.

દધિવાહને કહ્યું તમે જીવંત છો ? આશ્ચર્યની વાત કે તમે મને સદંતર ભૂલી ગયા !!!

તમે ખોવાઈ ગયેલા પણ હું તો ખોવાયો નો'તોને ? ઈચ્છ્યું હોત તો સહજતાથી મિલન થઈ જાત !!!

પદ્માવતીજી કહે આપણે એકવાર મળ્યા તો વિયોગ વેઠવો પડ્યો !

ફરી મળ્યા હોત તો ફરી વિયોગ ભોગવવો પડત !

એકવારનો વિયોગ દુઃસહ થઈ પડ્યો'તો બીજીવારનો વિયોગ તો કેમ સહી શકત !!!

એવા વિયોગના દુઃખથી બચવા સંયોગનો ત્યાગ કરી દેવો ઉચિત જણાયો.

સંયોગ અને વિયોગ

સંયોગ જ્યારે વિયોગમાં ફેરવાય ત્યારે આભ તૂટી પડ્યા જેવું જણાય એના કરતાં સંયોગથી જ બચવું જોઈએ.

રાજન ! અતીતની ઘટનાઓ અતીતના અંધકારમાં મળી ચૂકી એને યાદ કરવામાં કશો જ ફાયદો નથી.

મારા નવા જીવનનો પ્રારંભ થઈ ચૂકેલો, પુત્ર તમને મળી જતાં મારા આત્મામાં હવે કોઈ શલ્ય રહ્યું નહીં...

રાજા દધિવાહનના માનસપટ પર ભૂતકાળની અનેકાનેક ઘટનાઓ શીઘ્રતાથી

ઘૂમવા લાગી !

પદ્માવતીનું સંયમીજીવન જાણી, તેજસ્વી વીર પુત્રને પામી, રાજાના હૃદયમાં અપૂર્વ હર્ષની હેલીઓ ચડી !!!

પિતા પુત્રનું મિલન

રાજા દધિવાહન અને સાધ્વી પદ્માવતીના વાર્તાલાપ વખતે પુત્ર કરકંડુ ત્યાં ઉપસ્થિત થઈ ગયો.

પિતા પુત્રના મિલનનું દૃશ્ય અપૂર્વ અને અદ્‌ભુત હતું !

ગદગદ હૃદયે દધિવાહન પુત્ર કરકંડુને ભેટી પડ્યો ! પુત્રે પિતાના ચરણોમાં ઢળી પડી ક્ષમાયાચના કરી...

સ્વલ્પ સમય પહેલાં જ્યાં આગ જલી રહી'તી ત્યાં સ્નેહની સરિતા વહેવા લાગી, એક બીજાનું ખૂન કરવા તૈયાર થયેલા, એક બીજાને પ્રાણ આપવા તત્પર બની ગયા.

બંને પક્ષની સેનામાં શાંતિ છવાઈ ગઈ. સાધ્વી પદ્માવતી ઉપાશ્રય તરફ ચાલતા થયા.

સાધ્વી પદ્માવતીના પ્રયાસે પરિવર્તન આવતાં બધા લોકો સતી પ્રત્યે હૃદયથી ભક્તિ વ્યક્ત કરવા લાગ્યા...

પદ્માવતીના વૈરાગ્યમય જીવનનો રાજા દધિવાહન પર પ્રભાવ પડ્યો !

પુત્ર કરકંડુને રાજ્ય ભાર સોંપી નિવૃત્તિમય જીવન બનાવી આત્મ કલ્યાણ સાધ્યું.

રાજા કરકંડુ ન્યાયનીતિપૂર્વક પ્રજાનું પાલન કરવા લાગ્યા.

જેઓ આ ચોવીશીમાં ચાર પ્રત્યેક બુદ્ધમાં પહેલા પ્રત્યેક બુદ્ધ હતા.

ઉપસંહાર

દધિવાહન જેવા પ્રેમાળ પતિદેવ ! સંસારી સ્વર્ગીય સુખો સંપાદન થયેલા, તેને તરણાતુલ્ય તુચ્છ ગણી ક્ષણ પણ સંસારી પ્રલોભનમાં લોભાયા વિના

આત્મિક સુખો મેળવવા ઈંતેજાર બની મેરુ સમાન મહાન મહાવ્રતો સ્વીકારી લીધા.

સતી પદ્માવતીને માન અપમાનની ચિંતા નો'તી લોકાપવાદની પરવા નો'તી, એક માત્ર આત્મોત્થાનની શુભ ભાવનનામાં મસ્ત !


કેવળ સત્યને જ વળગી રહેલ પદ્માવતીનું સાહસ અનોપમ હતું ! જેનો જોટો મળવો મુશ્કેલ છે !

કરકંડુ અને રાજા દધિવાહનના કેમ્પ પર જઈ સત્ય રહસ્ય સમજાવી લાખોનો સંહાર થતો અટકાવી દીધો !!!


સતી પદ્માવતીજી ગ્રામાનુગ્રામ વિચરતાં સંયમ તપ જ્ઞાન ધ્યાનાદિની આરાધનાએ આત્મકલ્યાણ સાધી ગયા !

અવશ્ય સતી પદ્માવતી જેવી નિસ્પૃહ વિરક્ત ધર્મનિષ્ઠ સાહસિક અને પવિત્ર જીવન પસાર કરનાર મહિલાઓ મહિમંડળ પર આભૂષણ રૂપ રહેલ છે.

ધન્ય ધન્ય ધન્ય અહિંસાધર્મની જ્યોત જલતી રાખનાર
સતી પદ્માવતીને અનંતાનંત ધન્યવાદ !
શ્રમણ સંઘીય પંડિત મુનિશ્રી કલ્યાણઋષિજી મહારાજશ્રીની
કલમે લખાયેલા સોળ સતીના પુસ્તકોના આધારે
તેમજ અન્ય પુસ્તકોને આધારે.....



શ્રી પૂનમચંદ આર. શાહ સુરેન્દ્રનગર



શ્રી પૂનમચંદ આર. શાહ
અભ્યાસ સી.એન. વિદ્યાવિહાર
અમદાવાદમાં મેટ્રીક સાથે
ધાર્મિક અભ્યાસ પણ કરેલ છે.

શ્રીમતી સવિતાબહેન પૂનમચંદ શાહ સુરેન્દ્રનગર

પરમ પૂ. શ્રી ઉજ્જ્વળકુમારી
મહાસતીજીના જ્ઞાન દર્શન ચારિત્ર ને
શીલના પ્રભાવે સહુને આત્મ
ઉન્નતિની
પ્રેરણા મળે એજ અભ્યર્થના

કવિયત્રી પૂ. શ્રી ઉજ્જવળકુમારીજીની
જ્ઞાન પ્રતિભાનો લાભ સર્વને મળે
એજ શુભકામના

લિ. પૂનમચંદ આર. શાહ



શ્રી છગનલાલ ભાઈચંદ મોરબીઆ રાપરકચ્છ




સંઘના સ્તંભ, સંતોના અમ્માપિયા, કુટુંબના મોભ સમા પરમ પૂજ્ય પિતાશ્રી !!!
વાત્સલ્ય મૂર્તિ પરમ પૂ.શ્રી વેલબાઈ મહાસતીજી શ્રુતશીલા પરમ પૂ. શ્રી માણેકબાઈ મહાસતીજીને સ્થિરવાસ રાખવામાં આપનો અમૂલ્ય ફાળો હતો, આપનું અનોખું પ્રભાવક વ્યક્તિત્વ, સમયજ્ઞતા સહ કર્તવ્યની આગવી સૂઝ હતી. એથી આપનો સમગ્રપરિવાર અને રાપર શ્રી સંઘ ગૌરવવંતો બનેલ ! અમ પર કરેલ અગણિત ઉપકારો જીવનભર વીસરાય તેમ નથી. આપ જ્યાં હો ત્યાં જૈનધર્મ પામી આત્મકલ્યાણના પંથે આગે કદમ બઢાવો એજ અંતર પ્રાર્થના !!!

લિ. આપના
સુપુત્રો - પૂત્રવધૂઓ - પૌત્રો - પૌત્રવધૂઓ
પૌત્રીઓ સમસ્ત પરિવારના ભાવ નમન !

અવસાન સંવત ૨૦૨૮ ફાગણ સુદ પૂનમ
તા. ૨૮-૨-૧૯૭૨

શ્રી મોઘીંબેન છગનલાલ મો. રાપરકચ્છ




અમજીવન શિલ્પી, વાત્સલ્યની વીરડી, ઓ મમતાળુ માવડી !!!
આપે અમારા જીવનમાં ચણતર અને ઘડતરમાં ધર્મ વારિનું સીંચન કરી જીવન ઈમારતનો પાયો મજબૂત બનાવ્યો છે. પૂ. માઁ.! આપનો પૂ. ગુરુવર્યો - ગુરુણીશ્રીઓ પ્રત્યેનો ભક્તિ સભર આદરભાવ નજરે નિહાળેલ છે. વળી વૈરાગી આત્માઓના તો આપ માઁ બની માતૃપદનું બિરુદ સાર્થક કરેલ છે. એવા સૌમ્ય હૃદયી માં ! આપના જીવનમાં રહેલ સદ્ગુણો અમ સૌના જીવનમાં સાકાર બને એજ મંગલ ભાવના

લિ. આપના ભવોભવના ઋણી
આપનાજ સુપુત્રો - પુત્રવધૂઓ
પૌત્રો - પૌત્રવધૂઓ - પૌત્રીઓ
સૌ પરિવારના ભાવ નમન !

અવસાન સંવત ૨૦૩૦ અષાઢસુદિ પાંચમ

શ્રી પદ્મસીભાઈ નરસી ગડા કચ્છગુંદાલા



અવસાન સવંત ૨૦૧૨
તા. ૨૦-૨-૭૦

પરમ પૂ. પિતાશ્રી ! આપનું જીવન ખૂબજ પવિત્ર સાત્વિક અને સાદગી ભર્યું, દયા દાન અનુકંપાના મધમધતા ફૂલડાની ખુશ્બોથી મહેકતું હતું. આપે સુંદર સંસ્કારોના માધ્યમથી અમારા જીવનનું ઘડતર કરવા આવતા કર્મોની આંધીમાં અડગ રહેવા જીવન જીવવાની કળા શીખવી અમારા પર અગણિત ઉપકારો કર્યા છે. વળી આપના જ વડીલબંધુના સુપુત્રી શાસનને ચરણે ધરતા પરમ પૂ. શ્રી ઉજ્જવળકુમારીબાઈ મહાસતીજીના દીક્ષા મહોત્સવના અણમોલ લહાવા લઈ પરમ ભાગ્યશાળી બનેલા !!! એવા ગુણિયલ ઉપકારી પૂ. પિતાશ્રી આપ જ્યાં હો ત્યાંથી જૈન શાસનને પામી આત્મ કલ્યાણની વૃદ્ધિ સાથે સિદ્ધિ સંપાદન કરો
એજ મંગલ મનીષા.

લિ. આપના
સુપુત્ર બાબુભાઈ પદ્મસી ગડા
પુત્રવધૂ વસુમતીબેન બાબુભાઈ ગડા
પૌત્ર તુષાર; પૌત્રવધૂ લતા- પુત્રીઓ વેલ- લક્ષ્મી-જીવીબહેન સમસ્ત પરિવારના ભાવ નમન !

શ્રી ભચીબહેન પદ્મસી ગડા કચ્છ ગુંદાલા




અવસાન સંવત ૨૦૨૫ તા. ૨૩-૫-૮૩

પરમ પૂ. માતુશ્રી ! આપનું જીવન ખૂબ સાદું શાંત અને ધાર્મિકવૃત્તિવાળું હતું. વાત્સલ્યભર્યા હૈયે ખૂબખૂબ પરિશ્રમો ઉઠાવી જે યોગદાન આપેલ તે હંમેશા યાદગાર બની રહેશે. અમને સુખી બનાવવા આપે જીવનમંત્ર આપ્યો છે, દાન વિના સંપત્તિ શોભતી નથી, ધર્મ વિના સુખ નથી. સંયમ વિના શાંતિ નથી, તપ વિના કર્મ નિર્જરા નથી. એ સંસ્કારોને અમલીભૂત બનાવવા "ચમકતા સતી રત્ન" પુસ્તકમાં કંઈક અંશે સંપત્તિનો સદવ્યય કરવા સુઅવસર સાંપડતા ધન્ય બન્યા છીએ ! અહો પૂ. માઁ ! આપ જ્યાં હો ત્યાંથી જૈન ધર્મ પામી આત્મ કલ્યાણ આરાધો.

લિ. આપનોજ પરિવાર

શ્રી ચીમનલાલ પ્રેમચંદ શાહ સર્વોદય સાડીવાળા




જન્મ સંવત ૧૯૯૧ તા. ૨૦-૩-૧૯૩૬
અવસાન સંવત ૨૦૪૯
તા. ૨૯-૬-૧૯૯૩ અષાઢસુદ ૧૧

"મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે, મરે છે માનવી પોતે પણ માનવીનું કામ જીવે છે." માતાપિતાના આશીર્વાદથી સંવત ૨૦૧૪ના શ્રી નારણપુરા-અમદાવાદમાં આવી અનેક તડકા-છાયડા ભોગવી સ્વપુરુષાર્થે આગળ વધી સારાય કુટુંબને અમદાવાદ લાવી સુઝ સમજ દ્વારા નમ્રતા અને પ્રેમ ભર્યા વર્તનથી ધંધાકીય ક્ષેત્રે ખૂબજ આગળ વધી, ધાર્મિક ક્ષેત્રે સાધુસંતોની, સામાજિકક્ષેત્રે આપ ખૂબજ આગળ વધી કુટુંબની શાન વધારી તા. ૨૯-૬-૯૩ ની વહેલી સવારે સંથારાના ભાવ સાથે હાર્ટએટેકથી દુઃખદ અવસાન થતાં સારાય પરિવારને - સંઘને - સમાજને ન પુરાય તેવી ભારે ખોટ પડી છે. આપના કુટુંબમાંથી એક બહેને સંયમ સ્વીકારેલ છે. બા.બ્ર. સુજાતાબાઈ મહાસતીજી બોટાદ સંપ્રદાયમાં સૌનો પ્રેમ મેળવી રહ્યા છે આપ જ્યાં હો ત્યાં શ્રી જૈનધર્મ પામી સિદ્ધિના શિખર સર કરો એજ શુભ ભાવના

લિ. આપનો જ પરિવાર

શ્રી રસીકલાલ પ્રેમચંદ શાહ સર્વોદય સિલ્ક ટ્રેડર્સ




જન્મ સંવત ૨૦૦૧ ભાદરવાસુદ ૫
અવસાન સં. ૨૦૫૦ શ્રાવણસુદ ૫ તા. ૨૫-૮-૯૪

બાળપણથી જ આપની સરળતા નિખાલસતા અને પ્રેમાળ સ્વભાવ ! વળી સંયુક્ત કુટુંબમાં રહી વિનમ્રતાએ સારાયે કુટુંબનો સગા સ્નેહીજનોનો જૈન સમાજનો શ્વશુરપક્ષનો ખૂબ જ પ્રેમ સંપાદન કર્યો. તમારો હસતો નિર્દોષ ચહેરો ! નિઃસ્વાર્થ ભાવના સૌ કોઈ માટે અનુકરણીય બન્યા !!! તા. ૨૫-૮-૯૪ ની રાતના એકાએક હાર્ટની તકલીફ થતાં આપ આપના પત્ની પુત્ર પુત્રી પાંચ ભાઈઓ બહેનોને વિલાપ કરતાં મૂકી ગયા. આપના અમર આત્માને પરમ શાંતિ મળી રહો અને શ્રી જૈન ધર્મની આરાધના કરી સંસારને સીમિત બનાવો એજ અંતરેચ્છા !!!

લિ. આપનાજબંધુઓ

શાંતિલાલ	પ્રેમચંદ	શાહ
વ્રજલાલ	પ્રેમચંદ	શાહ
મનહરભાઈ	પ્રેમચંદ	શાહ
બિપીનભાઈ	પ્રેમચંદ	શાહ
હર્ષદભાઈ	પ્રેમચંદ	શાહ

શ્રી વેલજીભાઈ મોના છેડા કચ્છગુંદાલા




કુટુંબના મોભ સમા પરમ પૂ. પિતાશ્રી ! આપના જીવનમાં મુખ્યત્વે સચ્ચાઈ પ્રમાણિકતા ધર્મશ્રદ્ધા સંત સતીજીઓ પ્રત્યેનો અનોખો આદરભાવ ! સામાજિક ક્ષેત્રે ઉત્કર્ષ લાવવા સુંદર મનોભાવના, કોઈની ખાતર ઘસાઈ છૂટવાની અભિલાષા આદરણીય હતી. આપના લઘુબંધુ શ્રી નાગશીભાઈ ના સંસારી પુત્રી શ્રી પ્રભાવતીબાઈ મહાસતીજીને સૌરાષ્ટ્ર જેતપુર ગામે દીક્ષા અપાવવા આપનો મહત્વનો હિસ્સો હતો. આપના અગણિત ઉપકારો અમારા જીવનમાં ચીર સ્મરણીય રહેલા છે. આપ જ્યાં હો ત્યાં શ્રી જૈન ધર્મની ઉપાસનાએ અવિનાશી આત્મભાવને પ્રગટાવો.

લિ. આપનો પરિવાર

પૌત્ર	લક્ષ્મીચંદ	ભવાનજી	છેડા
પૌત્ર	દીનેશ	ભવાનજી	છેડા
પોત્ર	જાદવજી	ભવાનજી	છેડા
દોહિત્ર	સંજય	મણિલાલ	ગાલા

શ્રી હીરજીભાઈ નાનજી સતરા કચ્છગુંદાલા




અવસાન સં. ૨૦૪૯ ભાદરવા સુદ ૨
તા. ૧૮-૮-૧૯૯૩

અહો પરમ પૂ. પિતાશ્રી ! આપ કરુણાની મૂર્તિ સ્નેહભીનું હૈયું કુટુંબના સ્તંભ દાનમાં દિલાવર દુઃખિયા તરફ સહાનુભૂતિ સંતોપ્રત્યે અનન્ય ભક્તિ કર્તવ્યનિષ્ઠ સૌજન્યશીલ સ્વભાવ નાનીશી ઉમ્રમાં આવા મહાન સદ્‌ગુણોને ખીલવી કુટુંબમાં સુસંસ્કારોનો અમર વારસો આપતા ગયા ! જેના માટે અમો સૌ ભવોભવના ઋણી છીએ. અમો બધાને નોધારા મૂકી, આપના ધર્મ આરાધનાના અરમાનો તેમજ પુત્રી ગીતાને શાસનને શરણે સમર્પણ કરવા ઉચ્ચ ભાવનાઓ અધુરી રાખી અણધાર્યા એકા એક ચાલ્યા ગયા !!! આપ જ્યાં હો ત્યાં શ્રી જૈન ધર્મને પામી આત્મજ્યોત જગવી અમરપદને વરો એજ અંતર ભાવના

લિ. ધર્મપત્ની ઝવેરબહેન હીરજી સતરા
સુપુત્રીઓ સવિતા - ગીતા
સુપુત્ર અશ્વિનકુમાર
આપના પરિવારના ભાવનમન !

તુરખા નિવાસી કસ્તુરચંદભાઈ ચત્રભૂજ શાહ



જન્મ સં. ૧૯૦૮, દેહવિલય સં. ૧૯૯૬
તા. ૭-૧૦-૧૯૬૩

પિતૃદેવો ભવ ! શિશુવયમાંથી આપે અમારા જીવનક્ષેત્રમાં જે ધાર્મિક સંસ્કારોના બી વાવી સદાચાર અને સંસ્કારિતાના પવિત્ર પંથે વાળવા પ્રેરણાના પવિત્ર પીયૂષનું સીંચન કર્યું છે તેના ફળ સ્વરૂપે આપના ઉપકારને અમો સદૈવ યાદ કરીએ છીએ. આપના ઉપકારના ઋણથી ઉરણ થવા તુરખામાં કસ્તુરચંદ ચત્રભૂજ સ્થા. જૈનઉપાશ્રય અને માનવતાના કાર્ય કરવાની ભાવના તેમજ અમદાવાદ લોખંડ બજારમાં આપની અમીદૃષ્ટિથી આગવું સ્થાન પ્રાપ્ત થયું છે ! આ સોળ સતી પુસ્તકમાં ફૂલ નહી તો ફૂલની પાંખડીરૂપે ધાર્મિક ક્ષેત્રે કંઈક અર્પણ કરી અમે કૃત કૃત્ય થયાનો સંતોષ અનુભવીએ છીએ ...

લિ. આપનો ગુણાનુરાગી
પુત્ર પ્રવીણચંદ્ર કસ્તુરચંદ શાહ
આદિ પરિવાર

તુરખા નિવાસી ગંગાસ્વરૂપ ચંચળબહેન કસ્તુરચંદ શાહ




જન્મ સંવત ૧૯૦૯,

આપે અમારા પિતાજીના દુઃખદ અવસાન બાદ ખૂબજ હિંમત આપી અનેક તડકા છાયડા માંથી પસાર થઈ આપે આપેલ કેળવણી મુજબ દયા દાન ધર્મ અને અનુકંપા દ્વારા અમારું જીવન ઉજમાળ બનાવ્યું છે. આપની સાદાઈ સરળતા તેમજ ધર્મમય જીવનથી સદાય આત્માને જાગૃત રાખી સુંદર સમયો વીતાવી સફળ જિંદગી જીવી રહ્યા છો આજે ૮૫ ની ઉમરે પંહોચેલા આપના નિત્ય દર્શન કરી આનંદ અનુભવીએ છીએ અને આપનાજ શુભાશીર્વાદ અમારા પર વરસી રહ્યા છે, એવા અનહદ ઉપકારી
પૂ. માતુશ્રીના ચરણોમાં અમારા ભાવભર્યા નમન ...

લિ. આપનો ઋણી
પુત્ર પ્રવીણચંદ્ર કસ્તુરચંદ શાહ
આદિ પરિવાર

અનશન વ્રતધારી સતી પાર્વતી લાકડિયા કચ્છ



જન્મ સંવત
૧૯૭૫ કારતક
સુદ ૧

સ્વર્ગવાસ
સંવત ૨૦૪૯
ફાગણ વદ ૧૩
તારીખ :
૨૦-૩-૧૯૯૩
શનીવાર
રાત્રે ૧૦-૪૪
૬૮ ઉપવાસે
પંડીત મૃત્યુ

રયણ કરંડગભૂયં - રત્નભર્યા કરંડિયાથી પણ અત્યંત વહાલી કાયાની માયા છોડી ફઈબા ! આપે અનશન આદરવા ઉચ્ચ ભાવના જણાવી, માતાથી અધિક મમતા દાખવનાર પાર્વતીબહેનની કુટુંબી જનોએ ખૂબ કસોટી કરી છતાં આતમનો દ્રઢ નિર્ધાર હોવાથી વિજય આપનો જ થયો. અગાઉ તેઓ લીંબડી ગાદીના ગામે રહી કુટુંબ સેવામાં ખૂબ જાતેભોગ આપેલા અમે એ ઉપકારો કેમ ભૂલી શકીએ ? તપસ્વીજીએ જીવનમાં પંદર જેટલા વરસીતપો તેમજ છૂટક તપશ્ચર્યાઓ ઘણી જ કરેલી !!! અનશન પ્રસંગે અમારી વિનંતીને માન્ય રાખી પહેલેથી છેલ્લે સુધી મુનિશ્રીઓ તેમજ મહાસતીજીઓ સીત્તેર ઉપર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઘરના લોકો તમામ પ્રવૃત્તિ છોડી દેશમાં આવી ગયા. તેમના શ્વસુર પક્ષના સભ્યોએ પણ હાજર રહી સારો લાભ લીધો. ગ્રામવાસીઓ પણ તપસ્વીના દર્શનાર્થે મુંબઈથી આવી ઘર ખોલી લાભ લીધા હતા. ગૂજરાત રાજ્યના પ્રધાનો, ધારાસભ્યો, મહંતો તેમજ આમજનતા ચોમેરથી તપસ્વીજીના દર્શનાર્થે આવી આત્મશુદ્ધિનો અનુભવ કરતા હતા !

સવારથી પ્રારંભી પૂજ્યસાહેબ શ્રી નરસીસ્વામી આદિ મુનિરાજો, મહાસતીજીઓ ક્રમબદ્ધ સાંજ લગી સ્તવનો સજઝાયો ધૂનો અને આત્મબોધ સંભળાવવા ઉત્સાહભેર પધારતા અને પાર્વતીબહેન ઠેઠલગી હાવભાવમાં મસ્ત રહી આ બધું એકાગ્રચિત્તે સાંભળતા, પ્રતિદિન તેમના મનોભાવ બઢતા જ રહ્યા, આ દશ્ય બહુ આકર્ષક અને જોવા લાયક હતું.

નવકાર મંત્રના અડસઠ અક્ષરો મુજબ તેમનો સંથારો પણ ૬૮ દિવસનો પરમ વિશુદ્ધ ભાવે રાતે ૧૦-૪૪ સીઝ્યો હતો !!!

ખરેખર ! ભાઈ ભરતજીના ભાવો વિશુદ્ધ બનાવવા, સાઠ હજાર વર્ષ આયંબિલ તપ કરી સતી સુંદરીએ કાયાકૃશ બનાવેલ તેમ સતી પાર્વતીજીએ પણ ઉગ્ર અનશન વ્રત દ્વારા કાયા કૃશ કરી સ્વર્ગપુરીના દ્વાર ખખડાવી સંસાર પરિત કરી ગયા !!

જય હો જય હો અનશન વ્રતધારી સતી પાર્વતીજીનો સદા જય હો.

તપસ્વીની પાર્વતીબેનની સ્મૃતિમાં.

લિ. ગડા ખીમજી ભારા પરિવાર
ભત્રીજા બાબુભાઈ મેઘજી ગડા
શ્રી પરિમલકુમાર બાબુભાઈ ગડા
શ્રી ગૌતમકુમાર બાબુભાઈ ગડા
સમસ્ત પરિવારના ભાવવંદન.

શ્રી રાપર સ્થાનકવાસી જૈનસંઘ

પુસ્તક વેચાણ રકમમાંથી

હ. નાનાલાલ ચુનીલાલ મોરબીઆ

રાપર પૂર્વ કચ્છ

ભક્તિ અપાવે મુક્તિ

પુરબહાર પુણ્ય ખીલેલા હોય ત્યારે જ દેવગુરુની વૈયાવચ્ચનો અલભ્ય લાભ મળી જાય છે !!!

બડભાગી શ્રી રાપર સંઘે કળિકાલ કલ્પવેલી પરમ પૂ. શ્રી વેલબાઈ મહાસતીજી, શ્રુતશીલા તેજોમૂર્તિ પરમ પૂ. શ્રી માણિક્યબાઈ મહાસતીજીના સ્થિરવાસ દરમ્યાન ભક્તિના અણમોલ લહાવા સાથે પોતાની સત્તાવીશ સત્તાવીશ લાડલી પુત્રીઓને પૂ. શ્રી ના ચરણે સમર્પિત કરી પુણ્ય પ્રભાવિકા પરમ પૂ. શ્રી વેલબાઈ મહાસતીજીની જીવંત શતાબ્દિ ઊજવી હૃદયાંકિત શાસન સેવા બજાવી અદ્‌ભુત ઐતિહાસિક કાર્ય કર્યું છે. સાચા અમ્મા પિયા બની રાત દિવસ જોયા વિના ભક્તિની મોજું માણી તે અવર્ણનીય બની રહી છે ...

એવા શ્રી રાપર સંઘ પર પૂ. વેલ માણિક્ય ગુરુણીજીની કૃપા સદાય વહેતી રહે એ નિઃશંસય હકીકત છે.

આપ્તજન જેવા બની સેવા કરી બહુ ખંતથી,
સતી વેલમાણિક્ય સ્થિરવાસ સમયે લીધા લાભ વિવેકથી,
વીર વચનામૃત પાન કર્યા શ્રદ્ધા અને સદ્‌ભાવથી,
એવા શ્રી રાપર સંઘની જય જય બોલો ઉલ્લાસથી.

કુ. નીતા પી. ગાલા


એક સદ્‌ગૃહસ્થ

ખિલ્યા ઈ માળ બાવળો
ઈવા ચળાંગો શાકિ પર
ખિલ્યા ઈ માળ બાવળો
ઉભી ચળાંગો ધાળી પર